ઈ-ન્યૂઝલેટર અંક નં. ૨૩ થી ૨૫ માર્ચ થી મે-૨૦૨૦

# સ્માર્ટ રાજકોટ

# કોરોના વાઈરસ સામે રાજકોટનો 71 દિવસનો અદ્ભૂત જંગ



આજે સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસ હાહાકાર મચાવી રહયો છે. જેમાં ભારત પણ તેનો સામનો કરી રહેલ છે. દેશમાં અત્યારે અલગઅલગ શહેરોમાં જે માત્રામાં કોરોનાના કેસ સામે આવી રહયા છે તેની સરખામણીએ આજે રાજકોટ શહેર ઘણું સલામત લાગે છે તેમાં રાજકોટ મહાનગરપાલિકા ઉપરાંત શહેર પોલીસ અને કલેકટર તંત્રની કામગીરીનું પણ મહત્વનું યોગદાન રહ્યું છે. સમગ્ર દેશની સાથોસાથ રાજકોટ પણ લોકડાઉન થયું. વહીવટી તંત્ર સામે સૌથી મોટો પડકાર લોકડાઉનનું પાલન કરાવી લોકોને કોરોના **વાયરસના સંક્રમણથી બચાવવા ઉપરાંત તેઓના રોજિંદા જીવનની આવશ્યક સેવાઓની ઘેર બેઠા ઉપલબ્ધિ કરાવવાનો** રહયો. જેમાં વહીવટી તંત્ર મહદ અંશે સફળ રહયું છે. રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ સહિતના અધિકારીઓ–કર્મચારીઓની ‘‘ટીમ મનપા’’ ની ભૂમિકા નિભાવી ખરેખર સરાહનીય અને અભિનંદનીય છે. અને તેના કારણે જ જંગલેશ્વર ઉપરાંત રાજલક્ષ્મી સોસાયટી તથા કૃષ્ણજીત સોસાયટીના કન્ટેઈન્મેન્ટ એરીયા (તથા કન્ટેઈન્મેન્ટ કરાયેલ મનહર પ્લોટની શેરી નં.૧ અને શેરી નં.૬), ગુરૂજીનગર **આવાસ યોજના, સાધુવાસવાણી રોડ તથા કેવલમ રેસીડેન્સી અને રાજીવ** આવાસ **યોજના, કીટીપરાને બાદ કરતા** મોટાભાગના વિસ્તારો કમ સે કમ તા.૩૧–૦૫–૨૦૨૦ સુધી કોરોનામુક્ત રહી શક્યા હોવાનું પ્રતીત થાય છે. લોકમાનસ અને સામાજિક ભયના માહોલ વચ્ચે રાજકોટને કોરોના સંક્રમણ સામે સુરક્ષા કવચ પ્રદાન કરવું એ ખુબ મોટો પડકાર રહ્યો. જેનો સફળતાપૂર્વક સામનો કરવામાં લગભગ તમામ ક્ષેત્રમાંથી નોંધપાત્ર જનસહયોગ પ્રાપ્ત થયો.

રાજકોટ શહેરની હાલની વસ્તી અંદાજે ૧૬ લાખની છે, જેમાં કુલ ૧૮ વોર્ડ છે અને ૨૧

## મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલના નેતૃત્વમાં અધિકારીઓ તથા કર્મચારીઓની ‘ટીમ મનપા’ની તા. ૩૧-૫-૨૦૨૦ સુધીની કામગીરીનો એહવાલ




### તા. ૨૨ માર્ચ, ૨૦૨૦ ને રવિવારે

## ‘જનતા કર્ફ્યુ’ના જબરદસ્ત અમલ સાથે રાજકોટ શહેરે આરંભ્યો કોરોના સામે જંગ





**જનતા કર્ફ્યુને જબરદસ્ત જનસમર્થન આપવા બદલ શહેરીજનોને તથા તમામ એસો.ને રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓએ આભાર વ્યક્ત કર્યો**

**ભારતના માન. પ્રધાનમંત્રીશ્રી** નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દેશમાં તા. ૨૨ માર્ચ, ૨૦૨૦ ને **રવિવારે ‘જનતા કર્ફ્યુ’ના** આહવાન સાથે કોરોના સામે ઐતિહાસીક જંગનું એલાન કર્યું **હતું. રાજકોટના માન. મેયરશ્રી** બિનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, **સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી** ઉદયભાઈ કાનગડ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ **જાગાણી તથા દંડકશ્રી અજય**ભાઈ પરમારે રાજકોટવાસીઓને ‘જનતા કર્ફ્યુ’માં જોડાવા **અપીલ કરી હતી. જેને પગ**લે રાજકોટ શહેરે પણ પૂર્ણ ગંભીરતા સાથે આ આહવાનનો **વળતો જબરદસ્ત પડઘો પાડી** કોરોના સામે પોતાની અભૂતપૂર્વ અને ઐતિહાસિક લડતનું **બ્યુગલ ફૂંક્યુ હતું. જનતા** કર્ફ્યુને જબરદસ્ત જનસમર્થન આપવા બદલ શહેરીજનોને **તથા તમામ એસોસિએશન**નો રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓએ આભાર **વ્યક્ત કર્યો હતો તથા રાજ્ય** સરકારશ્રી દ્વારા ગુજરાતમાં ૨૫ માર્ચ સુધી જાહેર કરાયેલા લોકડાઉનને સમર્થન આપવા અપીલ.



## સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડના પ્રયાસો રંગ લાવ્યા : ૧૮ બુમ સ્પ્રેયર સેનિટાઇઝર મશીન વિનામુલ્યે ઉપયોગ માટે મળ્યા

**રાજકોટ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડના પ્રયાસોથી તેમના મિત્રો એવા ‘તીર્થ એગ્રો ટેકનોલોજી પ્રા. લી.’ વાળા શ્રી હસુભાઈ ગોહિલ અને શ્રી અશ્વિનભાઈ ગોહિલ તરફથી રાજકોટ મહાનગરપાલિકાને શક્તિમાન બ્રાન્ડના કુલ ૧૮ નંગ પ્રોટેક્ટર ટાઈપના હાઈ ક્લીયરન્સ બુમ સ્પ્રેયર સેનિટાઇઝર મશીન વિનામુલ્યે ઉપયોગ અર્થે આપવામાં આવ્યા હતા. કોરોના વાઈરસની મહામારીના સંકટમાં શહેરી રસ્તાઓ તેમજ વિસ્તારોમાં દવાના છંટકાવ માટે આ ૧૮ મશીનનો શહેરના તમામ ૧૮ વોર્ડમાં ભરપૂર માત્રામાં ઉપયોગ કરવામાં આવ્યો હતો.**

અર્બન હેલ્થ સેન્ટર કાર્યરત છે. શહેરમાં પદમકુવરબા જિલ્લા હોસ્પિટલ અને પી.ડી.યુ. સરકારી હોસ્પિટલ દર્દીઓની વિશેષ સુવિધા અર્થે કાર્યરત છે. હાલમાં કોરોનાના દર્દીઓ માટે મેડિકલ કોલેજમાં ૨૫૦ અને ક્રાઈષ્ટ હોસ્પિટલ (પ્રાઈવેટ) ખાતે ૬૦ આઈસોલેશન બેડ કોરોનાના દર્દીઓની સારવાર માટે ઉપલબ્ધ્ધ છે.

સરકારશ્રીએ કોરોના વાઈરસથી બચવા લોકોને સજાગ રહેવા અનુરોધ કર્યો અને મહાનગરપાલિકાને આવશ્યક તૈયારી કરવા જાણ કર્યા બાદ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તાત્કાલિક પૂર્વ તૈયારી શરૂ કરી દેવામાં આવી હતી. આ વિષય અનુસંધાને તા.૦૬–૦૩–૨૦૨૦ ના રોજ મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી, જેમાં નાગરિકો માટે વિસ્તૃત માહિતી જાહેર કરવામાં આવી હતી.

રાજકોટ મહાનગરપાલિકાએ કોરોના સામે લડવા આગોતરી તૈયારી પણ કરી લીધી હતી. જે અંતર્ગત ઈન્ડિયન મેડીકલ એસોસીએશન ના ૮૯ જેટલા ખાનગી તબીબોને ડૉ. કમલેશ ઉપાધ્યાય (સ્ટેટ નોડલ ઓફિસર) દ્વારા માર્ગદર્શન વર્કશોપ યોજાયો હતો. જેમાં, રાજકોટ મહાનગર– –પાલિકા આરોગ્ય વિભાગના મેડીકલ ઓફિસર, R.B.S.K. મેડીકલ ઓફિસર, નર્સીંગ સ્ટાફ, આશા બહેનોને તાલીમ આપવામાં આવેલ તેમજ RBSK ડોક્ટર્સની જુદી જુદી ટીમો દ્વારા રાજકોટ શહેરની ૯૩ જેટલી શાળાઓમાં માર્ગદર્શન આપવામાં આવેલ તથા આરોગ્ય કેન્દ્રના સ્ટાફ દ્વારા ૨૧,૦૦૦ જેટલી પત્રિકાનું વિતરણ કરવામાં આવેલ.

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ અને રાજકોટ હોમીયોપેથી મેડીકલ કોલેજના સહયોગથી રાજકોટ મહાનગર– –પાલિકા સંચાલીત તમામ ૨૧ આરોગ્ય કેન્દ્રો ખાતે રોગ પ્રતિકારક શક્તિ વધારવા નિઃશુલ્ક દવાનું વિતરણ શરૂકરવામાં આવી હતી.

કોરોના વાઈરસ ભીડમાં ઝડપથી ફેલાતો હોવાથી અગમચ્ચેતીના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હોળી ધૂળેટી પર્વ નિમિત્તે દર વર્ષે યોજાતો સાંસ્કૃતિક કાર્યક્રમ હિન્દી કવિ સંમેલન રદ કરવામાં આવેલ. આ ઉપરાંત, લાઈબ્રેરીમાં વાંચનાલય, આધાર કેન્દ્રો, પ્રદ્યુમન પાર્ક ઝૂ, ગાંધી મ્યુઝિયમ, તમામ બાગ બગીચા અને બાલ ક્રિડાંગણ, ચિત્ર નગરી–સ્માર્ટ સિટી ટ્રસ્ટ સાથે રાજકોટ મહાનગરપાલિકા સંયુક્ત રીતે યોજાતી ફન સ્ટ્રીટ ઈવેન્ટ, ૯૦ સિટી બસ અને ૧૦ બી.આર.ટી.એસ.ની બસ સેવા, તમામ સિટી સિવિક સેન્ટર વિગેરે બંધ કરાયા અને લોકોને ઓનલાઈન સેવાઓનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી.

આ દરમ્યાન જંગલેશ્વરમાંથી કોરોનાનો એક પોઝીટીવ કેસ મળતા સમગ્ર વિસ્તારમાં ડોર ટુ ડોર સર્વે કરાયો અને લોકોના સ્વાસ્થ્યની મેડિકલ તપાસ કરવામાં આવી. ત્યારબાદ આ વિસ્તારને કોર્ડન કરી ક્લસ્ટર ક્વોરોનટાઈન કરવામાં આવેલ અને સોડિયમ હાઈપ્લોક્લોરાઈટ દ્વારા ડીસઈનફેક્સન કરવામાં આવેલ.

રાજકોટના નાગરિકો પાસેથી તેમના પડોશમાં કોઈ ઘરમાં વિદેશ જઈ આવેલ કોઈ વ્યક્તિનું આગમન થયું હોય તો તેની વિગતો મંગાવવામાં આવી અને તેમાં નોંધપાત્ર લોકસહયોગ પ્રાપ્ત થયો. ૧૪૦૦થી વધુ આવા લોકોની માહિતી તંત્રને મળી અને તેઓને હોમ ક્વોરોનટાઈન કરાયા તેમજ હોમ ક્વોરોનટાઈન કરાયેલા લોકોને ઘેર બેઠા જીવન જરૂરી ચીજવસ્તુઓ મળી રહે તે માટે શહેરના કેટલાક સુપર માર્કેટ સાથે મિટિંગ કરી. હોમ ક્વોરોનટાઈન થયેલા લોકોને જીવન જરૂરી ચીજવસ્તુઓની ફ્રી હોમ ડિલિવરી કરવા સુપર માર્કેટનો સહયોગ પ્રાપ્ત થયો.

વિદેશથી રાજકોટના જંગલેશ્વરમાં આવેલા લોકો અને તેમના સંપર્કમાં આવેલા લોકો સહિતના લોકોને હોમ ક્વોરોનટાઈન કરાયા. કુલ ૬૭૮ લોકો અને તેમના પરિવારજનો સહિત કુલ ૨૧૦૦થી વધુ લોકોના ઘેર રોજ જીવન જરૂરી ચીજ વસ્તુઓ જેવી કે, શાકભાજી, અનાજ, કઠોળ, દૂધ, દવા વગેરે પહોંચાડવાનું શરૂ કરવામાં આવ્યું.

આ ઉપરાંત શહેરમાં વિદેશથી આવેલા લોકો અને તેમની સાથેના પરિવારજનોને હોમ ક્વોરોનટાઈન કરાયા બાદ રાજકોટ મહાનગ– –રપાલિકા મેડિકલ, પેરા મેડિકલ અને વહીવટી સ્ટાફની બનેલી કુલ ૧૦૦ ટીમો બનાવી ક્વોરોનટાઈન કરાયેલા લોકોના ઘર પર નજર રાખવામાં આવી. તેઓને ઘરમાં જ રહેવા સમજાવવામાં આવ્યા. શહેરના મહત્વના સ્થળો જેવા કે હોકર્સ ઝોન, શાકમાર્કેટ, ઉપરાંત ગ્રોસરી સ્ટોર અને બી.આર.ટી.એસ. બસ શેલ્ટર અને રૂટ ડીસઈનફેક્ટ કરવામાં આવ્યા, રાજકોટ મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે કોરોના કન્ટ્રોલ રૂમ શરૂ કરાયો.

જનતા કર્ફ્યુ દરમ્યાન તથા ત્યારબાદના લોકડાઉન પીરીયડ દરમ્યાન જીવન જરૂરી ચીજવસ્તુઓ વેંચતી દુકાનો અને આવશ્યક સેવાઓ કરતી સંસ્થાઓ સિવાય શહેરની તમામ દુકાનો અને અન્ય વ્યવસાય બંધ રહે તે માટે શહેર પોલીસ સાથે રહી સયુંક્ત કામગીરી કરવામાં આવી અને ખોટી અફવા ફેલાવનારા તત્વો વિરૂદ્ધ એફ.આઈ.આર. દાખલ કરવામાં આવી અને લોકોને સત્તાવાર માહિતી પર જ આધાર રાખવા અપીલ કરાઈ.

રાજકોટ મહાનગરપાલિકાએ જંગલેશ્વરમાં પ્રથમ કેસ મળ્યો એ સાથે જ અગમચેતી રૂપે સમગ્ર વિસ્તાર બ્લોક કરી દીધો હતો. જંગલેશ્વરના આશરે એકસો જેટલા પરિવારો એટલે કે, ૪૦૦ જેટલા નાગરિકોને ઘરમાં રહેવા સમજાવી તેઓને ઘેર બેઠા જ જીવનજરૂરી ચીજ વસ્તુઓ જેવી કે રાશન, અનાજ, શાકભાજી, તબીબી સેવાઓ અને દવા પહોંચતી કરી હતી.

ગુજરાત રાજ્યમાં તા.૧૮–૦૩–૨૦૨૦ના રોજ નોંધાયેલ પ્રથમ કેસ રાજકોટ શહેરમાંથી નોંધાયેલ હોવા છતાં આજ રોજ તા.૩૧–૫–૨૦૨૦ સુધીના સમયમાં રાજકોટ શહેર માં કુલ ૮૩ કેસ નોંધાયેલ છે, જે પૈકી ૪૮ (૫૮%) પોઝીટિવ કેસો એવા હતા કે જેમાં આગાઉથી કોરોનાના કોઈ લક્ષણ જણાયા ન હતા.

**૧. મજબૂત કોર ટીમ :** શ્રીમતી રેમ્યા મોહન (કલેક્ટર, રાજકોટ જિલ્લો), શ્રી ઉદિત અગ્રવાલ (મ્યુનિસિપલ કમિશનર, રાજકોટ મહાનગરપાલિકા), શ્રી રાહુલ ગુપ્તા (લાયેઝન આઈ.એ.એસ. અધિકારી, ગુજરાત સરકાર તરફથી), શ્રી મનોજ અગ્રવાલ (પોલીસ કમિશનર, રાજકોટ શહેર), શ્રી રવિ સૈની (અસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ, રાજકોટ શહેર), ડૉ. રૂપાલી મહેતા (વિભાગીય નાયબ નિયામક, આરોગ્ય અને તબીબી સેવાઓ, રાજકોટ) તથા આરોગ્ય અધિકારીઓએની મજબૂત કોર ટીમ છે. આ ટીમના સભ્યો વચ્ચે સુંદર કો–ઓર્ડિનેશન, ત્વરિત પગલાં લેવા, એક બીજાને સહકાર આપવો વગેરે કોરોના કંટ્રોલના મજબૂત કારણોમાં નું એક કારણ છે.

**૨. અસરકારક લોકડાઉનઃ** રાજકોટ પોલીસ અને કોર્પોરેશન દ્વારા રાજકોટમાં લોકડાઉનનો ચુસ્ત અમલવારી કરવાં આવેલ જેમાં, કડક ચેકિંગ, ડ્રોન દ્વારા સર્વેલન્સ, સીસીટીવી દ્વારા સર્વેલન્સ, વિક્રમજનક સંખ્યાં નિયમપાલન વિરૂદ્ધ ગુના નોંધવા, દંડ કરવો, કર્ફ્યુગ્રસ્ત વિસ્તારમાં કડક અમલવારી, નિયમભંગ બદલ બહોળી સંખ્યામાં વાહનો ડીટેઈન કરવા, કાયદા ભંગ સામે ધરપકડ વગેરેનો સમાવેશ થાય છે.

**૩. પરદેશ-મુસાફરી કરેલ વ્યક્તિ અને એના આખા કુટુંબને કોરેન્ટાઈનઃ** રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ લોકો કે જેઓ પરદેશથી મુસાફરી કરીને આવેલા હોય તો તેઓને હોમ કોરેન્ટાઈન કરેલ હતા. તેઓના ટ્રેકિંગ માટે Covid 19 Rajkot નામની એક એપ્લિકેશન તૈયાર કરી હતી. આવા કુટુંબના ઘરની દિવસમાં ચાર વાર મુલાકાત શિક્ષકો

# કોરોના વાયરસ સંક્રમણ સામે રક્ષાત્મક ઉપાય અને સાવચેતીના પગલાંઃ મેયરશ્રી અને કમિશનરશ્રીની ઉપસ્થિતિમાં સમગ્ર પ્લાનિંગ અંગેનો પરામર્શ



હાલ ગુજરાતમાં કોરોના વાયરસ સામે નાગરિકોને સતર્ક અને જાગૃત કરવા પ્રશાસન દ્વારા વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે, જેમાં રાજકોટ મહાનગરપાલિકા પણ શહેરમાં વિવિધ પ્રવૃતિઓ હાથ ધરી રહી છે, તેમજ આ બાબતમાં નાગરિકો વધુ સતર્ક રહે તે માટે સતત પ્રયાસ પણ કરે છે. વર્તમાન સંજોગોમાં વહીવટી તંત્રની સાથોસાથ નાગરિકો પણ જરૂરી જાગૃતતા દાખવે એ ઈચ્છનીય અને આવશ્યક છે. ત્યારે તા. ૧૬–૦૩–૨૦૨૦ના રોજ માન. મેયરશ્રી બિનાબેન આચાર્યના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં રાજકોટ મહાનગર– –પાલિકા દ્વારા હાથ ધરવાની થતી કાર્યવાહી અંગે ધનિષ્ઠ ચર્ચા થઇ હતી અને કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો કરાયા હતા. જેમાં મનપાના સ્વીમીંગ પુલ, જીમ, વાંચનાલય, સ્કુલ બંધ કરાયા છે, જયારે હોકર્સ ઝોન અને માર્કેટની રેગ્યુલર સફાઈ અને સ્વાસ્થ્ય સંબધી કામગીરી માટે સંયુક્ત ટીમની રચના કરવામાં આવી રહેલ છે. શહેરમાં નાના મોટા ૫૭ હોર્ડીંગ બેનર દ્વારા તથા મનપાની વિવિધ વિસ્તારમાં આવેલી એલ.ઇ.ડી. સ્ક્રીન પર જનજાગૃતિ અર્થે લોકોને ઉપયોગી માહિતીનો પ્રચાર પ્રસાર શરુકરાયો છે. આ બેઠકમાં ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, નેતાશ્રી શાસક પક્ષ શ્રી દલસુખભાઈ જાગાણી, દંડકશ્રી અજયભાઈ પરમાર, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકર, સેનિટેશન કમીટીના ચેરમનેશ્રી અશ્વિનભાઈ ભોરણીય, ડે. મ્યુનિ. કમિશનરશ્રી બી. જી, પ્રજાપતિ, આરોગ્ય અધિકારી શ્રી ડો. વીરડીયા તેમજ ડો. રાઠોડ, ડો. ચુનારા, ડો. જયદીપ જોષી, પર્યાવરણ ઇજનેરશ્રી નિલેશ પરમાર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આગામી તા. ૨૯, માર્ચ સુધી મનપાના ઓડીટોરીયમનું નવું બુકિંગ બંધ કરાયું છે, તેમજ અગાઉથી થઇ ગયેલ હોય તેવા બુકિંગના કિસ્સામાં સંબધિત લોકોને તથા સંસ્થાને પોતાના કાર્યક્રમ હાલ મોકૂફ રાખવા અપીલ કરાઇ છે. જો તેઓ પોતાના કાર્યક્રમ બંધ રાખે તો તેમને રીફંડની રકમ પરત કરાશે અને સ્થિતિ નોર્મલ બન્યા બાદની નવી તારીખ જોઈતી હશે તો એ પણ ફાળવવામાં આવશે. શહેરની વિવિધ ઝૂપડપટ્ટીમાં ઘનિષ્ટ સફાઈ કરવામાં આવશે. આ ઉપરાંત પેમ્પલેટથી લોકોને કોરોના વાઈરસથી બચવા શું કરવું ? અને શું ન કરવું? તેની માહિતી આપવામાં આવશે. રાજ્ય સરકારશ્રી દ્વારા જાહેરમાં થુંકતા વ્યક્તિને રૂ. ૫૦૦/– નો દંડ કરવાની સુચના અનુસંધાને રાજકોટમાં તેની અમલવારી મનપા દ્વારા થઇ રહી છે. મનપા દ્વારા છેલ્લા ૬ માસમાં ૪૦૦૦ વ્યક્તિઓને દંડ કરવામાં આવેલ છે. આ કામગીરી અત્યારથી જ વધુ ઘનિષ્ઠ બનાવવામાં આવી રહી છે. શહેરમાં યોજાતી ફન સ્ટ્રીટ બંધ કરવામાં આવેલ છે. મનપાના તમામ ૨૧ અર્બન હેલ્થ સેન્ટર ખાતેથી હોમિયોપેથિક દવા મળી રહે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ શહેરના રાજમાર્ગો પરથી અનાધિકૃત દબાણો હટાવવાની કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવવામાં આવી છે. મ્યુનિ. તંત્રે અને લોકોએ કેટલીક બાબતો અંગે કાળજી રાખવાની આવશ્યકતા જણાય છે, તેમ મેયરશ્રી અને મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

## નાગરિકોને સાવચેતીની વિવિધ બાબતો ધ્યાનમાં રાખવા મેયરશ્રી અને મ્યુનિ. કમિશનરશ્રીનો અનુરોધ

- શ્વાસોશ્વાસની સભ્યતા એટલે કે છીંક અને ઉધરસ વખતે નાક અને મોં ઢાંકવું. જાહેરમાં થુંકવું નહિ.
- નિયમિત રીતે સાબુ અને પાણીથી વારંવાર (ઓછામાં ઓછા ૨૦ સેકંડ) હાથ ધોવા
- પોતાના હાથ આંખ, નાક અને હોઠ થઈ દુર રાખવા
- હાથ મિલાવવાનું ટાળવું, ભીડભાડ વાળી જગ્યાએ જવાનું ટાળવું
- અન્ય વ્યક્તિઓને તાવ અને ખાંસી હોય તેનાથી સુરક્ષિત અંતર જાળવવું
- રોગના લક્ષણો જણાય તો તુરંત નજદીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો

શહેરમાં ભીડભાડ વાળી જગ્યા જેવીકે બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેન્ડ, રીક્ષા સ્ટેન્ડ, એરપોર્ટ, ધાર્મિક સ્થળો, બજારો–મોલ, તહેવારો નીમીતેના મેળાઓ, બાગ બગીચા, લગ્ન પ્રસંગો માટેની વાડીઓ, સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટી, હોસ્પિટલ, દવાખાના, પ્રવાસન વગેરે સ્થળો જેવી જગ્યા પર મોટી સંખ્યામાં અવરજવર રહે છે જે બાબતે નીચે મુજબના પગલા લેવામાં આવશે.

- જાહેર સ્થળોએ થૂંકનારને દંડ કરવામાં આવશે.
- જાહેર શૌચાલયમાં નિયમિત સફાઈ કરવામાં આવશે તથા સાબુ, પ્રવાહી સાબુની વ્યવસ્થા કરવામાં આવશે.
- બસ સ્ટેન્ડ, રેલ્વે, ટેક્ષી સ્ટેન્ડની તેમજ બસની અંદર નિયમિત સફાઈ કરવા તેમજ આ તમામ સ્થળોએ હાથ ધોવા માટે સાબુ, પ્રવાહી સાબુની વ્યવસ્થા માટે સંકલન થશે.
- શાળા, કોલેજ, ટ્યુશન કલાસીસમાં સાબુ, પ્રવાહી સાબુની વ્યવસ્થા તથા સાવચેતીના પગલા અંગે જાગૃતિ માટે સંકલન.
- જાહેર સ્થળોની સફાઈ તેમજ દવા છંટકાવની કામગીરી.
- સફાઈ કર્મચારીઓ કામગીરી દરમ્યાન માસ્ક, બુટ–મોજા પહેરે તેની વ્યવસ્થા કરવામાં આવશે.
- લગ્ન વાડી, હોલમાં ગંદકી ન થાય તે માટે નિયમિત સફાઈ.
- હોસ્પિટલ, આરોગ્ય કેન્દ્ર દવાખાનામાં સાબુ, પ્રવાહી સાબુની વ્યવસ્થા તથા શરદી–ખાંસીના દર્દીઓ સાથેની સુરક્ષિત અંતર જાળવવા જાગૃતિ અંગે સંકલન.

અને અન્ય કર્મચારીઓ દ્વારા કરવામાં આવતી હતી અને તેમની માહિતી આ આમાં અપડેટ કરવામાં આવતી હતી અને એનો ચુસ્ત અમલ કરવા આવેલ હતો. આ રાજકોટ પોલીસને પણ આપવામાં આવી હતી અટલે એમના દ્વારા પણ કડક ચેકિંગ કરવામાં આવતું હતું. તા.૨૪–૩–૨૦૨૦ થી તા. ૩૧–૫–૨૦૨૦ સુધીમાં કુલ ૩૬૮૭ ફેમીલીને કવોરેન્ટાઇન કરવામાં આવ્યા હતા જયારે એક્ટીવ કવોરેન્ટાઇન પરિવારની સંખ્યા ૮૭૫ હતી.

સરકારી ગાઈડલાઇન મુજબ પરદેશ–મુસાફરી કરેલ વ્યક્તિને ૧૪ દિવસ હોમ–કોરેંટાઇન કરવામાં આવતા હતા. પરંતુ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તેમના આખા કુટુંબને ૧૪ દિવસ માટે હોમ કોરેંટાઇન કરવામાં આવ્યા હતા. આ દરમિયાન તેમની શાકભાજી, કરિયાણાની જરૂરિયાત માટે ટેલિફોન નંબર અને ફ્રી હોમ ડીલિવરી થઈ શકે એવી વ્યવસ્થા કરવામાં આવેલ હતી, જેથી એમને કોઈ અગવડતા ના પડે.

**૪. ૨૧ WhastApp ગ્રુપઃ** પરદેશ–મુસાફરી કરેલ વ્યક્તિના આરોગ્યની જાણકારી માટે અને તેમને આરોગ્ય શિક્ષણના હેતુથી તમામ ૨૧ અર્બન હેલ્થ સેન્ટરના મેડિકલ ઓફિસર દ્વારા તેમના વિસ્તારના આવા વ્યક્તિઓ સાથેનું એક whatsapp ગ્રુપ બનાવવામાં આવ્યું હતું.

**૫. અસરકારક કંટેંનમેંટ (Containment):** રાજકોટ કલેક્ટર અને મહાનગરપાલિકા કમિશનર દ્વાર જાતે રસ લઈને કંટેંનમેંટ કામગીરી ખૂબ મજબૂત રીતે કરવામાં આવેલ હતી. રાજકોટના પ્રથમ કેસ જે શેરીમાથી આવેલ હતો તે શેરી સંપૂર્ણપણે પતરાના બેરિયર દ્વારા ૧૪ દિવસ બંધ કરી દેવામાં આવી હતી. આશરે 300 વ્યક્તિઓની ૧૪ દિવસની જરૂરિયાત જેવી એ અનાજ, કઠોળ, શાકભાજી, સાબુ, ટૂથપેસ્ટ વગેરેની કીટ બનાવીને કોર્પોરેશન દ્વારા તમામ ઘરોમાં પૂરી પાડવામાં આવી હતી.

રાજકોટ શહેરના જેટલા પણ પોઝીટિવ કેસ જે એરિયામાંથી આવ્યા હતા એ તમામ વિસ્તારમાં શેરી કે સોસાયટી કે એપાર્ટમેંટ ૧૪ દિવસ માટે સંપૂર્ણ બંધ કરી દેવામાં આવ્યા હતા. ત્યાં પોલીસ બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. લોકોની રોજીંદી જરૂરિયાત માટે શાકભાજી–કરિયાણા સ્ટોરના ફોન નંબર આપવામાં આવ્યા હતા અને તેઓને સોસાયટી ના દરવાજા પાસે જે બધી વસ્તુઓ મળી જાય એવી સુદ્રઢ વ્યવસ્થા કરવામાં આવી હતી.

જંગલેશ્વર વિસ્તારમાં કેસ વધતાં બીજી એક શેરી અને ત્યારબાદ અન્ય ૧૨ શેરી–સોસાયટી લોક કરી દીધી હતી. જે અકમાત્ર હોટસ્પોટ ઝોન તરીકે રાજકોટનો વિસ્તાર છે.

**૬. કોંટેક્ટ ટ્રેસિંગ(Contact Tracing) અને ફેસેલિટી કોરેન્ટાઇન (Facility Quarantine):** આરોગ્યની ટીમ દ્વારા અસરકારક કોંટેક્ટ ટ્રેસિંગ કરીને તરત જ હાઇ રિસ્ક ક્લોઝ કોન્ટેક્ટ ને ફેસીલીટી કોરેન્ટાઇન કરવામાં આવેલ હતા. જરૂર જણાય ત્યારે દર્દીઓના ફોન નંબર પોલીસને આપીને તેમની પાસેથી કોલ–લોકેશન ટ્રેસ પણ કરીને કોંટેક્ટ ટ્રેસિંગ કરવામાં આવેલ હતા. કેસ પોઝિટિવ જાહેર થતાંની સાથે જ આરોગ્ય વિભાગની નિયત કરાયેલ આ ટીમ દ્વારા આ કામગીરી વિના વિલંબે અને ક્યારેક તો રાત્રે પણ કરવામાં આવતી હતી.

રાજકોટ શહેરમાં પથિકાશ્રમ, ત્રિ–મંદિર, સમરસ હોસ્ટેલ વગેરે મળીને આશરે ૨૨૦૦ પેસેંજરને કોરેન્ટાઇન કરી શકાય એટલી જગ્યા ઉપલબ્દ્ધ કરવામાં આવેલ હતી. આ તમામ જગ્યા પર ટીવી, રમકડાં વગેરે જેવી વધારાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

**૭. ફેસેલિટી કોરેન્ટાઇન પર સાયકોલો--જિસ્ટની સેવાઃ** ફેસેલિટી કોરેન્ટાઇન પર રહેતા પેસેન્જરોના માનસિક આરોગ્યની જાળવણી માટે ખાસ તાલીમ પામેલા સાયકોલોજિસ્ટ સેવા પૂરી પાડવામાં આવે છે.

**૮. એકટિવ સર્વેલન્સઃ** જે વિસ્તાર ક્લસ્ટર કોન્ટેનમેંટમાં આવે છે એ તમામ વિસ્તારમાં દરરોજ આરોગ્ય કર્મચારીઓ દ્વારા ARIના કેસ શોધી કાઢીને જરૂર જણાય તો UHC પર અને ત્યાથી જરૂ જણાય તો કોવિડ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવતા હતા.

**૯. પેસિવ સર્વેલન્સ - અર્બન હેલ્થ સેન્ટર દ્વારાઃ** રાજકોટ શહેરના તમામ ૨૧ અર્બન હેલ્થ સેન્ટર દ્વારા છેલ્લા ૧.૫ મહિનાથી દરરોજ એક–બે ARI (mild/moderate) કેસને મીડિયું હોસ્પિટલ ખાતે આ જ UHC ના RBSK વાહન દ્વારા લઈ જઈને દાખલ કરવામાં આવતા હતા અને બીજે દિવસે દર્દીનેગેટિવ આવે તો આ જ વાહન દ્વારા તેમણે તેમના ઘેરે પરત પણ મોકવામાં આવતા હતા. હાલમાં દરરોજ આશરે ૫0 ARIના દર્દીઓને પદમકુવરબા હોસ્પિટલ ખાતે લઈ આવીને તેમના સેમ્પલ લેવડાવીને ઘેરે પરત મોકલવામાં આવે છે. આ દર્દીઓને કોરોના પોજિટિવ આવે તો તેમને દાખલ કરવામાં આવે છે.

**૧૦. પેસિવ સર્વેલન્સ-પ્રાઈવેટ ફીઝીશિયન અને પેડિયાટ્રીશીયન દ્વારાઃ** રાજકોટ શહેર અને રાજકોટ જિલ્લાના બે whatsApp ગ્રુપ બનાવવામાં આવ્યા હતા. એક ગ્રુપ પ્રાઈવેટ ફીઝીશિયનનું અને બીજું ગ્રુપ પ્રાઈવેટ પેડિયાટ્રીશીયનોનું બનાવવામાં આવ્યું હતું. આ બંને ગ્રુપમાં થઈને કુલ ૩૨0 તબીબો સામેલ છે. તેઓ કોઈ દર્દીને રીફર કરે એ તમામ વિગત આ ગ્રુપમાં મૂકે છે. તેમજ નવી ગાઈડલાઇન આ ગ્રુપમાં જાણકારી અર્થે મૂકવામાં આવે છે. અન્ય ચર્ચા માટે પણ ખૂબ ઉપયોગી સાબિત થયેલ છે.

**૧૧. પ્રણામી ચોક અર્બન હેલ્થ સેન્ટરમાં specialist ઓથીડીઃ** પ્રણામી ચોક અર્બન હેલ્થ સેન્ટર જંગલેશ્વર હોટ સ્પોટ ઝોનની અંદર આવેલ છે. આ UHC હાલમાં 24x7 કાર્યરત છે. આ વિસ્તારના લોકોને સ્પેશિયાલિસ્ટ તબીબોની સેવાની જરૂર પડે ત્યારે તેઓને મોટી સરકારી હોસ્પિટલો કે પ્રાઈવેટ હોસ્પિટલમાં જવું પડે, ત્યારે તેઓમાં જો કોરોનાનો ચેપ હોય તો તેઓ અનેક લોકોમાં ફેલાવી શકે છે. તો આવી રીતે રોગચાળો ફેલાતો અટકાવવા માટે આ UHC ખાતે પી.ડી.યુ. હોસ્પિટલ અને પદમકુવરબા હોસ્પિટલના સ્પેશિયાલિસ્ટ તબીબો (Gynecologist, Physician, Pediatrician, Dermatologist, Psychiatrist, Radiologist, sample collection team) વગેરે દ્વારા જરૂરિયાત મુજબ અઠવાડીયામાં એકથી લઈ ને ચાર દિવસ OPD ચલાવવામાં આવે છે. આજ દિન સુધી 213 ANC, 59 Near EDD ANCના સેમ્પલ, ૭ સોનોગ્રાફી, ૬0 પેડિયાટ્રીક, ૧0૫ સ્કીન, ૬૯ મેડિસિન અને ૧૨ માનસિક દર્દીઓને સારવાર ત્યાંજ કરવામાં આવેલ છે. તેઓને દવાઓ ત્યાંજ મળી રહે એવી વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે. સોનોગ્રાફી મશીન પણ ત્યાં જ મુકાવેલ છે.

**૧૨. પીડિયું મેડિકલ કોલેજના ઇન્ટર્ન ડોકટરોની સેવાઃ** લોકડાઉન થાય પછી શહેરના ઘણાખરા દવાખાના બંધ થઈ જતાં બીમાર લોકો તેમના ઘરની નજીકના UHC પર આવવા લાગ્યા. આ UHC પર OPD લોડ ૨ થી ૩ ગણો વધી જતાં, તમામ ૨૧ UHC પર બે – બે ઇન્ટર્ન ડોકટરોને ડીન, મેડિકલ કોલેજ દ્વારા ૫ અઠવાડીયા માટે પોસ્ટિંગ કરવામાં આવ્યા હતા. આને કારણે દર્દીઓની મુવમેંટ ઘટાડવામાં મદદ મળેલ હતી. ઉપરાંત, તમામ UHC ખાતે સોશિયલ ડિસ્ટન્સ જળવાઈ તેની ખાસ તકેદારી લેવામાં આવી હતી.

**૧૩. સુપરમાર્કેટ/મોલનું ઝોમેટો સાથે ટાઈ-અપઃ** મહાનગરપાલિકા દ્વારા મોટા સુપરમાર્કેટ/મોલનું ઝોમેટો સાથે ટાઈ–અપ કરાવવામાં આવ્યું હતું અને લોકોને જરૂરિયાતની ચીજવસ્તુઓ ઘેર બેઠા મળી જતાં લોકડાઉનની અસરકરકતા વધી હતી. ડિલિવરી સિસ્ટમોને વધુ સારી બનાવવા માટે સ્વિગી અને ઝોમેટો પણ જોડવામાં આવ્યા હતા. જેમાં એવા કુલ ૧૭૮ ઓટો રીક્ષા ડ્રાઈવર્સને ચોક્કસ કરિયાણાની દુકાનો સોંપી આવશ્યક ચીજવસ્તુઓની હોમ ડીલીવરી શરૂ કરાવી. રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પર ૬૯ મેડિકલ સ્ટોર, અને ૨૭૬0 કરિયાણાની દુકાનો દુધની ડેરીની વોર્ડ વાઈઝ યાદી મોબાઈલ ફોન નંબર સાથે પણ પ્રસિધ્ધ કરવામાં આવી હતી. આ ઉપરાંત ૧૦ જેટલા સુપર માર્કેટ, મોલ અને વેજીટેબલ માર્કેટ સાથે મંત્રના કરી ગ્રાહકોને આવશ્યક ચીજોની હોમ ડિલિવરી શરૂ કરાવી. આ સુપર માર્કેટ અને મોલની યાદી ફોન નંબર સાથે પણ વેબસાઈટમાં જાહેર કરવામાં આવેલ છે. તા. ૩૧–૦૫–૨૦૨૦ સુધીમાં દરેક વોર્ડ કક્ષાએ ઓટો રીક્ષા દ્વારા ૧૯૪૭૬ હોમ ડીલીવરી કરવામાં આવેલ હતી જયારે અન્ય દુકાનો દ્વારા ૫૯૦૩૧ હોમ ડીલીવરી કરવામાં આવી હતી.

**૧૪. બીમાર-વૃદ્ધો માટે દવાની ફ્રી હોમ ડીલિવરીઃ** બીમાર અને વૃદ્ધ લોકોને તેમની જરૂરિયાતની દવા ઘર બેઠા મળી રહે તેવી ફ્રી હોમ ડિલિવરી સાથેની વ્યવસ્થા મહાનગર––પાલિકા દ્વારા કરવામાં આવી હતી.

**૧૫. સેનિટાઇઝેશન ડ્રાઈવઃ** રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય રસ્તાઓ અને મોટી સોસાયટીઓને શક્તિમાન નામના ૧૮ જેટલા ઈનોવેટિવ મશીન દ્વારા સેનિટાઈજ કરવામાં આવેલ હતા.

**૧૬. ફરજિયાત માસ્કઃ** રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૩–૪–૨૦૨૦ના રોજ જાહેરનામું બહાર પાડી માસ્ક/રૂમાલ ફરજિયાત કરેલ છે. અને કાયદાભંગ બદલ રૂ. ૧000 દંડ વસૂલાતની જોગવાઈ પણ કરેલ હતી, જેમાં તા.૧૮–૫–૨૦૨૦ સુધીમાં ૨૮૮૭ આસામીઓ પાસેથી રૂ.૨૮૮૭000 નો દંડ વસૂલ કરેલ છે જયારે તા.૧૯–૫–૨૦૨૦ થી રૂ. ૨00 લેખે તા.૩૧–૫–૨૦૨૦ સુધીમાં ૧૨0૬ આસામીઓ પાસેથી કુલ રૂ.૨૪૧૨00 નો દંડ વસૂલ કરેલ છે. આમ કુલ તા.૧૩–૪–૨૦૨૦ થી ૩૧–૫–૨૦૨૦ સુધીમાં ૪0૯૩ આસામીઓ પાસેથી રૂ.૩૧૨૮૨00 નો દંડ વસૂલ કરવામાં આવેલ છે સાથોસાથ ૧0૩૩૯ આસામીઓને વિના મુલ્યે માસ્ક વિતરણ કરેલ છે.

**૧૭. હોટસ્પોટ ઝોનમાં કરફ્યુ અને રાત્રિ કરફ્યુનો કડક અમલઃ** તારીખ ૧૮ એપ્રિલ થી ૨૪ એપ્રિલ દરમિયાન જંગલેશ્વરની આશરે ૪0,000ની વસ્તી ધરાવતા વિસ્તારમાં કરફ્યુની કડક અમલવારી પોલીસ દ્વારા કરવામાં આવેલ હતી. તથા તા.૬–૫–૨૦૨૦ થી રોજ સાંજના ૭ વાગ્યા થી સવારના ૭ વાગ્યા સુધી ચાલતા કરફ્યુનો કડક અમલ કરવામાં આવી રહ્યો છે.

**૧૮. શાકભાજીના ધંધાર્થીઓનું સ્ક્રીનિંગ અને પૈસાની લેવડ-દેવડ માટે બે ડબ્બા રાખવાના નિયમની અમલવારીઃ** રાજકોટના ૬૫0 શાકભાજીના ધંધાર્થીઓના આરોગ્યની ચકાસણી કરવામાં આવેલ હતી. શાકભાજીના ધંધાર્થીઓ સુપરસ્પ્રેડરના બને તે માટે તેઓએ ગ્રાહક દ્વારા ચૂકવતા રૂપિયા એક ડબ્બામાં ગ્રાહકોએ જાતે જ મૂકવાના અને આ ધંધાર્થીઓએ બીજા ડબ્બામાંથી જ ગ્રાહકને પરત આપવાના થતાં પૈસા આપવા. પહેલા ડબ્બામાં એકઠા થયેલા રૂપિયા એક દિવસ એમજ પડ્યા રહેતા હોવાથી તેમના વાયરસ નાશ પામે છે, જે બીજે દિવસે ગ્રાહકને પરત આપવા માટે વાપરાય છે.

**૧૯. પરપ્રાંતીય મજૂરોને વતન મોકલતા પહેલા સ્ક્રીનિંગઃ** તા.૧–૫–૨૦૨૦ થી પર–પ્રાંતિય મજૂરોને તેમના વતન મોકલવાની કામગીરી શ્રમિક ટ્રેનો દ્વારા કરવામાં આવેલ હતી એ પહેલા તેઓનું હેલ્થ ચેક–અપ મહાનગરપાલિકાના UHC મેડિકલ ઓફિસર દ્વારા કરવામાં આવ્યું હતું.

**૨૦. બહારગામથી રાજકોટ શહેર ખાતે પોતાના ઘેર પરત આવતા લોકો માટે હોમકોરેંટાઇન અને હેલ્થ ચેક-અપની અનોખી પધ્ધતિઃ** ડિજિટલ ગુજરાત પ્લેટફોર્મ મારફતે જે મુસાફરો બહારગામથી રાજકોટમાં પરત ફરે છે તે વખતે તમામ સાત ચેકપોસ્ટ પર તેઓના પરિવહન પરવાનગીમાં બાર કોડને

# કોરોના સામે સાવચેતી :

## વિદેશથી આવેલી વ્યક્તિ વિશે માહિતી આપવા નાગરિકોને રાજકોટ મહાનગરપાલિકાની અપીલ

કોરોના વાઈરસ સંક્રમણ સામેના સાવચેતીના પગલાં રૂપે રાજકોટ મહાન––ગરપાલિકા દ્વારા વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે ત્યારે તા.૧૯–૦૩–૨૦ના રોજ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે શહેરના નાગરિકોને પણ સંક્રમણ અટકાવવામાં સહયોગ આપવા અપીલ કરી છે. જેમાં કમિશનરશ્રીએ એમ જણાવ્યું હતુ કે, તાજેતરમાં વિદેશથી રાજકોટમાં આવેલા લોકો વિશે નાગરિકોને માહિતી હોય તો તુર્તજ રાજકોટ મહાનગરપાલિકાના ૨૪×૭ કોલ સેન્ટરના ફોન નંબર ૦૨૮૧–૨૪૫૦૦૭૭ ઉપર જાણ કરવા લોકોને હાર્દિક વિનંતી સહ અપીલ છે. તંત્રને માહિતી આપનાર વ્યક્તિ વિશે મહાનગર––પાલિકા કોઈપણ પ્રકારની પુછપરછ કરશે નહિ. વિદેશથી આવેલા લોકોની માહિતી આપી તંત્રને સહયોગ આપનારા જાગૃત નાગરિકોના નામ, સરનામાં, કે અન્ય કોઈપણ પ્રકારની પુછતાછ કરવામાં નહિ આવે. લોકો પોતાની ઓળખ જાહેર કર્યા વગર બેધડક રીતે રાજકોટ મહાનગરપાલિકાને માહિતી આપી શકે છે.

રાજકોટવાસીઓ પાસે સહયોગની અપેક્ષા વ્યક્ત કરતા મ્યુનિ. કમિશનરશ્રી એ એમ કહ્યું હતુ કે, કોરોના વાઈરસ સંક્રમણના પ્રસારને અટકાવવા પ્રશાસન ની સાથોસાથ રાજકોટવાસીઓ પણ જાગૃતિ અને સતર્કતા દાખવે અને આ પ્રકારે નાગરિક ધર્મ બજાવે તે વર્તમાન સમયની માંગ છે. જો કોઈ નાગરિક પોતે કે પોતાના પરિવારના કોઈ સભ્ય વિદેશથી આવ્યા હોય કે પછી પોતાના ઘર કે વ્યવસાયના સ્થળે આજુબાજુનાં કોઈ પાડોશી વિદેશથી રાજકોટ આવ્યા હોય તો તુર્ત જ રાજકોટ મહાનગરપાલિકાને જાણ કરવી સર્વથા ઈચ્છનીય છે. વ્યક્તિને બીમારી હોય કે ના હોય તો પણ વહીવટી તંત્રને માહિતગાર કરી સૌ નાગરિક ધર્મ બજાવે તે જરૂરી છે. આ ઉપરાંત નાગરિકો ને પોતાના આજુબાજુના વિસ્તારમાં વિદેશથી કોઈ વ્યક્તિ આવેલ હોય, અને તે બીમાર ના હોય તો પણ રાજકોટ મહાનગરપાલિકાને એ વ્યક્તિ વિશે તુરંત જાણ કરવા હાર્દિક વિનંતી છે. વિદેશથી કોઈપણ માર્ગે, જેમકે સમુદ્રી માર્ગ, હવાઈમાર્ગ કે મોટર માર્ગ પૈકી કોઈપણ રસ્તે રાજકોટમાં આવ્યા હોય તો પણ તેની માહિતી રાજકોટ મહાનગરપાલિકાને મળે તે સૌ નાગરિકોના સ્વાસ્થ્યના હિતમાં છે તેમ પણ મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે અનુરોધસહ જણાવ્યું હતું.

## વોર્ડ પ્રભારીની નિમણુંક કરતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કોરોના વાયરસની આગામી સંભવિત પરિસ્થિતિને નજરસમક્ષ રાખી વિવિધ આગોતરા પગલા લેવામાં આવ્યા હતા. રાજકોટને સ્વચ્છ શહેર નં.૧ તથા સ્માર્ટ સિટી બનાવવાની કામગીરી માટે SHAPING A SMART RAJKOTની ટીમ આધારિત પ્લાનિંગ કરવામાં આવેલ છે. શહેરીજનોના જીવનધોરણમાં હકારાત્મક પરિવર્તન આવે અને તેમનો 'હેપિનેસ ઈન્ડેક્સ' વધુને વધુ ઉંચાઈ પ્રાપ્ત કરે તેવા આશય સાથે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૯–૩–૨૦૨૦ વિવિધ પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવેલ છે. આ ઉપરાંત તમામ વોર્ડમાં વર્તમાન અને ભવિષ્યની સંભવિત સ્થિતિ ધ્યાનમાં રાખી આવશ્યક મુજબના ત્વરિત પગલાઓ પણ લેવા જરૂરી બનતા હોય છે. આ માટે વોર્ડ કક્ષાએ આયોજનબધ્ધ અને સમયબધ્ધ રીતે તથા ઘનિષ્ટ ઝુંબેશ સ્વરૂપે કામગીરી હાથ ધરી શકાય તે માટે વોર્ડ પ્રભારીની નિમણુંક કરવામાં આવેલ છે, તેમ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

મ્યુનિ. કમિશનરશ્રીએ વધુ જણાવ્યું હતુ કે, નીચે મુજબના અધિકારીશ્રીઓએ તેમના નામ સામે દર્શાવેલ વોર્ડમાં હાલની કામગીરી ઉપરાંત વોર્ડ પ્રભારી તરીકેની વધારાની કામગીરી કરવાનો પણ હુકમ કરવામાં આવે છે.

| ક્રમ | અધિકારીશ્રીનું નામ | હોદ્દો | વોર્ડ નં. |
|---|---|---|---|
| ૧ | શ્રી ઉદિત અગ્રવાલ, IAS | મ્યુનિસિપલ કમિશનરશ્રી | 0૭ |
| ૨ | શ્રી બી.જી. પ્રજાપતિ, IAS | નાયબ કમિશનરશ્રી(ઈસ્ટ ઝોન) | 0૨ |
| ૩ | શ્રી સી.કે. નંદાણી | નાયબ કમિશનરશ્રી(સેન્ટ્રલ ઝોન) | ૧0 |
| ૪ | શ્રી બી.યુ. જોષી | એડી. સિટી એન્જિ.શ્રી(સ્માર્ટ સિટી સેલ) | ૧૧ |
| ૫ | શ્રીમતી એ.એમ. મિત્રા | સિટી એન્જિ.(સ્પે.)શ્રી(હાઉસીંગ) | ૧૭ |
| ૬ | શ્રી એચ.યુ. દોઢીયા | સિટી એન્જિ.(સ્પે.)શ્રી(ઈસ્ટ ઝોન) | 0૫ |
| ૭ | શ્રી આર.બી. ઝાલા | સુરક્ષા અધિકારીશ્રી | 0૬ |
| ૮ | શ્રી એચ.કે. કગથરા | સહાયક કમિશનરશ્રી | ૧૫ |
| ૯ | શ્રી એચ.આર. પટેલ | સહાયક કમિશનરશ્રી | 0૩ |
| ૧ | શ્રી જે.પી. રાઠોડ | ઈ.ચા. સહાયક કમિશનરશ્રી | ૧૪ |
| ૧૧ | શ્રી વી.એસ. પ્રજાપતિ | ઈ.ચા. સહાયક કમિશનરશ્રી | ૧૬ |
| ૧૨ | શ્રી કે.ડી. હાપલીયા | ડાયરેક્ટરશ્રી(પાર્કસ એન્ડ ગાર્ડન) | 0૮ |
| ૧૩ | શ્રી એન.આર. પરમાર | પર્યાવરણ ઈજનેરશ્રી | ૧૮ |
| ૧૪ | શ્રી એ.એલ. સવજીયાણી | ચીફ એકાઉન્ટન્ટશ્રી | 0૯ |
| ૧૫ | શ્રી બી.આર. જાકાસણીયા | વેટરનરી ઓફિસરશ્રી | 0૪ |
| ૧૬ | શ્રી આર.કે. હીરપરા | ઝૂ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી | ૧૨ |
| ૧૭ | શ્રી બી.જે. ઠેબા | ઈ.ચા. ચીફ ફાયર ઓફિસરશ્રી | ૧૩ |
| ૧૮ | શ્રી બી.ડી. જીવાણી | ઈ.ચા. એડી. સિટી એન્જિ.શ્રી(રોશની) | 0૧ |

વોર્ડ પ્રભારી અધિકારીશ્રીઓ તેમને સુપ્રત કરેલ વોર્ડના વોર્ડ ઓફિસરશ્રીની કામગીરીનું સુપરવિઝન કરાશે તથા તેઓને માર્ગદર્શન આપશે.

સ્કેન કરવામાં આવે છે. આ સ્કેનથી તમામ માહિતી મહાનગરપાલિકાની વેબ–સાઇટ પર લિન્ક કરી દેવાય છે, ત્યારબાદ ત્યાંથી આ માહિતી દરેક વોર્ડમાં મુકેલ હોમ–કોરેંટાઇન કરતી ટીમ પાસે પહોંચે છે અને તેઓ આવા મુસાફરોને હોમ કોરેંટાઇન કરે છે. અન્ય ટીમ દિવસમાં બે વખત તેમના આરોગ્ય તપાસ અર્થે તેમના ઘરની મુલાકાત કરે છે, અને આ તમામ માહિતી એક ખાસ આા દ્વારા અપલોડ કરવામાં આવે છે. કોઈ વ્યક્તિને શંકાસ્પદ લક્ષણો જણાય તો તુરંત જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે. જે તે વિસ્તારના UHC મેડિકલ ઓફિસર દ્વારા પણ દરરોજ આવા ૫ ઘરની મુલાકાત કરીને માહિતી આ દ્વારા અપલોડ કરવામાં આવે છે. શંકાસ્પદ વ્યક્તિની માહિતી માટે કલરકોડ પણ વિકસાવેલ છે. આ અનોખી પધ્ધતિ રાજકોટ શહેરમાં જ શરૂ થયેલ છે.

**૨૧. ડેડીકેટેડ એમ્બુલન્સ અને RBSK વાહનોની લેવાતી સેવાઃ** ૧૦૮ ઉપરાંત મહાનગરપાલિકા દ્વારા કોરોના પોઝીટિવ દર્દીઓને દવાખાને પહોંચાડવા માટે ડેડીકેટેડ એમ્બુલન્સ રાખેલ હતી. આ ઉપરાંત, ARIના કેસને દરેક UHC પરથી સેમ્પલ લેવા માટે પદમકુવરબા હોસ્પિટલ ખાતે અથવા કોવિડ હોસ્પિટલ ખાતે દાખલ કરવા માટે RBSKના વાહનોનો તમામ UHC દ્વારા ઉપયોગ કરવામાં આવે છે.

**૨૨. પથિકાશ્રમ હવેથી હોમ કોરેન્ટાઇન તરીકેઃ** સરકારશ્રીની રીવાઈઝ્ડ ડીસ્ચાર્જ પોલિસી અનુસાર Mild/Moderate કેસોને ડિસ્ચાર્જ કરીને ૭ દિવસ હોમ કોરેન્ટાઇન કરવામાં આવશે, આ અનુસંધાને ઘણા બધા કુટુંબોમાં અનુકૂળ સગવડોનો અભાવ હોઇ તેઓને તેમનં ઘર પર હોમ–કોરેન્ટાઇન કરી શકાય એમ ના હોઈ, તેઓ ને પથિકાશ્રમ ખાતે તમામ સગવડતા સાથે ૭ દિવસ હોમ કોરેન્ટાઇન માટે કરવાનું શરૂકરેલ છે.

**૨૩. પોલીસ વિભાગની સરાહનીય કામગીરીઃ** લોકડાઉનનો ચુસ્ત અમલ, કરફ્યુનો ચુસ્ત અમલ, કાયદાભંગ માટે ઘરપકડ, કાયદાભંગ માટે ગુના દાખલ કરવા, દ્વિચક્રી વાહન મુસાફરીમાં એક જ વ્યક્તિ અને મોટર કારમાં બે જ વ્યક્તિ ને બેસવાની અમલવારી, રસ્તા પર થૂંકવાનો દંડ, માસ્કના પહેરવાનો દંડ, વાહન ડીટેઇન કરવા વગેરે જેવી કામગીરી ખૂબ કડકાઇથી અને અસરકારક રીતે કરવામાં આવે છે.

**૨૪. મેડિકલ કોલેજ અને પદ્મકુવરબા જિલ્લા હોસ્પિટલનો સહયોગઃ** મેડિકલ કોલેજ દ્વારા ૪૨ ઈન્ટર્ન ડોકટરોને ૫ અઠવાડીયા માટે UHC પર OPD ચલાવવા ડેપ્યુટ કરવામાં આવ્યા હતા. સેમ્પલ લેવા, કોંટેક્ટ ટ્રેસિંગ, કંટેઇનમેંટ જેવી કામગીરીમાં મેડિકલ કોલેજનો સહયોગ મળ્યો છે. આ બંને સંસ્થા દ્વારા પ્રણામી ચોક UHC પર OPD ચલાવવા તથા સેમ્પલ લેવાની કામગીરી માટે તજજ્ઞ પૂરા પડવામાં આવે છે.

**૨૫. બેસ્ટ સોસાયટીને સર્ટિફિકેટઃ** રાજકોટ શહેરની કેટલીક સોસાયટીને લોકડાઉનનો ચુસ્ત રીતે અમલવારી કરવા બદલ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સર્ટિફિકેટ આપીને સન્માનીત કરવામાં આવેલ છે.

**૨૬. કંટ્રોલ રૂમ/ફીલ્ડ વર્કઃ** રાજકોટ મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે કોરોના કન્ટ્રોલ રૂમ શરૂ કરાયો. શહેરમાં વિદેશથી આવેલા લોકો અને તેમની સાથેના પરિવારજનોને હોમ કવોરોનટાઈન કરાયા બાદ રાજકોટ મહાનગરપાલિકા મેડિકલ, પેરા મેડિકલ અને વહીવટી સ્ટાફની બનેલી ટીમો દ્વારા કવોરોનટાઈન કરાયેલા લોકોના ઘર પર નજર રાખવામાં આવી. તેઓને ઘરમાં જ રહેવા સમજાવવામાં આવ્યા. શહેરના મહત્વના સ્થળો જેવા કે હોકર્સ ઝોન, શાકમાર્કેટ, ઉપરાંત ગ્રોસરી સ્ટોર અને બી.આર.ટી.એસ. બસ શેલ્ટર અને રૂટ ડીસઈનફેક્ટ કરવામાં આવ્યા. આશરે છેલ્લા ત્રણ માસથી કાર્યરત રહેલ કોરોના કંટ્રોલ રૂમ ખાતે કુલ ૪૫૦ અધિકારીઓ અને કર્મચારીઓ ફરજ પર રહ્યા જ્યારે જે તે વ્યક્તિ કે પરિવારને કવોરેન્ટાઇન કરવા અંગેની ફીલ્ડ વર્ક માટે પણ આ તમામ અધિકારીઓ / કર્મચારીઓને ફરજ સોંપણીના હુકમ કરવામાં આવેલ. આ ઉપરાંત આરોગ્ય શાખાના કુલ ૫૫૦ અધિકારી અને કર્મચારીઓ છેલ્લા ત્રણ માસથી સતત ક્ષેત્રીય કામગીરીમાં વ્યસ્ત રહ્યા.

**૨૭. ડેશ બોર્ડ બનાવાયુંઃ** રાજકોટ મહાનગરપાલિકાએ સેમ્પલીંગ અને પોઝીટીવ દર્દીઓના ડેટા પરથી એક ખાસ ગુગલ મેપિંગ તૈયાર કરેલ જેની સંકલિત માહિતી ડેશ બોર્ડ પર ઉપલબ્ધ બનાવી છે. જેની મદદથી મનપાને શહેરના ક્યા–ક્યા વિસ્તારમાંથી સેમ્પલીંગ કરાયેલ છે, અને ક્યાંથી દર્દી નોંધાયેલ છે તેની માહિતી આંગળીના ટેરવે ઉપલબ્ધ બની છે. જેમાં પોઝીટીવ દર્દી આવેલ હોય તેને લાલ રંગના ટપકા વડે તથા સેમ્પલીંગ કરેલ હોય અતે લીલા રંગના ટપકા વડે જોઈ શકાઈ છે. આ પછી મનપાએ એક એક ડેવલપ કરી હતી અને ફિલ્ડ વર્ક કરતી આ ટીમો સ્થળ પરથી જ તેમના અવલોકનના રીપોર્ટ એપમાં સબમિટ કરતી હતી જેનાથી મનપાની ઓન ધ સ્પોટ ક્વોરેન્ટાઇન લોકોની માહિતી પોતાના ડેશ બોર્ડ પર મલ્ટી રહી હતી.

**કોરોના ફૂડ કોલ સેન્ટર**

૦૨૮૧–૨૪૭૬૮૭૪ / ૯૯૦૯૯૯૨૭૬૭

– ગુજરાતની સંવેદનશીલ સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય.

– ગુજરાત રાજ્યમાં એકલવાયું જીવન જીવતા નિરાધાર નિઃસહાય વૃધ્ધો અને નિરાધાર વ્યક્તિઓને ઘરેબેઠા વિનામૂલ્યે ભોજન સ્વૈચ્છિક સંસ્થાઓની સહાયથી મળી રહે તે માટેનું શરૂ કરાયું કોલ સેન્ટર.

– જે કોલ સેન્ટર તા.૨૬–૩–૨૦૨૦થી રૂડા કચેરી ખાતે કાર્યરત કરવામાં આવ્યું.

– કોલ સેન્ટરનો સમયઃ સવારે ૮ થી રાત્રિના ૧૦ કલાક સુધી.

– રાજકોટ શહેર માટે કોલ સેન્ટર માટે જાહેર કરાયા ખાસ ટેલીફોન નં. ૦૨૮૧–૨૪૭૬૮૭૪ / ૯૯૦૯૯૯૨૭૬૭

– તા.૦૧–૦૪–૨૦૨૦થી રાજકોટ મહા––નગરપાલિકા દ્વારા પોતાની વેબસાઈટ www.rmc.gov.in મારફત સેવા આપતી સંસ્થાઓની નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી અને આમ વધુ સેવાભાવી સંસ્થાઓ મારફત સેવા આપવાની કાગીરીનું વિસ્તૃતી––કરણ થયું.

– ઓનલાઈન નોંધાયેલ સંસ્થાઓ દ્વારા પણ કોલ સેન્ટર દ્વારા મળતી માહિતી અનુસાર જરૂરિયાત મંદ લોકોને અનાજ તથા કીટ અંગે સેવા આપવાનું શરૂકરવામાં આવ્યું.

– ઓનલાઈન નોંધણીને કારણે બધી સંસ્થાઓ વચ્ચે સંકલન સાધી રાજકોટના તમામ વિસ્તારો સુધી લોકોને મદદ પહોચાડ––વામાં સરળતા ઉભી થઇ.

– ઓનલાઈન નોંધણી પ્રક્રિયા મારફત અંદાજીત ૭૫ સંસ્થાઓ દ્વારા નોંધણી કરવામાં આવેલ હતી.

– સ્વૈચ્છિક સંસ્થાઓનો વિતરણ વિસ્તાર ગુગલ નકશા પર માર્ક કરી ડુપ્લિકેશન નિવારવા તેમજ સમય/શક્તિ બચાવવા પ્રયત્ન.

– તા.૨૬–૩–૨૦૨૦ થી ૩૧–૫–૨૦૨૦ સુધી કુલ ૩૭૦૫૬ અનાજની કિટ વિ ત ર ણ કરવામાં આવેલ તેમજ કુલ ૨૬૦૯૬૯૦ ટીફીન તથા તૈયાર ભોજનના પેકેટનું વિતરણ કરવામાં આવેલ હતું, ઉપરાંત અંદાજીત કુલ ૧૪૬૩૭૧ વ્યક્તિઓએ રૂબરૂ ત્યાં ભોજનનો લાભ લીધો હતો અને દરરોજના સરેરાશ અંદાજીત ૪૦૦૦૦ વ્યકિતઓ સહિત કુલ ૨૬૦૯૬૯૦ વ્યકિતઓએ તૈયાર ભોજનનો લાભ લીધેલ હતો.

– શહેરની સેવાભાવી સંસ્થાઓ દ્વારા જરૂરતમંદ વ્યક્તિઓને ફૂડ પેકેટ/ રાશન કીટ વિતરણ માટે લોકડાઉન મુક્તિ પાસ મળવાની અરજીઓ કલેકટરશ્રી તરફથી અત્રેને અભિપ્રાય માટે મોકલેલ જેમાં કુલ ૨૪૪ સંસ્થા/વ્યક્તિઓએ ઓફલાઈન અને ૧૪૬ સંસ્થા/વ્યક્તિઓએ ઓનલાઈન અરજીઓ પ્રાપ્ત થઇ હતી.



## કોરોનાના સામના માટે સ્વચ્છતા, તેમજ અનાધિકૃત દબાણો અને ટ્રાફિક સમસ્યાના નિવારણ અંગેની વોર્ડ વાઈઝ ટીમોની કામગીરીની સમીક્ષા

હાલ કોરોના વાઈરસનો સામનો કરવા માટે વિવિધ સાવચેતીરૂપ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે ત્યારે તેમાં જાહેર સ્વચ્છતા અને વ્યક્તિગત જાગૃતિની બાબત ખુબ જ મહત્વપૂર્ણ બની રહી છે. આવા સંજોગોમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અગમચેતી ના પગલાંઓ લેવા જાહેર સ્વચ્છતા, જાહેર માર્ગો પરથી અનાધિકૃત દબાણો હટાવવા, અને ટ્રાફિક પ્રશ્નમાં રાહત મળે તેવા આશયથી રાજકોટ શહેર પોલીસ સાથે સંકલન કરી વોર્ડ વાઈઝ રચવામાં આવેલી દબાણ હટાવ ટીમ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. શહેરના તમામ ૧૮ વોર્ડમાં તા. ૫–૩–૨૦૨૦ થી શરૂ થયેલી કામગીરીની સમીક્ષા કરવા માટે માન. મેયર શ્રી બિનાબેન આચાર્યના અધ્યક્ષ સ્થાને મળેલી એક બેઠકમાં તા.૫–૩–૨૦૨૦ થી તા.૧૬–૩–૨૦૨૦ સુધીની કામગીરી પર ઘનિષ્ઠ વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં ડે.મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, શાસક પક્ષના નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, દંડકશ્રી અજયભાઈ પરમાર, નાયબ કમિશનરશ્રીઓ શ્રી એ. આર. સિંહ, શ્રી બી. જી. પ્રજાપતિ, શ્રી સી. કે. નંદાણી તથા તમામ વોર્ડની ટીમોએ પ્રભારી, પોલીસ ડીપાર્ટમેન્ટના અધિકારી ઓ, વોર્ડ ઓફિસરો, દબાણ હટાવ શાખાના કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

**માન. મેયરશ્રીના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં ડેપ્યુટી મેયર, મ્યુનિ. કમિશનરશ્રી સહિત તમામ ટીમ સભ્યોની ઉપસ્થિતિ**

આ મીટિંગમાં વોર્ડ વાઈઝ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. તેમજ જે તે વોર્ડમાં હજુ કઈ કઈ કામગીરી કરવાની થાય છે તે અંગે પદાધિકારીશ્રીઓ અને મ્યુનિ. કમિશનરશ્રી તરફથી તમામ વોર્ડની ટીમોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વોર્ડ ટીમો દ્વારા થઇ રહેલી કામગીરીની પ્રશંસા પણ કરી પદાધિકારીશ્રીઓ અને કમિશનરશ્રીએ ટીમ મેમ્બરોના ઉત્સાહમાં વધારો પણ કર્યો હતો. સાથોસાથ નાગરિકો દ્વારા પણ આ કામગીરીની નોંધ લેવામાં આવી રહી છે તે બાબતને નજર સમક્ષ રાખી દરેક વોર્ડની ટીમોને કાર્યવાહી વધુ ઘનિષ્ઠ બનાવવા સૂચના આપવામાં આવેલ હતી.

આ મીટિંગમાં એ બાબત પર ખાસ ભાર મુકવામાં આવ્યો હતો કે, રાજકોટ મહાનગર––પાલિકાની આ કામગીરી જાહેર જનતાને સીધી રીતે સ્પર્શે છે. કામગીરીના પરિણામો જાહેર માર્ગો પર દેખાય પણ છે. આ કાર્યવાહીનો ઉદેશ એ છે કે, લોકોને અસ્વચ્છતા, જાહેર માર્ગો પર અનઅધિકૃત દબાણો અને ટ્રાફિકના પ્રશ્નમાંથી રાહત મળે.

આ બેઠકમાં તા.૫–૩–૨૦૨૦ થી તા.૧૬–૩–૨૦૨૦ સુધીની કામગીરીની થયેલી સમીક્ષા અંગે માહિતી આપતા માન. મેયર શ્રી બિનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયર શ્રી અશ્વિનભાઈ મોલીયા અને મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે એમ જણાવ્યું હતું કે, આ બેઠકમાં તા.૫–૩–૨૦૨૦ થી તા.૧૬–૩–૨૦૨૦ સુધીની કામગીરીમાં ગંદકી જોવા મળવાના કિસ્સામાં રૂા.૩૨૮૪૨૮ નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવેલ છે. દબાણ હટાવની કામગીરીમાં રૂા.૩૪૫૬૨૫નો વહીવટી ચાર્જ વસૂલ કરાયો છે. મંડપ – છાજલીનો રૂા.૭૭૧૯૧નો વહીવટી ચાર વસૂલ કરાયો છે. જ્યારે ૧૦૦ કિ.ગ્રા. જેટલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરાયેલ છે. જાહેર માર્ગ પર રેકડી રાખી ટ્રાફિકને અડચણ ઉભી કરતા ધંધાર્થીઓ પાસેથી ૧૮૬૨ કિલોગ્રામ જેટલો શાકભાજી, ફળફૂલનો જથ્થો જપ્ત કરવામાં આવેલ છે જ્યારે ૮૬ નંગ રેકડી અને કેબીનો પણ ઉપાડી લેવામાં આવેલ છે. જ્યારે વિવિધ માર્ગો પરથી અડચણરૂપ એવી ૯૦૯ જેટલી પરચુરણ ચીજવસ્તુઓ પણ જપ્ત કરવામાં આવેલ છે. આ ઉપરાંત શહેરમાં વિવિધ માર્ગો કે સર્કલ પર મહાનગરપાલિકા ની મંજુરી વગર મુકવામાં આવેલા વિવિધ ૫૦૯ બોર્ડ બેનર જપ્ત કરાયેલ છે. મીટિંગને અંતે માન. મેયરશ્રી, ડેપ્યુટી મેયરશ્રી અને મ્યુનિ. કમિશનરશ્રીએ દરેક વોર્ડની કામગીરીને બિરદાવી હતી.






**હોમ કોરોન્ટાઇન કરાયેલા લોકોના ઘરે જઈ તપાસ કરતા મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ**

કોરોનાના સંક્રમણ સામે લેવાઈ રહેલા વિવિધ પગલાઓના ભાગ રૂપે વિદેશથી આવેલા લોકોને હોમ કોરોન્ટાઇન કરવામાં આવે છે. મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે તા.૨૩–૦૩–૨૦૨૦ના રોજ ન્યુ જાગનાથ પ્લોટ વિસ્તારમાં આવા જ બે પરિવારોના ઘરની રૂબરૂ મુલાકાત લઈ તપાસ હાથ ધરી હતી. જેમાં કોરોન્ટાઇન કરાયેલા લોકો તેમના ઘરમાં જ જોવા મલ્યા હતા. પ્રશાસનને નાગરિકો તરફથી મળી રહેલા સહયોગ બદલ કમિશનરશ્રીએ કોરોન્ટાઇન થયેલા લોકોનો આભાર વ્યક્ત કર્યો.



## લોકોને દવાની ફ્રી હોમ ડિલિવરી માટે રાજકોટ કુરિયર એસો. તૈયાર

રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે રાજકોટ કુરિયર એસોસિએશનના હોદેદારો અને સભ્યો સાથે તા.૨૫-૩-૨૦૨૦ના રોજ એક બેઠક કરી હતી જેમાં કોરોનાની વર્તમાન સ્થિતિ અનુસંધાને કમિશનરશ્રીએ કરેલી અપીલને એસો. દ્વારા ઉમળકા ભેર સહયોગ આપવામા આવેલ. જે અનુસંધાને નાગરિકોને દવાની ફ્રી ફોમ ડિલિવરી મળી રહેશે.

આ અંગેની વ્યવસ્થા ગોઠવાઈ રહી છે. વિશેષ વિગતો ટુક સમયમાં જાહેર કરવામાં આવશે.

## શહેરમાં જીવન જરૂરી ચીજ વસ્તુઓના પૂરવઠા કોઈ કમી નથી; લોકો સુધી ચીજો પહોંચતી કરવા માટે ગોઠવાઈ રહેલી વ્યવસ્થા

કોરોનાની વર્તમાન પરિસ્થિતિને નજર સમક્ષ રાખી રાજકોટ શહેરમાં વાઈરસ સંક્રમણ પ્રસરતું અટકાવવા ના પ્રયાસોના ભાગરૂપે તા.૨૫-૩-૨૦૨૦ના રોજ રાજકોટ મહાનગર--પાલિકા લોકોને તે શક્ય હોય ત્યાં સુધી પોતાના ઘરની બહાર પણ નીકળવું પડે તે પ્રકારે જીવન જરૂરી ચીજ વસ્તુઓ તેમણે ઘેર બેઠા બેઠા જ કે પછી પોતાના ઘરની નજીકમાં આવેલી કરીયાણાની દુકાનેથી જ અનાજ, કઠોળ ઇત્યાદિ આવશ્યક વસ્તુઓ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવી રહી છે, તેમ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું. સાથોસાથ તેમણે એમ પણ કહ્યું કે, શહેરમાં જીવન જરૂરી ચીજ વસ્તુઓની કોઈ જ કમી નથી. નાગરિકોને ચિંતા કરવાની જરાકરવા પણ જરૂર નથી. લોકો તેમના ઘરમાં આવશ્યક ચીજોનો બિનજરૂરી સંગ્રહ ના કરે. થઇ રહેલી વ્યવસ્થા વિશે જાણકારી આપતા મ્યુનિ. કમિશનરશ્રીએ વધુમાં કહ્યું હતું કે, લોકલ કરીયાણાના વેપારીઓ બેડી માર્કેટિંગના મોટા હોલસેલ વેપારીઓ તેમજ દાણા પીઠના હોલસેલ વેપારીઓ પાસેથી પોતાના ગ્રાહકોની જરૂરિયાત મુજબનું અનાજ કઠોળ ખરીદી શકે છે. કરીયાણાની દુકાનની બંને બાજુ શાકભાજી અને ફળફળાદી માટે એક એક પડો પણ રાખવા દેવામાં આવશે જેથી એક જ સ્થળેથી જ અનાજ, કઠોળ અને શાકભાજી લોકોને મળી રહે. કરીયાણાની દુકાને પણ વેપારીએ ગ્રાહકોની ભીદના થાય તેની તકેદારી રાખી લોકોને ચોક્કસ સલામત અંતરે જ ઉભા રાખવાના રહેશે.

કમિશનરશ્રીએ વધુમાં અન્ય એક વ્યવસ્થા વિશે વાત કરતા જણાવ્યું કે, કરીયાણાના નાના વેપારીઓ મોટી સુપર માર્કેટ જેવી કે, બિગ બઝાર, રિલાયન્સ, ડી માર્ટ, ગોલ્ડન સુપર માર્કેટ વગેરેને ફોન કરીને તેઓની પાસેથી આવશ્યક ચીજ વસ્તુઓ મંગાવી શકશે. આ સુપર માર્કેટ અને મોલમાં રીટેઈલ એટલે કે છુટક વેંચાણ બંધ કરી દેવામાં આવેલ છે જેથી કરીને લોકો ત્યાં ભીડ ના કરે. સુપર માર્કેટ અને મોલ હવે હોલસેલ વેંચાણ જ કરશે. દરમ્યાન શહેરમાં દૂધ વિતરણ વ્યવસ્થા હાલમાં જે પ્રકારે ગોઠવાયેલી છે તે પ્રકારે જ આગામી દિવસોમાં પણ ચાલુ જ રહેશે. લોકોને હાલ જે રીતે દૂધ મળે છે તે પ્રકારે જ મળતું રહેશે. શહેરમાં હવે તમામ શાકમાર્કેટનો ફક્ત હોલસેલ વેપારીઓ પાસેથી નાના છુટક વેપારીઓ દ્વારા જ શાકભાજીની ખરીદી કરવા માટે જ ઉપયોગ કરવા દેવામાં આવશે. મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે વધુમાં એમ પણ જણાવ્યું કે, નાગરિકોને આવશ્યક ચીજ વસ્તુઓ ઘેર બેઠા મળી રહે તે માટે અન્ય એક વ્યવસ્થા ગોઠવવા માટે પણ વિચારણા ચાલી રહી છે. લોકો લોકડાઉન પીરીયડ દરમ્યાન જરા પણ ઉચાટ ના અનુભવે અને વહીવટી તંત્ર તેઓની ચિંતા કરી રહ્યું છે. આવશ્યક ચીજોની કોઈ જ કમી નથી એટલે એ વિષયમાં લોકો નિશ્ચિંત જ રહે. બસ લોકો માત્ર પોતપોતાના ઘરમાં જ રહી કોરોના સામેના આ સમયમાં સરકારશ્રી અને તંત્રને સહયોગ પ્રદાન કરે.

## શહેરમાં અમુક ઘરોમાં ક્વોરેન્ટાઇન કરાયા છે તેઓ કોરોના વાઈરસના પોઝીટી નથી ફક્ત સાવચેતીનાપગલા રૂપે કરાયેલ હોય તેમાં લોકોએ સહકાર આપવા અપીલ



મેયરશ્રી બિનાબેન આચાર્ય, ડે. મેયર શ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, દંડકશ્રી અજયભાઈ પરમાર તથા આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકર એક સંયુક્ત યાદીમાં જણાવે છે કે, કોરોના વાઇરસ અંતર્ગત વિશ્વ આખું ચિંતિત છે ત્યારે તંત્ર દ્વારા જુદા જુદા પગલાઓ લેવામાં આવી રહ્યા છે. કોરોના વાઇરસના અનુસંધાને શહેરમાં બહારથી આવેલા લોકોના ઘર પર ક્વોરેન્ટાઇનનુ સ્ટીકર લગાવાયેલ છે. આ કાર્યવાહીથી કોઈ વ્યક્તિ કોરોના વાઇરસથી પોઝીટીવ નથી ફક્ત સાવચેતીના પગલા માટે આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેનાથી લોકોએ કોઈ ગભરાવવાની જરૂરી નથી અને કોર્પોરેશનની આ કાર્યવાહીમાં લોકોએ સહકાર આપવા અપીલ કરવામાં આવે છે. ઘણી જગ્યાએથી એવું જાણવામાં આવેલ છે કે કોર્પોરેશન દ્વારા આ લગાવવામાં આવેલ આ સ્ટીકરો કાઢી નાખવામાં આવે છે, જે યોગ્ય નથી. આ કાર્યવાહી એક જાગૃતતાનો ભાગ હોય લોકોએ સામે ચાલીને સહકાર આપવો જોઈએ. બહારથી આવેલા અને જેઓના ઘર પર ક્વોરેન્ટાઇન સ્ટીકર લગાવેલ છે તેનો ૧૪ દિવસ બાદ સમય પુરો થયા બાદ તેમનો ક્વોરેન્ટાઇનનો સમય પુરો થાય છે. હાલમાં શહેરમાં ૫૫૧ જેટલા ક્વોરેન્ટાઇન સ્ટીકર લગાવવામાં આવેલ છે. ફરીને જે જે લોકોના ઘર પર ક્વોરેન્ટાઇન ટાઇપ સ્ટીકર લગાવેલ છે તેમાં સહકાર આપવા અપીલ કરવામાં આવેલ છે અને ક્વોરેન્ટાઇન કરેલી વ્યક્તિઓ દ્વારા કાયદાનો ભંગ કરવામાં આવે તો તેનો ગુનો પણ બને છે. રાજ્ય સરકાર દ્વારા કોરોના વાઇરસની વર્તમાન પરિસ્થિતને ધ્યાને લઇ ૩૧ માર્ચ સુધી લોકડાઉનનો નિર્ણય કરવામાં આવેલ છે, આ નિર્ણય સૌના હિતમાં હોય જેનો ખાસ અમલ કરવા શહેરીજનોને પદાધિકારીશ્રીઓએ અપીલ કરેલ હતી.

## દેશભરમાં લોકડાઉન દરમ્યાન નગરજનોને જીવનજરૂરી ચીજ વસ્તુઓ, દવા વિગેરેની સુવિધા સરળતાથી મળી રહે તે માટે પદાધિકારીઓ તથા અધિકારીઓની સંકલન બેઠક

વૈશ્વિક મહામારી કોરોના વાઈરસથી ફેલાતા રોગને દેશમાં આગળ વધતો અટકાવા માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેર કરેલ ૨૧ દિવસના ભારત દેશના લોકડાઉન દરમ્યાન રાજકોટના શહેરીજનોને જીવન જરૂરી ચીજ વસ્તુઓ, અનાજ, દૂધ, દવા તેમજ ડાયાલીસીસ કરાવતા દર્દીઓને પણ મદદરૂપ થઇ શકાય તેવી વિગેરે આનુસાંગિક વ્યવસ્થા માટે તા.૨૫-૩-૨૦૨૦ના રોજ રાજકોટ કલેક્ટરશ્રીની કચેરીએ પદાધિકારીઓ અને અધિકારીઓ વચ્ચે સંકલન બેઠક મળેલ હતી.

આ મિટિંગમાં પ્રદેશ ભાજપ અગ્રણીશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, મેયરશ્રી બીનાબેન આચાર્ય, રાજકોટ જિલ્લા કલેક્ટર, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ધારાસભ્યો શ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠિયા, ડૉ. ભરત બોઘરા, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, જિલ્લા વિકાસ અધિકારી, તેમજ પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, જિલ્લા ભાજપના પ્રમુખશ્રી ડી. કે. સખીયા, શ્રી ભાનુભાઈ મેતા વિગેરે ઉપસ્થિત રહેલ.

માન. પ્રધાનમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી એ કોરોના વાઇરસથી ફેલાતા રોગને આગળ વધતો અટકાવવા માટે દેશભરમાં ૨૧ દિવસ ના લોકડાઉનનો નિર્ણય કરેલ છે. આ નિર્ણય સૌ દેશવાસીઓના હિતમાં છે. જેથી આ લોકડાઉનમાં સૌનો સહયોગ મળે તે ખૂબ જ જરૂરી છે. લોકડાઉન દરમ્યાન શહેરીજનોને જીવન જરૂરી ચીજ વસ્તુઓ મેળવવામાં કોઈ મુશ્કેલી ન પડે તેમજ દવા ઉપરાંત ડાયાલીસીસ કરાવતા દર્દી પણ પરેશાન ન થાય તેવી તમામ આનુસાંગિક વ્યવસ્થા કરવા માટે ચર્ચા વિચારણા કરવામાં આવેલ.

આ માટે રાજકોટ મહાનગરપાલિકા સહિતની સરકારી કચેરીઓ વ્યવસ્થા ગોઠવશે અને શહેરીજનોને કોઈ મુશ્કેલી ન પડે તેનું વ્યવસ્થિત આયોજન કરશે. વૈશ્વિક મહામારી રૂપે કોરોના વાઇરસથી ફેલાતા રોગચાળાને આગળ વધતો અટકાવવા દેશભરમાં લાગુ કરવામાં આવેલ ૨૧ દિવસના લોકડાઉનનો સૌ ચુસ્તપણે અમલ કરે અને પોતાના ઘરમાં જ સુરક્ષિત રહે તેવી અપીલ કરવામાં આવેલ હતી.



# જડબેસલાક જનતા કર્ફ્યુ

**રાજકોટ શહેરમાં પણ તમામ નગરજનો, જુદા જુદા એસોસિએશનઓ દ્વારા જબરદસ્ત જનસમર્થન આપવામાં આવેલ તેમજ સાંજના ૦૫:૦૦ થી ૦૫:૦૫ સુધી ઘંટરાવ કરી કોરોના અંતર્ગત ફરજ બજાવતા કર્મીઓને પ્રોત્સાહિત કરેલ તે બદલ 'દાધિકારીઓએ આભાર વ્યકત કરેલ.**



કોરોના વાઈરસથી ફેલાયેલ મહામારીના અનુસંધાને દેશના માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તા.૨૨ માર્ચ, ૨૦૨૦ને રવિવારના રોજ જનતા કર્ફ્યુ રાખવા માટે કરેલી અપીલને પગલે રાજકોટવાસીઓએ જડબેસલાક જનતા કર્ફ્યુ પાળીને કોરોના સામેના જંગમાં ઝંપલાવ્યુ હતું. રાજકોટના શહેરીજનોએ જનતા કર્ફ્યુનો અમલ કરતા સમગ્ર શહેર થંભી ગયુ હતું. વડાપ્રધાનશ્રીની અપીલને પગલે રાજકોટવાસીઓએ સાંજે પોતપોતાના ઘેર અગાસી, ગેલેરી કે બારી–દરવાજા પાસે ઉભા રહી થાળી વગાડીને તાળીઓ પાડી તબીબો, સરકારી સ્ટાફ, પોલીસ, મીડિયા સહિતના કોરોના યોધ્ધાઓ પ્રત્યે આદર–સત્કાર અને કૃતજ્ઞતાની લાગણી પ્રગટ કરી.

રાજકોટ શહેરમાં પણ જનતા કર્ફ્યુનો સંપૂર્ણ અમલ થાય તે માટે તા.૨૦–૩–૨૦૨૦ના રોજ મેયરશ્રી બિનાબેન આચાર્યના અધ્યક્ષ સ્થાને મીટીંગ મળેલ. આ મીટીંગમાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ડે. મેયરશ્રી અશ્વિનભાઇ મોલીયા, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રી વી. પી. વૈષ્ણવ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી વિગેરે ઉપસ્થિત રહેલ. વૈશ્વિક મહામારી સામે દેશના પ્રધાનમંત્રીશ્રીના જનતા કર્ફ્યુની અપીલને ઈન્ડસ્ટ્રીઝ એસો., ઈમીટેશન વેપારીઓએ, ડેરી એસો., તેમજ અન્ય એસો.ને જોડી ૨૨ માર્ચના રોજ સંપૂર્ણ બંધ રહે તે માટે ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વી.પી. વૈષ્ણવે ખાત્રી આપેલ હતી.

વિશેષમાં, શહેરમાં ચાલતા રેસ્ટોરન્ટ, ફૂડઝોન, તેમજ ખાણીપીણીની તમામ લારી ગલ્લાઓ પણ ૨૨મી માર્ચે બંધ રાખવા તમામ પદાધિકારીઓએ અપીલ કરેલ તેને જડબે––સલાક સમર્થન પ્રાપ્ત થયું હતું.

રાજકોટ શહેરમાં પણ તમામ નગરજનો, જુદા–જુદા એસો.ઓ દ્વારા જબરદસ્ત જનસમર્થન આપવામાં આવેલ તેમજ સાંજના ૫.00 થી ૫:૦૫ જુધી ઘંટરાવ કરી કોરોના અંતર્ગત ફરજ બજાવતા કર્મીઓને પ્રોત્સાહિત કરેલ તે બદલ પદાધિકારીઓએ આભાર વ્યકત કરેલ.



## કોરોના યોધ્ધાઓ પ્રત્યે આદર-કૃતજ્ઞતા

**રાજકોટવાસીઓએ સાંજે પોતપોતાના ઘેર અગાસી, ગેલેરી કે બારી-દરવાજા પાસે ઉભા રહી થાળી વગાડીને તાળીઓ પાડી તબીબો, સરકારી સ્ટાફ, પોલીસ, મીડિયા સહિતના કોરોના યોધ્ધાઓ પ્રત્યે આદર-સત્કાર અને કૃતજ્ઞતાની લાગણી પ્રગટ કરી હતી આ બદલ પદાધિકારીશ્રીઓએ આભાર વ્યકત કરેલ.**

## રાજ્ય સરકાર દ્વારા ૨૫ માર્ચ સુધી જાહેર કરાયેલા લોકડાઉનને સમર્થન આપવા પદાધિકારીશ્રીઓની અપીલ

કોરોના વાયસરના સંક્રમણ સામેના જંગની શરૂઆત જનતા કર્ફ્યુથી થયા બાદ ગુજરાત રાજય સરકારશ્રી દ્વારા ૨૫ માર્ચ સુધી લોકડાઉનનો નિર્ણય કરવામાં આવેલ હતો. આ નિર્ણયને પણ સમર્થન આપવા તથા સરકારશ્રી દ્વારા જાહેર સ્વાસ્થ્યના હિતમાં જાહેર થયેલા નિયમોનું પાલન તમામ નાગરિકોને અ ીલ કરવામાં આવેલ. કોરોના વાઈરસના ફેલાવાને અટકાવવામાં લોકડાઉન ખુબજ અગત્યની ભૂમિકા ભજવે તેમ હોઇ લોકોએ કામ સિવાય ઘરની બહાર નીકળવું નહિ અને ખાસ કરીને સિનિયર સીટીઝનો તેમજ બાળકોને ખાસ બહાર નહિ લઈ જવા રાજકોટ મહાનગર––પાલિકા ના પદાધિકારીશ્રીઓ દ્વારા અપીલ કરવામાં આવી હતી.





નર્મદે...સર્વદે...



# આજી-૧ ડેમમાં નર્મદાના નીરનું પાવન આગમન...

## કોરોનાની મહામારી સામે લડવા યુધ્ધના ધોરણે તૈયારી કરતી હતી ત્યારે બીજી બાજુ આવશ્યક સેવાઓ નિરંતર રહે તે માટે પણ મનપા સતર્ક રહી

એક તરફ રાજકોટ મહાનગર–પાલિકા કોરોના વાયરસની મહામારી સામે લડવા યુધ્ધના ધોરણે તૈયારી કરી રહી હતી ત્યારે બીજી બાજું શહેરની આવશ્યક સેવાઓ નિરંતર ચાલુ રહે તે માટે પણ સતત સતર્ક રહી હતી. શહેરીજનોને ઉનાળામાં પણ દરરોજ પીવાનું પાણી મળી રહે તે માટે મનપાએ વોટર વર્કસ મેનેજમેન્ટને પણ ખુબજ ગંભીરતાથી ધ્યાને લીધું હતું. રાજકોટને પીવાનું પાણી પુરું પાડતા જળાશયો પૈકી આજી–૧ ડેમમાં પર્યાપ્ત જળ જથ્થો ઉપલબ્ધ બની રહે તે માટે સરકારશ્રીમાં રજુઆત કરી 'સૌની યોજના' હેઠળ નર્મદાના નીર રાજકોટ પહોચાડ્યા હતા. તા. ૧૮–૩–૨૦૨૦ના રોજ નર્મદા નીર આવી પહોંચતા પદાધિકારીશ્રીઓએ આજી–૧ ડેમ ખાતે શ્રીફળ અને ચુંદડી વડે નીરના વધામણા કર્યા હતાં.

રાજકોટ શહેરની વસ્તી તથા વિસ્તારમાં ખૂબ જ વધારો થઇ રહ્યો છે. જેના કારણે સ્થાનિક જળાશયો મારફત દૈનિક ૨૦ મિનીટ પાણી પુરવઠો આખું વર્ષ પૂરૂ પાડવામાં મુશ્કેલ બને ત્યારે વિશેષમાં ભૂતકાળમાં રાજકોટના નગરજનોએ પીવાના પાણીની ખુબજ યાતના ભોગવી છે. અગાઉ પાણીકાપ એકત્રા તેમજ ૩ દિવસે ૧ વખત પાણી આપવાનો ઘટનાઓ બનેલ છે અને ઉદ્યોગોને પણ જોઈતું પાણી આપવામાં ખુબજ મુશ્કેલી પડતી આ બધી સમસ્યાઓને ભૂતકાળ બનાવવા રાજયના માન. મુખ્યમંત્રીશ્રીએ સૌની યોજના હેઠળ આજી, ન્યારી અને ભાદર જોડી દેવામાં આવેલ છે.

હાલમાં આજી–૧ ડેમમાં ૨૮૭ એમ.સી.એફ.ટી. પાણીનો જથ્થો છે. જે માર્ચ અંતમાં પુરો થનાર હતો ત્યારે આગામી ચોમાસા સુધી નિયમિત દૈનિક ૨૦ મિનીટ પાણી પુરવઠો આપી શકીએ તે માટે માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા નર્મદાનું પાણી આજી–૧ અને ન્યારી–૧માં પાણી આપવાનું મંજુર કરેલ જેના અનુસંધાને આજી–૧ ડેમમાં કાળી પાટ પાસેનો ચેકડેમ તથા આવેલ ખાણો ભરાઈને નર્મદાનું પાણી આજી ડેમમાં પહોંચી ગયેલ છે. જે અંતર્ગત મેયરશ્રી બિનાબેન આચાર્ય, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ડે. મેયર શ્રી અશ્વિનભાઈ મોલીયા, શાસક પક્ષ નેતા શ્રી દલસુખભાઈ જાગાણી, વોટર વર્કસ કમિટીના ચેરમેન શ્રી બાબુભાઈ આહિર વિગેરેએ સ્થળ મુલાકાત લીધેલ. જે વખતે ડે. એન્જી. શ્રી ચેતન મોરી પણ હાજર રહેલ.

હાલમાં આજી–૧ ડેમમાં ૨૮૭ એમ.સી.એફ.ટી. એટલેકે ૧૬.૯૦ ફૂટ પાણીનો જથ્થો છે. સિંચાઈ વિભાગ દ્વારા હાલમાં એક પંપ ચાલુ કરેલ છે. જેના દ્વારા ૫ થી ૬ એમ.સી.એફ.ટી. પાણી ડેમમાં આવશે. એકાદ દિવસ બાદ વધુ પંપો ચાલુ કરી દરરોજ નું ૩૫ થી ૪૦ એમ.સી.એફ.ટી. પાણી આવે તેવું આયોજન કરેલ છે અને ૧૫ થી ૧૬ દિવસ સુધીમાં આજી–૧ ડેમમાં ૬૦૦ એમ.સી.એફ.ટી. પાણી ઠાલવવામાં આવનાર છે. ત્યારબાદ ન્યારી–૧માં નર્મદાનું પાણી પુરવઠો ઠાલવવાનું શરૂ થશે. નર્મદાના પાણી આવતા આગામી ચોમાસા સુધી શહેરને દૈનિક ૨૦ મિનીટ સુધી પાણી આપવામાં કોઈ મુશ્કેલી સર્જાશે નહી. આ તકે પદાધિકારીઓએ રાજ્યના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આભાર વ્યક્ત કરેલ કરે છે.







**આજી-૧ ડેમમાં સૌની યોજના મારફત નર્મદાનું પાણી આવી પહોંચતા પદાધિકારીઓએ ડેમની મુલાકાત લઈ નીરના વધામણા કર્યા**

**આજી-૧ ડેમમાં ખૂટતો પાણીનો જથ્થો ઠાલવ્યા બાદ ન્યારી-૧ ડેમમાં પણ નર્મદાનું પાણી ઠાલવવામાં આવશે.**

**નર્મદાનું પાણી આવતા શહેરમાં દૈનિક ૨૦ મિનીટ પાણી પુરવઠા વિતરણથી કોઇ મુશ્કેલી નહી પડે.**

**પદાધિકારીશ્રીઓએ એકબીજાના મીઠાઇથી મ્હોં મીઠા કરાવી હરખ વ્યક્ત કર્યો.**





તા.૩-૧-૨૦૨૦ થી તા.૨૪-૩-૨૦૨૦ સુધીમાં અન્ય રાજ્યોમાંથી (ગુજરાત સિવાય) આવેલ કુલ વ્યક્તિની સંખ્યા - ૩૧૭૨.



# અગમચેતી

## જાહેર સ્વાસ્થ્યના હિતમાં વિવિધ સંકુલો અને સેવાઓ જાહેર જનતા માટે બંધ કરાયા

### સિટી બસ તથા BRTSની બસ સેવાઓ સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય



રાજકોટ શહેરના લોકોને શહેરી પરીવહન સેવા પુરી પાડવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સિટી બસ સેવા તથા BRTS બસ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેનું સંચાલન રાજકોટ રાજપથ લી. દ્વારા કરવામાં આવી રહેલ છે. જે સબબ કુલ ૯૦ બસ દ્વારા સિટી બસ સેવા તથા ૧૦ એ.સી. બસ દ્વારા BRTS બસ સેવા પુરી પાડવામાં આવી રહેલ છે.

કોરોના વાયરસનો ચેપ સામાન્ય રીતે ડ્રોપલેટ ઈન્ફેકશન એટલે કે સંક્રમિત વ્યક્તિના કે વસ્તુના સંપર્કમાં આવવાથી લાગતો હોય છે. કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે ભારતના વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્ર મોદી દ્વારા તા.૨૨–૩–૨૦૨૦ નાં રોજ સવારના ૭:૦૦થી રાત્રીના ૯:૦૦ કલાક સુધી જનતા કર્ફ્યુ નું આહવાહન કરવામાં આવેલ. આપી જનતા કર્ફ્યુંની ચુસ્તપણે અમલવારી કરવા અંગેની રાજકોટ મહાનગરપાલિકાના માન. મેયરશ્રી તથા માન. કમિશનરશ્રી – ચેરમેનશ્રી, રાજકોટ રાજપથ લી. ની સુચના અન્વયે રાજકોટ રાજપથ લી. દ્વારા પુરી પાડવામાં આવતી જાહેર પરિવહન સેવા એટલે કે સિટી બસ તથા ઇછ્ઝજ્ની બસ સેવાઓ તા.૨૨–૩–૨૦૨૦ રવિવારના રોજ સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવેલ. પરંતુ યાતાયાત સંદર્ભે કોઈ ઈમરજન્સી ઉભી થાય તો તેવા સંજોગોમાં નાગરિકો મદદ માટે રાજકોટ મહાનગરપાલિકાના કોલ સેન્ટર (૦૨૮૧–૨૪૫૦૦૭૭)નો સંપર્ક કરવા અપીલ કરવામાં આવેલ. ત્યારબાદ લોકડાઉન અલગ–અલગ તબકકામાં લંબાવવામાં આવતા સિટી બસ અને ઇછ્ઝજ બસ સેવા બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો.

### પ્રધુમન પાર્ક પ્રાણી સંગ્રહાલય મુલાકાતીઓ માટે બંધ કરાયુ

સોશ્યલ ડિસ્ટસિંગ જળવાય અને કોરોના સંક્રમણના પ્રસારને ખાળી શકાય તેવા હેતુથી રાજ્ય સરકારશ્રીના ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન, ગુજરાત ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના આદેશ અનુસાર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રધુમન પાર્ક પ્રાણી સંગ્રહાલય તા.૧૭–૩–૨૦૨૦ થી મુલાકાતીઓ માટે બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવેલ.

### તમામ બાગ બગીચા અને બાલ ક્રિડાંગણ બંધ કરાયા

કોરોના વાઈરસ સંક્રમણ સામેના સાવચેતીના પગલાં રૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૯–૩–૨૦૨૦ થી શહેરના તમામ બાગ બગીચા અને બાલ ક્રિડાંગણ બંધ કરવા નિર્ણય કરવામાં આવેલ છે. સાથોસાથ શહેરીજનોને પણ બાગ બગીચાઓમાં પ્રવેશ ન કરવા ખાસ અપીલ કરવામાં આવેલ હતી.

### આધાર કાર્ડ કેન્દ્ર બંધઃ મુલાકાત ન લેવા નાગરિકોને અપીલ

રાજકોટ મહાનગરપાલિકાની ત્રણેય વિભાગીય કચેરીઓ : (૧) સેન્ટ્રલ ઝોન, ઢેબરભાઈ રોડ (૨) વેસ્ટ ઝોન, ૧૫૦ ફીટ રીંગ રોડ અને (૩) ઈસ્ટ ઝોન, ભાવનગર રોડ ખાતે આધાર નોંધણી કન્દ્રોનો કાર્યરત્ત છે. ઉપરોક્ત આધાર કેન્દ્રો ખાતે અરજદારોનો ઘસારો વધુ રહેતો હોય છે.

હાલનાં સંજોગોમાં વિશ્વમાં નોવેલ કોરોના વાઈરસ (covid-19) નું સંક્રમણ ખુબ વધી ગયેલ છે. તેમજ આ વાઈરસનાં સંક્રમિત દર્દી તરફથી ચેપ લાગવાથી જેનું સંક્રમણ વધુ થવાની સંભાવના રહે છે. જે અન્વયે સાવચેતીનાં પગલે UIDAIનાં તા.૧૨–૩–૨૦૨૦નાં નોટીફીકેશન મુજબ તાવ, શરદી–ઉધરસ–કફ અસરગ્રસ્ત તથા શ્વાસ લેવામાં તકલીફ હોય એવા અરજદારોને આધાર કેન્દ્રોથી પરત મોકલવામાં આવશે. જેથી આવી બીમારીથી અસરગ્રસ્ત અરજદારોએ આધાર કેન્દ્રોની મુલાકાત લેવી નહિ. તેમજ સાવચેતીનાં ભાગરૂપે નાના બાળકો, સગર્ભા સ્ત્રીઓ, બીમાર વ્યક્તિઓ અને ખાસ સીનીયર સીટીઝન રહેવાસીઓ આધાર કેન્દ્રોની મૂલાકાત ન લેવા માટે અપીલ કરવામાં આવેલ. તેમજ જાહેર જનહિત માટે સાવચેતીનાં પગલે રાજકોટ મહાનગરપાલિકાનાં ઉક્ત ત્રણેય આધાર નોંધણી કન્દ્રો તા.૩૦–૩–૨૦૨૦ સુધી બંધ રહેશે, જેથી આધાર કેન્દ્રો ખાતે નાગરીકોને મુલાકાત ન લેવા અપીલ કરવામાં આવેલ.



## જંગલેશ્વરમાં કોરોનાનો પ્રથમ કેસ મળતા ૨૪ કલાક આરોગ્ય કેન્દ્રમાં તબીબી સારવારની વ્યવસ્થા કરાઈ

### જંગલેશ્વર વિસ્તારમાં મનપાની આરોગ્ય શાખાની મેડિકલ ટીમો રાઉન્ડ ધ ક્લોક ફરતી રહી અને લોકોને માર્ગદર્શન આપતી રહી

રાજકોટ શહેરના જંગલેશ્વર વિસ્તારમાં કોરોનાનો પોઝિટીવ કેસ જોવા મળતા, કોરોના વાઈરસ સંક્રમણ સામેના સાવચેતીના પગલાં રૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જંગલેશ્વર વિસ્તારમાં સ્થિત પ્રણામી ચોક ખાતે આવેલ આરોગ્ય કેન્દ્ર ચોવીસે કલાક ખુલ્લું રાખવાનો તા.૨૦–૩–૨૦૨૦ના રોજ નિર્ણય કરવામાં આવેલ, જ્યાં કોઈપણ સમયે નાગરિકોને પ્રાથમિક તબીબી સારવાર અને માર્ગદર્શન મળી રહે તેવી તેમ મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

કમિશનરશ્રીએ વધુમાં કહ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખાની મેડિકલ ટીમો અને મોબાઈલ ટીમો પણ જંગલેશ્વર વિસ્તારમાં સતત રાઉન્ડમાં રહેલી અને નાગરિકોને આવશ્યકતા મુજબ સારવાર અને માર્ગદર્શન પણ આપેલ. જે કોઈ નાગરિકને વિશેષ સારવારની આવશ્ય––કતા જણાય તો તેમને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે મોકલવાની વ્યવસ્થા કરવામાં આવેલ. આ પ્રકારે પ્રણામી ચોક ખાતેના આરોગ્ય કેન્દ્ર ખાતે અને ફિલ્ડ વર્ક માટે પણ મેડિકલ સ્ટાફ સતત ઉપલબ્ધ રહ્યો હતો.








## જન્મ મરણ નોંધણીની ઓનલાઈન સેવાનો ઉપયોગ કરવા ખાસ વિનંતી

કોરોના વાયરસના કહેરને ધ્યાને લઈને આરોગ્ય વિભાગ હસ્તકના જન્મ મરણ નોંધણી વિભાગની કામગીરી અંગે નગરજનોને ઓનલાઈન સેવાનો ઉપયોગ કરવા ખાસ વિનંતી કરવામાં આવી હતી. દરેક અરજદારોએ બને ત્યાં સુધી ઓનલાઈન વેબસાઈટ www.rmc.gov.in સેવાનો આગ્રહ રાખવોઅને જો તે વેબસાઈટ પરથી આ સેવામાં સંતોષન થાય તો ઈમેલ એડ્રસ mohrmc.gov.in અને prerijoshigmail.com પર પોતાની વિગતો વાળી અરજી કરી શકે છે શાખા દ્વારા આ તમામ અરજીઓને સત્વરે નિકાલ કરવામાં આવશે.

દરેક અરજદારો કે જે કચેરીનો સંપર્ક કરે છે તેઓ માટે ઝોનના સિવિક સેન્ટર ખાતે ડ્રોપ બોક્સ મુકવામાં આવેલ છે જે ડ્રોપ બોક્સમાં પોતાની અરજી રજુ કરે અને તે અરજીમાં ફરજીયાત પણે પોતાનો મોબાઈલ નંબર દાખલ કરે આપની અરજીનો નિકાલ થતા આપના મોબાઈલ નંબર પર શાખા દ્વારા સંપર્ક કરવામાં આવશે. જો બાળકનો જન્મ હાલમાં જ થયો હોય તેવા કિસ્સામાં દવાખાના દ્વારા જે તે જન્મની નોંધણી કરવામાં જ આવી હોય છે તે નોંધણીમાં ફક્ત બાળકનું નામ દાખલ કરવાનું હોય છે આપી આવા તાજા જન્મેલા બાળના પ્રમાણપત્રની તાત્કાલીક જરૂરીયાત રહેતી નથી તો આવા અરજદારો હાલ આ પ્રમાણપત્રોની જરૂરીયાત ન હોય અમુક સમય પછી નામ નોંધણી કરાવવા આવે. અથવા વેબસાઈટ પરથી નામ વિનાના પ્રમાણપત્રો મેળવી લેવા. દરેક સંસ્થાઓ જેવી કે બેંકો, વિમા કંપનીઓ, શાળાઓ, પોલીસ વિભાગને આપી જાહેર કરવામાં આવે છે કે રાજકોટ મહાનગરપાલિકાના જન્મ અને મરણની વિગતો સને ૨૦૦૦ બાદની ઉપરોક્ત વેબસાઈટ પર ઉપલબ્ધ છે આથી આ તમામ સંસ્થાઓ અરજદારોની જન્મ કે મરણની વિગતોની ચકાસણી ઉકત વેબસાઈટ મારફતે કરી શકશે આપી અરજદારોના કલેઈમ આવે ત્યારે હાર્ડકોપીનો આગ્રહ ન રાખી તેની સોફ્ટકોપી પરથી વેબસાઈટ મારફતે તેને પ્રમાણિત કરી શકાશે તેમ છતા કોઈ પણ દસ્તાવેજ વેરીફાઈ કરવા જ પડે તો ઉપરોક્ત ઈમેલ પર આપની વિગતો મોકલી વેરીફાઈ કરાવી શકશો. આ વૈશ્વિક મહામારીમાં બને તેટલો સહકાર આપવા અમારી નમ્ર અપીલ છે.

## ટેક્સ ચૂકવવા કે ફરિયાદ નોંધાવવા રૂબરૂ મુલાકાતને બદલે ઓનલાઈન સેવાનો ઉપયોગ કરવા તંત્રની અપીલ

મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જાહેર જનતાને અન્ય એક ખાસ અપીલ કરતા એમ કહ્યું હતું કે, જે નાગરિકો મિલકત વેરો ચૂકવવા માટે કે મનપાની સેવાઓ અંગે કોઈ ફરિયાદ હોય તો તે કામ માટે વોર્ડ ઓફિસ કે ઝોન ઓફિસમાં રૂબરૂ મુલાકાત લેવાને બદલે ઓનલાઈન સેવાઓનો ઉપયોગ કરે.

વર્તમાન સમય સંજોગોના ઉપલક્ષમાં નાગરિકો આ પ્રકારે રાજકોટવાસીઓના જાહેર હિતમાં વહીવટી તંત્રને સહયોગ આપી પોતાનો નાગરિક ધર્મ બજાવે તે ખુબ જ જરૂરી છે.

નાગરિકો પોતાની ફરિયાદ નોંધાવવા મહાનગરપાલિકાના ચોવીસે કલાક કાર્યરત્ત રહેતા કોલ સેન્ટરના ફોન નં. ૦૨૮૧–૨૪૫૦૦૭૭ ડાયલ કરી શકે છે.



ફાયરબ્રીગેડના ૫ મીની ફાઇટર વાહનો દ્વારા તા.૧૯-૩-૨૦૨૦ થી શરૂ કરવામાં આવેલ. ફાયરબ્રીગેડના મીની ફાઇટર વાહનો દ્વારા કુલ ૭૧૭ કિલોમીટરના રોડ રસ્તાઓ સોડિયમ હાઇપોક્લોરાઇટ સોલ્યુશનથી સેનીટાઇઝ કરવામાં આવેલ.



# જાહેરમાં થુંકતા-કોગળા કરતી વ્યક્તિને રૂ. ૫૦૦નો દંડ કરાવતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ



હાલ ગુજરાતમાં કોરોના વાયરસ સામે નાગરિકોને સતર્ક અને જાગૃત કરવા પ્રશાસન દ્વારા વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે, જાહેરમાં થુંકતા અને જાહેરમાં કોગળા કરવા પર સરકારશ્રી દ્વારા પ્રતિબંધ લગાવવામાં આવેલ છે. કોરોના વાઈરસને નીયાન્ત્રમાં રાખવા માટે કેન્દ્ર સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રી દ્વારા કડક કાર્યવાહી કરવા માટેની સુચના આપવામાં આવી રહી છે, જરૂર જણાયે દંડની કાર્યવાહી પણ કરવામાં માટે સરકારશ્રી તરફથી આદેશ આપવામાં આવેલ છે, જે અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જાહેરમાં થુંકતા–કોગળા કરતા આસામીઓને દંડ કરવાની ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. તા. ૧૬–૦૩–૨૦૨૦ ના રોજ જાહેરમાં થુંકતા–કોગળા કરતા કુલ ૪ વ્યક્તિઓને રૂા. ૫૦૦નો દંડ કરવામાં આવ્યો હતો. આ ચાર પૈકી એક વ્યક્તિને મ્યુનિ. કમિશનરશ્રીએ પોતાની ચેમ્બરમાં વિડીયોમાં સીસીટીવીની મદદથી લાઈવ નિહાળ્યા બાદ મનપાની ટીમને સ્થળ પર રૂબરૂ મોકલી એ વ્યક્તિને રૂ. ૫૦૦નો દંડ કરાવ્યો હતો. આ વ્યક્તિને જાહેરમાં થુંકતા અને ત્યારબાદ દંડની વસૂલાતની સમગ્ર ઘટના કમિશનરશ્રીએ લાઈવ નિહાળી હતી.

આ અંગે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું કે આજરોજ મહાનગરપાલિકા દ્વારા ડો. યાજ્ઞિક રોડ પર આવેલ ચા–પાનની દુકાનોએ જાહેરમાં થુંકતા કે જાહેરમાં કોગળા કરતા વ્યક્તિઓને દંડ કરવામાં આવ્યો હતો, જેમાં યાજ્ઞિક રોડ ઓલ્ડ એન્ડ ન્યુ બુક સ્ટોલ પાસે ઉભેલા શ્રી કીર્તિરાજસિંહ જાડેજાને મ્યુનિ. કમિશનરશ્રીએ પોતાની ઓફિસમાં સીસીટીવી મારફત લાઈવ કોગળા કરતા તેમને રૂ. ૫૦૦નો દંડ કરવામાં આવ્યો હતો, ઉપરાંત સર્વેશ્વર ચોક, મેહુલ કિચન પાસે શ્રી રાજુભાઈ, યાજ્ઞિક રોડ પરથી શ્રી જીગ્નેશભાઈ અને સર્વેશ્વર ચોક પરથી શ્રી અનિલભાઈ પરમારને રૂ. ૫૦૦નો દંડ કરવામાં આવ્યો હતો. કુલ ૪ વ્યક્તિઓ પાસેથી રૂ. ૨૦૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

આ કામગીરી મ્યુનિ. કમિશનરશ્રીના માર્ગદર્શન મુજબ નાયબ પર્યાવરણ ઈજનેર શ્રી વલ્લભભાઈ જીંજાળા, એસ.આઈ. શ્રી કેતન ગોંડલીયા, શ્રી જયસુખ ડાભી દ્વારા કરવામાં આવી હતી.




## પોતાની ઓફિસમાં ટીવી પર આખી ઘટના લાઈવ નિહાળી કુલ ૪ વ્યક્તિઓને રૂ. ૨૦૦૦નો દંડ કરાયો

## નાગરિક તરફથી મળ્યો એક પત્ર અને મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે મહિલા સફાઈ કામદારશ્રીનું સન્માન





From:
Shirish P. Bhatelia
"Tulip"-C 201,
Near Aalap Green City
Raiya Road
Rajkot
Property No. : 24/24389/000/x00
Mobile No. 9276108735

Date : 04.03.2020

To:
The Commissioner,
Rajkot Municipal Corporation
Rajkot

Respected Sir,

I take this opportunity to appreciate the cleanliness work done satisfactorily by street sweeper named Ushaben who is doing her job in our area for the last one year. Generally, we used to complain for any unsatisfactory work of Govt. Department. In the past many times I lodged my complaint for unsatisfactory cleanliness work in our area by the than Sweeper. I believe that we should raise our voice to appreciate good work done by any person because we always ahead for complaining any unsatisfactory work by anyone.

I again express my word of appreciation for satisfactory cleanliness maintained by the Sweeper in our area.

(Shirish Bhatelia)

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં વસતા નાગરિકોની સુખાકારી અને પ્રગતિ માટે વિવિધ પ્રકારની કામગીરી કરવામાં આવે છે. વખતોવખત એવું પણ બનતું રહે છે કે જેમાં નાગરિકો તરફથી જે તે અધિકારીશ્રી અને કર્મચારીશ્રીએ બજાવેલી સારી ફરજ બદલ પ્રસંશા પણ કરવામાં આવતી હોય છે. આવી જ એક ઘટના બની છે જેમાં એક નાગરિક તરફથી મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે પોતાને મળેલા એક પત્રના અનુસંધાને એક મહિલા સફાઈ કામદારનું સન્માન કરવાનો ઉમદા નિર્ણય લઈ કર્મચારીઓના ઉત્સાહમાં વૃદ્ધિ કરી છે. સાથોસાથ જાગૃત નાગરિક તરફથી મળેલા પ્રતિભાવની પણ સરાહના કરી હતી જે અન્ય સફાઈ કામદારશ્રીઓ તથા નાગરિકોને પ્રેરક બનશે.

વોર્ડ નંબર – ૧ના રૈયા રોડ પરના આલાપ ગ્રીન સિટી પાસેના તુલીપ–સી/૨૦૧ ખાતે રહેતા જાગૃત નાગરિક શ્રી શિરીષભાઈ પી. ભાતેલીયાએ તા.૪–૩–૨૦૨૦ ના રોજ મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલને એક પત્ર લખ્યો હતો. આ પત્રમાં શ્રી શિરીષભાઈ પી. ભાતેલીયાએ પોતાના વિસ્તારમાં સફાઈ કામગીરી બજાવતા સફાઈ કામદાર શ્રી ઉષાબેન રવિભાઈ વાઘેલાની શ્રેષ્ઠ કામગીરીને બિરદાવી હતી. સાથોસાથ તેઓએ એમ પણ લખ્યું હતું કે, જ્યારે અસંતોષકારક કામગીરી અને કોઈ પ્રશ્ન હોય છે ત્યારે અમો ફરિયાદ કરતા હોઈએ છીએ પરંતુ જ્યારે સારી કામગીરી જોવા મળે ત્યારે તેની પ્રસંશા કરવી એ પણ અમારી ફરજ છે. આપણે ફરિયાદ કરવામાં હંમેશા આગળ રહીએ છીએ એવી જ રીતે સારા કામને બિરદાવવું પણ જોઈએ.

મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે નાગરિક તરફથી મળેલા પત્ર પર ખુશી અને આભારની લાગણી વ્યક્ત કરવાની સાથોસાથ વોર્ડ નં.૧ના સફાઈ કર્મચારી શ્રી શ્રી ઉષાબેન રવિભાઈ વાઘેલાની નિષ્ઠાપૂર્વક ની કામગીરીની નોંધ લઈ સહર્ષ તેમનું સન્માન કરવાનો પણ નિર્ણય કર્યો છે.

કમિશનરશ્રીએ જાગૃત નાગરિક તરીકેની નૈતિક ફરજ બજાવનાર આ વિસ્તારના રહેવાસી શ્રી શિરીષભાઈ પી. ભાતેલીયા પ્રત્યે પણ આભારની લાગણી પ્રદર્શિત કરી હતી.

## જયુબેલી ગાર્ડન પાસે જાહેરમાં થુંકતા વ્યક્તિને પોતે રૂ. ૫૦૦નો દંડ કરતા મ્યુનિ. કમિશનરશ્રી



રાજકોટ મહાનગર'ાલિકા દ્વારા કોરોના (COVID-19) વાઈરસને અટકાવવાના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જાહેરમાં થૂંકનાર સામે કડક પગલા લેવામાં આવેલ છે, જે અનુસંધાને તા.૧૯–૦૩–૨૦૨૦ ના રોજ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલની કાર જયુબેલી ગાર્ડન પાસેના મહાત્મા ગાંધીજીની પ્રતિમા વાળા ચાર રસ્તા પાસે સિગ્નલ પર ઉભેલી હતી તે દરમ્યાન આગળની બાજુએ એક વ્યક્તિ જાહેરમાં થુંકતા નજરે પડતા તુરંત જ થૂંકનાર વ્યક્તિને રૂ.૫૦૦નો દંડ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ દ્વારા કરવામાં આવેલ હતો, તેમજ શહેરના ત્રણેય ઝોનની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા જાહેરમાં થૂંકવાના જાહેરનામાના ભંગ કરતા કુલ ૫૦ આસામીઓ પાસેથી રૂ.૨૫,૦૦૦ નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો, તેમ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું. મ્યુનિ. કમિશનરશ્રી દ્વારા થોડા દિવસો પહેલા જ ડો. યાજ્ઞિક રોડ પરના સીસીટીવી નું લાઈવ પ્રસારણ નિહાળી એક આસામી જાહેરમાં થુંકતા–કોગળા કરતા નજરે નિહાળી તુરંત તેની પાસેથી દંડ વસુલ કરાવેલ હતો. રાજકોટ શહેરને સ્વચ્છ અને કોરોના મુક્ત રાખવા માટે તંત્ર સાથે કદમથી કદમ મિલાવીને મ્યુનિ. કમિશનરશ્રી પણ ફિલ્ડમાં કામગીરી કરે છે, તેનું આ ઉમદા ઉદાહરણ છે.

## ત્રણેય ઝોનમાં જાહેરમાં થુંકતા ૫૦ વ્યક્તિઓ પાસેથી રૂ.૨૫,૦૦૦નો દંડ વસુલ કરાયો





તા.૩-૪-૨૦૨૦ના રોજ શક્તિમાન કંપની દ્વારા હાઇક્લીઅરન્સ બુમ સ્પ્રે મશીન નંગ. ૧૮ વિના મુલ્યે ડ્રાઇવર અને ડીઝલ સાથે રાજકોટ મહાનગરપાલિકાને આપવામાં આવેલ. આ બુમ સ્પ્રે મશીનો દ્વારા ૩૫૯૯.૫૨ કીલો મીટર દવાનો છંટકાવ કરેલ

ઈ-ન્યુઝલેટર
સ્માર્ટ રાજકોટ

# શહેરના દવાના છંટકાવ માટે શક્તિમાન બ્રાન્ડના સેનિટાઇઝર મશીનનો ઉપયોગ





## તીર્થ એગ્રો ટેકનોલોજી પ્રા. લી. તરફથી રામનપાાને કુલ ૧૮ નંગ પ્રોટેક્ટર ટાઇપના હાઈ ક્લીયરન્સ બુમ સ્પ્રેયર વિનામુલ્યે ઉપયોગ અર્થે આપવામાં આવ્યા.

હાલ વિશ્વમાં મોટા ભાગના દેશોમાં કોરોના વાઈરસના કારણે ફેલાયેલી મહામારી સામે તમામ દેશો ઝઝુમી રહ્યા છે અને આ રોગચાળો આગળ ફેલાતો અટકાવવા લોકોના આરોગ્ય માટે પગલા લઈ રહ્યા છે. ભારતમાં પણ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા તમામ ક્ષેત્રે આ મહામારી નાથવા સ્તુત્ય પ્રયાસો શરૂ કરાયા છે. તેમજ તા.૨૩–03–૨0૨0ની મધરાતથી સમગ્ર દેશભરમાં લોકડાઉન અમલી છે. આ મહામારીને નાપવા રાજકોટ શહેરમાં મહાનગરપા––લિકાના તંત્ર દ્વારા પગલા લેવાઈ રહ્યા છે ત્યારે શહેરના તમામ વોર્ડમાં મશીનથી દવા છાંટી શકાય તે માટે શક્તિમાન બ્રાન્ડના પ્રોટેક્ટર ટાઈપના હાઈ ક્લીયરન્સ બુમ સ્પ્રેયર મશીનોથી દવા છાંટવાની કામગીરીની શરૂઆત તા.0૨–0૪–૨0૨0ના રોજ પ્રદેશ ભાજપ અગ્રણી શ્રી નીતિનભાઈ ભારદ્વાજ ના વરદ્ હસ્તે શરૂ કરાવવામાં આવી. આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મિરાણી, મેયરશ્રી બિનાબેન આચાર્ય, ડે.મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર તથા મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ ઉપસ્થિત રહ્યા હતા.

આ અગે માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ જણાવે છે કે, રાજકોટમાં તીર્થ એગ્રો ટેકનોલોજી પ્રા. લી. દ્વારા શક્તિમાન બ્રાન્ડથી ખેતીવાડીને લગત તમામ પ્રકારના મશીનોનું દાયકાઓથી ઉત્પાદન કરવામાં આવે છે. આ કંપનીના માલિકો શ્રી હસમુખભાઈ ગોહેલ તથા શ્રી અશ્વિનભાઈ ગોહેલ દ્વારા ઉદયભાઈ કાનગડ સાથેના અંગત સંબંધોને ધ્યાને લઈ, તાત્કાલિક ધોરણે આ પ્રકારના 0૪(ચાર) મશીનો મહાનગરપાલિકાને વિનામુલ્યે ઉપયોગ અર્થે આપવામાં આવેલ છે તેમજ આજ સાંજ સુધીમાં બાકીના ૧૪ મશીનો પણ મહાનગરપા––લિકાને સુપ્રત કરવામાં આવશે. આ મશીન વડે શહેરના તમામ વોર્ડ વિસ્તારોમાં પાણી સાથે દવા મિશ્રણ કરી, તમામ રસ્તાઓ, શેરીઓ, તેમજ જુદા જુદા વિસ્તારોમાં દવાનો છંટકાવ થઇ શકશે. આ મશીનની સ્પ્રે ટેન્ક કેપેસિટી ૪00 થી ૬00 લીટરની છે. તથા ફ્યુઅલ ટેન્ક કેપેસિટી ૨0 લીટરની છે. આ મશીનથી ૧૬ સ્પ્રેયીંગ નોઝલની મદદ વડે ૩૬0 ડીગ્રીના વિસ્તારમાં પ્રતિ કલાક ૫ કી.મી.ની ઝડપથી રસ્તા પર દવા છંટકાવ કરી શકાશે.

કંપની દ્વારા રાજકોટ મહાનગરપા––લિકાને ઉપયોગ અર્થે આપવામાં આવેલ આ મશીનના ડીઝલ તથા ઓપરેટીંગનો તમામ ખર્ચ હાલ કંપની દ્વારા ભોગવવામાં આવનાર છે. આ કંપની દ્વારા વિશ્વના ૮૭ દેશોમાં ખેતી વિષયક મશીનરીની નિકાસ કરવામાં આવે છે અને ભારતભરમાં તેમના ૭00 ડીલર્સ છે. આ કંપનીએ પ્રવર્તમાન સંજોગોમાં લોકો પ્રત્યેની પોતાની એક સામાજીક જવાબદારીના ભાગરૂપે આ મશીનો આપેલ છે. અને ભવિષ્યમાં બીજી કોઇપણ સહાયની જરૂર પડે તો પણ સહાય કરવા તત્પરતા દાખવેલ છે.

આ પ્રસંગે ડેપ્યુટી કમિશનરશ્રી પ્રજાપતિ, એ. કે. સિંઘ, ચેતન નંદાણી, મ્યુનિ. સેક્રેટરીશ્રી હરીશ રૂપારેલીઆ, ડે. હેલ્થ ઓફિસરશ્રી પી. પી. રાઠોડ, પર્યાવરણ ઈજનેરશ્રી નિલેષ પરમાર, ચીફ ફાયર ઓફિસર ઠેબા, આસી. કમિશનર કગથરા, ધડુક, ડાયરેક્ટર ગાર્ડન એન્ડ પાર્કસ હાપલીયા ઉપસ્થિત રહ્યા હતા.







આયુર્વેદિક તથા હોમિયોપેથિક દવાના કુલ ૧૪૭૩૦૦ લાભાર્થીઓએ લાભ લીધો.

ઈ-ન્યુઝલેટર
સ્માર્ટ રાજકોટ



# કોરોનાના આક્રમણ પહેલા જ પ્રતિકાર

## કોરોના વાઈરસથી બચવા લોક જાગૃત્તિની આવશ્યકતા અને રાજકોટ મહાનગરપાલિકાએ આરંભી પૂર્વ તૈયારી

આજે વિશ્વમાં ૮૯ જેટલા રાષ્ટ્રોમાં કોરોના વાઈરસના લક્ષણો દેખાઈ રહ્યા છે ત્યારે કેન્દ્ર અને ગુજરાત રાજ્ય સરકારશ્રીએ પણ લોકોને ભયભીત ન થવા અપીલ કરી છે અને કોરોના વાઈરસથી બચવા લોકોને સજાગ રહેવા અનુરોધ પણ કર્યો છે સાથોસાથ આરોગ્ય તંત્ર પણ આવશ્યક તબીબી પગલાં સુસજ્જ છે તેવી ખાત્રી પણ આપી છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ રાજકોટના લોકો માટે આરોગ્ય તંત્રએ પૂર્વ તૈયારી કરી લીધી છે. આ વિષય અનુસંધાને તા.૦૬–૦૩–૨૦૨૦ ના રોજ મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ અને ઈ.ચા. આરોગ્ય અધિકારી શ્રી ડૉ. પંકજ રાઠોડે વિસ્તૃત માહિતી જાહેર કરવામાં આવી હતી. આ ઉપરાંત આ વાઈરસ પ્રસરે નહિ તે માટે લોકોએ પોતાના સ્વાસ્થ્યના હિતમાં કેવી કેવી કાળજી રાખવી જોઈએ તેની પણ જાણકારી આપી હતી. આ પત્રકાર પરિષદમાં શાસક પક્ષના નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, દંડક શ્રી અજયભાઈ પરમાર તથા આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકર, નાયબ કમિશનરશ્રીઓ શ્રી ચેતન નંદાણી અને શ્રી બી. જી. પ્રજાપતિ, ડે. એમ.ઓ.એચ. (સેન્ટ્રલ ઝોન) ડૉ. ભૂમિબેન કામાણી, એ.એમ.ઓ. શ્રી ડૉ. જયદીપ જોષી તથા આરોગ્ય શાખા અને ફૂડ શાખાના સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

**(કોરોના વાઈરસ) (NCOVID 19)**

**- શું છે નોવેલ કોરોના વાઈરસ ?**

કોરોનો વાઈરસ વાઈરસ સમૂહ પૈકી એક છે, જે સામાન્ય શરદીથી લઈ સાર્સ (સિવિઅર એક્યુટ રેસ્પીટરી સિન્ડ્રોમ) જેવી બીમારી ફેલાવી શકે છે. અમેરિકાના સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેંશન પ્રમાણે આ કોરોના વાયરસ પ્રાણીઓથી મનુષ્યોમાં પ્રવેશી જાય છે. WHO અનુસાર, કોરોના વાયરસનો સંબંધ સી–ફૂડ સાથે છે. કોરોના વાયરસની ખતરનાક વાત એ છે, આ વાયરસ પ્રાણીઓમાંથી લોકોના શરીરમાં ફેલાઈને લોકોને બીમાર કરી રહ્યો છે. આ વાયરસ શ્વાસ દ્વારા ફેલાય છે અને તેમાં વાયરલ મ્યૂટેશન હોવાની કે વાયરસ વધારે ફેલાવવાની સંભાવના બને છે.

**- કોરોના વાયરસની સામાન્ય માહિતી :-**

કોરોના વાયરસનો પ્રથમ કેસ ચીનના વુહાન પ્રાંતમાં જોવા મળેલ છે જે ન્યુમોનિયા જેવી બીમારી માટે જવાબદાર છે. ભારતમાં આ રોગની તપાસ અને સંશોધન નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ વાયરોલોજી પુના ખાતે કરવામાં આવી રહી છે. આ ઉપરાંત ભારતમાં જુદા જુદા રાજ્યોની કુલ ૩૧ લેબોરેટરીમાં ટેસ્ટીંગની સુવિધા ઉપલબ્ધ છે. હાલ આ વાયરસની કોઈ દવા કે રસી ઉપલબ્ધ નથી. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા વાયરસને NCOVID19 (નોવેલ કોરોના) શ્રેણીમાં રાખવામાં આવેલ છે. આ વાયરસની સંરચના RNA જેવી છે. જેમને ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપ વડે જોઈ શકાય છે. જે લોકોની રોગપ્રતિકારક શક્તિ ઓછી છે તે લોકો આ રોગના પ્રભાવમાં જલ્દી આવી શકે છે. આ વાયરસ હવા માં ક્યાંય ઉડી શકતો નથી. તે હવામાં આવ્યા પછી કોઈ પણ સપાટી પર સ્થિર થાય છે. તે હવા દ્વારા નથી ફેલાતો.

**- મુખ્ય લક્ષણો :-**

* શરદી, ગળામાં દુખાવો, શ્વાસ લેવામાં તકલીફ, ખાંસી, તાવ.
* વાયરસ ગ્રસ્ત લોકોમાં શ્વાસની સમસ્યા, તાવ, ખાંસી જેવી સમસ્યાઓ જોવા મળે છે.
* વધારે ગંભીર મામલાઓમાં સંક્રમણ ને કારણે ન્યૂમોનિયા, સીવિયર એક્યૂટ રેસ્પિરેટરી સિન્ડ્રોમ, કિડની ખરાબ થવી અને મૃત્યુ થઈ શકે છે.

**- ઉપાય :-**

* શ્વાસોશ્વાસની મુળભુત સભ્યતા પાળો – ઉધરસ અને છીંક ખાતી વખતે મોંને રૂમાલ અથવા ટીસ્યુથી ઢાંકો
* આ વાયરસથી બચવા માટે તમારી આંખ, નાક અને મોઢાને સ્પર્શ કરવાથી બચવું જોઈએ.
* વય પ્રમાણે થોડી થોડી વારે હુંફાળું પાણી પિતા રહો જેના કારણે તમારૂ ગળું ભીનું રહી શકે, કારણ કે, એક વખત તમારા ગળામાં મેમ્બ્રેન સુકાઈ જાય છે, ત્યાર બાદ વાયરસની તમારા શરીરમાં પ્રવેશવાની સંભાવના વધી જાય છે.
* એક સમયે પુષ્કળ પ્રમાણમાં થીશો નહીં કેમ કે તે અસર કરતું નથી. તેના બદલે ધીમે ધીમે, ઘૂંટડે ઘૂંટડે પીવાનું ચાલુ રાખો.
* વધુ પડતા ગીચ સ્થળોએ ન જશો, ખાસ કરીને ટ્રેન અથવા જાહેર પરિવહનનો જરૂર મુજબ ઉપયોગ કરો.
* તળેલું અથવા મસાલેદાર ખોરાક ખાવાનું ટાળો. વિટામિન સી યુક્ત ખોરાક જેવા કે ખાટા ફળો ઉપરાંત આદુ, લસણ, મરચા જેવા ગરમ ખાદ્ય પદાર્થોનો ઉપયોગ કરવો.
* આ વાયરસનો સંબંધ સી–ફૂડથી પણ હોય તો તેને ખાવાનું ટાળો. આ ઉપરાંત આઈસ્ક્રીમ, ઠંડાપીણા જેવી ઠંડી વસ્તીઓ ખાવાનું ટાળો.
* શરીરની ચોખ્ખાઈ તેમજ આજુબાજુ માં સ્વચ્છતા જાળવવા સેનિટાઈઝરનો ઉપયોગ કરો.
* જો તમને સામાન્ય કોઈ બીમારી અથવા તો તાવ આવતો હોય ત્યારે તમે ભીડથી દૂર રહો અને શક્ય હોય તો ઘરમાંથી બહાર નીકળવાનું પણ ટાળવું જોઈએ.
* તમારા હાથને ૨૦ સેકેંડ સુધી બરાબર સાબુ અથવા હેન્ડવોશથી બરાબર સાફ કરવા જોઈએ.
* કપડા પર ૯ કલાક જીવી શકે છે. આથી કોઈના કપડા કે રૂમાલ ન વાપરવા તથા આપણા કપડા ધોઈને તડકામાં ૩ કલાક સુકાવા દેવા.
* આપણા શરીર પર આવ્યા પછી ૧૦ મિનિટમાં શરીરમાં પ્રવેશે તો જ તે અસર કરે. શરીર પર સામાન્ય રીતે હાથના સંપર્કમાં આવવાથી આવે છે. એટલે હાથને આલ્કોહોલ વાળા સેનિટાઈઝર થી હાથ ધોવા અથવા સાબુથી બરાબર હાથ ધોવા.
* આ વાઈરસ ૨૭ ડિગ્રી તાપમાનથી વધુ તાપમાને જીવી શકતો નથી. આપી ગરમ હુંફાળું પાણી લેવાય. કોઈ પણ ખોરાક ગરમ કરીને જ લેવો. ઠંડો ખોરાક, માંસાહાર, આઈસ્ક્રીમ જેવી વસ્તુને ટાળવી.
* ગરમ પાણીના કોગળા કરવાથી પણ ફાયદો થાય છે.
* હોળી પ્રગટાવતી વખતે કપુર, ગુગળ, લીમડાના પાનને તેમાં હોમી શક્ય જેથી વાતાવરણમાં રહેલા વાઈરસનો નાશ થાય.
* કોરોના વાયરસથી ચેપગ્રસ્ત વ્યક્તિ દ્વારા છીંક અથવા ઉધરસના ટીથના સંસર્ગમાં આવેલ હાથ, દરવાજાના હેન્ડલ, પેન, કી બોર્ડ, માઉસ, લેપટોપ, ટીસ્યુ, કપ, ચમચી, પગથીયાની રેલીંગ, મોબાઈલ તથા કામગીરીના ટેબલ ખુરશી પર હોઈ શકે તો તેમને અડવાનું ટાળવું.

**- સારવાર :-**

* આ રોગની કોઈ ચોક્કસ સારવાર ઉપલબ્ધ નથી તેમજ આ રોગને અટકાવવા માટે વેક્સીન પણ ઉપલબ્ધ નથી. આ રોગમાં થતા લક્ષણોને માટે દવા આપવામાં આવે છે.

– રાજકોટ મહાનગરપાલિકા – આરોગ્ય શાખા કોરોના વાઈરસ અટકાયતી પગલાં અન્વયે કરવામાં આવેલ કામગીરી :–

* ઈન્ડિયન મેડીકલ એસોસીએશન ના ૮૯ જેટલા ખાનગી તાબોબોને ડૉ. કમલેશ ઉપાધ્યાય (સ્ટેટ નોડલ ઓફિસર) દ્વારા માર્ગદર્શન વર્કશોપ.

**રાજકોટ મહાનગરપાલિકા આરોગ્ય વિભાગના સ્ટાફને તાલીમ :**

– મેડીકલ ઓફિસર : ૧૯
– R.B.S.K. મેડીકલ ઓફિસર : ૪૦
– નર્સીંગ સ્ટાફ : ૧૫૮
– આશા બહેનો : ૩૬૪

* આર.બી.એસ.કે. ડોક્ટર્સની જુદી જુદી ટીમો દ્વારા રાજકોટ શહેરની ૯૩ જેટલી શાળાઓમાં માર્ગદર્શન.
* આરોગ્ય કેન્દ્રના સ્ટાફ દ્વારા ૨૧,૦૦૦ જેટલી પત્રિકાનું વિતરણ
* રાજકોટ શહેરની મોટી હોટેલો કે જ્યાં વિદેશી પ્રવાસીઓનં આગમન થાય છે તેમનું થર્મલ સ્કેનર દ્વારા તપાસ અને હેન્ડ સેનીટાઈઝરનો ઉપયોગ કરાવવામાં આવે છે.
* આરોગ્ય વિભાગ અને રાજકોટ હોમીયોપેથી મેડીકલ કોલેજના સહયોગ થી રાજકોટ મહાનગરપાલિકા સંચાલીત તમામ ૨૧ આરોગ્ય કેન્દ્રો ખાતે રોગ પ્રતિકારક શક્તિ વધારવા નિઃશુલ્ક દવાનું વિતરણ તા.૧૧–૦૩–૨૦૨૦, બુધવારથી શરૂ કરવા માટેનું આયોજન કરવામાં આવેલ છે.

## એકશન પ્લાન

* સીવીલ હોસ્પિટલ તથા ૨૦ ખાનગી હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડ
– સીવીલ હોસ્પિટલ :–
  કુલ આરક્ષિત બેડ : ૩૦
  આરક્ષિત એડલ્ટ વેન્ટીલેટર : ૧૦
  પીડિયાટ્રિક વેન્ટીલેટર : ૧૨
– ખાનગી હોસ્પિટલ :–
  કુલ આરક્ષિત બેડ : ૧૩૦
  આરક્ષિત એડલ્ટ વેન્ટીલેટર : ૬૨
  પીડિયાટ્રિક વેન્ટીલેટર : ૮
  કુલ તબીબો : ૫૯
  પેરામેડીકલ સ્ટાફ : ૧૬૪
– જીલ્લા પંચાયત ખાતે ૨૪×૭ કંટ્રોલ રૂમ
– જરૂર પડ્યે કોરોન્ટાઈન કરી શકાય તેવા ૫૦ બેડની કૅપેસીટીવાળી હેલ્થ ફેસીલીટીની અલગ વ્યવસ્થા.

## કોરોના વાઈરસ કેસ : તા.૬-૩-૨૦૨૦ની સ્થિતિએ

* **સમગ્ર વિશ્વમાં નોંધાયેલ કેસ : ૯૮,૪૨૧**
* હાલમાં વિશ્વના ૮૯ દેશોમાં આ રોગથી અસરગ્રસ્ત દર્દીઓ.
* બીમારીથી સાજા થયેલ વ્યક્તિઓની સંખ્યા : ૫૫,૬૩૦
* મૃત્યુ પામેલ વ્યક્તિઓની સંખ્યા : ૩,૩૮૫
* છેલ્લા ૨૪ કલાકમાં વિશ્વમાં ૧૫૭ નવા કેસ તથા ૩૦ મૃત્યુ.
* એક્ટીવ કેસ : ૩૯,૪૦૬
* હળવા કેસ : ૩૩,૧૩૪ (૮૪%)
* ગંભીર કેસ : ૬,૨૭૨ (૧૬%)
* રીઝલ્ટ આવી ગયેલ કુલ કેસ : ૫૯,૦૧૫
* સાજા થયેલ કેસ : ૫૫,૬૩૦ (૯૪%)
* મૃત્યુ પામેલ કેસ : ૩,૩૮૫ (૬%)

**ભારતમાં નોંધાયેલ કેસ : ૩૦**

* સાજા થયેલ કેસ :૩
* મૃત્યુ પામેલ કેસ : ૦

## વિદેશથી રાજકોટ આવેલ મુસાફરો

**કોરોના વાઈરસ અસરગ્રસ્ત દેશો (ચીન, હોંગકોંગ, થાઈલેન્ડ, સિંગાપોર, જાપાન, સાઉથ કોરિયા, વિયેતનામ, નેપાળ, ઈન્ડોનેશિયા, મલેશિયા, ઈરાન, ઇટલી) માંથી રાજકોટ આવેલ મુસાફરોની માહિતી તા.૬–૩–૨૦૨૦ની સ્થિતિએ :–**

કુલ મુસાફરોની સંખ્યા : ૯૮
અન્ય જીલ્લાના મુસાફરો : ૯
૧૪ દિવસનો નિરીક્ષણ સમય પૂર્ણ કરેલ મુસાફરોઃ ૫૩
નિરીક્ષણ હેઠળ કુલ મુસાફરોઃ ૩૧
સ્વસ્થ મુસાફરો : ૮૪
શંકાસ્પદ લક્ષણો જણાયેલ મુસાફરોઃ ૦
સેમ્પલ લીધેલ મુસાફરો : ૦
દાખલ કરેલ મુસાફરો : ૦

## સંલગ્ન બિમારી તેમજ વયજૂથ મુજબ એનાલીસીસ

**સંલગ્ન બિમારીમાં મૃત્યુ દર**

**કોરોનાની બિમારીથી થતાં મૃત્યુની સરખામણીએ અન્ય રોગને કારણે થતાં મૃત્યુનું તુલનાત્મક વિવરણ કંઈક આ મુજબ છે.**

| | |
|---|---|
| હૃદય રોગ | ૧૩.૨ % |
| ડાયાબીટીસ | ૯.૨ % |
| શ્વશનતંત્રના રોગો | ૮ % |
| બ્લડ પ્રેસર | ૮.૪ % |
| કેન્સર | ૭.૬ % |

| વય જૂથ અને મૃત્યુ દર | |
|---|---|
| ૮૦ વર્ષ થી વધુ | ૧૪.૮% |
| ૭૦ વર્ષ થી ૭૯ વર્ષ | ૮% |
| ૬૦ વર્ષ થી ૬૯ વર્ષ | ૩.૬% |
| ૫૦ વર્ષ થી ૫૯ વર્ષ | ૧.૩% |
| ૪૦ વર્ષ થી ૪૯ વર્ષ | ૦.૪% |
| ૩૦ વર્ષ થી ૩૯ વર્ષ | ૦.૨% |
| ૨૦ વર્ષ થી ૨૯ વર્ષ | ૦.૨% |
| ૧૦ વર્ષ થી ૧૯ વર્ષ | ૦.૨% |
| ૦ વર્ષ થી ૯ વર્ષ | ૦% |

માન. વડાપ્રધાનશ્રી દ્વારા તા.૨૪-૩-૨૦૨૦ થી ૨૧ દિવસ માટે લોકડાઉન જાહેર કરાતા ટી.પી. શાખા દ્વારા શહેરના તમામ ઝોનમાં ચાલી રહેલ બાંધકામોની તપાસ કરી કુલ ૪૯૮ બાંધકામ સાઈટ પરના બાંધકામો ચુસ્તપણે બંધ કરાવેલ.



# રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ ઓફિસર શ્રી કિંજલ ગણાત્રા દ્વારા સગર્ભાવસ્થામાં પણ કર્તવ્યનું પાલન





કોરોનાની વર્તમાન પરિસ્થિતિને નજર સમક્ષ રાખી સરકારશ્રી દ્વારા લાગુ કરવામાં આવેલ ''લોકડાઉન'' પીરીયડ દરમ્યાન રાજકોટ શહેરમાં નાગરિકોને જીવન જરૂરી ચીજ વસ્તુઓ સરળતાથી મળી રહે અને તેમની લાઇફ નોર્મલ બની રહે તે માટે રાજકોટ મહાનગરપાલિકાનો સ્ટાફ દિવસ રાત જોયા વગર પોતાની ફરજ બજાવી રહ્યો છે ત્યારે એમાં પણ કર્તવ્યનિષ્ઠાની પરાકાષ્ઠા ગણાય તેવા એક જબરદસ્ત ઉદાહરણ વિશે લોકોને જાણકારી આપતા માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય અને મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે સગર્વ એમ જણાવ્યું હતું કે, વોર્ડ નં. ૨ ના વોર્ડ ઓફિસર શ્રી કિંજલબેન ગણાત્રા છઠા માસની સગર્ભા અવસ્થામાંથી પસાર થઇ રહ્યા છે. આવી સ્થિતિ વચ્ચે પણ તેઓ પોતાની ટીમનું નેતૃત્વ કરી પોતાના વોર્ડમાં તેમની કામગીરી નિભાવી રહ્યા છે. આવા નિષ્ઠાવાન અધિકારી માટે રાજકોટ મહાનગરપાલિકા ગર્વ અનુભવે છે. સાથોસાથ નાગરિકોએ પણ આ બાબતની સગર્વ નોંધ લેવી જોઈએ.

શહેરના લોકલ કરીયાણાની દુકાનોમાં આવશ્યક ચીજ વસ્તુઓનો પુરતો જથ્થો મળતો રહે તેવી વ્યવસ્થા કરવાની સાથોસાથ શહેરમાં કરીયાણાની જે જે દુકાનો ખુલ્લી રહેવાની છે તે દુકાન ઉપર રાજકોટ મહાનગરપાલિકાએ લીલા રંગના સ્ટીકર લગાવવાની કામગીરી ઉપરાંત કચેરીના અન્ય દેશો અનુસાર તેઓ પોતાની કામગીરી બજાવી રહ્યા છે. શહેરની કરીયાણા ની દુકાનોએ શાકભાજીનો જથ્થો પણ પહોંચાડવાની વ્યવસ્થા ગોઠવવામાં તેમની ટીમોએ સંકલન કર્યું હતું.

માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય અને મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે શ્રી કિંજલબેન ગણાત્રાની ફરજ પ્રત્યેની નિષ્ઠા અને વફાદારીને મુક્ત કંઠે બિરદાવી હતી.

**ફરજનિષ્ઠાને મુક્ત કંઠે બિરદાવતા માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય અને મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ**

# સેવા પરમો ધર્મ

## રાજકોટ મહાનગરપાલિકાના સ્ટાફની સેવાની પ્રશંસા કરતા હોમ કોરોનટાઈન થયેલા લોકો

કોરોનાના સંક્રમણ સામે લેવાઈ રહેલા વિવિધ પગલાઓના ભાગ રૂપે હાલમાં શહેરના વિવિધ વિસ્તારોમાં હોમ કોરોનટાઈન રહેલા લોકો પૈકી અનેક નાગરિકોએ રાજકોટ મહાનગરપાલિકા ના સંવેદનાસભર સ્ટાફ દ્વારા તેમની લેવાઈ રહેલી કાળજી બદલ અત્યંત ખુશી વ્યક્ત કરી મનપાના અધિકારીઓ અને કર્મચારીઓ પ્રત્યે ખુબ ખુબ આભારની લાગણી પ્રદર્શિત કરી હતી તેમ મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે જણાવેલ.

કમિશનરશ્રીએ આ વિશે વાત કરતા એમ જણાવ્યું હતું કે, જંગલેશ્વરમાં કોરોનાનો પોઝિટિવ કેસ મળ્યા બાદ તુર્ત જ તા. ૧૯ માર્ચ ના રોજથી સમગ્ર જંગલેશ્વર વિસ્તાર પથ ક્લસ્ટર કોરોનટાઈન કરી લેવામાં આવ્યો હતો. સાથોસાથ વિદેશ પ્રવાસેથી વતન રાજકોટ પરત ફરેલા પ્રવાસીઓ અને તેઓ જે જે પરિવારજનોના સંપર્કમાં આવ્યા હતાં તેઓને ૧૪ દિવસ માટે હોમ કોરોનટાઈન કરવામાં આવ્યા હતાં.

આ પછી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જંગલેશ્વર વિસ્તારના ૪૦૦ જેટલા લોકોને તેમના ઘેર જ જીવન જરૂરી ચીજ વસ્તુઓ જેવી કે, અનાજ, શાકભાજી, દવા વગેરે પહોંચતા કરવામાં આવેલ અને મેડિકલ ટીમ દ્વારા આ પરિવારોની રોજ તપાસ કરવામાં આવતી હતી આ જ પ્રકારે શહેરના અન્ય વિસ્તારોમાં હોમ કોરોનટાઈન થયેલા લોકોને પણ જીવન જરૂરી ચીજ વસ્તુઓ ઘેર બેઠા મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકાની મેડિકલ ટીમ જે તે વ્યક્તિના ઘેર જઈ તબીબી તપાસ પણ કરતી રહી અને અન્ય વહીવટી સ્ટાફ દ્વારા હોમ કોરોનટાઈન લોકોની આવશ્યક ચીજ વસ્તુઓની જરૂરિયાત પૂર્ણ થતી રહે તે માટે સતત રોજ કાળજી લેવામાં આવી રહી છે.

એ સ્વાભાવિક છે કે, ૧૪ દિવસનો આ સમય કોઈપણ વ્યક્તિ માટે ખુબ જ કઠીન જ બને. માનવીએ સ્વસ્થ બની રહેવા માટે પણ ભારે મહેનત કરવી પડે છે; અને એ પણ એટલું જ સહજ છે કે જેમાં હોમ કોરોનટાઈન થયેલી વ્યક્તિ અકળાઈ ગઈ હોય અને મનપાના સ્ટાફ સાથે કદાચ સારો વ્યવહાર ન પણ કરે. જોકે સ્ટાફ આવી બાબતો માટે માનસિક રીતે તૈયાર જ છે અને આ પરિસ્થિતિને સંવેદનાપૂર્વક હેન્ડલ કરી રહ્યો છે. પોતાની સાથે સારો વ્યવહાર ન કરે તેવા લોકો સાથે માનવીય અભિગમ અપનાવી તેઓને શાંત ચિતે સમજાવવા સતત પ્રયાસ કરે છે. સ્ટાફનો આવો ઉમદા વ્યવહાર જ હોમ કોરોનટાઈન લોકોની પ્રશંસાને પાત્ર બન્યો છે.

મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ ના સતત માર્ગદર્શન અને મોનિટરિંગ હેઠળ મનપાની સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે કોરોના કંટ્રોલ રૂમ ચાલી રહ્યો છે જેના ઇન્ચાર્જ તરીકે આસીસ્ટન્ટ મેનેજર શ્રી કાશ્મિરા વાઢેરના જણાવ્યા અનુસાર રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત ૨૧ અર્બન હેલ્થ સેન્ટર હેઠળ સમગ્ર રાજકોટ શહેરને આવરી લઈ કુલ ૨૧ ગ્રુપ બનાવવામાં આવેલ છે. આ ગ્રુપની ટીમો દ્વારા વોટ્સએપ ગ્રુપ પણ ચલાવવામાં આવી રહ્યા છે જેમાં હોમ કોરોનટાઈન લોકો પોતાની વાત રજુ કરે છે અને તેના પર મનપા સ્ટાફ આવશ્યક કાર્યવાહી કરે છે.

ઓમાનથી રાજકોટ આવેલ એક પરિવારે રાજકોટ મહાનગરપાલિકાના સ્ટાફ દ્વારા લેવાયેલી તેઓની કાળજી વિશે મનપા સાથે પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા છે. આ પરિવાર લખે છે કે, અમો ભારતમાં રહેતા નથી એટલે અહી રાજકોટમાં ૧૪ દિવસ ઘરમાં ને ઘરમાં પસાર કરવા અત્યંત કઠીન પૂરવાર થાય એમ હતાં. જોકે અમારા આશ્ચર્ય વચ્ચે મનપાના કર્મચારી શ્રી અવનીબેન સાવલીયા તરફથી અમારા પરિવારની કાળજી લીધી છે તે કાબિલેદાદ છે. અમોને ઘરમાં રાંધેલું ભોજન શ્રી અવનીબેને જમાડ્યું છે. પરિવારના પુરૂષ સદસ્ય વધુમાં લખે છે કે, પોતાની તથા તેમના માતા – પિતા પ્રત્યે શ્રી અવનીબેન સાવલીયાએ સગા સંબંધી જેવો ઉમળકા સાથેનો વ્યવહાર કરી અમારી લાગણી જીતી લીધી છે. માત્ર એટલું જ નહી અમારી માનસિક અવસ્થા સ્વસ્થ છે કે કેમ તેની સતત ચિંતા કરી અમોને કાઉન્સેલિંગની સેવા પણ મનપા તરફથી મળતી રહી છે. તેઓનો વ્યવહાર અમારી સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટેનો હતો. મહાનગરપાલિકા દ્વારા અમારી જે પ્રકારે કાળજી લેવામાં આવેલ છે તે જોઈને અમો અત્યંત પ્રભાવિત થયા છીએ. શ્રી અવનીબેન અને તેમની જેમ અન્ય હોમ કોરોનટાઈન લોકોની કાળજી લઈ રહેલા મહાનગરપાલિકાના સ્ટાફને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

અન્ય એક પરિવારે એવો પ્રત્યાઘાત આપ્યો હતો કે, વર્તમાન સ્થિતિમાં રાજકોટ મહાનગરપાલિકાના સ્ટાફ દ્વારા જે પ્રકારે અમારી કાળજી લેવામાં આવી રહી છે તે કોઈને અમો સ્ટાફને સેલ્યુટ કરીએ છીએ.

દરમ્યાન બીજા એક પરિવારે એવી લાગણી વ્યક્ત કરી હતી કે, આ કપરા સમયમાં અમારી હાલત પણ અન્ય હોમ કોરોનટાઈન થયેલા લોકો જેવી જ હોય તે સ્વાભાવિક છે. જોકે મનપાના સ્ટાફે અનાજ, શાકભાજી, દવા વગેરે જેવી આવશ્યક ચીજ વસ્તુઓની અમોને કોઈ કમી પડવા દીધી નથી. પરિવારની નાનકડી બેબી માટેના મિલ્ક પાઉડર પહોંચતો કરવાની ચિંતા પણ સ્ટાફે કરી છે. અમો સંપૂર્ણ આરામદાયક સ્થિતિ અનુભવી રહ્યા છીએ.

જ્યારે અન્ય એક પરિવારે એવું કહ્યું કે, રાજકોટ મહાનગરપાલિકાના સ્ટાફે તેઓની ફરજ પ્રત્યેની વફાદારી અને નિષ્ઠાનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ પુરું પાડ્યું છે.

## આવશ્યક સેવાઓની ઉપલબ્ધિથી ખુશ થયેલા નાગરિકોએ મોકલ્યા સંદેશાઓ.

Me and my parents have been quarantined for 11 days now... and i would like to share my experience with Rajkot Municipal Corporation.
Me and my parents are highly impressed with the way we have been taken care of... we dont know anyone in rajkot since we don't live in india.... we dint have any means to get basic groceries RMC volunteer Avni provided us with home cooked food and gave us basics so my mother is well taken care of. RMC has been constantly checking on us in the most polite way. I have been getting calls from the counselor to check on our mental health...
living in Oman we hadn't thought about this. And are highly impressed with their gestures Their problem solving actions..

Kudos to the team.
We are in this together.
We will fight this together

Much love and peace to all
Binal Kanabar and Family
11:35 P

Really we appreciate the support by the authority and the volunteers in this circumstances, a big salute to their spirit and integrity towards their duty.
11:35 PM

I would like to share our experience as well. My family and I were also in home quarantine. Like everyone else in our situation we also faced many isues with regards to groceries and medicines. I really appreciate the authorities and volunteers who have worked together to make us feel comfortable in these tense circumstances. Thank you Mr Rajesh Gadara @Rajesh Gadara for bringing us medicines and baby formula milk for our daughter.
11:35 P

Its like dey treated us as a family member.... salute to the whole rmc team... jay hind...
11:35 PM



Battle
At a glance...



### ફરજની સાથોસાથ સામાજિક ઉત્તરદાયિત્વ

# વોર્ડ નં. ૧૪ના વોર્ડ ઓફિસર અને એન્જીનીયરની ટીમ દ્વારા 'હેન્ડ ફ્રી સેનીટાઈઝર મશીન' અને હેન્ડ ફ્રી વોશ બેસીન બનાવાયુ



## ઓફિસરોને બિરદાવતા માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય તથા મ્યુનિસિપલ કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

રાજકોટ મહાનગરપાલિકાના અધિકારી અને કર્મચારીઓ પોતાની નિયત ફરજની સાથોસાથ પોતાની સમજદારી અને સંવેદનશીલતા સાથે સામાજિક ઉત્તરદાયિત્વ પણ નિભાવી ઉત્કૃષ્ટ દ્રષ્યંતો સમાજ સમક્ષ પ્રસ્તુત કરતા રહે છે. આવા અધિકારી અને કર્મચારીઓની આ કર્તવ્યનિષ્ઠાને માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય તથા મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે મુક્ત કંઠે બિરદાવી છે. મનપાના વોર્ડ નં. ૧૪ના વોર્ડ ઈજનેરશ્રીની ટીમ અને વોર્ડ ઓફિસરશ્રી સહિતના કર્મચારીશ્રીઓએ સાથે મળીને



''હેન્ડ ફ્રી સેનીટાઈઝર મશીન'' બનાવ્યું છે. આ મશીન દ્વારા હાથ સ્પર્થ કર્યા વગર પગના સહયોગ વડે હેન્ડ વોશ કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે, હાલ શહેરમાં કોરોના વાઈરસ સામેની કાર્યવાહી પુરજોશમાં ચાલી રહી છે. ત્યારે કઈક અલગ અને અલૌકિક શોધખોળ કરી કોરોના વાઈરસના સંક્રમણને ધ્યાનમાં રાખી વોર્ડ ૧૪ના વોર્ડ ઈજનેર શ્રી એચ.એ.વસાવા, વોર્ડ ઓફીસર શ્રી હેમાદ્રીબા ઝાલા, આસી. ઈજનેર શ્રી હર્ષવિજયસિંહ ગોહીલ, વર્ક આસી. શ્રી પાર્થ પરમાર દ્વારા ''હેન્ડ ફ્રી સેનીટાઈઝર મશીન''નું નિર્માણ કરવામાં આવ્યું છે. કોરોના અંગેની ફરજ વચ્ચે પણ શહેરીજનોને અલગ જ સુવિધા પ્રદાન કરવામાં આવી છે, રાજકોટ મહાનગરપાલિકાના આવા ઉમદા ઉદાહરણ સાથે હર્ષ અને ગર્વની લાગણી ઉદભવે છે. શહેરીજનોની સતત ચિંતા કરવી સાથે પોતાની પર્સનલ લાઈફને પણ મહત્વ આપતા મનપાની ફરજ બજાવે છે. લોકો જયારે પોતાના ઘરે રહીને કોરોના વાઈરસના સંક્રમણને નિયંત્રણ રાખવાના પ્રયાસો કરી રહયા છે ત્યારે મહાનગરપાલિકા ના કર્મચારીઓ પોતાના જીવના જોખમે દિવસરાત જોવા વગર કોરોના જેવા ગંભીર વાઈરસ વચ્ચે લોકોની સેવા કરી રહયા છે. આજે જયારે તમામ અધિકારીશ્રીઓને પોતાની મૂળભૂત ફરજ સિવાય વધારાની અન્ય ફરજો પણ બજાવી રહયા છે.

આ મશીનને હાથેથી સ્પર્શ કર્યા વગર પગના સંચાલન દ્વારા હાથને સેનીટાઈઝ થઈ શકે તે મુજબનુ બનાવવામા આવેલ છે. આ મશીન માટે બાંધકામ સાઈટ પરના હાજર ફાજલ મટીરીયલમાથી બહુ સામાન્ય ખર્ચે બનાવવામા આવેલ છે. આ નવીનતમ મશીન દ્વારા વોર્ડ ૧૪ની ઓફીસ ખાતે આવતા સફાઈ કામદારો, કર્મચારીઓ તથા અન્ય જરૂરી કામ માટે આવતા અરજદારો તુરંત હાથને સેનીટાઈઝ કરી શકે છે. સાથોસાથ હાલમા COVID–૧૯ના મહામારી ના દીવસોમા આરોગ્ય કેન્દ્ર પર દર્દીઓનો રોજબરોજ ખૂબ ઘસારો રહે છે. જેમાં લક્ષ્મીવાડી મેઈન રોડ પર આવેલ આરોગ્ય કેન્દ્ર ખાતે દરરોજ ખૂબ વધુ પ્રમાણમાં લોકો અન્ય બીમારી સબબ સારવાર અર્થે આવતા હોય છે, જેના સ્વાસ્થ્યની ચીંતા ધ્યાને લઈ રાજકોટ મહાનગરપાલિકાની વોર્ડ નં ૧૪ની ટીમ દ્વારા હાથ ધોવા માટે વોશ બેસીન તથા હેન્ડ વોશ (લીક્વીડ)નો હાથેથી સ્પર્શ કર્યા વગર હાથ ને હેન્ડવોશથી ધોઈ શકાય તેવુ એક હેન્ડ ફ્રી વોશ બેસીન તૈયાર કરેલ છે. જેમા હાથ સાફ કરવા માટે નળ કે હેન્ડ વોશની બોટલના સ્પર્શ વગર પગેનો ઉપયોગ કરી હાથને સાફ કરી શકાય છે. હાલમા આ મશીન ટીમ વોર્ડ–૧૪ દ્વારા લક્ષ્મીવાડી મેઈન રોડના આરોગ્ય કેન્દ્ર ખાતે M.O. ડૉ. મૌલીબેન ગણાત્રાને સોપવામા આવેલ છે. લોકોને આ મહામારીમાથી બચાવવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ ૧૪ની ટીમ વોર્ડ ઈજનેર શ્રી એચ.એ.વસાવા, વોર્ડ ઓફીસર શ્રી હેમાદ્રીબા ઝાલા, આસી.ઈજનેર શ્રી હર્ષવિજયસિંહ ગોહીલ, વર્ક આસી. શ્રી પાર્થ પરમાર દ્વારા એક નાનો એવો લોક ઉપયોગી પ્રયાસ કરવામાં આવ્યો છે, તેમ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

વોર્ડ નં. ૧૪ની ટીમ દ્વારા કોરોના વાઈરસના ચેપથી બચવા ''હેન્ડ ફ્રી સેનીટાઈઝર મશીન'' અને '' હેન્ડ ફ્રી વોશ બેસીન બનાવેલ છે. વોર્ડ નં. ૧૪ની ટીમ દ્વારા બનાવવામાં આવેલ મશીનો દ્વારા લોકો



એકબીજાના સ્પર્શમાં આવશે નહિ. આપણે જાણીએ છીએ કે હેન્ડ વોશ માટે રાખવામાં આવેલ કોઈપણ બોટલ હોય કે સાબુનું લીક્વીડ હોય, જયારે જયારે હેન્ડ વોશ કરવા જવાનું થાય ત્યારે લીક્વીડ લેવા માટે તેને હાથ વડે સ્પર્શ કરવું પડે જ છે. સમજી શકાય છે કે એક જ બોટલ અસંખ્ય લોકો દ્વારા સ્પર્શ થયો હોય, જયારે કોરોના વાઈરસનો ચેપ આ જ રીતે ફેલાય છે.

# વોર્ડ નં.૧૩ ના વોર્ડ ઓફિસરશ્રી ફાલ્ગુનીબેન કલ્યાણીએ ગરીબ નાગરિકોને વિનામૂલ્યે માસ્ક વિતરણ કરાવ્યું

કોરોના ''લોકડાઉન'' ના કપરા સમયમાં નાગરિકોના સ્વાસ્થ્યની સતત ચિંતા કરી સરકારી તંત્રના અધિકારીશ્રી અને કર્મચારીશ્રીઓ પોતાની પર્સનલ, સામાજિક અને પારિવારિક જિંદગીનો વિચાર કર્યા વગર લોકોના રક્ષણ માટે કોરોના સામે ઝઝૂમી રહયા છે. આજે જયારે સમગ્ર દેશના નાગરિકો પોતપોતાના પરિવાર સાથે ઘરે સુખમય અને આનંદમય સમય વિતાવી રહયા છે ત્યારે લોકોની સુખ્સુવીધાઓ માટે સરકારી તંત્રના અધિકારીઓ કર્મચારીઓ દિવસ રાત જોયા વગર મહેનત કરી રહયા છે. લોકો ઘરમાં રહે અને ઘરે રહીને જ પોતાનું સ્વાસ્થ્ય સારું રાખે તે માટે સરકારી તંત્રના કર્મચારીઓ અને અધિકારીઓ સતત કોરોના જેવા જોખમી વાઈરસ વચ્ચે રહી લોકોની સેવા કરે છે. એમાંય કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ પોતાની કર્તવ્ય નિષ્ઠા વડે આગવું ઉદાહરણ સમાજ સામે પેશ કરતા હોય છે. આવું જ વધુ એક ઉદાહરણ રાજકોટ મહાનગરપાલિકાને વોર્ડ નં.૧૩ના વોર્ડ ઓફીસર તરીકે ફરજ બજાવતા શ્રી ફાલ્ગુનીબેન કલ્યાણી એ પણ પ્રસ્તુત કર્યું છે. વાત છે માસ્ક પહેર્યા વગર શહેરમાં નીકળેલા લોકો પાસેથી દંડ વસૂલ કરવાની. જોકે શ્રી ફાલ્ગુનીબહેન કલ્યાણી એ પોતાની ફરજ બજાવવા ઉપરાંત પોતાના સેવાભાવી સંબંધીઓ અને મિત્રોની મદદથી વોર્ડમાં માસ્ક વગર ફરતા અને માસ્ક ખરીદવામાં લાચાર હોય એવા લોકોને વિનામૂલ્યે માસ્કનું વિતરણ કરી પોતાની નૈતિક અને સામાજિક ફરજ પણ સુપેરે નિભાવી એક અલગ જ દ્રષ્ટાંત સમાજને પુરૂ પાડ્યું છે. આ બાબત ધ્યાનમાં આવતા જ માન. મેયર શ્રી બિનાબેન આચાર્ય અને મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે શ્રી ફાલ્ગુનીબહેન કલ્યાણીને ખુબ ખુબ અભિનંદન પાઠવી તેમની ફરજ અને સમાજ સેવાને મુક્ત કંઠે બિરદાવી છે.

શ્રી ફાલ્ગુનીબેન દ્વારા એક અભીયાન શરૂ કરવામાં આવ્યું, જેમાં અત્યંત ગરીબ કે જેઓ સાદુ ૦૭ રૂપિયાવાળુ માસ્ક પણ ના ખરીદી શકે એવા લોકોને વોશેબલ – રીયુઝ થઇ શકે એવુ માસ્ક પહેરાવવામાં આવે. આ અભિયાનમાં તેમના સંબંધીઓ મિત્રો શ્રી જયેશભાઇ પટેલ, શ્રી મહેશભાઇ કારેથા, શ્રી ભુપેન્દ્રસિંહ વાઘેલા, શ્રી યોગેશભાઇ પોભાણી, શ્રી મૌસમીબેન કલ્યાણી આ બધા મિત્રોના સહકારથી જ આ ઉમદા સેવાકીય કાર્યને શક્ય બનાવ્યું છે. આ સાથે શ્રી ફાલ્ગુનીબેનના ઓફીસના સ્ટાફ મિત્રોનો પણ એટલો જ સહયોગ રહ્યો છે, કારણ કે વોશેબલ – રીયુઝ થઇ શકે એવુ માસ્ક બની ગયા બાદ એવા લોકોને શોધવા કે જેમને ખરેખર માસ્ક જરૂરીયાત હોય, તો આ માટે દરેક ચોકમા ઉભા રહેતા મનપાના સ્ટાફ મિત્રો સહયોગથી આ કામને સફળ બનાવ્યું.



માન.મેયરશ્રી બિનાબેન આચાર્ય અને મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે ઉમદા સેવા કાર્યને બીરદાવ્યું

**ફરજ અને સામાજિક કતવ્યનું ઉત્તમ ઉદાહરણ :**

# મનપાના કરાર આધારિત કર્મચારી શ્રી રોહિતભાઈ પરમારે જાતે માસ્ક સીવીને જરૂરિયાતમંદ લોકોને નિઃશુલ્ક વિતરણ કર્યા






લોકો ઘરમાં રહીને જ કોરોના સામેના જંગમાં અસરકારક ઉકેલ મનાતા લોકડાઉનની વ્યવસ્થાને સફળ બનાવે અને તેમનું સ્વાસ્થ્ય પણ સારું રહે તે માટે સરકારી તંત્રના કર્મચારીઓ અને અધિકારીઓ સતત કોરોના જેવા જોખમી વાઈરસ વચ્ચે રહી પોતાની ફરજ નિભાવી રહ્યા છે લોકોની સેવા કરે છે. કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ પોતાની સત્તાવાર ફરજો ઉપરાંત પણ સામાજિક અને નૈતિક જવાબદારી સમજી પોતાની આગવી કર્તવ્યનિષ્ઠા વડે આગવું ઉદાહરણ સમાજ સામે પેશ કરતા હોય છે.

મહાનગરપાલિકા ના કર્મચારીઓ ફરજ સાથે પોતાના સામાજિક ઉતરદાયિત્વ સાથે નાગરિકોને સહાયતા પણ કરે છે. કોરોના વાઈરસની મહામારી વચ્ચે લોકોને મદદ કરવીએ પણ એક સરાહનીય કામગીરી છે.

હાલની પરીસ્થિતને જોતો એવું લાગે કે માણસો પહેલા પોતાનું હિત ઈચ્છે અને પછી અન્યોને મદદ કરવાનું વિચારે પણ આગાઉ પણ એવા ઉમદા કર્મચારીઓનો પરિચય કરી ચુક્યા છીએ એવું જ એક અન્ય ઉદાહરણ સામે આવ્યું છે જેમાં, વોર્ડ નં. ૧૮ના વસ્તી ગણતરી વિભાગમાં કરાર આધારિત ટેકનીકલ આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી રોહિત હરેશભાઈ પરમાર કે જેમણે ઈસ્ટ ઝોનના સહાયક કમિશનરશ્રી વી. એસ. પ્રજાપતિ તથા વોર્ડ ઓફિસર શ્રી નીરજભાઈ રાજ્યગુરૂના માર્ગદર્શન અને સહાયતા હેઠળ આ કપરી પરિસ્થિતિમાં પોતાનું નહિ પણ લોકોનો વિચાર કરી પોતે જાતે માસ્ક બનાવી જરૂરિયાતમંદ લોકોને વિનામુલ્યે માસ્કનું વિતરણ કર્યું છે, તેમની આ ઉમદા કામગીરી બદલ મેયરશ્રી બિનાબેન આચાર્ય અને મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલએ અભિનંદન પાઠવ્યા છે.

મેયરશ્રી અને મ્યુનિ. કમિશનરશ્રી એ



**વોર્ડ ઓફિસરશ્રી નીરજભાઈ રાજ્યગુરુની સહાયતા સાથે વોર્ડ નં. ૧૮ની ટીમનું ઉમદા સામાજિક ઉતરદાયિત્વ માન. મેયરશ્રી અને મ્યુનિ. કમિશનરશ્રીએ અભિનંદન પાઠવ્યા**

ગર્વની લાગણી સાથે માહિતી આ'તા જણાવ્યું હતું કે, શ્રી રોહિત પરમાર આગાઉ રાજકોટ મહાનગરપાલિકામાં એપ્રેન્ટિસની ફરજ બજાવતા હતા. હાલ મનપાના વોર્ડ નં. ૧૮માં વસ્તી ગણતરી વિભાગમાં કરાર આધારિત ટેકનીકલ આસી. પર ફરજ બજાવે છે. જ્યારથી ફરજીયાત માસ્ક પહેરવાના જાહેરનામાનો અમલ કરવામાં આવ્યો છે ત્યારથી વોર્ડ નં. ૧૮ ના વોર્ડ ઓફિસરશ્રી તેમજ અન્ય સ્ટાફ દ્વારા ચર્ચા વિચારણા કરવામાં આવતી હતી કે જરૂરિયાતમંદ લોકોને આપણે કંઈક મદદ કરવી જોઈએ ત્યારે શ્રી રોહિત પરમારે કહ્યું કે હું દરજી કામ જાણું છુ, એટલે લોકોને માસ્ક બનાવીને વિતરણ કરીએ, ત્યારબાદ શ્રી રોહિતભાઈને જરૂરી સામગ્રીઓ એકત્રિત કરી આપેલ અને રોહિતે પોતે જાતે માસ્ક બનાવવાનું શરૂ કર્યું હતું. અત્યાર સુધીમાં કુલ ૩૫૦ જેટલા માસ્ક બનાવીને જરૂરિયાતમંદ લોકોને વિનામુલ્યે વિતરણ કરી શહેરને કોરોના વાઈરસથી બચાવવામાં યપોચિત ફાળો આપ્યો છે.

## વોર્ડ નં.૭માં શાકભાજીના ધંધાર્થીઓએ પૈસાની લેવડદેવડ માટે બે ડબ્બા રાખવા નવી પહેલ શરૂ કરાવતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ વિવિધ કામગીરીઓ વચ્ચે એક અનોખી પહેલ શરૂ કરવામાં આવેલ છે, જેમાં મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલના માર્ગદર્શન હેઠળ શહેરમાં શાકભાજીના ધંધાર્થીઓ અને ગ્રાહકો પરસ્પર કોરોનાના વાહક ન બને તેની તકેદારીના ભાગરૂપે પૈસાની લેવડ–દેવડ કરવા માટે બે ડબ્બા (ગલ્લા) રાખવાની સિસ્ટમનો પ્રારંભ કરવામાં આવેલ. નિષ્ણાતોના કહેવા અનુસાર કોરોના સંક્રમિત વ્યક્તિ જે ચીજ વસ્તુને સ્પર્શ કરે તે ચીજ વસ્તુ સાથે સંપર્કમાં આવવાથી અન્ય લોકોને પણ આ વાયરસ બીમાર પાડી શકે તેવી શક્યતા નકારી શકાય નહી. આ બાબતને નજર સમક્ષ રાખી શાકભાજીના ધંધાર્થીઓ અને ગ્રાહકોના સ્વાસ્થ્યના હિતમાં વોર્ડ નં.૭માં એક નવી પહેલ શરૂ કરવામાં આવી છે, જેમાં શાકભાજીના ધંધાર્થીઓ દ્વારા પૈસાની લેવડદેવડ માટે એક નહી પરંતુ બબ્બે ડબ્બા સાથે રાખે છે. જે પૈકી એક ડબ્બો પૈસા લેવા માટે અને બીજો ડબ્બો પૈસા પાછા આપવા માટે અલગ રખાયો છે.

આ વિશે મ્યુનિ. કમિશનરશ્રીએ એમ જણાવ્યું હતું કે, વોર્ડ નં.૭ના વોર્ડ ઓફિસર શ્રી આરતીબેન નિમ્બાર્ક અને તેમની ટીમ દ્વારા જાગનાથ વિસ્તારમાં હાલના તબક્કે, શાકભાજી વેંચતા સાતથી આઠ જેટલા ધંધાર્થીઓને પોતાની રેંકડીમાં પૈસાની લેવડ દેવડ માટે બે જુદાજુદા ડબ્બાનો ઉપયોગ શરૂ કરવા સમજાવવામાં આવ્યા હતાં અને તેઓએ આ નવી સિસ્ટમ અમલમાં પણ મુકી દીધી છે. ગ્રાહકોએ શાકભાજી ખરીદી કર્યા બાદ જાતે જ તેના નાણાં એક ડબ્બામાં નાંખી દેવાના હોય છે. ગ્રાહકો પાસેથી આવતા આ પૈસાને શાકભાજીના ધંધાર્થી ૨૪ કલાક સુધી હાથ પણ નથી અડાડતા. નિષ્ણાંતોના મત અનુસાર ૨૪ કલાકમાં વાયરસ ખતમ થઇ જતો હોય છે એટલે ધંધાર્થી ૨૪ કલાક બાદ તેનો ઉપયોગ કરે તે ઈચ્છનીય છે. ગ્રાહકોએ વધઘટના નાણાં પાછા લેવા માટે ત્યાં બીજા ડબ્બામાં રહેલા પૈસામાંથી પોતાનો હિસાબ સરભર કરવાનો રહે છે.





## ‘મમ્મી... પાપા ....મમ્મી... પાપા.... તમે બેય બાલ ન જતા હો... બાલ તો કોલોના વાઈલસ છે’

# કર્તવ્યનિષ્ઠાનું શ્રેષ્ઠ ઉદાહરણ





## બે વર્ષની પુત્રીને ઘેર મુકી દીકરીનું ધ્યાન ન પડે તેમ છાનામુના ઓફિસે જઇ કોરોના કંટ્રોલ રૂમની-અન્ય ફરજો બજાવતા મનપાના આસી. મેનેજર શ્રી કાશ્મિરા વાઢેર અને તેમના પતિશ્રી આશિષ ડોડીયા(PGVCL)

મમ્મી અને પપ્પા જ્યારે ઘેરથી ઓફિસ જવા નીકળે અને એ વખતે બે સવા બે વર્ષનું સંતાન તેમને રોકે....રડવા લાગે....મમ્મી ...મમ્મી ....પપ્પા ...પપ્પાની બૂમો પાડે પરંતુ માતા પિતાએ પોતાના હૃદય પર પથ્થર મુકીને તેમના કાળજાના કટકા સમા તેમના બાળકના રૂદનને નજરઅંદાજ કરી ગમે તેમ કરીને પણ સરકારી કચેરીમાં પોતાની ફરજ બજાવવા નીકળી જવું પડતું હોય ત્યારે આ દ્રશ્ય નિહાળનાર કોઇપણ પાષાણહૃદયી માનવીની આંખો પણ ભીની કરી નાંખે એમાં શંકા ના હોઈ શકે. કોરોનાની વર્તમાન પરિસ્થિતિને નજર સમક્ષ રાખી સરકારશ્રી દ્વારા લાગુ કરવામાં આવેલ ‘‘લોકડાઉન‘‘ના કપરા સમયમાં નાગરિકોના સ્વાસ્થ્યની સતત ચિંતા કરી સરકારી તંત્રના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ પોતાની પર્સનલ, સામાજિક અને પારિવારિક જિંદગીનો વિચાર કર્યા વગર લોકોના રક્ષણ માટે કોરોના સામે ઝઝૂમી રહ્યા છે. આજે જયારે સમગ્ર દેશના નાગરિકો પોતપોતાના પરિવાર સાથે ઘરે સુખમય અને આનંદમય સમય વિતાવી રહ્યા છે ત્યારે આ લોકોને ઘરમાં જ બધી જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ મળી રહે તે માટે સરકારી તંત્ર દિવસ રાત જોયા વગર મહેનત કરી રહ્યું છે. લોકો ઘરમાં રહે અને ઘરે રહીને જ પોતાનું સ્વાસ્થ્ય સારુ રાખે તે માટે સરકારી તંત્રના કર્મચારીઓ અને અધિકારીઓ સતત કોરોના જેવા જોખમી વાઈરસ વચ્ચે રહી લોકોની સેવા કરે છે. એમાંય કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ પોતાની કર્તવ્ય નિષ્ઠા વડે આગવું ઉદાહરણ સમાજ સામે પેશ કરતા હોય છે.

આપણે થોડા દિવસો પહેલા આવું એક ઉદાહરણ જોયું હતું જેમાં રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ ઓફિસરશ્રી કિંજલ ગણાત્રા છ માસથી સગર્ભા હોવા છતાં પોતાની ફરજ બજાવે છે. રાજકોટ મહાનગરપાલિકામાં નિષ્ઠાપૂર્વક કર્તવ્ય પાલનનું વધુ કે ઉદાહરણ જોવા મળ્યું છે. જેમાં રાજકોટ મહાનગરપાલિકાના આસી. મેનેજરશ્રી કાશ્મીરા વાઢેર મનપામાં શરૂ કરવામાં આવેલ કોરોના કંટ્રોલ રૂમના ઈન્ચાર્જ તરીકે પોતાની ફરજ નિભાવી રહ્યા છે અને એ પણ પોતાની જી.એ.ડી અને આરોગ્ય શાખાની મૂળ ફરજો ઉપરાંત વધારાની કામગીરી તરીકે શ્રી કાશ્મીરા વાઢેર સવા બે વર્ષની વયની પુત્રીના માતા છે અને તેઓના પતિશ્રી આશિષભાઈ રમેશભાઈ ડોડીયા પણ PGVCLમાં જુનિયર આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે અને તેઓ પણ PGVCLના કંટ્રોલ રૂમમાં જ....જવાબદારી નિભાવી રહ્યા છે...!!! હાલ તેઓ સવારે ૮:00 વાગ્યાથી સાંજના ૭:00 વાગ્યા સુધી કલેકટરશ્રીના ઓર્ડરથી લોકડાઉનના સમયગાળા દરમ્યાન નાગરિકોને આવશ્યક ચીજવસ્તુઓ અવરોધ વિના સરળતાથી મળી રહે તે માટે રાશન વિતરણની કામગીરીમાં પણ જોડાયેલ છે.

શ્રી કાશ્મિરા વાઢેર અને તેમના પતિ શ્રી આશિષભાઈ તેમની સવા બે વર્ષની પુત્રીને ઘેર મુકીને હાલના સમયમાં રોજ દસથી બાર કલાક પોતપોતાની ફરજ બજાવી રહ્યા છે એ હકિકત ફરજ પ્રત્યેની નિષ્ઠા અને ગંભીરતાની પરાકાષ્ઠા બતાવે છે.

વર્તમાન મેડિકલ ઈમરજન્સીના કપરા કાળમાં શહેરીજનોની લાઈફ નોર્મલ બની રહે તે માટે રાજકોટ મહાનગરપાલિકા અને અન્ય સરકારી કચેરીઓનો સ્ટાફ દિવસ રાત જોયા વગર પોતાની ફરજ બજાવી રહ્યો છે. તેમાં મનપાના આસી. મેનેજર શ્રી કાશ્મીરાબેન વાઢેર અને તેમના પતિ શ્રી આશિષ રમેશભાઈ ડોડીયા પણ PGVCLના કંટ્રોલ રૂમમાં તથા કલેકટરશ્રી દ્વારા ગોઠવાયેલી આવશ્યક ચીજ વસ્તુઓના વિતરણની કામગીરી પણ ફરજ બજાવી રહ્યા છે. બંને સવારે ૦૮:૩૦ થી ૦૯:૦૦ વાગ્યે ઓફિસ જવા નીકળી જાય છે. કાળજાના કટકાને (બે વર્ષની દીકરીને) ઘેર મુકીને ઓફિસમાં કોરોના વાઈરસના પ્રસારને રોકવા માટે હાથ ધરવામાં આવતી વિવિધ કામગીરીઓમાં તેઓ પોત–પોતાના હિસ્સે આવતી ફરજ બજાવે છે. તેઓ જયારે સવારે ઓફિસ જવા નીકળે છે ત્યારે પુત્રીથી સંતાઈને ઘરની બહાર નીકળી ઓફિસ જવું પડે છે અને તે દરમ્યાન પુત્રી ક્યારેક દાદા–દાદી પાસે તો ક્યારેક નાના–નાની પાસે રહે છે. કયારેક ઘરેથી નીકળતા બે વર્ષની પુત્રી બોલે છે... ‘‘મમ્મી... મમ્મી... પપ્પા...પપ્પા... તમે બાલ (બહાર) ન જતાં...બાલ તો કોલોના (કોરોના) વાયલસ (વાયરસ) છે.’’!!!

રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ – કર્મચારીઓની કર્તવ્યનિષ્ઠામાં પરાકાષ્ઠા ગણાય તેવા વધુ એક જબરદસ્ત ઉદાહરણ વિશે લોકોને જાણકારી આપતા માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય અને મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે એમ જણાવ્યું હતું કે, તા. ૨૩–૩–૨૦૨૦ થી રાજકોટ મહાનગરપાલિકા ખાતે કંટ્રોલ રૂમ ચાલુ કરવામાં આવેલ છે, કંટ્રોલ રૂમ મારફત જે લોકોને કોરોન્ટાઇન કરવામાં આવેલ છે તેમની મનપાના સ્ટાફની ટીમો દ્વારા દિવસ દરમ્યાન ત્રણ વખત મુલાકાત કરવામાં આવે છે તેમજ તેઓને જીવન જરૂરિયાત વસ્તુઓ ઘર સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવે છે. આ ફિલ્ડ વર્ક કરતી ટીમો તેઓના રીપોર્ટ મનપાના કન્ટ્રોલ રૂમને સુપ્રત કરે છે. કન્ટ્રોલ રૂમને કોરોન્ટાઇન કરેલ વ્યક્તિ કે પરિવાર તરફથી કોઈ પણ પ્રકારની રજૂઆત કરવામાં આવે તો તેનો ઉકેલ લાવવામાં આવે છે. આ પરિવારોની આરોગ્ય તપાસ તેમજ સંપૂર્ણ નિયંત્રણ કંટ્રોલ રૂમ દ્વારા કરવામાં આવે છે. મનપાની જી.એ.ડી. અને આરોગ્ય શાખાની જવાબદારી સંભાળવા ઉપરાંત ઉપરાંત કંટ્રોલ રૂમની વધારાની અત્યંત ગંભીર જવાબદારી પણ શ્રી કાશ્મીરાબેન નિભાવે છે. શ્રી કાશ્મીરા વાઢેરે કન્ટ્રોલ રૂમ શરૂ થયાના શરૂઆતી દિવસો દરમ્યાન તો સવારે ૦૮:૩૦ થી રાત્રીના ૧૦:૦૦ વાગ્યા સુધી સતત કંટ્રોલ રૂમનું મોનીટરીંગ કર્યું હતું અને અત્યારે પણ દિવસ રાત જોયા વગર અને પોતાની સવા બે વર્ષની પુત્રીને ભૂલીને પણ આ ફરજ બજાવે છે. શ્રી કાશ્મીરા વાઢેરની કર્તવ્યનિષ્ઠાને માન. મેયરશ્રી અને મ્યુનિ. કમિશનરશ્રીએ મુક્ત કંઠે બિરદાવી હતી.

આસી. મેનેજર શ્રી કાશ્મીરા વાઢેરના પતિ શ્રી આશિષભાઈ PGVCL રાજકોટ રૂરલ સર્કલ ઈમરજન્સી કંટ્રોલ રૂમ ખાતે ડ્યુટી બજાવે છે. તેઓ બેઝિક જુનિયર આસી. તરીકે રાજકોટ રૂરલ સર્કલ ઓફિસ, લક્ષ્મીનગર ખાતે રેવન્યુ ડીપાર્ટમેન્ટમાં ફરજ બજાવે છે. કંટ્રોલ રૂમની અલગઅલગ શિફ્ટમાં ફરજ બજાવવાની સાથે હાલ તેઓ સવારે ૦૮:૦૦ વાગ્યાથી સાંજના ૦૭:૦૦ વાગ્યા સુધી કલેકટરશ્રીના ઓર્ડર અનુસાર લોકડાઉનના સમયગાળા દરમ્યાન નાગરિકોને આવશ્યક ચીજવસ્તુઓ અવરોધ વિના સરળતાથી મળી રહે તે માટે રાશન વિતરણની કામગીરીમાં પણ જોડાયેલ છે. માત્ર રાજકોટ મહાનગરપાલિકા જ નહી પરંતુ PGVCL, કલેકટર કચેરી, પોલીસ ડીપાર્ટમેન્ટ, તેમજ આવશ્યક સેવાઓ સંકળાયેલ અન્ય સરકારી વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ પણ આ જ પ્રકારે હાલના કપરા કાળમાં તમામ જોખમો વચ્ચે પોતાની ફરજ બજાવી રહ્યા છે.





**‘‘રાજકોટ મહાનગરપાલિકામાં જી.એ.ડી. અને આરોગ્ય શાખાની કામગીરી ઉપરાંત કોરોના કંટ્રોલ રૂમના ઇન્ચાર્જ તરીકે ફરજ બજાવતા આસી. મેનેજરશ્રી કાશ્મીરા વાઢેરની ફરજનિષ્ઠાને મુક્ત કંઠે બિરદાવતા માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય અને મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ**





# જીવનજરૂરી ચીજ વસ્તુઓની હોમ ડિલિવરીની વ્યવસ્થા કરવાનો પડકાર ઝીલી લેતું રાજકોટ

કોરોનાની વર્તમાન પરિસ્થિતિને નજર સમક્ષ રાખી રાજકોટ શહેરમાં વાઈરસ સંક્રમણ પ્રસરતું અટકાવવા ના પ્રયાસોના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા લોકોને શક્ય હોય ત્યાં સુધી પોતાના ઘરની બહાર ન નીકળવું પડે તે પ્રકારે જીવન જરૂરી ચીજ વસ્તુઓની હોમ ડિલિવરી ખુબ જ આશીર્વાદરૂપ હતી. જો કે રાજકોટ માં આ પ્રકારની હોમ ડિલિવરી ની કોઈ પ્રણાલી અસ્તિત્વ ધરાવતી ન હતી. આ સુવિધા ઉભી કરવી રાજકોટ શહેર અને મહાનગરપાલિકા બન્ને માટે એક પડકાર હતો. જો કે મહાનગરપાલિકા એ આ પડકાર ઝીલી લઈ લોકોને ઘેર બેઠા જ જીવનજરૂરીયાતની ચિજ વસ્તુઓનો પુરવઠો ફોન કોલની મદદથી મળી રહે તેવી સરળ હોમ ડિલિવરીની સિસ્ટમ તા.૨૬–૦૩–૨૦૨૦થી સ્થાપિત કરી હતી.

લોકોને ઘેર બેઠા બેઠા જ કે પછી પોતાના ઘરની નજીકમાં આવેલી કરીયાણાની દુકાનેથી જ અનાજ, કઠોળ ઇત્યાદિ આવશ્યક વસ્તુઓ મળી રહે તેમજ મોલ કે સુપર માર્કેટમાંથી પણ ફોન કરીને ચીજ વસ્તુઓ મેળવી શકાય તેવી વ્યવસ્થા ગોઠવી છે, તેમ મ્યુનિસિપલ કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

મ્યુનિ. કમિશનરશ્રીએ વધુમાં એમ જણાવ્યું હતું કે, નાગરિકોને આવશ્યક ચીજ વસ્તુઓ ઘેર બેઠા મળી રહે તે માટે બિગ બઝાર, રિલાયન્સ, ડી માર્ટ, ગોલ્ડન સુપર માર્કેટ વગેરે સાથે એક નવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં આ સુપર મર્કેટ – મોલ સાથે સ્વીગી અને ઝોમેટોનું ટાઇઅપ કરાવવામાં આવેલ છે. લોકો લોકડાઉન પીરીયડ દરમ્યાન ઉપરોક્ત મોલ કે સુપર માર્કેટને ફોન કરીને પોતાને જરૂરી હોય એ આવશ્યક ચીજોની ડીમાંડ કરી શકે છે અને પછી સ્વીગી કે ઝોમેટોના માધ્યમથી લોકોને પોતાના ઘેર જ આવશ્યક ચીજોની હોમ ડિલિવરી મળી રહેશે. હાલ ફોન કોલથી ડીમાંડ કરવાની સેવા શરૂ થઈ છે. રાજકોટ મહાનગર––પાલિકાના પ્રયાસોથી લોકોને સ્વીગી કે ઝોમેટો મારફત પણ લોકો ડીમાંડ કરી શકે તેવી વ્યવસ્થા કરી હતી.

કમિશનરશ્રીએ વધુમાં અન્ય એક વ્યવસ્થા વિશે વાત કરતા જણાવ્યું કે, કરીયાણાના નાના વેપારીઓ મોટી સુપર માર્કેટ જેવી કે, બિગ બઝાર, રિલાયન્સ, ગોલ્ડન સુપર માર્કેટ વગેરેને ફોન કરીને તેઓની પાસેથી આવશ્યક ચીજ વસ્તુઓ મંગાવી શકશે. આ સુપર માર્કેટ અને મોલમાં રીટેઈલ એટલે કે છુટક વેંચાણ બંધ કરી દેવામાં આવેલ છે જેથી કરીને લોકો ત્યાં ભીડ ના કરે. સુપર માર્કેટ અને મોલ હવે હોલસેલ વેંચાણ જ કરશે. સાથોસાથ તેમણે એમ પણ કહ્યું કે, શહેરમાં જીવનજરૂરી ચીજ વસ્તુઓની કોઈ જ કમી નથી. નાગરિકોને ચિંતા કરવાની જરાકારવા પણ જરૂ નથી. લોકો તેમના ઘરમાં આવશ્યક ચીજોનો બિનજરૂરી સંગ્રહ ના કરે. કમિશનરશ્રીએ નાગરિકો જોગ એક નિવેદનમાં એમ કહ્યું હતું કે, હાલની સ્થિતિમાં લોકો જરા પણ ઉચાટ ના અનુભવે. વહીવટી તંત્ર નાગરિકોની આવશ્યકતાઓ અંગે ચિંતા કરી રહ્યું છે અને તેઓની મુશ્કેલી દુર કરવા શક્ય તમામ પ્રયાસો કરે છે. રાજકોટમાં આવશ્યક ચીજોની કોઈ જ કમી નથી એટલે એ વિષયમાં લોકો નિશ્ચિંત જ રહે. બસ લોકો માત્ર પોતપોતાના ઘરમાં જ રહી હાલના આ સમયમાં સરકારશ્રી અને તંત્રને સહયોગ પ્રદાન કરે એ વર્તમાન સમયની માંગ છે.




# સુપર માર્કેટ – મોલ સાથે સ્વીગી અને ઝોમેટોનું ટાઈઅપ કરાવાયું :



**લોકોને જીવનજરૂરી ચીજ વસ્તુઓની હોમ ડિલિવરી માટે સુપર માર્કેટમાં નીરિક્ષણ અર્થે સ્ટાફને જવાબદારી સુપરત કરતા મ્યુનિસિપલ કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ**

કોરોનાની વર્તમાન પરિસ્થિતિને નજર સમક્ષ રાખી રાજકોટ શહેરમાં વાઈરસ સંક્રમણ પ્રસરતું અટકાવવાના પ્રયાસોના ભાગરૂપે રાજકોટ મહાનગ––રપાલિકા લોકોને શક્ય હોય ત્યાં સુધી પોતાના ઘરની બહાર ન નીકળવું પડે તે પ્રકારે જીવનજરૂરી ચીજ વસ્તુઓ તેમણે ઘેર બેઠા બેઠા જ કે પછી પોતાના ઘરની નજીકમાં આવેલી કરીયાણાની દુકાનેથી જ અનાજ, કઠોળ ઇત્યાદિ આવશ્યક વસ્તુઓ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવાયેલી છે. હવે આ વ્યવસ્થા બરોબર કાર્યરત્ત રહે અને નાગરિકોને આવશ્યક ચીજ વસ્તુઓ આસાનીથી મળી રહે તે માટે સુપર માર્કેટ ખાતે તા.૨૯–૩–૨૦૨૦ થી મહાનગરપાલિકાના કર્મચારીઓને નિયુક્ત કરેલ છે તેમ મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

મ્યુનિ. કમિશનરશ્રીએ વધુમાં એમ જણાવ્યું હતું કે, મહાનગરપાલિકાના એક એક કર્મચારી આ સુપર માર્કેટ ખાતે હાજર રહેશે અને નાગરિકો તરફથી આવશ્યક ચીજ વસ્તુઓ ઘેર બેઠા મેળવવા માટે આવતા ફોન કોલ સુપર માર્કેટવાળા રિસિવ કરે છે કે કેમ તેનું નીરિક્ષણ કરશે. ઉપરાંત સુપર માર્કેટ ખાતેથી નાગરિકોને ઘેર આવશ્યક ચીજોની હોમ ડિલિવરી કરવામાં આવે છે કે કેમ તેનું પણ ધ્યાન રાખશે.

તેમણે એમ પણ કહ્યું કે, શહેરમાં જીવનજરૂરી ચીજ વસ્તુઓની કોઈ જ કમી નથી. નાગરિકોને ચિંતા કરવાની જરાકારવા પણ જરૂર નથી. લોકો તેમના ઘરમાં આવશ્યક ચીજોનો બિનજરૂરી સંગ્રહ ના કરે. હાલની સ્થિતિમાં લોકો જરા પણ ઉચાટના અનુભવે. વહીવટીતંત્ર નાગરિકો ની આવશ્યકતાઓ અંગે ચિંતા કરી રહ્યું છે અને તેઓની મુશ્કેલી દુર કરવા શક્ય તમામ પ્રયાસો કરે છે. રાજકોટમાં આવશ્યક ચીજોની કોઈ જ કમી નથી એટલે એ વિષયમાં લોકો નિશ્ચિંત જ રહે. બસ લોકો માત્ર પોતપોતાના ઘરમાં જ રહી હાલના આ સમયમાં સરકારશ્રી અને તંત્રને સહયોગ પ્રદાન કરે એ વર્તમાન સમયની માંગ છે.



શહેરની સેવાભાવી સંસ્થાઓ દ્વારા જરૂરતમંદ વ્યક્તિઓને ફૂડ પેકેટ/રાશન કીટ વિતરણ માટે કુલ ૨૪૪ સંસ્થા/વ્યક્તિઓએ ઓફલાઈન અને ૧૪૬ સંસ્થા / વ્યક્તિઓએ ઓનલાઈન અરજીઓ પ્રાપ્ત થઇ હતી.



# હોમ ક્વોરોનટાઈન થયેલા લોકોની નિગરાની અને માહિતી માટે એપ ડેવલપ કરવામાં આવી







કોરોનાના સંક્રમણ પ્રસરતો અટકાવવા માટે લેવાઈ રહેલા વિવિધ પગલાઓના ભાગ રૂપે શહેરના વિવિધ વિસ્તારોમાં હોમ કોરોનટાઈન કરાચેલા લોકો તેમના ઘરમાં જ રહે તે ખુબ જ જરૂરી છે. આ લોકોને ઘરમાં જ રહેવા સમજાવવા તથા તેઓ ખરેખર ઘરની અંદર જ રહે છે કે કેમ તેની દરરોજ તપાસ કરવા અને તેમની માહિતી સીધી સ્થળ પરથી જ રાજકોટ મહાનગરપાલિકાને મળી રહે તે માટે એક ખાસ એપ બનાવવામાં આવેલ છે, તેમ મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

આ અંગે વાત કરતા મ્યુનિ. કમિશનરશ્રી એ કહ્યું હતું કે, હોમ કોરોનટાઈન કરાચેલા લોકોની માહિતી મેળવવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આરોગ્યની વિવિધ ટીમો બનાવવામાં આવેલી છે. આ ટીમોને હોમ કોરોનટાઈન કરાચેલા લોકોના ઘરો ફાળવી દેવામાં આવેલ છે. પોતાને સોંપાચેલા મકાનોની દરરોજ રૂબરૂ મુલાકાત લઈ આ ટીમો ત્યાં તપાસ કરે છે અને ત્યાં સ્થળ પર પત્રકમાં મેન્યુઅલી વિગતો ભરે છે. આ પછી જે તે ટીમ રાજકોટ મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરીમાં કાર્યરત્ત કંટ્રોલ રૂમમાં રીપોર્ટ રજુ કરવા આવે છે. આ સમગ્ર પ્રક્રિયા લાંબી હોઈ ડીટેઇલ્ડ રીપોર્ટ તૈયાર કરવામાં સમય લાગે છે. જોકે હવે આ પ્રક્રિયા એકદમ સરળ બને અને ઝડપથી રીપોર્ટ તૈયાર થાય તે માટે રાજકોટ મહાનગરપાલિકાએ એક એપ વિકસાવી લીધી.

અત્રે એ ઉલ્લેખ કરવો રહયો કે, આ એપ રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ આઈ.ટી. ડીપાર્ટમેન્ટના ડાઈરેક્ટરશ્રી સંજય ગોહિલની સતત નિગરાનીમાં બનાવવામાં આવેલ છે.

આ એપ્લીકેશન વિશે વધુ માહિતી આપતા મ્યુનિ. કમિશનરશ્રી ઉમેરે છે કે, આ એપ જી.પી.એસ. ટ્રેકરથી સજ્જ છે. જે તે વિસ્તારની હેલ્થ ટીમે હવેથી આ એપમાં જ તમામ વિગતો ભરવાની રહેશે. હવે મેન્યુઅલ પ્રકારે કાગળ પેનથી પત્રકો તૈયાર કરવાના નહી રહે. દરે હેલ્થ ટીમ જી.પી.એસ. લોકેશન ઓન કરશે ત્યારબાદ જ એપ્લીકેશન ચાલુ થઇ શકશે. ત્યારબાદ હોમ કોરોનટાઈન કરાયેલા લોકોના ઘેર જઈને તપાસ કરશે અને જોવા મળેલી સ્થિતિ વિશે એપ્લીકેશનમાં એન્ટ્રી કરશે. આ એપમાં થનાર એન્ટ્રીમાં જે કાંઈ વિગતો આપવામાં આવેલી હશે તે સીધી જ રાજકોટ મહાનગરપાલિકાને પહોંચી જશે. માત્ર એટલું જ નહી ડેશ બોર્ડ પર આપોઆપ આ તમામ ડેટા અપડેટ થતો રહેશે અને તેનો સંકલિત રીપોર્ટ પણ તૈયાર થતો રહેશે.



> હોમ કોરોન્ટાઈન કરાયેલા લોકોના ઘેર જઈ તેઓની મુલાકાત લેતા આરોગ્યના ફિલ્ડ સ્ટાફ જે તે સ્થળ પરથી જ પોતાનો રીપોર્ટ રાજકોટ મહાનગરપાલિકાના કંટ્રોલ રૂમને ઓન-ધ-સ્પોટ રજુ કરી શકે અને ઓન ટાઈમ વર્તમાન સ્ટેટસ જાણી શકાય તે માટે આ વ્યવસ્થા ગોઢવવામાં આવી હતી
>
> –શ્રી ઉદિત અગ્રવાલ
> મ્યુનિ. કમિશનરશ્રી

મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે વિશેષમાં એમ પણ કહ્યું કે, મહાનગરપાલિકા દ્વારા હવે પછીના તબક્કામાં આ એપ્લીકેશન માં હોમ કોરોનટાઈન કરાયેલા લોકોને ડાઈરેક્ટ આવરી લેવામાં આવશે. જેથી તેમનો સતત સંપર્ક બનાવી રાખી શકાય અને તેઓના લોકેશન અને મૂવમેન્ટ ઉપર પણ નજર રાખી શકાય. અલબત્ત હોમ કોરોનટાઈન લોકો રાજકોટ મહાનગરપાલિકાને સહકાર આપે જ છે અને તેઓની માનસિક સ્થિતિ સમજી શકાય એવી છે. તેઓના સહકાર બદલ રાજકોટ મહાનગરપાલિકા તેઓનો આભાર માને છે.









# બહારથી આવતા લોકોને કોરોન્ટાઈન કરવાની પ્રક્રિયા ઝડપી બનાવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ખાસ મોબાઈલ એપ્લીકેશનનો ઉપયોગ

હાલમાં અન્ય જિલ્લાઓમાંથી લોકો રાજકોટ આવી રહયા છે ત્યારે આ તમામ લોકોએ ફરજિયાત પણે ૧૪ દિવસ માટે હોમ ક્વોરોન્ટાઈન રહેવાનું છે. આ કાર્ય પર જરૂરી દેખરેખ માટે રાજકોટ મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરીમાં કન્ટ્રોલ રૂમ કાર્યરત છે. શહેરના સાત (૦૭) પ્રવેશ પોઈન્ટ્સ પર મનપાએ પોલીસ સાથે મળીને ૨૪ કલાક માટે ચેક પોસ્ટ પર ત્રણ શિફ્ટમાં સ્ટાફ તૈનાત કરેલ છે. છેલ્લા બે દિવસમાં આ ટીમોએ બહારથી આવતા લોકોની વિગતો મેન્યુઅલી નોંધી હતી જો કે હવે તા.૭–૫–૨૦૨૦થી મોબાઈલ એપ્લીકેશનની મદદથી આ ટીમો ત્યાં ચેકપોસ્ટ પર બેઠાબેઠા જ પોતાના મોબાઈલની મદદથી આગંતુક લોકોની માહિતી અપલોડ કરશે, જેથી તેઓને સમય ગુમાવ્યા વગર હોમ કોરોન્ટાઈન કરી શકાય.

આ વિષે વાત કરતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું કે, આ તમામ ચેકપોસ્ટ પર તૈનાત મનપા સ્ટાફ ત્યાં સ્થળ પરથી જ એપમાં માહિતી અપલોડ કરતા હવે આ માહિતી મનપાની સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે સ્થિત કંટ્રોલ રૂમમાં આવી જશે. ત્યાંથી આ માહિતી હોમ કોરોન્ટાઈનની કામગીરી કરી રહેલ ટીમોને પહોંચી જશે. આ માહિતીના આધાર પરથી આ ટીમો બહારથી આવેલા લોકોને સમય વ્યતીત કર્યા વગર તુર્ત જ તેમના ઘેર કોરોન્ટાઈન હેઠળ મુકવાની પ્રક્રિયા પૂર્ણ કરશે અને તેમના ઘર પર માહિતી આપતું સ્ટીકર લગાવશે. જેથી અન્ય લોકોને પણ ખ્યાલ આવશે કે આ મકાનમાં રહેતા લોકો કોરોન્ટાઈન હેઠળ છે. એક જવાબદાર નાગરિક તરીકે આપની અડોશ પડોશમાં અન્ય જિલ્લામાંથી કોઈ મહેમાનો આવ્યા હોય તો તેની માહિતી રાજકોટ મહાનગરપાલિકાના કમ્પ્લેઇન્ટ નં. ૦૨૮૧ – ૨૪૫૦૦૭૭ ઉપર જાણ કરવા નમ્ર વિનંતી છે. આ માહિતી પરથી એ સુનિશ્ચિત કરી શકાશે કે બહારથી આવેલ વ્યકિત હોમ ક્વોરોન્ટાઈન કરવામાં બાકી રહી ગયેલ નથી. અમોને જાગૃત નાગરિકો તરફથી ફોન કોલ પર આ પ્રકારની માહિતી મળી રહી છે અને નાગરિકોના આ સાથ સહકારની પ્રશંસા કરી તેમને આવકારીએ છીએ.



## એડવાન્સ મિલ્કત વેરો ભરનાર મિલ્કતધારકને વળતરની યોજના 30 જુન સુધી લંબાવાઈ



**એડવાન્સ મિલ્કત વેરો ભરનાર મિલ્કતધારકને ૧૦% વળતર તથા મહિલા મિલ્કતધારકોને વધારાના ૫% વળતર (૧૫%)**

સને ૨૦૨૦–૨૧ના વર્ષમાં તા.૩૧ મે સુધી એડવાન્સ મિલ્કત વેરો ભરનાર મિલ્કતધારકને ૧૦% વળતર તથા મહિલા મિલ્કત ધારકોને વધારાના ૫% વળતર (૧૫%) અને તા.30 જુન સુધી એડવાન્સ મિલ્કત વેરો ભરનાર મિલ્કત ધારકને ૫% અને મહિલા મિલ્કત ધારકને ૧૦% વળતર આપવાનું મંજુર કરાયેલ છે.

હાલની કોરોના વાઈરસની પરિસ્થિતિ અને લોક ડાઉનને ધ્યાનમાં રાખી તા.૩૧ મે સુધીની વળતર યોજના એક માસ એટલે કે તા.30 જુન સુધી અને જુનની વળતર યોજના જુલાઈ સુધી લંબાવવામાં આવેલ.

મેયરશ્રી બિનાબેન આચાર્ય, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, મ્યુનિસિપલ કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ એક યાદીમાં જણાવે છે કે, સને ૨૦૨૦–૨૧ના વર્ષમાં તા. તા.૩૧ મે સુધી એડવાન્સ મિલ્કત વેરો ભરનાર મિલ્કતધારકને ૧૦% વળતર તથા મહિલા મિલ્કત ધારકોને વધારાના ૫% વળતર એટલે કે ૧૫% અને તા.30 જુન સુધી એડવાન્સ મિલ્કત વેરો ભરનાર મિલ્કત ધારકને ૫% અને મહિલા મિલ્કત ધારકને ૧૦% વળતર આપવાનું મંજુર કરાયેલ છે. હાલની કોરોના વાઈરસની મહામારીને ધ્યાનમાં રાખી સને ૨૦૨૦–૨૧ના વર્ષમાં એડવાન્સ મિલ્કતવેરો ભરનાર મિલ્કત ધારકોને તા.૩૧ મે ૨૦૨૦ને બદલે વિશેષ એક માસ એટલે કે તા.30 જુન સુધી ૧૦% અને મહિલા મિલ્કતધારકોને વધારાના ૫% વળતર યોજના લંબાવવામાં આવે છે. ઉપરાંત જુન–૨૦૨૦માં ૫% અને મહિલા મિલ્કત ધારકોને વધારાના ૫%ની વળતર ની મુદ્દત જુનના બદલે તા.૧–૭–૨૦૨૦ થી તા.૩૧–૭–૨૦૨૦ સુધી મિલ્કતધારકો વળતર યોજનાનો લાભ લઈ શકશે.

આ બંને યોજનામાં ઓનલાઈન મિલ્કત વેરો ભરનાર મિલ્કત ધારકને વિશેષ ૧% વળતર આપવામાં આવશે.

## કરીયાણાની દુકાનો બંધ રાખતા વેપારીઓને લોકોના હિતમાં દુકાનો ખુલ્લી રાખવા મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલની અપીલ

કોરોનાના સંક્રમણ સામે લેવાઈ રહેલા વિવિધ પગલાઓના ભાગરૂપે હાલમાં શહેરના વિવિધ વિસ્તારોમાં જુદી જુદી કરીયાણાની દુકાનોએથી નાગરિકોને જીવનજરૂરી ચીજ વસ્તુઓ મળે છે, જોકે ક્યાંક ક્યાનેવું પણ ધ્યાનમાં આવેલ છે કે, કેટલાક વેપારીઓ પોતાની દુકાનો ખોલતા નથી, જેના લીધે લોકોને દુર આવેલી અન્ય દુકાનો સુધી જવું પડે છે. આ સ્થિતિમાં લોકડાઉનનો અર્થ સરી શકે નહી. નાગરિકો આવશ્યક ચીજ વસ્તુઓ માટે આમ બહાર જ ફરતા રહેશે તો કોરોનાના સંક્રમણનો ફેલાવો અટકાવવા માટેના પ્રયાસોને ફટકો પડી શકે છે.

આ બાબતની ગંભીર નોંધ લેતા રાજકોટ મહાનગરપાલિકા ના કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે કરીયાણાની દુકાનો બંધ રાખતા વેપારીઓને અપીલ કરતા એમ કહ્યું હતું કે, વેપારીઓ પોતાના રોજબરોજ ના ગ્રાહકો અને અન્ય લોકો પ્રત્યે પણ સંવેદનાસભર અભિગમ અપનાવી પોતાની દુકાન ખુલ્લી રાખે જેથી કરીને લોકોને વધુ રઝળપાટ વગર જ આસાનીથી કરિયાણું મળી રહે.

મ્યુનિ. કમિશનરશ્રીએ વિશેષમાં દુકાનદારો જોગ એમ પણ કહ્યું કે, જો દુકાનદારોને માલસામાન મેળવવામાં કોઈ મુશ્કેલી હોય કે અન્ય કોઈ સમસ્યા નડતરરૂપ હોય તો તુર્ત જ પોતાના વોર્ડના વોર્ડ ઓફિસરનો સંપર્ક કરી તેમની વ્યથા જણાવી શકે છે. મનપા તેઓના પ્રશ્નનો સત્વરે ઉકેલ લાવશે.

કમિશનરશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, માર્કેટિંગ યાર્ડ અને દાણાપીઠમાંથી વેપારીઓને આવશ્યક ચીજ વસ્તુઓનો પુરવઠો મળી જ રહે છે. જો આ વ્યવસ્થામાં કોઈ ત્રુટી હોય તો પણ તુર્ત જ વોર્ડ ઓફિસરોનું ધ્યાન દોરે જેથી પુરવઠા વ્યવસ્થા બરોબર જળવાઈ રહે તે માટેના જરૂરી પગલાં લઈ શકાય.

કમિશનરશ્રીએ કરીયાણાની દુકાનો બંધ રાખતા વેપારીઓને આ કપરા અને પડકારરૂપ સમયમાં વહીવટી તંત્રને તથા નાગરિકોને સાથસહકાર આપવા વિનંતી સહ અપીલ કરી છે.

## સાથી હાથ બઢાના

**કોરોના વાઈરસ મહામારીના અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાના ભારતીય જનતા પક્ષના કોર્પોરેટરશ્રીઓના માર્ચ ૨૦૨૦ માસના માનદવેતનની રકમ રૂ.૫.૭૧ લાખનો ચેક મુખ્યમંત્રી રાહતનિધિ ફંડમાં જિલ્લા કલેકટરશ્રીને સુપ્રત કરતા પદાધિકારીશ્રીઓ**



વિશ્વ આખામાં કોરોના વાઈરસની મહામારી ચાલી રહી છે. રાજયમાં 'ણ સરકાર દ્વારા કોરોના વાઈરસ સામે સાવચેતીરૂ઼ં અનેકવિધ કર્યો 'ઈ રહ્યા છે. જેમાં સહાયભૂત 'વાની ભાવના સા' રાજકોટ મહાનગર'ાલિકાના ભારતીય જનતા 'ક્ષના કો'રિટરોએ માર્ચ ૨૦૨૦ માસનું માનદવેતન મુખ્યમંત્રી રાહતનિધિ ફંડમાં આ'વાનો નિર્ણય કરેલ, જે અનુસંધાને આજ તા.૦૪–૦૪–૨૦૨૦ના રોજ ભારતીય જનતા 'ક્ષના કો'રિટરના માનદવેતનની રકમ રૂ.૫.૭૧ લાખનો ચેક મુખ્યમંત્રી રાહતનિધિ ફંડમાં રાજકોટ જિલ્લા કલેકટરશ્રીને સુપ્રત કરતા મેયર બિનાબેન આચાર્ય, રાજકોટ શહેર ભાજ' અધ્યક્ષ કમલેશભાઈ મીરાણી, ડેપ્યુટી મેયર અશ્વિનભાઈ મોલીયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ઉદયભાઈ કાનગડ, શાસક 'ક્ષ નેતા દલસુખભાઈ જાગાણી, દંડક અજયભાઈ 'રમાર વિગેરે નજરે 'ડે છે.

## જન સહયોગ :

## 'એરો ફાઈન કેમિકલ્સ'ના શ્રી અમિતભાઈ ઘોડાસરા તરફથી ડિસઈન્ફેકશનની કામગીરી માટે રાજકોટ મહાનગરપાલિકાને ૬૧૦૦ લીટર કેમિકલ અપાયું

કોરોનાના સંક્રમણ સામે લેવાઈ રહેલા વિવિધ પગલાઓના ભાગરૂપે હાલમાં શહેરના વિવિધ સ્થળો પર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ડિસઈન્ફેકશનની કામગીરી કરવામાં આવી રહી છે, જેમાં ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગનો સ્ટાફ હાઈપ્લોક્લોરાઈડ કેમિકલ મિશ્રિત દ્રાવણનો સ્પ્રે કરી રહયા છે. અત્યારે કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીને રાહત ફંડમાં ઠેરઠેરથી આર્થિક સહયોગ પ્રાપ્ત થઈ રહયો છે ત્યારે તા.30–3–૨૦૨૦ના રોજ રાજકોટ મહાનગરપાલિકાને પણ મેટોડા સ્થિત 'એરો ફાઈન કેમિકલ્સ' વાળા પાટીદાર સમાજના અગ્રણીશ્રી અમિતભાઈ કિશોરભાઈ ઘોડાસરા દ્વારા ડિસઈન્ફેકશનની કામગીરી માટે હાઈપ્લોક્લોરાઈડ અને હાઈડ્રોજન પેરોક્સાઈડ કેમિકલ નિઃશુલ્ક ધોરણે આપવામાં આવેલ છે. શ્રી અમિતભાઈ ઘોડાસરના આ સહકાર બદલ રાજકોટ મહાનગરપાલિકાએ તેમના પ્રત્યે આભાર ની લાગણી પ્રગટ કરી છે.

રાજકોટમાં જ રહેતા અને મેટોડા ખાતે 'એરો ફાઈન કેમિકલ્સ' ટ્રેડીંગ હાઉસ ધરાવતા શ્રી અમિતભાઈ કિશોરભાઈ ઘોડાસરા પાટીદાર સમાજના અગ્રણી છે અને શહેરીજનોના સ્વાસ્થ્યના હિતમાં કામગીરી કરી રહેલી રાજકોટ મહાનગરપાલિકાને આશરે બે લાખથી વધુ રૂપિયા ના મૂલ્યના ૬૧૦૦ લીટર હાઈપ્લોક્લોરાઈડ અને ૫૦ કિલો હાઈડ્રોજન પેરોક્સાઈડ કેમિકલનો જથ્થો વિનામૂલ્યે આપી સામાજિક જવાબદારી નિભાવતા નાગરિક ધર્મ નિભાવ્યો છે.

શ્રી અમિતભાઈ કિશોરભાઈ ઘોડાસરા એ માત્ર રાજકોટ મહાનગરપાલિકા જ નહી પરંતુ રાજકોટની સિવિલ હોસ્પિટલને પણ આઈસો પ્રોપાઈલ આલ્કોહોલ કેમિકલનો જથ્થો વિનામૂલ્યે ફાળવી



ઉમદા નાગરિક ફરજ બજવી છે.

અહિં એ યાદ અપાવીએ મ્યુનિ. કમિશનરશ્રીના માર્ગદર્શન અનુસાર ચીફ ફાયર ઓફિસરશ્રી બી. જે. ઠેબાની નિગરાની હેઠળ છેલ્લા કેટલાક દિવસોથી શહેરના વિવિધ વિસ્તારો અને જાહેર માર્ગો પર ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગનો સ્ટાફ હાઈપ્લોક્લોરાઈડ કેમિકલ મિશ્રિત દ્રાવણનો સ્પ્રે કરી ડીસઈન્ફેક્શનની કામગીરી કરેલ હતી.

તા.૨૬-૩-૨૦૨૦ થી ૩૧-૫-૨૦૨૦ સુધી કુલ ૩૭૦૫૬ અનાજની કિટ, કુલ ૨૬૦૯૬૯૦ ટીફીન તથા તૈયાર ભોજનના પેકેટનું વિતરણઃ અંદાજીત કુલ ૧૪૬૩૭૧ વ્યક્તિઓએ રૂબરૂ ભોજનનો લાભ લીધો. દરરોજના સરેરાશ અંદાજીત ૪૦૦૦૦ વ્યક્તિઓ સહિત કુલ ૨૬૦૯૬૯૦ વ્યક્તિઓએ તૈયાર ભોજનનો લાભ લીધેલ હતો.



# કોરોના મહામારી સામે લોકોને રક્ષણ આપવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આદરવામાં આવેલ મહાપુરૂષાર્થ



હાલ વિશ્વના ગણ્યા ગાઠયા દેશોને બાદ કરતા મહાસત્તાઓ સહિત સમગ્ર વિશ્વને કોરોના વાઈરસની મહામારીએ પોતાના અજગર ભરડામાં બંધી લીધેલ છે. આ મહામારીને નાથવા તમામ ક્ષેત્રે અથાર્ગ પુરૂષાર્થ થઇ રહ્યો છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ કામગીરી અંગે માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ જણાવે છે કે, ભારતભરમાં રાજકોટ પ્રથમ એવું શહેર છે કે જેમાં શહેરના નાના મોટા તમામ વિસ્તારોમાં સોડીયમ હાઈપો ક્લોરાઈટ દવા અને પાણીનું મિશ્રણ કરી પ્રોટેક્ટર ટાઈપના ૧૮ મશીનો દ્વારા શહેરના તમામ રોડ રસ્તા અને શેરી ગલીઓ સેનીટાઇઝ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી અને હાલ પણ આ કામગીરી ચાલુ છે. આ હાઈ ક્લીયરન્સ બુમ સ્પ્રેયરથી દવાનું છંટકાવ કરવાનું તા.૨ એપ્રિલથી શરૂ કરવામાં આવેલ છે. જે આજ દિવસ સુધી સતત ચાલુ છે, અને હજુ જરૂર પડ્યે ૧૦ થી ૧૫ દિવસ સુધી આ કામગીરી ચાલુ રાખવામાં આવશે.

તા.૨ એપ્રિલના રોજ શરૂ કરવામાં આવેલ આ કામગીરી અંતર્ગત ગઈકાલ તા.૬–૪–૨૦૨૦ સુધીમાં શહેરના ૧૮ વોર્ડના અંદાજે ૧૦૯૭.૦૯ કિલોમીટરના રસ્તા ગલીઓ આવરી લેવામાં આવેલ છે. જેમાં તા.૩–૪–૨૦૨૦ના રોજ ૨૬૧.૩૦ કિલોમીટર, તા.૪–૪–૨૦૨૦ના રોજ ૨૮૬ કિલોમીટર, તા.૫–૪–૨૦૨૦ના ૨૬૨.૯૦ કિલોમીટર તથા તા.૬–૪–૨૦૨૦ના રોજ ૨૮૭.૭૦ કિલોમીટર રસ્તા, શેરીઓ આવરી લેવામાં આવેલ છે. અંદાજે ૩૦૦૦ લીટરથી વધુ સોડીયમ હાઈપો ક્લોરાઈટ દવા તથા અંદાજે ૧૦ લાખ લીટરથી વધારે પાણીનું મિશ્રણ કરી શહેરભરમાં થઇ રહેલો દવાની છંટકાવ કરાયો હતો.

આ તકે યાદ કરાવવું રહ્યું કે, રાજકોટમાં તીર્થ એગ્રો ટેકનોલોજી પ્રા. લી. દ્વારા શક્તિમાન બ્રાન્ડથી ખેતીવાડીને લગત તમામ પ્રકારના મશીનોનું દાયકાઓથી ઉત્પાદન કરવામાં આવે છે. આ કંપનીના માલિકો શ્રી હસમુખભાઈ ગોહેલ તથા શ્રી અશ્વિનભાઈ ગોહેલ દ્વારા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ સાથેના અંગત સંબંધોને ધ્યાને લઈ, તાત્કાલિક ધોરણે આ પ્રકારના ૧૮ મશીનો મહાનગરપાલિકાને વિનામુલ્યે ઉપયોગ અર્થે આપવામાં આવેલ. આ મશીન વડે શહેરના તમામ વોર્ડ વિસ્તારોમાં પાણી સાથે દવા મિશ્રણ કરી, તમામ રસ્તાઓ, શેરીઓ, તેમજ જુદા જુદા વિસ્તારોમાં દવાનો છંટકાવ કરવામાં આવેલ. આ મશીનની સ્પ્રે ટેન્ક કેપેસિટી ૪૦૦ થી ૬૦૦ લીટરની છે. તથા ફ્યુઅલ ટેન્ક કેપેસિટી ૨૦ લીટરની છે. આ મશીનથી ૧૬ સ્પ્રેયીંગ નોઝલની મદદ વડે ૩૬૦ ડીગ્રીના વિસ્તારમાં પ્રતિ કલાક ૫ કી.મી.ની ઝડપથી રસ્તા પર દવા છંટકાવ કરી શકે છે.

## કોવીડ-૧૯ | કોરોનાનો પ્રતિકાર



"અંદાજે ૩૦૦૦ લીટરથી વધુ સોડીયમ હાઈપોક્લોરાઈટ દવા તથા અંદાજે ૧૦ લાખ લીટરથી વધુ પાણીનું મિશ્રણ કરી શહેરમાં દવાની છંટકાવ કરાયો"

– શ્રી ઉદયભાઈ કાનગડ, ચેરમેન, સ્ટેન્ડિંગ કમિટી





# શહેરના તમામ વોંકળાની સઘન સફાઈ હાથ ધરાઈ

**વૈશ્વિક મહામારીના કારણે ઉભી થયેલ પરિસ્થિતિમાં લોકોના આરોગ્યની જાળવણી માટે મહાનગરપાલિકા દ્વારા રોડ–રસ્તાની સફાઈ, દવા છંટકાવ, ફોગીંગ સહિતની કામગીરી હાથ ધરાઈ**

વર્તમાન સમયમાં વિશ્વભરમાં કોવીડ–૧૯ વાયરસના કારણે મહામારી ફેલાઈ છે. ત્યારે લોકોને આરોગ્યની જાળવણી માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સઘન સફાઈ ચાલુ કરવામાં આવી છે. તેની સાથે શહેરના તમામ વોંકળાની સફાઈ ચાલુ કરવામાં અવી છે. આ અંગે માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ઉદયભાઈ કાનગડ જણાવે છે કે, હાલની વૈશ્વિક મહામારીના કારણે ઉભી થયેલ પરિસ્થિતિમાં લોકોના આરોગ્યની જાળવણી માટે મહાનગરપાલિકા દ્વારા રોડ–રસ્તાની સફાઈ, દવા છંટકાવ, ફોગીંગ વિગેરે કામગીરી ચાલુ છે, તેની સાથોસાથ શહેરના તમામ વોંકળાની સફાઈની કામગીરી તા.૯–૪–૨૦૨૦ના રોજથી ચાલુ કરવામાં આવી છે. જે અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના વોંકળા વિભાગ દ્વારા શહેરના અલગ–અલગ વિસ્તારના વોંકળાની સફાઇ શરૂ કરવામાં આવેલ છે. શહેરમાં આવેલ મોટા અને ખુલ્લા વોંકળાઓ જેમ કે ગવલીવાડ, મહાસતીજી ચોક, એકલવ્ય હોલ, પોપટપરા પરસાણાનગર, તીલક પ્લોટ, રામેશ્વર ચોક, સંતકબીર રોડ, ચુનારવાડ, મવડી સ્મશાન પાસે, કાલાવડ રોડ પ્રેમ મંદિર પાસે વિગેરે વોંકળાઓમાં જે.સી.બી. દ્વારા સફાઇ કામગીરી શરૂ કરવામાં આવી છે. તેમજ શહેરના ગીચ અને સાંકડા વિસ્તારમાં આવેલ વોંકળાઓ ક જ્યાં મશીનથી કામગીરી ન થઇ સકે ત્યાં મજુર દ્વારા સફાઇ કરવામાં આવશે.

ઉપરોકત કામગીરી અંતર્ગત શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારના રામેશ્વર ચોક, હરીહર ચોક વિસ્તારના વોંકળામાંથી ૩૦ ટન ગાર કચરાનો નિકાલ કરવામાં આવેલ છે, જયારે પુર્વ ઝોન વિસ્તાર રણછોડદાસ આશ્રમ સામે, જીલ્લાના નાલાથી સાધુ સ્મશાન, ચુનારવાડ વિગેરે વિસ્તારમાંથી ૩૦ ડમ્પર અને ૩ ટ્રેકટર દ્વારા ૩૩ ટન ગાર, કચરાનો નિકાલ કરવામાં આવેલ છે. તેમજ પશ્ચિમ ઝોન વિસ્તારમાં મવડી ડ્રેનેજ પંમ્પીંગ સ્ટેશન, રામધણ પાસેથી ૩ ડમ્પર અને ૨ ટ્રેકટર દ્વારા કુલ ૩૨ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ છે. તેમજ બાકી રહેતા તમામ વોંકળાની સફાઇ તાત્કાલિક પૂર્ણ કરવામાં આવશે.



કુલ ૧૭૮ ઓટો રીક્ષા ડ્રાઈવર્સને ચોક્કસ કરિયાણાની દુકાનો સોંપી આવશ્યક ચીજવસ્તુઓની હોમ ડીલીવરી શરૂ કરાવી. રાજકોટ મનપાની વેબસાઈટ પર ૬૯ મેડિકલ સ્ટોર અને ૨૭૬૦ કરિયાણાની દુકાનો દુધની ડેરીની વોર્ડ વાઈઝ યાદી મોબાઈલ ફોન નંબર સાથે પણ પ્રસિધ્ધ કરવામાં આવી હતી.



## પ્રોજેક્ટ શાખા દ્વારા ઘરવિહોણા લોકો માટે આરોગ્યની ચકાસણી કરાઈ











હાલ સમગ્ર દેશમાં કોરોના વાઈરસની મહામારી ચાલી રહી છે, ત્યારે કેન્દ્ર સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રી દ્વારા તમામ લોકોના સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. સમગ્ર દેશ લોકડાઉન કરવામાં આવ્યો છે. લોકોની જીવનજરૂરીયાતની તમામ સામગ્રી સરકારશ્રી દ્વારા ઘરે બેઠા મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. તેના સંદર્ભે મ્યુનિસિપલ કમિશનરશ્રી ઉદિત અગ્રવાલના અન્વયે રાજકોટ મહાનગરપાલિકાના પ્રોજેક્ટ શાખા દ્વારા ઘરવિહોણા લોકો માટે આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી. સાથોસાથ સ્વેચ્છિક સંસ્થાઓ દ્વારા ઘરવિહોણા લોકો માટે ભોજન સહિતની પ્રાથમિક જરૂરિયાતો નિયમિત મળતી રહે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે.

કોરોના (COVID-19) વાઈરસ અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કાર્યરત આશ્રયસ્થાનોમાં તકેદારીના પગલારૂપે દીન દયાળ અંત્યોદય યોજના રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (DAY NULM) યોજના હેઠળ રાજકોટ શહેર ખાતે કાર્યરત ડોર્મીટરી/ આશ્રયસ્થાનમાં વસવાટ કરતા ઘરબાર વિહોણા લાભાર્થીઓની આરોગ્યની તકેદારીના ભાગરૂપે આરોગ્ય વિભાગના સહયોગથી તા.૯–૪–૨૦૨૦નાં રોજ સવારે ૧૦:૦૦ કલાક થી પ્રાથમિક આરોગ્ય ચકાસણી મોબાઈલ ડિસ્પેન્સરી મારફત કરવામાં આવેલ હતી.

ડોર્મીટરી/આશ્રયસ્થાનનું નામની વિગત આ મુજબ છે.

– ભોમેશ્વર ડોર્મીટરી, ભોમેશ્વર વાડી, શેરી નં.૨, રાજકોટમાં આરોગ્ય ચકાસણી કરેલ લાભાર્થીની ૫૭ સંખ્યા

– બેડીનાકા આશ્રયસ્થાન, આજી નદીના કાંઠે, રાજકોટમાં આરોગ્ય ચકાસણી કરેલ લાભાર્થીની ૩૨ સંખ્યા

– મરચાપીઠ આશ્રયસ્થાન, જુના ઢોર ડબ્બા, રાજકોટમાં આરોગ્ય ચકાસણી કરેલ લાભાર્થીની ૨૧ સંખ્યા

આજીડેમ આશ્રયસ્થાન, આજીડેમ ચોકડી, જુના જકાતનાકા, રાજકોટમાં આરોગ્ય ચકાસણી કરેલ લાભાર્થીની ૦૫ સંખ્યા

– રામનગર આશ્રયસ્થાન, આજીવસાહત, ૮૦ ફૂટ રોડ, રાજકોટમાં આરોગ્ય ચકાસણી કરેલ લાભાર્થીની ૦૪ સંખ્યા

આ આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાં એકંદરે ૧૧૯ લાભાર્થીઓને ડૉ. ઉષાબેન ઝાલા અને ડૉ. ગીરીરાજ મહેતા તથા તેમની ટીમ દ્વારા ચકાસણી કરવામાં આવેલ હતી, નાયબ કમિશનરશ્રી સી. કે. નંદાણી અને સહાયક કમિશનરશ્રી એચ. આર. પટેલનાં માર્ગદર્શન હેઠળ પ્રોજેક્ટ શાખાના આસિસ્ટન્ટ મેનેજરશ્રી ભૂમિબેન એચ. પરમાર તથા પ્રોજેક્ટ શાખાના સીનીયર સમાજ સંગઠકો, NULM મેનેજર––શ્રીઓ તથા NULM સમાજ સંગઠકોએ સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે મુજબ વ્યવસ્થા ગોઠવી આરોગ્યની ચકાસણી કરેલ છે. તદુપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સંકલન કરીને આશ્રયસ્થાનોનાં તમામ લાભાર્થીઓને નિયમિત ભોજન સહીતની પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવામાં આવે છે. જ્યારે શાળા નં.૧૦ ખાતે ડોર્મીટરીમાં પરિસ્થિતિને ધ્યાને લઇ કવોરેન્ટાઇન સેન્ટર તરીકે રીઝર્વ રાખવામાં આવેલ છે.

## સફાઈ તથા આરોગ્યલક્ષી કામગીરીમાં રોકાયેલા કર્મચારીઓને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ દ્વારા સ્વ ખર્ચે ડેટોલ સાબુનું વિતરણ





વર્તમાન સમયમાં વિશ્વભરમાં કોવીડ–૧૯ વાયરસના કારણે મહામારી ફેલાઈ છે. ત્યારે લોકોના આરોગ્યની જાળવણી માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સઘન સફાઈ ચાલુ કરવામાં આવી છે. તેની સાથે શહેરના તમામ વોંકળાની સફાઈ ચાલુ કરવામાં આવી રહી છે. આ સ્થિતિને નજર સમક્ષ રાખતા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ઉદયભાઈ કાનગડ દ્વારા આરોગ્યલક્ષી કામગીરીમાં રોકાયેલા મહાનગરપાલિકાના સ્ટાફને ડેટોલ સાબુનું વિતરણ કરવામાં આવેલ છે. ચેરમેનશ્રીએ જણાવ્યું હતું કે, શહેરીજનોનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે સતત ફીલ્ડમાં રહી સફાઈ અને આરોગ્યલક્ષી કામગીરી કરી રહેલા કર્મચારીઓનું આરોગ્ય સારું રહે તેની ચિંતા આપણે કરવી જોઈએ.

આ અંગે વધુ વિગત આપતા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડે જણાવેલ છે કે, હાલની વૈશ્વિક મહામારીના કારણે ઉભી થયેલ પરિસ્થિતિમાં લોકોના આરોગ્યની જાળવણી માટે સમગ્ર શહેરની સ્વચ્છતાની જવાબદારી નિભાવી રહેલા રાજકોટ મહાનગરપાલિકાના સફાઈ કામદારો, આરોગ્ય વિભાગના કર્મચારીઓ તથા ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના કર્મચારીઓ કે જે સતત આઉટડોરની કામગીરી રહેતી હોય છે. જેઓના સ્વાસ્થ્યની ચિંતા કરીને રાજકોટ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ઉદયભાઈ કાનગડ દ્વારા સ્વ ખર્ચે તા.૯–૪–૨૦૨૦ના રોજ ઉપરોક્ત કામગીરીમાં રોકાયેલ તમામ કર્મચારીઓને આશરે રૂ.૨.૫૦ લાખના ખર્ચે ૧૦,૦૦૦ નંગ ડેટોલ સાબુનું વિતરણ કરવામાં આવેલ છે. ચેરમેનશ્રીએ તમામ વોર્ડમાં આ સાબુનો જથ્થો રવાના કરાવેલ છે.

## સાથી હાથ બઢાના

### રાજકોટ મહાનગરપાલિકાને ૧૦,૦૦૦ થ્રી પ્લાય માસ્ક અર્પણ કરતા મારવાડી શેર્સ એન્ડ ફાઈનાન્સ લિ.ના શ્રી કેતનભાઈ મારવાડી



કોરોનાના સંક્રમણ સામે લેવાઈ રહેલા વિવિધ પગલાઓના ભાગરૂપે શહેરના વિવિધ સ્થળો પર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અનેકવિધ કામગીરી કરવામાં આવી રહી છે જેમાં તા.૪–૪–૨૦૨૦ના રોજ મનપાના અનેક સફાઈ કર્મચારીઓથી માંડીને વિવિધ શાખાઓના અધિકારીઓ અને કર્મચારી પોતાની જવાબદારી નિભાવી રહયા છે. આવા સંજોગોમાં સ્ટાફને પણ વાઈરસ સંક્રમણ સામે રક્ષણ મળી રહે તેવા આશય સાથે શ્રી મારવાડી શેર્સ એન્ડ ફાઈનાન્સ લિ.ના મેનેજિંગ ડાઈરેક્ટર શ્રી કેતનભાઈ મારવાડી દ્વારા રાજકોટ મહાનગરપાલિકાને ૧૦,૦૦૦ નંગ થ્રી પ્લાય માસ્ક અર્પણ કરવામાં આવેલ છે. શ્રી કેતનભાઈ મારવાડી વતી તેમના પ્રતિનિધિઓ શ્રી અરવદભાઈ એ. ગામોટ, શ્રી સુરજભાઈ બીપીનભાઈ મહેતા અને શ્રી બીપીનભાઈ રમેશચંદ્ર મહેતાના હસ્તે મ્યુનિસિપલ કમિશનર શ્રી ઉદિત અગ્રવાલને ૧૦,૦૦૦ થ્રી પ્લાય માસ્કનો જથ્થો અર્પણ કર્યો હતો અને મનપાની સેવાને બિરદાવી હતી. જ્યારે મ્યુનિ. કમિશનરશ્રી પણ મારવાડી શેર્સ એન્ડ ફાઈનાન્સ લિ. દ્વારા મનપાના કાર્યમાં આપવામાં આવેલા સાથ સહકાર બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

**૫૩૯૯ આસામીઓ પાસેથી રૂપિયા ૩૩૮૯૪૦૦નો દંડ વસુલ કરવામાં આવેલ અને ૧૨૯૩૬ આસામીઓને વિનામુલ્યે માસ્ક આપવામાં આવેલ.**





# રાજકોટ શહેરમાં તમામ લોકો માટે માસ્ક પહેરવું ફરજીયાત જાહેર કરતા મ્યુનિસિપલ કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ

## જાહેરનામું ઈસ્યુ કરાયું : પ્રથમ વખત ભંગ કરનાર વ્યક્તિ પાસેથી રૂા.૧,000 અને જો એ વ્યક્તિ ફરી વખત ભંગ કરે તો રૂા.૫,000નો દંડ વસૂલ કરવામાં આવશે.

### મોઢું અને નાક ઢંકાય એ રીતે માસ્ક અથવા હાથ રૂમાલ અથવા અન્ય કાપડ મોઢે બાંધવું ફરજીયાત

વિશ્વ આરોગ્ય સંસ્ગાએ કોરોનાના રોગચાળાને વૈશ્વિક મહામારી જાહેર કરેલી છે. ભારતમાં કોરોનાના સંક્રમણને પ્રસરતો અટકાવવા કેન્દ્ર સરકારશ્રીએ એપિડેમીક ડિસીઝ એક્ટ, ૧૮૮૯ અનુસાર આવશ્યક પગલાં લેવા રાજ્યોને આપેલ આદેશ અને રાજ્ય સરકારશ્રીએ આપેલી સૂચના અનુસાર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ વિવિધ પગલા લેવામા આવી રહ્યા છે. તા.૧૨-૪-૨૦૨૦ના રોજ રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે રાજકોટ શહેરમાં તમામ લોકો માટે માસ્ક પહેરવું ફરજીયાત જાહેર કરેલ છે, ઘરથી બહાર નીકળનાર વ્યક્તિએ મોઢું અને નાક ઢંકાય તે માટે માસ્ક અથવા હાથ રૂમાલ અથવા અન્ય કાપડ મોઢે બાંધવું ફરજીયાત બનશે. આ જાહેરનામાનો અમલ આવતી કાલ તા.૧૩-૦૪-૨૦૨૦ ને વહેલી સવારે ૦૬:00 વાગ્યાથી શરૂ થઇ રહેલ છે.

આજે સાંજે ૦૫:00 વાગ્યે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કોન્ફરન્સ હોલ ખાતે એક પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી, જેમાં મ્યુનિ, કમિશનરશ્રી એ જાહેરનામામા જણાવેલ વિગતો જાહેર કરતા કહ્યું હતું કે, લોકડાઉનના સમયગાળામાં શહેરીજનો તરફથી સહયોગ પ્રાપ્ત થઇ રહ્યો છે, શહેરીજનોના સ્વાસ્થ્યના હિતમાં મનપા દ્વારા વિવિધ પગલા પણ લેવાઈ રહયા છે, જેમાં હવે વ્યાપક જાહેર સ્વાસ્થ્યના હિતમાં લોકો અનિવાર્ય સંજોગોમાં ઘરની બહાર નીકળે ત્યારે તેઓએ મોઢું અને નાક ઢંકાય તે રીતે માસ્ક અથવા રૂમાલ અથવા અન્ય કાપડ વડે મ્હો ઢાંકવું ફરજીયાત બનાવવામાં આવેલ છે. કોરોના વાઈરસના સંક્રમણના પ્રસાર સામે લેવામાં આવતા પગલા અને અન્ય કાર્યવાહીમાં આમ તો જાહેરજનતા તરફથી વહીવટીતંત્રને સહયોગ પ્રાપ્ત થઇ જ રહ્યો છે. આમ છતાં જો કોઈ નાગરિક આ જાહેરનામાનો ભંગ કરશે તો પ્રથમ વખત આ ભંગ થવા બદલ રૂા.૧,000 અને ત્યારપછી પણ જેતે વ્યક્તિ તરફથી જાહેરનામાનો ભંગ થયે રૂા. ૫,000 નો દંડ વસુલ કરવામાં આવશે. જો કોઈ નાગરિક દંડ ચૂકવવા માટે ઈનકાર કરશે તો I.P.C.ની ૧૮૮ કલમ હેઠળ ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ જાહેરનામાનો અમલ કરાવવા માટે મનપાના વિવિધ કેટેગરીના અધિકારીઓ ને સત્તા સુપરત કરવામાં આવશે. જેમાં આસીસ્ટન્ટ મેનેજર, વોર્ડ ઓફિસર, સેનેટરી ઈન્સ્પેક્ટર, સેનેટરી સબ ઈન્સ્પેક્ટર એસ્ટેટ ઈન્સ્પેક્ટર તેમજ લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટરને સત્તા સુપરત કરી શહેરના વિવિધ પોઈન્ટસ પર ફરજ સોંપવામાં આવશે. જાહેરનામાનો ભંગ કરનાર નાગરિકો પાસેથી દંડ વસૂલ કરવા તેમજ ફોજદારી કાર્યવાહી કરવાની ફરજ તેઓ બજાવશે. મ્યુનિ, કમિશનરશ્રી વધુમાં ભારપૂર્વક એમ કહ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા નાગરિકો પાસેથી દંડ વસૂલ કરવા ઈચ્છતી નથી પરંતુ વર્તમાન સંજોગોમાં લોકડાઉનના સંપૂર્ણ પાલન અને કોરોના વાયરસના ચેપને પ્રસરતો રીકવાના પગલાં રૂપે માસ્ક ફરજીયાત બનાવવાની ફરજ પડી છે અને લોકો આ જાહેરનામાનો પણ વ્યાપક જાહેર સ્વાસ્થ્યના હિતમાં અમલ કરે તેવો હેતુ છે અને જો કોઈ નાગરિક આ જાહેરનામાનો ભંગ કરે એતો નાછૂટકે મહાનગરપાલિકા દ્વારા એ વ્યક્તિ પાસેથી દંડ વસૂલ કરવા મજબુર બનશે.



## રાજકોટ શહેરમાં જંગલેશ્વર વિસ્તારમાં તા.૧૦-૦૪-૨૦૨૦ના રોજ વધુ પાંચ વ્યક્તિઓને કોરોના પોઝિટિવ

**તા.૧૦-૦૪-૨૦૨૦ના રોજ નોંધાયેલ કોરોના પોઝીટીવના નવા પાંચ કેસની યાદી**

| ક્રમ | નામ | વિસ્તારનું નામ | ઉંમર/જાતિ | પોઝીટીવ આવ્યા તારીખ |
|---|---|---|---|---|
| ૦૧ | રીયાઝ અલ્તાફ પત્તાણી | જંગલેશ્વર – ૨૭ | ૧૭/ખ | ૧૦-૦૪-૨૦૨૦ |
| ૦૨ | ઝરીના અલ્તાફ પત્તાણી | જંગલેશ્વર – ૨૭ | ૪૦/ઋ | ૧૦-૦૪-૨૦૨૦ |
| 03 | ઈમ્તિયાઝ ડાકોર | જંગલેશ્વર – ૨૭ | ૩૮/ખ | ૧૦-૦૪-૨૦૨૦ |
| ૦૪ | ઈમ્તિયાઝ પત્તાણી | જંગલેશ્વર – ૨૭ | ૧૮/ખ | ૧૦-૦૪-૨૦૨૦ |
| ૦૫ | સાહિલ જુસૈફ દોઢિયા | જંગલેશ્વર – ૨ | ૨૭/ખ | ૧૦-૦૪-૨૦૨૦ |

**આ અગાઉ નોંધાયેલા અન્ય ૧૨ કેસની યાદી**

| ક્રમ | નામ | વિસ્તારનું નામ | ઉંમર/જાતિ | પોઝીટીવ આવ્યા તારીખ |
|---|---|---|---|---|
| ૦૧ | નદીમ કાસમભાઈ સેવિંગીયા | લેવા પટેલ સોસાયટી, જંગલેશ્વર મેઈન રોડ | ૩૨/M | ૧૮-03-૨૦૨૦ |
| ૦૨ | મયુરધ્વજસિંહ હરિશ્ચંદ્રસીંહ ઝાલા | ન્યુ કોલેજ વાડી | ૩૬/M | ૨૪-03-૨૦૨૦ |
| 03 | વિમલાબેન હર્ષદભાઈ કાનાબાર | ૧૫-એ, જાગનાથ પ્લોટ | ૭૮/F | ૨૪-03-૨૦૨૦ |
| ૦૪ | કૌશલ હર્ષદભાઈ કાનાબાર | ૧૫-એ, જાગનાથ પ્લોટ | ૪૨/M | ૨૫-03-૨૦૨૦ |
| ૦૫ | રાકેશ અરજણભાઈ હાપલીયા | ૮ રોયલ પાર્ક, કાલાવાડ રોડ | ૩૬/M | ૨૫-03-૨૦૨૦ |
| ૦૬ | મેહુલ પ્રફુલભાઈ કોટેચા | એકતા એપાર્ટમેન્ટ, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર રોડ | ૩૯/M | ૨૭-03-૨૦૨૦ |
| ૦૭ | ધરતી રાકેશભાઈ હાપલીયા | પંચશીલ સોસાયટી, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર | 33/F | ૨૭-03-૨૦૨૦ |
| ૦૮ | જીતેન્દ્ર મનસુખભાઈ સાવલીયા | તપસ સોસાયટી, નાના મૌવા મેઈન રોડ | ૩૭/M | ૨૭-03-૨૦૨૦ |
| ૦૯ | જય વ્રજલાલભાઈ સોરઠીયા | સાનિધ્ય ગ્રીન, ન્યુ ૧૫૦ ફૂટ રીંગ રોડ | ૨૮/M | 30-03-૨૦૨૦ |
| ૧૦ | અલ્તાબ અલ્લારખા પતાણી | જંગલેશ્વર શેરી નં. ૨૭ | ૪૦/M | ૦૭-૦૪-૨૦૨૦ |
| ૧૧ | આશિયાના કુરેશી | જંગલેશ્વર શેરી નં. ૨૭ | ૩૫/F | ૦૯-૦૪-૨૦૨૦ |
| ૧૨ | જીલુબેન જુમ્માભાઈ | જંગલેશ્વર શેરી નં. ૨૬ | ૫૦/F | ૦૯-૦૪-૨૦૨૦ |





**આરોગ્ય વિભાગના મેડીકલ ઓફિસર, RBSK મેડીકલ ઓફિસર, નર્સીંગ સ્ટાફ, આશા બહેનોને તાલીમ આપવામાં આવેલ તેમજ RBSK ડોક્ટર્સની જુદી જુદી ટીમો દ્વારા રાજકોટ શહેરની ૯૩ જેટલી શાળાઓમાં માર્ગદર્શન આપવામાં આવેલ તથા આરોગ્ય કેન્દ્રના સ્ટાફ દ્વારા ૨૧,૦૦૦ જેટલી પત્રિકાનું વિતરણ કરવામાં આવેલ.**







# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પ્રતિનિધિશ્રીઓ માટે આરોગ્ય તપાસ કેમ્પ યોજવામાં આવ્યો



સમગ્ર દુનિયામાં કોરોના સામે લડત કરી રહયા છીએ ત્યારે પળે પળની જાણકારી આપતા પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા માટે તા.૬–૪–૨૦૨૦ના રોજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય તપાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મેયરશ્રી બિનાબેન આચાર્ય, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, દંડકશ્રી અજયભાઈ પરમાર, આરોગ્ય સમિતિના ચેરમેન શ્રી જયમીનભાઈ ઠાકર, ભાજપના સૌરાષ્ટ્ર કચ્છ મીડિયા સેલના કન્વીનરશ્રી રાજુભાઈ ધ્રુવ, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડૉ. પંકજ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા, તથા પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાંથી બહોળી સંખ્યામાં પ્રતિનિધિ મિત્રો પોતાનું આરોગ્ય તપાસ કરાવવા ઉપસ્થિત રહયા હતા. આ આયોજનમાં મીડિયામાંથી કુલ ૨૪૫ પ્રતિનિધિશ્રીઓએ પોતાના સ્વાસ્થ્યનું નિદાન કરાવ્યું હતું.

મેયરશ્રી બિનાબેન આચાર્યએ ઉપસ્થિત મીડિયા પ્રતિનિધિશ્રીઓને આવકારી પોતાના વિચારો રજુ કરતા જણાવ્યું હતું કે, અત્યારે આવી પડેલી કોરોના રૂપી મહામારી સામે આપણે સૌ ઝઝૂમી રહયા છીએ ત્યારે સમગ્ર સમાજની સાથે રહી પોતાના જીવના જોખમે લોકોને રોજબરોજના અહેવાલોથી વાકેફ કરી યોધ્ધા જેવી ભૂમિકા ભજવી રહેલા મીડિયા પ્રતિનિધિશ્રીઓનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. તેઓની ફરજ નિષ્ઠા ખરેખર બિરદાવવાને પાત્ર છે.

મ્યુનિ, કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ એ જણાવ્યું હતું કે, અત્યારે સમગ્ર દેશના લોકો કોરોના સામે લડવા પોતાના ઘરમાં રહેલા છે ત્યારે મીડિયાના પ્રતિનિધિશ્રીઓ પોતાના પરિવારથી દુર રહી દિવસરાત જોયા વગર સમાજને લેટેસ્ટ અપડેટ્સ પહોંચાડી રહયા છે તેઓ પોતાના સ્વાસ્થ્યની પણ ચિંતા કર્યા વગર જે જવાબદારી નિભાવી રહયા છે તે ખુબ જ પ્રસંસનીય છે. શ્રી રાજુભાઈ ધ્રુવે સૌ મીડિયાના પ્રતિનિધિશ્રીઓ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા યોજાયેલા આ મેડીકલ તપાસ કેમ્પ બદલ પદાધિકારીશ્રીઓ અને કમિશનર શ્રી તથા આરોગ્ય તપાસ ટીમનો આભાર માન્યો હતો, તેમજ ગુજરાતના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી એ મીડિયાના પ્રતિનિધિશ્રીઓ માટે પાઠવેલ સંદેશ શ્રી રાજુભાઈએ વાંચી સંભળાવ્યો હતો.

૨૫૦ જેટલા મીડિયા પ્રતિનિધિઓના આરોગ્યની તપાસ માટે નાયબ આરોગ્ય અધિકારી ડૉ. પંકજ રાઠોડ, R.C.S.O. ડૉ. ભૂમિબેન કમાણી, E.M.O. ડૉ. જયદીપ જોષી, મેડીકલ ઓફિસરો ડૉ. મિલન



પંડ્યા, ડૉ. હાર્દિક મેતા, ડૉ. નિશિતા સોમૈયા, ડૉ. ચાંદની મીંજરોલા, ડૉ. તોરલ શાહ, ડૉ. દેવલ ઓડેદરા, લેબોરેટરી ટેક્નીશિયન શ્રી મધુબેન, શ્રી દીપાબેન પરીખ, શ્રી હેતલબેન મેંદપરા, શ્રી અંજનાબેન સોરઠિયા, ફાર્માસીસ્ટ શ્રી દિવ્યાબેન અગોલા, શ્રી શ્વેતાબેન રાદડિયા, સ્ટાફ નર્સ શ્રી મીરાબેન પીઠડીયા, શ્રી રમાબેન ભટ્ટી, શ્રી ભાવનાબેન નારીગ્રા, શ્રી તેજસ્વીનીબેન નોંધણવદરા તેમજ આરોગ્ય વિભાગની ટીમે જહેમત ઉઠાવી હતી.

ગુજરાતના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનો મીડિયાના પ્રતિનિધિશ્રીઓને શુભેચ્છા સંદેશ આપતા જણાવેલ કે, સમગ્ર વિશ્વમા કોરોના મહામારીની અતિ ગંભીર અસર છે. ભારતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્ર સરકાર અને સમગ્ર તંત્રના આગોતરા પ્રયાસ, સમયસૂચકતાને લીધે અન્ય દેશોની સરખામણીમાં આ વાયરસની અસર સદનસીબે ઓછી થઇ છે. આપણે એના માટે પરમ કૃપાળુ પરમાત્માનો પણ ઉપકાર માનીએ. જ્યારથી આ વાયરસની અસર શરૂ થઈ, કેસ આપણે ત્યાં દેખાયા ત્યારથી સરકારી અને ખાનગી ક્ષેત્રના ડોક્ટર્સ, પોલીસના કર્મચારીઓ, નર્સિંગ સ્ટાફ, અને સરકારના અન્ય વિભાગના લોકો સતત ફરજ પરત છે. આ તમામ લોકોની સાથે જ મીડિયાના કર્મચારીઓ પણ સતત દોડી રહ્યા છે. સરકાર દ્વારા થતી કામગીરીની માહિતી પણ લોકો સુધી પહોંચાડી રહ્યા છે. પોઝિટિવ ન્યૂઝ સ્ટોરી દ્વારા તંત્રને પ્રોત્સાહિત કરી રહ્યા છે. રાજ્યના મુખ્યમંત્રી તરીકે મને આ સૌ કોઇ મિત્રો માટે ગૌરવ છે.

કેન્દ્ર સરકારે આ સ્થિતિમાં ફરજ પર રહેલા ડોક્ટર્સ માટે વીમા કવચની જાહેરાત કરી છે અને રાજ્ય સરકારે પોલીસ કર્મચારીઓ માટે આવું જ પેકેજ જાહેર કર્યું છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકાએ મીડિયા માટે પહેલ કરીને મીડિયાના કર્મચારીઓ માટે સ્વાસ્થ્ય નિદાન કેમ્પનું આયોજન કર્યું છે એને હું બિરદાવું છું. રાષ્ટ્રીય ચેનલ,અખબારના પ્રતિનિધીઓ, સ્થાનિક કક્ષાએથી પ્રકાશિત થતા અખબારના પત્રકારો, વિવિધ ચેનલ અને વેબસાઇટના પ્રતિનિધી તેમ જ કેમેરામેન મેગેઝિનના પત્રકારો આ સૌ કોઈએ આ રાષ્ટ્રીય આપત્તિમાં કાર્યરત રહીને નિષ્ઠાનું ઉદાહરણ પૂરૂ પાડ્યું છે.

આ સૌ માટે જે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે એના માટે રાજકોટના સૌ પદાધિકારી ઓ, મ્યુનિ. કમિશનર અને એમની ટીમને અભિનંદન આપું છું અને સૌના સારા સ્વાસ્થ્ય માટે આજે મહાવીર જયંતિના પવિત્ર દિવસે ભગવાનને પ્રાર્થના કરૂ છું.

## આ આરોગ્ય કેમ્પમાં મીડિયાના કુલ ૨૫૦ જેટલા પ્રતિનિધિશ્રીઓએ નિદાન કરાવ્યું

**મેયરશ્રી બિનાબેન આચાર્યએ ઉપસ્થિત મીડિયા પ્રતિનિધિ––શ્રીઓને આવકારી પોતાના વિચારો રજુ કરતા જણાવ્યું હતું કે, અત્યારે આવી પડેલી કોરોના રૂપી મહામારી સામે આપણે સૌ ઝઝૂમી રહયા છીએ ત્યારે સમગ્ર સમાજની સાથે રહી પોતાના જીવના જોખમે લોકોને રોજબરોજના અહેવા––લોથી વાકેફ કરી યોધ્ધા જેવી ભૂમિકા ભજવી રહેલા મીડિયા પ્રતિનિધિશ્રીઓનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. તેઓની ફરજ નિષ્ઠા ખરેખર બિરદાવવાને પાત્ર છે.**

**મ્યુનિ, કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ એ જણાવ્યું હતું કે, અત્યારે સમગ્ર દેશના લોકો કોરોના સામે લડવા પોતાના ઘરમાં રહેલા છે ત્યારે મીડિયાના પ્રતિનિધિશ્રીઓ પોતાના પરિવારથી દુર રહી દિવસરાત જોયા વગર સમાજને લેટેસ્ટ અપડેટ્સ પહોંચાડી રહયા છે તેઓ પોતાના સ્વાસ્થ્યની પણ ચિંતા કર્યા વગર જે જવાબદારી નિભાવી રહયા છે તે ખુબ જ પ્રસંસનીય છે.**

અલગ-અલગ આરોગ્ય કેન્દ્રો તથા હોમ કોરોન્ટાઇન પોઇન્ટ પર પ્રોઇવેટ સિક્યુરીટી ગાર્ડ ફાળવણી કરવામાં આવેલ. તેમજ મહાનગરપાલિકાની માલ-મિલ્કત અને જાહેર બગીચાઓ ખાતે રાઉન્ડ ધી કલોક પટ્રોલીંગ કામગીરી કરવામાં આવેલ છે. કુલ ગાર્ડ- ૨૬૪ ફાળવેલ.

ઈ-ન્યુઝલેટર સ્માર્ટ રાજકોટ

# રાજકોટ મહાનગરપાલિકાને શ્રી રામ આલ્કલી એન્ડ કેમિકલ કંપની, ભરૂચ પાસેથી ૧૦ હજાર લિ. કેમિકલ હાઈપોકલોરાઈટનો જથ્થો વિનામૂલ્યે મળ્યો

## પી.એ. ટુ મેયર શ્રી કે. એચ. હિન્ડોચા અને પર્યાવરણ ઈજનેર શ્રી નિલેશ પરમાર અને રાજકોટ પેઈન્ટ્સ ડીલર્સ એસો.ના મહામંત્રીશ્રી મથુરભાઈ ગોરસીયાના પ્રયાસો ફળ્યા



## કંપની તથા તેના એડિશનલ મેનેજરશ્રી કલ્પેશભાઈ મેહતા, શ્રી મથુરભાઈ અને ગોવર્ધન ગૌશાળા પ્રમુખ શ્રી જગદીશભાઈ હરિયાણીનો આભાર વ્યક્ત કરતા માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય - મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

કોરોનાના સંક્રમણ સામે લેવાઈ રહેલા વિવિધ પગલાઓના ભાગરૂપે હાલમાં શહેરના વિવિધ સ્થળો પર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ડિસઇન્ફેક્શનની કામગીરી કરવામાં આવી રહી છે, જેમાં ફાયર એન્ડ ઇમરજન્સી વિભાગનો સ્ટાફ હાઈપ્લોક્લોરાઈડ કેમિકલ મિશ્રિત દ્રાવણનો સ્પ્રે કરી રહ્યા છે. અત્યારે કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીને રાહત ફંડમાં ઠેરઠેરથી આર્થિક સહયોગ પ્રાપ્ત થઇ રહ્યો છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા ને ડીસઇન્ફેક્શનની કામગીરી માટે ભરૂચના ઝગડીયા સ્થિત શ્રી રામ આલ્કલી એન્ડ કેમિકલ કંપની પાસેથી ૧૦,૦૦૦ લીટર કેમિકલ હાઈપોકલોરાઈટ નો જથ્થો વિનામૂલ્યે તા.૧૩-૦૪-૨૦૨૦ના રોજ મળ્યો છે. આ ઉમદા કાર્યમાં સહભાગી બનેલા રાજકોટ પેઈન્ટ્સ ડીલર્સ એસો.ના મહામંત્રી શ્રી મથુરભાઈ, ગોવર્ધન ગૌશાળા પ્રમુખ શ્રી જગદીશભાઈ હરિયાણી અને કંપની અને તેના એડિશનલ મેનેજર (સી.એસ.આર.) શ્રી કલ્પેશભાઈ મેહતાનો આભાર વ્યક્ત કરતા માન. મેયર શ્રી બિનાબેન આચાર્ય અને મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે ખુબ જ ખુશી વ્યક્ત કરી હતી. મેયરશ્રી અને કમિશનરશ્રીએ આ કાર્ય સારીરીતે અને ઝડપી પૂર્ણ કરાવવામાં ફરજ નિભાવનાર પી.એ. ટુ મેયર શ્રી કનુભાઈ હિંડોચાની કામગીરી પણ બિરદાવી હતી.

રાજકોટમાં જ રહેતા અને ભરૂચના ઝગડીયા સ્થિત શ્રી રામ આલ્કલી એન્ડ કેમિકલ કંપનીમાં એડિશનલ મેનેજર (સી.એસ.આર.) તરિકે ફરજ બજાવતા શ્રી કલ્પેશભાઈ મેહતાએ પોતાના વતન પ્રત્યેની ઉમદા ફરજ નિભાવવાની ખ્વાઇશ સાથે રાજકોટ પેઈન્ટ્સ ડીલર્સ એસો.ના મહામંત્રી શ્રી મથુરભાઈ ગોરસીયા સાથે વાત કરી હતી અને તેઓએ ગોવર્ધન ગૌશાળા પ્રમુખ શ્રી જગદીશભાઈ હરિયાણી મારફત પી.એ. ટુ મેયર શ્રી કે.એચ. હિંડોચા નો સંપર્ક કર્યો હતો. આ પછી શ્રી હિન્ડોચાભાઈએ રાજકોટ મહાનગરપાલિકા ને ૧૦૦૦૦ લીટર હાઈપોક્લોરાઈટ કેમિકલ વિનામૂલ્યે મળે તે માટે જરૂરી વાહન મોકલવા અને તેની આવશ્યક પરવાનગી મેળવવા સહિતની કાર્યવાહી મનપાના પર્યાવરણ ઈજનેરશ્રી નિલેશ પરમારના સંકલનમા રહી ત્વરિત પૂર્ણ કરાવી હતી. ભરૂચથી ૧૦,૦૦૦ લીટર આ કેમિકલનો જથ્થો રાજકોટ આવી પહોંચ્યો છે. ઉપરાંત આ કંપની પાસેથી હજુ પણ રાજકોટને વધારે આવશ્યકતા મુજબ કેમિકલ મળી રહે તે માટે શ્રી હિન્ડોચાભાઈ સતત પ્રયાસો કરી રહ્યા છે. આ કાર્યમાં સાથ આપનાર સૌ પ્રત્યે શ્રી હિન્ડોચાભાઈ એ પણ આભારની લાગણી વ્યક્ત કરી છે.

શહેરીજનોના સ્વાસ્થ્યના હિતમાં કામગીરી કરી રહેલી રાજકોટ મહાનગરપાલિકાને ૧૦,૦૦૦ લીટર હાઈપોકલોરાઈટ કેમિકલનો જથ્થો વિનામૂલ્યે આપી સામાજિક જવાબદારી નિભાવતા શ્રી રામ આલ્કલી એન્ડ કેમિકલ કંપનીના એડિશનલ મેનેજર (સી.એસ.આર.) અને રાજકોટના વતની શ્રી કલ્પેશભાઈ મેહતાએ નાગરિક ધર્મ નિભાવ્યો છે.



# રાજકોટ મનપા સ્ટાફ,પોલીસ અને મીડિયાના કર્મચારીઓને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ દ્વારા પોતાના ખર્ચે માસ્કનું વિતરણ કરાયું

વર્તમાન સમયમાં વિશ્વભરમાં કોવીડ-૧૯ વાયરસના કારણે મહામારી ફેલાઈ છે, ત્યારે લોકોના આરોગ્યની જાળવણી માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સઘન સફાઈ, દવા છંટકાવ તેમજ અન્ય વિવિધ કામગીરી કરવામાં આવી રહી છે.

આ સ્થિતિને નજર સમક્ષ રાખતા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ઉદયભાઈ કાનગડ દ્વારા શહેરના જાહેર હિતમાં વિવિધ રીતે તંત્રને ઉપયોગી થવાય તેવા ઉમદા પગલા લેવામાં આવેલ છે. જેમાં તા.૧૩-૦૪-૨૦૨૦ના રોજ શ્રી ઉદયભાઈ કાનગડ દ્વારા પોલીસ સ્ટાફ, રાજકોટ મહાનગરપાલિકાના સ્ટાફ અને મીડિયાને પોતાના ખર્ચે કુલ ૨૫૦૦૦ માસ્કનું વિતરણ કરવામાં આવેલ છે.

ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડે જણાવ્યું હતું કે, શહેરીજનોનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે સતત ફીલ્ડમાં રહી પોલીસ સ્ટાફ, મનપાના કર્મચારીઓ અને સતત લોકો સુધી સમાચારો પહોંચાડતા મીડિયાના પ્રતિનિધિશ્રીઓનું આરોગ્ય સારું રહે તેની ચિંતા આપણે કરવી જોઈએ.

આ અંગે વધુ વિગત આપતા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડે જણાવેલ છે કે, હાલની વૈશ્વિક મહામારીના કારણે ઉભી થયેલ પરિસ્થિતિમાં લોકોના આરોગ્યની જાળવણી માટે સતત કાર્યશીલ રહેતા પોલીસ સ્ટાફને કુલ ૮૦૦૦ N-95 માસ્ક અને રાજકોટ મહાનગરપાલિકાના સ્ટાફને કુલ ૧૫૦૦૦ માસ્ક તેમજ મીડિયાના પ્રતિનિધિશ્રીઓને કુલ ૨૦૦૦ માસ્કનું વિતરણ કરવામાં આવ્યું છે. જેઓના સ્વાસ્થ્યની ચિંતા કરીને રાજકોટ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ઉદયભાઈ કાનગડ દ્વારા પોતાના ખર્ચે આજરોજ પોલીસ અને રાજકોટ મનપાના સ્ટાફ અને મીડિયાને ૨૫૦૦૦ નંગ માસ્કનું વિતરણ કરવામાં આવેલ છે. અગાઉ પણ સ્ટેન્ડિંગ કમીટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ દ્વારા આરોગ્યલક્ષી કામગીરીમાં રોકાયેલ તમામ કર્મચારીઓને આશરે રૂ.૨.૫૦ લાખના ખર્ચે ૧૦,૦૦૦ નંગ ડેટોલ સાબુનું વિતરણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ત્યાર પહેલા પણ તેઓએ શહેરના તમામ ૧૮ વોર્ડમાં ડીસઇન્ફેક્શનની કામગીરી અસરકારક રીત થઇ શકે તે માટે ૧૮ બુમ સ્પ્રેયર મશિનની વ્યવસ્થા કરાવેલી છે અને આ મશીનો આજે પણ દરેક વોર્ડમાં શેરીએ શેરીએ ફરીને ડીસઇન્ફેક્શનની કામગીરી કરી રહેલ છે.

> "વૈશ્વિક મહામારીના કારણે ઉભી થયેલ પરિસ્થિતિમાં લોકોના આરોગ્યની જાળવણી માટે સતત કાર્યશીલ રહેતા પોલીસ સ્ટાફને કુલ ૮૦૦૦ N-95 માસ્ક અને રાજકોટ મહાન--ગરપાલિકાના સ્ટાફને કુલ ૧૫૦૦૦ માસ્ક તેમજ મીડિયાના પ્રતિનિધિશ્રીઓ ને કુલ ૨૦૦૦ માસ્કનું વિતરણ કરવામાં આવ્યું"
>
> – શ્રી ઉદયભાઈ કાનગડ
> ચેરમેનશ્રી, સ્ટેન્ડિંગ કમિટી





**સિવિલ હોસ્પિટલ સ્ટાફને ફરજ પર આવવા તથા પરત ઘરે પહોંચાડવા માટે તા.૨૪-૪-૨૦૨૦ થી ૫(પાંચ) બસ પૂરી પાડવામાં આવેલ, આ સુવિધાનો દૈનિક અંદાજીત ૧૮૦ જેટલા સિવિલ હોસ્પિટલ સ્ટાફ દ્વારા લાભ લેવામાં આવેલ. જે કામગીરી તા.૩૧-૫-૨૦૨૦ના રોજ પુર્ણ થયેલ છે.**



# નોનકોવિડ પેશન્ટને ઘર સુધી મુકવા જવા સિટી બસની વ્યવસ્થા કરાવતા મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ



કોરોના વાયરસના પોઝિટિવ કેસો મળવાના સંજોગોમાં જે દર્દીનો કોરોના અંગેનો લેબ ટેસ્ટ નેગેટિવ આવે તેને સરકારી હોસ્પિટલેથી તેના ઘર સુધી મુકવા જવા માટે રાજકોટ મહાનગરપાલિકા તા.૨૩–૦૪–૨૦૨૦ના રોજથી સિટી બસની સેવા આપશે, તેમ મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું. તેમણે વધુમાં એમ પણ જણાવ્યું હતું કે, હાલમાં કોરોનાના શંકાસ્પદ દર્દી જણાતા તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી તેમના સેમ્પલ લેવામાં આવી રહયા છે અને તેઓને કોરોનાના પોઝિટિવ લક્ષણ જોવા મળે તો તેમની એ પ્રકારે યોગ્ય સારવાર કરવામાં આવે છે અને જો આ કોઈ સેમ્પલ નેગેટિવ આવે તો જે તે દર્દીને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવતા હોય છે. રાજકોટ મહાનગરપાલિકા હવે આવા કોરોના નેગેટિવ દર્દીઓને સિવિલ હોસ્પિટલથી રજા મળ્યા બાદ તેને તેના ઘર સુધી મુકવા જવા માટે સિટી બસની સુવિધા આપશે. આ માટે રાજકોટ મહાનગરપાલિકા સિવિલ હોસ્પિટલને જરૂરિયાત અનુસાર સિટી બસ ઉપલબ્ધ બનાવશે.

## NSICના હોદ્દેદારો દ્વારા રાજકોટ મહાનગરપાલિકાને ૩,૦૦૦ માસ્ક અર્પણ કરવામાં આવ્યા



કોરોનાના સંક્રમણ સામે લેવાઈ રહેલા વિવિધ પગલાઓના ભાગરૂપે શહેરના વિવિધ સ્થળો પર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અનેકવિધ કામગીરી કરવામાં આવી રહી છે જેમાં મહાનગરપાલિકાના અનેક સફાઈ કર્મચારીઓથી માંડીને વિવિધ શાખાઓના અધિકારીઓ અને કર્મચારી પોતાની જવાબદારી નિભાવી રહયા છે. આવા સંજોગોમાં સ્ટાફને પણ વાઈરસ સંક્રમણ સામે રક્ષણ મળી રહે તેવા આશય સાથે NSIC (નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ.)ના જનરલ મેનેજર શ્રી યુ. વેન્કટચલપથી તથા અન્ય અધિકારીશ્રીઓના હસ્તે તા.૨૫–૦૪–૨૦૨૦ના રોજ રાજકોટ મહાનગરપાલિકાને ૩,૦૦૦ નંગ માસ્ક અર્પણ કરવામાં આવેલ છે, તેમ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

વધુમાં મ્યુનિ. કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે, તા.૨૫–૦૪–૨૦૨૦ના રોજ NSIC (નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ.) વતી તેમના પ્રતિનિધિઓ શ્રી કમલકાન્ત સાહુ (ડે. મેનેજર) અને શ્રી રવિપ્રકાશ વાળા (આસી. મેનેજર)ના હસ્તે મનપાને ૩,૦૦૦ નંગ માસ્કનો જથ્થો અર્પણ કર્યો હતો અને મનપાની સેવાને બિરદાવી હતી.




## કર્ફ્યુ ગ્રસ્ત વિસ્તારના સગર્ભા બહેનો માટે જંગલેશ્વરમાં જ અર્બન હેલ્થ સેન્ટર ખાતે કાલથી ગાયનેકોલોજિસ્ટની સેવા ઉપલબ્ધ

કોરોના વાયરસના પોઝિટિવ કેસો મળવાના સંજોગોમાં રાજકોટ શહેરના જંગલેશ્વર વિસ્તારને કર્ફ્યુગ્રસ્ત જાહેર કરેલ છે. આ સ્થિતિમાં રાજકોટ મહાનગરપાલિકા એ જંગલેશ્વર વિસ્તારના સગર્ભા બહેનોને જરૂરિયાત મુજબની તબીબી સેવાઓ વિના વિઘ્ને મળી રહે તેવા આશયથી આ એરિયામાં જ આવેલા પ્રણામી ચોક ખાતેના અર્બન હેલ્થ સેન્ટર ખાતે નિષ્ણાંત ગાયનેકોલોજિસ્ટ તબીબની સેવાઓ ઉપલબ્ધ બનાવવાની વ્યવસ્થા કરી છે. આવતીકાલે તા.૨૩–૪–૨૦૨૦ થી આ આરોગ્ય કેન્દ્ર ખાતે ગાયનેકોલોજિસ્ટ સગર્ભા બહેનોના નિદાન સારવાર સહિતની સેવાઓ આપશે, તેમ મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

તેમણે વધુમાં એમ પણ જણાવ્યું હતું કે, કર્ફ્યુગ્રસ્ત જંગલેશ્વર વિસ્તારના નાગરિકો ઘરની બહાર ન નીકળે અને લોકડાઉન તથા કર્ફ્યુના નિયમોનું ચુસ્ત પાલન કરે તે વર્તમાન સમયની માંગ છે. સ્વાભાવિક રીતે જ ઈમરજન્સી મેડિકલ પરિસ્થિતિમાં પણ લોકોને આ એરિયામાં જ તબીબી સેવાઓ ઉપલબ્ધ બને તે માટે રાજકોટ મહાનગરપાલિકા સતત પ્રયત્નશીલ છે. નાગરિકો ના સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે તે માટે જ આ સમગ્ર કવાયત હાગ ધરવામાં આવી રહી છે ત્યારે લોકો પણ તેમાં પોતાનું પુરેપુરૂ યોગદાન તે જરૂરી છે. લોકોની સગવડતા સાચવવાના હેતુથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સિવિલ હોસ્પિટલ અને પદ્મકુંવરબા હોસ્પિટલના નિષ્ણાંત ગાયનેકોલોજિસ્ટ તબીબની સેવાઓ જંગલેશ્વર પ્રણામી ચોક ખાતે આવેલા શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે આવતી કાલ તા.૨૩–૪–૨૦૨૦થી ઉપલબ્ધ બનાવી છે.




## રાજકોટ મહાનગરપાલિકાને ૫,૦૦૦ માસ્ક અને સેનેટાઈઝરની ૧,૦૦૦ બોટલ રોટરી ક્લબ ઓફ રાજકોટ દ્વારા અર્પણ કરાવી

હાલ કોરોના વાઈરસના સંક્રમણ સામે સમગ્ર દેશ ઝઝૂમી રહ્યો છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરને કોરોના વાઈરસના સંક્રમણથી મુક્ત કરવા અનેકવિધ કાર્યો ચાલી રહયા છે, ત્યારે મનપાના અનેક સફાઈ કર્મચારીઓથી માંડીને વિવિધ શાખાઓના અધિકારીઓ અને કર્મચારી પોતાની જવાબદારી નિભાવી રહયા છે. આવા સંજોગોમાં સ્ટાફને પણ વાઈરસ સંક્રમણ સામે રક્ષણ મળી રહે તેવા આશય સાથે રોટરી ક્લબ ઓફ રાજકોટના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી ભરત ઠુંમર તથા અન્ય અધિકારીશ્રીઓના હસ્તે રાજકોટ મહાનગરપાલિકાને તા.૨૫–૦૪–૨૦૨૦ના રોજ ૫,૦૦૦ નંગ માસ્ક અને સેનેટાઈઝરની ૧,૦૦૦ નંગ બોટલ અર્પણ કરવામાં આવેલ છે, તેમ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

વધુમાં મ્યુનિ. કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે, તા.૨૫–૦૪–૨૦૨૦ ના રોજ રોટરી ક્લબ ઓફ રાજકોટ વતી તેમના પ્રતિનિધિ ઓ શ્રી ડો. હિતા મહેતા (જોઈન્ટ સેક્રેટરી), શ્રી નિશાંત વોરા (જોઈન્ટ સેક્રેટરી) અને શ્રી ચંદ્રેશ મનવાણીના હસ્તે મનપાને ૫,૦૦૦ નંગ માસ્ક અને સેનેટાઈઝરની ૧,૦૦૦ નંગ બોટલનો જથ્થો અર્પણ કર્યો હતો અને મનપાની સેવાને બિરદાવી હતી. મનપાના અધિકારીશ્રીઓ અને તમામ કર્મચારીશ્રીઓની કામગીરી સરાહનીય છે અને રોટરી ક્લબ ઓફ રાજકોટ શહેરીજનોને કોરોના વિશે જાગૃતતા અંગેના મેસેજ પાસ કરશે.

**સફાઈ કામદારોને દિવસની બંને શીફ્ટની કામગીરી માટે ફરજના સ્થળે પહોચાડવા તથા પરત ઘરે પહોંચાડવા માટે રોંજીદી કુલ ૯(નવ) બસની સુવિધા પૂરી પાડવામાં આવી રહેલ છે. જેના દ્વારા રોજના સરેરાશ અંદાજીત ૫૦૦ જેટલા સફાઈ કામદારો દ્વારા દૈનિક ધોરણે બસ સેવાનો લાભ લેવામાં આવેલ. જે કામગીરી તા.૩૧-૫-૨૦૨૦ના રોજ પુર્ણ થયેલ છે.**



# ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૯મી જન્મ જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ



ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૯મી જન્મ જયંતિ નિમિતે આજ રોજ તા. ૧૪–૦૪–૨૦૨૦ ના રોજ સિવિલ હોસ્પિટલ ચોક ખાતે ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને રાજકોટ કલેક્ટરશ્રી રેમ્યા મોહન, રાજકોટ શહેર પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ અને મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ દવારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.




## બાંધકામ સાઈટ પર રહેલા પરપ્રાંતીય મજુરો સાથે વિડીયો કોન્ફરન્સ થકી મનોવૈજ્ઞાનિક પરામર્શ

COVID-19 (કોરોના) વાઈરસને પ્રસરતો અટકાવવા સરકારશ્રી તરફથી તા. ૨૫–03–૨૦૨૦ થી ૧૪–0૪–૨૦૨૦ સુધી પ્રથમ ૨૧ દિવસ માટે તથા તા. ૧૫–0૪–૨૦૨૦ થી તા. 03–0૫–૨૦૨૦ સુધી ૧૯ દિવસ માટે દેશવ્યાથી લોકડાઉનની જાહેરાત કરવામાં આવેલ છે. આ જાહેરાતના કારણે સમગ્ર રાજ્યમાં વિભિન્ન બાંધકામ સાઈટો પર રોકાયેલ પરપ્રાંતીય મજુરો અટવાયેલ છે. આ મજુરોને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જે તે સાઈટના બિલ્ડર અત્રેના કામની એજન્સીઓ તથા સેવાભાવી સંસ્થાઓના સહયોગથી તેઓની આજીવિકા સરળ રહે તે હેતુથી રાશન કીટ, તૈયાર ભોજન તથા જરૂરિયાત મુજબ તબીબી સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી રહેલ છે.

હાલ તમામ સાઈટો પર ઘણા સમયથી કામ બંધ હોય તેમજ શહેરની જુદી–જુદી સાઈટ પર મજુરી અર્થે આવેલા મોટાભાગના અટવાયેલા મજુરો પરપ્રાંતીય હોય, તેઓ પોતે પોતાના વતન તરફ જવા પ્રયત્નશીલ છે. આવી પરિસ્થિતિમાં સાઈટ પર રહેલા મજુરોનું મનોબળ જળવાય રહે તે હેતુસર રાજ્ય સરકારના ગૃહવિભાગ દ્વારા કાર્યરત કંટ્રોલરૂમ તરફથી આ લોકડાઉન દરમિયાન રોકાયેલ/સ્થળાંતર કરતા મજુરો માટે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી મનોવૈજ્ઞાનિક પરામર્શ કરવા જણાવવામાં આવેલ. આ માટે નોડલ અધિકારી તથા મનોવૈજ્ઞાનિકની ટીમ ફોરેન્સિક સાયન્સ લેબ, ગાંધીનગર ખાતે નિયુક્ત કરાયેલ.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચાલતા બાંધકામો પૈકી હાલ પ્રથમ તબક્કે આવાસ યોજનાઓની સાઈટ પર રહેલા પરપ્રાંતીય મજુરોને સરકારશ્રી દ્વારા નિયુક્ત કરાયેલ નોડલ અધિકારી શ્રીમતી એચ.આર.શાહ (આસી.ડાયરેક્ટર, ફોરેન્સિક સાયન્સ લેબ, ગાંધીનગર) સાથે રાજકોટ મહાનગરપાલિકા ના આવાસ યોજના (ટેકનીકલ) વિભાગ દ્વારા તા.૨૦–0૪–૨૦૨૦ના રોજ બાંધકામ સાઈટો પર જઈને વિડીયો કોન્ફરન્સથી સંવાદ કરાવવામાં આવેલ છે. જેમાં સાઈટ પર રહેલા મજુરો દ્વારા લોકડાઉનના કારણે પોતાને પડતી સમસ્યાઓ તથા પોતાને વતનમાં જવા બાબત સહિતની અન્ય રજુઆતો કરવામાં આવેલ. આ રજુઆતો અન્વયે નોડલ ઓફિસરશ્રી દ્વારા તમામ મજુરો સાથે સંવાદ કરી તેઓની રજુઆતો બાબતે પુરતો સહયોગ આપવા તથા તેઓને ઓછામાં ઓછી સમસ્યા રહે તે મુજબ મનોબળ બાંધી તેઓનો જુસ્સો વધારેલ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ સાઈટ પરના તમામ મજુરોને કોઈપણ પ્રકારની તકલીફ ન રહે તે મુજબ પુરતું આયોજન કરેલ છે. તથા સર્વેના સ્વાસ્થ્ય બાબતે પણ સમજણ આપીને તેઓને આશ્વસ્ત કરેલ છે.



## રાજકોટ મહાનગરપાલિકાના ૪૭૦૦ સફાઈ કર્મચારીશ્રીઓને હોમિયોપેથિક દવાનું વિતરણ

હાલ કોરોના વાઈરસની મહામારી ચાલી રહી છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આવશ્યક સેવાઓ જાળવી રાખવાની સાથે કોરોનાના ફેલાવાની પ્રક્રિયા અટકાવવા માટે સફાઈ અને આરોગ્યલક્ષી કામગીરી યુધ્ધના ધોરણે થઇ રહી છે. આ સંજોગોમાં શહેરને સ્વચ્છ રાખવામાં જેઓની સરાહનીય કામગીરી રહી છે તે સફાઈ કર્મચારીશ્રીઓના સ્વાસ્થ્યની ચિંતા કરીને તેઓને રોગ પ્રતિકારક શક્તિ વધારવાની દવાનું તા. ૧૬–૪–૨૦૨૦ ના રોજ વિતરણ કરવામાં આવ્યું હતું. તેમ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

વધુમાં રાજકોટ મહાનગરપાલિકાના ૧૮ વોર્ડમાં કુલ ૪૭૦૦ સફાઈ કર્મચારીશ્રીઓ માટેની આ હોમિયોપેથિક દવા ડૉ. ભરત વેકરીયા દ્વારા મનપાને નિઃશુલ્ક આપવામાં આવેલ છે. આ માટે મ્યુનિ. કમિશનરશ્રીએ ડૉ. ભરત વેકરીયા પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. આજે સવારે મ્યુનિ. કમિશનરશ્રી ઉપરાંત ત્રણેય ઝોનના નાયબ મ્યુનિ. કમિશનરશ્રીઓ શ્રી એ.આર.સિંઘ, શ્રી બી.જી.પ્રજાપતિ અને શ્રી ચેતન નંદાણી, તેમજ પર્યાવરણ ઈજનેરશ્રી નિલેશ પરમાર તથા તમામ વોર્ડ પ્રભારીશ્રીઓ તેમજ અન્ય અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં શહેરના તમામ વોર્ડમાં એકસાથે સોશિયલ ડિસ્ટન્સિંગની ગંભીરતાપૂર્વક કાળજી લઇ સફાઈ કર્મચારીશ્રીઓને હોમિયોપેથિક દવાનું વિતરણ કરી આ અંગેની વિશષ માહિતી પણ આપવામાં આવી હતી.

## રાજકોટ મહાનગરપાલિકાના ડોર્મીટરી / આશ્રયસ્થાનો ખાતે ફોગીંગ તથા જંતુમુક્ત દવાનો છંટકાવ કરાયો





હાલ સમગ્ર દેશમાં કોરોના (COVID-19) વાયરસનાં અનુસંધાને મ્યુનિ. કમિશનરશ્રીની સૂચનાથી આરોગ્યની તકેદારીનાં ભાગરૂપે તા.૧૮–૪–૨૦૨૦ના રોજ કાર્યરત ડોર્મીટરી / આશ્રયસ્થાનો ખાતે ફોગીંગ તથા જંતુ મુક્ત દવાનો છંટકાવ કરવામાં આવેલ છે. જેમાં આરોગ્ય વિભાગ તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાનાં સહયોગથી આ કામગીરી કરવામાં આવેલ હતી.

રાજકોટ મહાનગરપાલિકા પ્રોજેક્ટ શાખા હસ્તકના દિન દયાળ અંત્યોદય યોજના રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના હેઠળ શહેરનાં અલગ અલગ વોર્ડ વિસ્તારોમાં ડોર્મીટરી / આશ્રયસ્થાનો કાર્યરત છે. જેમાં શહેરી ઘર વિહોણા લોકો લાભ લઈ રહેલ છે. જેઓને જીવન જરૂરિયાતની પ્રાથમિક સુવિધાઓ ભોજન સાથે સંપૂર્ણ ઉપલબ્ધ કરવામાં આવે છે. રાજકોટ શહેરના (૧) ડોરમેટરી ભોમેશ્વર વાડી શેરી નં.૨, (૨) બેડીનાકા આજીનદીના કાંઠે, (૩) મરચા પીઠ જુના ઢોર ડબ્બા, (૪) આજીડેમ ચોકડી જુના જકાતનાકા તેમજ (૫) રામનગર આજીવસાહત ૮૦ ફૂટ રોડ ખાતે ફોડીંગ તેમજ જંતુ મુક્ત દવાનો છંટકાવ કરવામાં આવેલ હતો.



# કોરોના વાઈરસની મહામારી સામેના જંગ વચ્ચે પણ અવિરત ધમધમતી રહી રાજકોટ મહાનગરપાલિકાની મૂળભૂત અને પ્રિ-મોન્સુન કામગીરી :

## વિગતો જાહેર કરતા મ્યુનિસિપલ કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

આજે જયારે સમગ્ર ભારત દેશ કોરોના વાઈરસની મહામારી સામે જંગ લડી રહયો છે, ત્યારે સૌ કોઈ લોકો પોતપોતાના ઘરમાં રહી દેશને અને આપણા રાજ્યને આ ભયંકર વાઈરસના સંક્રમણથી બચાવવા માટે પોત––પોતાનું યોગદાન આપી રહયા છે. આવા કપરા સમય વચ્ચે રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ કર્મચારીઓ તા.૨૮–૪૨૦૨૦ના રોજ દિવસ રાત જોયા વગર સતત કાર્યરત રહી આ લડાળમાં પોતપોતાના હિસ્સે આવતી જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવી રહયા છે. લોકડાઉન વચ્ચે લોકોને તેમના ઘરે જ જીવનજરૂરીયાતની સામગ્રી મળી રહે તેની વ્યવસ્થા સારી રીતે કાર્યરત્ત રહે તે માટે તેઓ સતત પ્રયાસો કરી રહયા છે. સાથોસાથ નાગરિકોને અન્ય કેટલીક આવશ્યક સેવાઓ નિયમિત મળતી રહે તે માટે પણ રાજકોટ મહાનગર––પાલિકા દિવસરાત જોયા વગર સંપૂર્ણપણે ગંભીરતાથી પોતાની ફરજ બજાવી રહી છે, જેમકે પાણી, ડ્રેનેજ, ગટરને લગતી કામગીરી, વોંકળા સફાઈ, રાત્રી સફાઈ ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ જેવી મૂળભૂત કામગીરી અને પ્રિ–મોન્સુનને લગત તમામ કામગીરીઓનો સમાવેશ થાય છે, તેમ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

**પાણી :** આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારથી ''સૌની યોજના'' અમલમાં મૂકી છે ત્યારથી રાજકોટને પીવાના પાણી બાબતે જબરદસ્ત રાહત મળી ચુકી છે, કોરોના વાયરસના ભય વચ્ચે પણ શહેરીજનોને રોજેરોજ તેમના ઘેર પીવાનું પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. ''સૌની યોજના'' થકી નર્મદાથી આજી–૧ ડેમ અને ન્યારી–૧ ડેમમાં પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. ત્યારબાદ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને દરરોજ તેમના ઘેર પાણી વિતરણ કરવામાં આવે છે. જો કે પાણી નાગરિકોના ઘર સુધી પહોંચે તે પહેલા ઘણી લાંબી સફર કાપી ચૂક્યું હોય છે. ડેમમાંથી ફિલ્ટર પ્લાન્ટમાં પહોંચતું પાણી શુધ્ધ થાય છે ને તેને ક્લોરીનેટેડ કરવામાં આવે છે. ત્યાંથી વોર્ડના વિસ્તારના E.S.R-G.S.R. માં સંગ્રહ થાય છે અને ત્યાંથી પછી નાગરિકોના ઘરના નળ સુધી પહોંચે છે. વોટર વર્કસના ફિલ્ટર પ્લાન્ટની નિયમિત જાળવણી અને E.S.R. તથા G.S.R.ની રેગ્યુલર સફાઈ પણ કરવામાં આવી રહી છે. વોટર વર્કસ શાખાના સ્ટાફ દ્વારા પમ્પિંગ સ્ટેશન, રાઈઝીંગ મેઈન તથા હેડ વર્કસના સિવિલ તથા નિભાવ મરામતની કામગીરી નિયમિત કરવામાં આવતી હોય છે.

**ડ્રેનેજ :** ઘરમાં વાપરતા પાણીનો તત્કાલ અને અવિરત નિકાલ થતો રહે તે માટે ભૂગર્ભ ગટર સિસ્ટમ વ્યવસ્થિત રીતે કાર્યરત જ રહે તે પણ જરૂરી છે. આ માટે આવશ્યકતા મુજબ ડ્રેનેજ મેનહોલ અને પાઈપ લાઈનની નિયમિત સફાઈ કરવામાં આવે છે. તેમજ વપરાયેલા પાણીનો જથ્થો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં પહોંચાડી ત્યાં તેને શુધ્ધ કરવામાં આવે છે. ડ્રેનેજ પાઈપલાઈન મારફત વપરાશી પાણીનો વ્યવસ્થિત નિકાલ થતો રહે તે માટે યોગ્ય સમયે સમયે ડ્રેનેજ મેનહોલ વગેરેની સફાઈ અને જાળવણી પણ કરતા રહેવું જરૂરી બને છે. સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, પમ્પીગ સ્ટેશનની પણ નિયમિત મરામત કરતા રહયા છે, ડ્રેનેજ સ્ટાફ દ્વારા મશીનરીની નિયમિત સાફ–સફાઈ થાય છે.

**વોંકળા સફાઈ કામગીરી :** શહેરમાં અલગ અલગ વિસ્તારમાંથી પસાર થતા વોંકળાઓ મારફત વપરાશી અને રેઈન વોટરનો નિકાલ થાય છે. વોકળામાં એકત્ર થયેલ કચરો વખતોવખત સાફ કરતા રહી પાણીનો નિરંતર નિકાલ થતો રહે તે પણ સુનિશ્ચિત કરવામાં આવે છે તેમજ ચોમાસા પૂર્વે જ વોંકળાઓની વ્યવસ્થિત સફાઈ કરી વરસાદી પાણીના નિકાલમાં કોઈ અવરોધ ન સર્જાય તે માટે અત્યારે રાજકોટ મહાનગરપાલિકા પ્રિ–મોન્સુન કામગીરી હાથ ધરવામાં આવી છે.

**સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ :** કોરોના મહામારીના વર્તમાન સમયમાં સંક્રમણને આગળ ધપતું અટકાવવા માટે પણ શહેરને સ્વચ્છ રાખવું જરૂરી છે. શહેરને સ્વચ્છ રાખવા માટે દિવસ અને રાત કચરો અને ગંદકી સાફ કરવા માટે મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ દ્વારા સફાઈ કામદારો અને સફાઈના અત્યાધુનિક સાધનો કાર્યરત રહે છે રાત્રે ટીપર વાન મારફત દ્વારા એકત્ર કરાયેલ કચરાનો તુરંત જ યોગ્ય સ્થળે નિકાલ કરવામાં આવે છે. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ દ્વારા નિયમિત ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન કરવાની કામગીરી અને પ્રોસેસિંગ પ્લાન્ટની કામગીરી કરવામાં આવી રહી છે.

**ફાયર એન્ડ ઈમરજન્સી :** લોકોને આપત્તિ સમયે રાહત બચાવની કામગીરી માટે રાઉન્ડ ધ ક્લોક ખડે પગે રહેતા મનપાના ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના જવાનો પોતાના સાધનોથી સુસજ્જરહે છે. આગ કે અન્ય અકસ્માત વખતે ફાયરના જવાનો યુધ્ધના ધોરણે રાહત બચાવ કાર્યમાં જોડાઈ જાય છે.

**રોશની :** રાજકોટ મહાનગરપા––લિકા દ્વારા સમગ્ર શહેરની શેરી ગલીઓ અને મુખ્ય માર્ગો આવરી લેતી સ્ટ્રીટ લાઈટની સેવા પણ અવિરત અને વિક્ષેપ વગર મળતી રહે તે માટે રોશની ડીપાર્ટમેન્ટનો સ્ટાફ સતત પોતાની ફરજ બજાવી રહયો છે. જેમાં નિયમિત સ્ટ્રીટ લાઈટની ચકાસણી કરતા રહયા છે. જરૂર જણાયે સ્ટ્રીટ લાઈટની મરામત કરવાની થતી હોય છે. બિલ્ડિંગ ઈલેક્ટ્રીફિકેશનની નિભાવ અને મરામત કરતા રહયા છે. શહેરના ઈલેક્ટ્રિક સ્મશાનમાં નિયમિત જરૂરી ચકાસણી કરતા રહે છે.

**પાર્કસ એન્ડ ગાર્ડન્સ :** મહાનગર––પાલિકાના પાર્કસ એન્ડ ગાર્ડન્સ શાખા દ્વારા શહેરમાં આવેલ નાના મોટા બાગ બગીચાઓની મરામત કરાવવી, સ્વચ્છતા રાખવી અને જરૂરી જણાયે વૃક્ષોની જાળવણી કરવામાં આવતી હોય છે. બાળકો માટેના બાલ ક્રિડાંગણની જાળવણી કરાવવામાં આવે છે. સીનીયર સિટિઝન પાર્કસની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. મુખ્ય માર્ગો પર આવેલ રોડ ડીવાઈડર માં વૃક્ષોનો ઉછેર કરવામાં આવે છે. જેનાથી શહેરના ફેલાતા પ્રદુષણમાં નોંધપાત્ર ફાયદો થાય છે. શહેરમાં આકસ્મિક બનતા બનાવો કેવાકે આકસ્મિક પડતા વૃક્ષોને તાત્કાલિક દુર કરવાની કામગીરી કરવામાં આવે છે.







Battle
At a glance...

દૈનિક ૧૨૦૦ થી ૧૮૦૦ જેટલા શ્રમિકોને પ્રતિ ટ્રેન દિઠ જણાવ્યા આવ્યા મુજબના શહેરના વિવિધ પોલીસ સ્ટેશનથી રેલ્વે સ્ટેશન સુધી પહોંચાડવામાં આવેલ.







# 'સૌની યોજના' હેઠળ આજી-૧ અને ન્યારી-૧માં નર્મદાનું પાણી આવતા આગામી ચોમાસા સુધી શહેરને દૈનિક ૨૦ મિનીટ સુધી પાણી મળશે

માન. મેયર બિનાબેન આચાર્યએ જણાવ્યું હતું કે, આગામી ચોમાસા સુધી દૈનિક ૨૦ મિનીટ પાણી વિતરણ માટે આજી/ન્યારીમાં પુરતો જથ્થો ન હોવાથી 'સૌની યોજના' હેઠળ નર્મદાનું પાણી બંને ડેમો ઠાલવવા માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને રજૂઆત કરવામાં આવેલ. જેના અનુસંધાને તા. ૨૮–૦૪–૨૦૨૦ના રોજથી આજી અને ન્યારીમાં સૌની યોજના હેઠળ માર્ચ–એપ્રિલ માસમાં નર્મદાનુ પાણી ઠાલવવામાં આવેલ. નર્મદાનું પાણી આવી જતાં આગામી ચોમસા સુધી શહેરને દૈનિક ૨૦ મિનીટ પાણી મળતું રહેશે.

માન. મેયરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રી અને હાલ દેશના માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે યોજનાના પાયા નાંખ્યા હતા તે 'સૌની યોજના'ને ગુજરાતના વર્તમાન મુખ્યમંત્રીશ્રી અને રાજકોટના પનોતા પુત્ર માન. શ્રી વિજયભાઈ રૂપાણીએ સતત આગળ ધપાવ્યે રાખી છે. આ યોજના



માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય

ધસમસતી આગળ ધપી એને કારણે માત્ર રાજકોટ જ નહિ પરંતુ અનેક શહેરો અને ગામોની તરસ છીપાય છે.

'સૌની યોજના'ના સહારે રાજ્ય સરકાર અને રાજકોટ મહાનગરપાલિકા સૌરાષ્ટ્રની રાજધાની સમા રાજકોટ શહેરની પીવાના પાણીની આવશ્યકતા પરિપૂર્ણ થઈ શકે તે બાબત સુનિશ્ચિત કરી શકેલ છે.

આ માટે મનપાના પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ ઉપરાંત શહેરીજનો પણ માન. પ્રધાનમંત્રીશ્રી અને માન. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારશ્રી પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરે છે.

| જળાશયનું નામ | નર્મદાનું પાણી ઠાલવ્યા પહેલાની સપાટ | એમ.સી.એફટી. | નર્મદાનું પાણી ઠાલવ્યા પછીની સપાટી | એમ.સી.એફટી. | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| આજી–૧ | ૧૭.૨૬ ફૂટ | ૩૦૭ | ૨૬.૩૮ ફૂટ | ૭૬૫ | ૨૯ માર્ચ થી ૧૭ એપ્રિલ સુધી વધારાનું ૪૫૮ એમ.સી.એફ.ટી.ની આવક |
| ન્યારી–૧ | ૧૫.૭૪ ફૂટ | ૫૦૭ | ૧૮.૦૬ ફૂટ | ૬૫૪ | ૨ એપ્રિલ થી ૧૩ એપ્રિલ દરમ્યાન ૨૧૫ એમ.સી.એફ.ટી.ની આવક |





## મચ્છરજન્ય રોગ નિયંત્રણ : મચ્છર ઉત્પતિ અટકાવવા વિવિધ બાંધકામ સાઈટની મુલાકાત

રાજકોટ શહેર ડેન્ગ્યુના રોગ માટે સંવેદનશીલ છે. ડેન્ગ્યુ ફેલાવતા મચ્છર ચોખ્ખો અને સ્થિર પાણીમાં ઉત્પન્ન થાય છે. હાલ કોરોના વાયરસને અનુલક્ષીને લોકડાઉનને લીધે તમામ બાંધકામ સાઈટમાં કામગીરી બંધ કરવામાં આવેલ છે. આથી આવી બાંધકામ સાઈટમાં લિફ્ટના ખાડા, સેલરમાં અન્ય બાંધકામ થયેલ સ્થળે પાણી જમા હોય છે અને આવા ચોખ્ખા અને બંધિયાર પાણીમાં ડેન્ગ્યુ ફેલાવતા એડિસ મચ્છરની ઉત્પત્તિ જોવા મળે છે. હાલ તા. ૩૦–૪–૨૦૨૦ના રોજ હાલ બાંધકામ સાઈટના મજુરો આવી સાઈટ પર રહેતા હોવાથી જો એડીસ મચ્છરની ઉત્પત્તિ હોય, તો તેઓને ડેન્ગ્યુ રોગ થવાનો જોખમ રહે છે. આથી ગત પખવાડીયા દરમ્યાન તમામ ૧૮ વોર્ડમાં ઝુંબેશના ભાગરૂપે બાંધકામ સાઈટ પર મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરી મચ્છર નિયંત્રણની કામગીરી કરવામાં આવેલ છે.

મચ્છરજન્ય રોગચાળા અટકાયતી માટે માન. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલની સુચના અન્વયે આરોગ્ય અધિકારીશ્રી રિંકલ વિરડીયાના માર્ગદર્શન હેઠળ આરોગ્ય શાખા દ્વારા સઘન ઝુંબેશરૂપે બાંધકામ સાઈટો પર મચ્છવર ઉત્પતિ કેન્દ્રોના નાશ માટે કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરી હેઠળ મુખ્યત્વે બાંધકામ સાઈટ ...

- વંદના હેરીટેજ – ગોંડલ રોડ
- વૃદ્ધાશ્રમ બાંધકામ – ગોંડલ રોડ
- રાઠોડ ચેમ્બર્સ – ગોંડલ રોડ
- રેડીયમ સ્કવેર – ગોંડલ રોડ
- નોવાસ કોમ્પ્લેક્ષ – ગોંડલ રોડ
- વસુંધરા રેસીડેન્સી–લલુડી વોકળી
- માધવ – ગીતા નગર ૧
- પ્રજભૂમિ એપા. – ગોપાલનગર મેં રોડ
- શિવાલય હાઈટ્સ – ગોપાલનગર ૬
- દ્વારકાશિલ્પ – ગીતાનગર ૧
- ગંગા સાનિધ્ય – વાણીયાવાડી ૭
- રાજકોટ કોમર્શીયલ કો. બેંક – ગાયત્રી નગર મેં રોડ
- દ્વારિકા એપા. – માલવિયા મેં રોડ
- સાઈપેલેસ – માલવિયા મેં રોડ
- વિનાયક ફ્લેટ–માલવિયા મેં રોડ
- બાંધકામ – ગીતાંજલી સોસા.
- આનંદનગર કાલા પથ્થરના ક્વાટરના બાંધકામો
- સૌર્ય હોસ્ટેલ – ચિનોય રોડ સી પી બંગલો
- પ્રાઈડ એમ્પાયર–રેસકોર્ષ મેં રોડ
- ઈન્કમ ટેક્ષ બિલ્ડીંગ – રેસકોર્ષ મેં રોડ
- પ્રભુ રોયલ રેસી. – રેસકોર્ષ મેં રોડ
- બી–૮૦ પોલીસ હેડ ક્વાટર – પોલીસ હેડ ક્વાટર
- યોગી વંદના એપા. – જંકશન ૯
- જય ગણેશ એપા.–જંકશન ૭/૧૨ ખૂણો
- શિવમ – પરસાણા નગર મેં રોડ
- સન ડેવલોપર્સ – મનહર પ્લોટ ૬
- શ્રીજી દર્શન – મનહર પ્લોટ ૭
- શ્રમ એવન્યુ – મનહર પ્લોટ ૧૫ અ/૧૨
- શ્રીનાથજી એવન્યુ–લક્ષ્મીવાડી ૨
- નીલ કમલ એપા. – લક્ષ્મીવાડી ૭/૧૨
- મધુવિલા – રામ કૃષ્ણનગર ૨
- ધ સીટી સેન્ટર – રૈયા રોડ
- હસનવાડી – ૩ ની બાંધકામ સાઈટ
- શ્રી નગર મેં રોડ પર ની બાંધકામ સાઈટ
- પી.જી.વી.સી.એલ. બાંધકામ – ખોડીયારનગર મેં રોડ
- શ્યામ રેસી. – ખોડીયારનગર મેં રોડ
- મુક્ત મેઘ રાઈટ – ગોકુલધામ મેં રોડ
- દ્વારિકા હાઈટ્સ – કૃષ્ણનગર ૧૦
- સિદ્ધિ વિનાયક રેસી.– અંબાજી કડવા પ્લોટ
- બાલાજી પાર્ક એપા. – ભોમેશ્વર વાડી
- ક્રિષ્ના દર્શન – એરપોર્ટ રોડ
- નેમિનાથ રેસિડેન્સી – સખીયા નગર ૪
- સારંગ એપા. – જાગનાથ ૯/૧૨
- બાલાજી બિઝનેસ હબ – ભુપેન્દ્ર રોડ
- આર્યા ડેવલોપર્સ – ભક્તિનગર સ્ટેશન પ્લોટ
- આહીર બિલ્ડીંગ – આહીર બોર્ડીંગ
- નીલ સંજય રાજ – જિલા પંચાયત બગીચા સામે
- આર. કે. અમ્પાયર – મવડી ચોક
- વિંગ પ્રોજેક્ટ – ફોર્ચ્યુન હોટેલ પાસે
- ધ ડેસ્ટીની – આંબેડકર નગર મેં રોડ
- સંપતિ રાગ – રોયલ પાર્ક
- કિરીટભાઈ હોસ્પિટલ – બાલાજી હોલ પાસે
- નંદીનીકેતન–પાટીદાર ચોક
- સિલ્વર સ્કેપ – કોઠારીયા ગામ
- સુયાસ એપા. – કોઠારીયા મેં રોડ
- બોમ્બે સુપર વન – પેડક રોડ
- સંસ્કાર વિલા – આર્ય નગર
- ઈશ્વર હાઈટ્સ – રોલેક્ષ રોડ સ્વાતી પાર્ક
- સ્વામિનારાયણ મંદિર – શ્રધ્ધા પાર્ક મેઈન રોડ

વગેરે વિસ્તા રોમાં કૂલ – ૨૩૯ બાંધકામ સાઈટનો મચ્છોર ઉત્પતિ સબબ તપાસ કરી દવા છંટકાવ કરી મચ્છર નિયંત્રણની કામગીરી કરવામાં આવેલ છે.

આપણા ઘરમાં તેમજ કામકાજના સ્થળે મચ્છરના પોરા ન થાય તે જોવાની જવાબદારી આપણી જ છે. રાજકોટના દરેક નાગરિકને અપીલ છે કે, તેઓ આ બાબતે જાગૃત થાય અને ડેન્ગ્યુ, મેલરિયા તથા ચિકુનગુનિયા જેવા રોગોને અટકાવવાના રાજકોટ મહાનગરપાલિકાના પ્રયત્નોમાં પૂરે પૂરો સહયોગ આપો.





### કોરોના વાઈરસની મહામારી સામેના જંગ વચ્ચે

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સુનની વિવિધ કામગીરી અંગે ચર્ચા અને આયોજન કરાયા

નાયબ કમિશનરશ્રીઓ સહિતના અધિકારીશ્રીઓ સાથે યોજાયેલી મીટીંગમાં ગહન પરામર્શ કરતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

હાલ સમગ્ર શહેરમાં લોકડાઉન ચાલી રહ્યું છે, લોકો કોરોના વાઈરસના સંક્રમણને રોકવા માટે ઘરે જ રહી પોતાનું યોગદાન આપી રહયા છે. આવનારા સમયમાં ચોમાસાની ઋતુને લઈને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અત્યારથી જ પ્રિ–મોન્સુન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. પ્રિ–મોન્સુન કામગીરી લગત વિવિધ મુદ્દાઓની ચર્ચા અને આયોજન કરવા અંગે તા.૪–૫–૨૦૨૦ના રોજ મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલના માર્ગદર્શન હેઠળ વિવિધ શાખાના સંબધિત અધિકારીશ્રીઓ સાથે એક મીટિંગ યોજવામાં આવી હતી. સંબધિત અધિકારીશ્રીમાં ત્રણેય ઝોનના નાયબ કમિશનરશ્રીઓ શ્રી બી. જી. પ્રજાપતિ, શ્રી એ. આર. સિંઘ અને શ્રી સી. કે. નંદાણી, મદદનીશ આયુક્તશ્રીઓ, આરોગ્ય અધિકારીશ્રી, સુરક્ષા અધિકારી શ્રી, ટાઉન પ્લાનિંગના અધિકારીશ્રીઓ, SWMના અધિકારીશ્રીઓ, તમામ સિટી એન્જી.શ્રીઓ, વોર્ડ એન્જી.શ્રીઓ, શાસન અધિકારીશ્રી, વોર્ડ ઓફિસરશ્રી, વિવિધ શાખાના આસી, મેનેજરશ્રીઓ, ડાયરેકટરશ્રી પાર્કસ એન્ડ ગાર્ડન, ચીફ ફાયર ઓફિસરશ્રી, ડી.ઈ.ઈ.શ્રી, પી.એ.ટુ કમિશનરશ્રી (સહાયક કમિશનર), પી.એ.(ટેક) ટુ કમિશનરશ્રી, વિગેરે ઉપસ્થિત રહયા હતા.

મ્યુનિ. કમિશનરશ્રી એ મીટીંગની શરૂઆત કરતા વિવિધ મુદ્દાઓ અંગે આવનાર સમયમાં શહેરમાં પ્રિ–મોન્સુન કામગીરી કરવા અંગે સંબધિત અધિકારીશ્રી પાસેથી માહિતી મેળવી હતી. ચોમાસા દરમ્યાન આવનારા પડકારોનો અત્યારથી જ સામનો કરવા રાજકોટ મહાનગરપાલિકા તૈયાર રહે તે બાબતને ધ્યાનમાં રાખી અત્યારથી જ પ્રિ–મોન્સુન કામગીરીની તૈયારી શરૂ કરવા જે તે શાખાના અધિકારીશ્રીને માહિતી આપી હતી.

મ્યુનિ. કમિશનરશ્રીએ પ્રિ–મોન્સુન માટે કરવાની થતી કામગીરી જેવી કે, પ્રિ–મોન્સુન એક્શન પ્લાન તૈયાર કરી GSDMA અને રિલીફ કમિશનરશ્રીને મોકલવા તથા પોતાના તાબાના વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ, બિલ્ડીંગ, સાધન–સામગ્રી, વાહનો વિગેરેના સુપરવિઝન અંગેની કામગીરી, પોતાના તાબા વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ, બિલ્ડીંગ, સાધન – સામગ્રી, વાહનો વિગેરેના સુપરવિઝન અંગેની કામગીરી, વોંકળામાંથી દબાણ દુર કરાવવું, બાઉન્ડ્રી ડીમાર્કેશન કરાવવું, જાહેર માર્ગોમાં પાણીને અવરોધતા ગેરકાયદેસર બાંધકામો, ખાનગી જોખમી હોર્ડીંગ અંગેની કામગીરી, વોંકળા સફાઇ, ડ્રેનેજ ફરિયાદનો તાત્કાલિક નિકાલ તથા પ્રિ–મોન્સુન કાર્યવાહીનું આયોજન કરેલ.

પીવાના પાણીને લગત ફરીયાદો તથા તેના નિકાલના આયોજન, જાહેર માર્ગોમાં પાણીને અવરોધતા ગેરકાયદેસર બાંધકામો, રસ્તા ઉપરના દબાણો, જોખમી હોર્ડીંગની માહિતી, ભયગ્રસ્ત મકાનોનો સર્વે તથા ધોરણસરની કાર્યવાહી, જાહેર માર્ગો, બગીચાઓ વિગેરે જગ્યાના જોખમી વૃક્ષોનો સર્વે તથા ધોરણસરની કાર્યવાહી, ભયગ્રસ્ત તેમજ તુટી પડે તેવા પોલ, ઈલેક્ટ્રીક કેબલ વિગેરેની માહિતી તેમજ ભારે વરસાદ, વાવાઝોડા સમયે વિદ્યુત પુરવઠો ન મળે ત્યારે તેની અવેજીમાં ડિઝલ જનરેટર વિગેરેની વ્યવસ્થા, રસ્તા પરના ખાડા, ખુલ્લા મેન હોલ વિગેરે બંધ કરાવવાની કાર્યવાહી, GSDMA દ્વારા ERC માટે ફાળવેલ તથા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસીઝ હસ્તકના વાહનો તથા સાધનોની વિગત તેમજ તેને ચાલુ સ્થિતિમાં રાખવા અંગે કરવાની થતી કાર્યવાહી, અતિવૃષ્ટિના સમયે ભરાયેલ પાણીના ઝડપી નિકાલ માટે ડી–વોટરીંગ પંપની વ્યવસ્થા, પંપ વિક્રેતાઓની યાદી–ફોન નંબર, ઉપલબ્ધ પંપની વિગત, વરસાદનું સતત મોનીટરીંગ, આંકડા મેળવી, ચકાસીને તંત્રવાહકોને માહિતગાર કરવા, વેબસાઇટ તથા એલ.ઇ.ડી. બોર્ડ પર મુકવા તેમજ આઇ.સી.સી.સી.માં મોનીટરીંગ કરવું વિગેરેની ચર્ચા કરેલ.

આ ઉપરાંત શહેર આસપાસના વિસ્તારો, ગામોમાં રહેતા તરવૈયાઓની નામ, સરનામા, ફોન નંબર સાથેની યાદી અદ્યતન કરવી, શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણીના ભરાવા તથા તેના તાત્કાલિક નિકાલના આયોજનની વિગતો, વર્ષ–૨૦૧૯માં જુદા–જુદા વિસ્તારો, માર્ગો વિગેરે ઉપર પાણી ભરાવાની મળેલ ફરિયાદોની માહિતી પરથી આયોજન, પુર, વાવાઝોડું વિગેરે કુદરતી આપત્તિ સમયે ચેતવણી વિગેરે તેમજ જાન–માલ બચાવની કામગીરી, વાહન વ્યવસ્થા, બોટ વ્યવસ્થા, સ્થળાંતર ની કામગીરી, સુરક્ષિત આશ્રયસ્થાનની વ્યવસ્થા વિગેરે કામગીરી, આશ્રયસ્થાનોમાં ફુડ પેકેટ, પીવાનું પાણી, જીવન રક્ષક દવાઓ, રસીઓ, ક્લોરીન ટેબલેટ, જંતુનાશક દવાઓ તેમજ સફાઇ વિગેરેની વ્યવસ્થાનું આયોજન અને કોલ સેન્ટર ઉપરાંત ફરીયાદો માટે કન્ટ્રોલ રૂમની વ્યવસ્થા કરવી, કન્ટ્રોલ રૂમ ખાતે માણસો–ટેલિફોન–વાહનો–મજુરો–સાધનો વિગેરેની વ્યવસ્થા અંગે ગહન ચર્ચા કરી આયોઅજ ઘડી કાઢવામાં આવેલ.

## રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખી શહેરના નાના-મોટા વોંકળાઓની સફાઈ તેમજ તમામ વોર્ડમાં ડ્રેનેજ તથા વરસાદી પાણીના મેન હોલ સફાઈની કામગીરી પુર જોશમાં....

મેયરશ્રી બિનાબેન આચાર્ય, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, સેનિટેશન ચેરમેનશ્રી અશ્વિનભાઈ ભોરણીયા, ડ્રેનેજ ચેરમેનશ્રી જયોત્સનાબેન ટીલાળા એક સયુંકત યાદીમાં જણાવે છે કે, આગામી થોડા સમયમાં ચોમાસાની ઋતુ આવી રહી છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એપ્રિલ માસથી જ શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં આવેલ નાના–મોટા વોંકળાઓની અને તમામ વોર્ડમાં ડ્રેનેજ તથા વરસાદી પાણીના મેન હોલની સફાઈની કામગીરી કરવામાં આવી રહી છે, ટૂંક સમયમાં આ કામગીરી પૂર્ણ થશે. મેઈન હોલની સફાઈ દરમ્યાન નીકળતું રબીશ બીજા જ દિવસે ઉપાડી લેવામાં આવી રહ્યું છે.



શહેરમાં નાના–મોટા કુલ ૪૭ વોંકળાઓ આવેલ છે. જે પૈકી ૨૮ થી વધુ વોંકળાઓની સફાઈ કરવામાં આવેલ છે. તેમજ તમામ વોર્ડમાં ડ્રેનેજમાં મેન હોલના સફાઈની કામગીરી કાર્યરત છે.

### રાજકોટ શહેરના વિસ્તાટરમાં આવેલ નાના -મોટા વોકળાઓની સંખ્યા તથા સફાઈની વિગત

| ક્રમ | ઝોન | વોકળાની સંખ્યા | | સફાઇ કરાવેલ વોકળાઓની સંખ્યા | | અંદાજીત લંબાઈ/ સફાઈ થયેલ અંદાજીત લંબાઈ | માણસો ની સંખ્યા | ફેરાની સંખ્યા (તા.૧-૪-૨૦૨૦ થી ૧૧-૫-૨૦૨૦ સુધી) | | રીમાર્કસ ( અંદાજીત ટન) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | નાના વોકળા | મોટા વોકળા | નાના વોકળા | મોટા વોકળા | | | JCB/ ડમ્બર ફેરા | ટ્રેક્ટર ફેરા | |
| ૧ | પૂર્વ | ૧૨ | ૦૬ | ૦૮ | ૦૩ | ૭૪૫૦/ ૧૨૫૫૦ મીટર | ૧૦ | ૯૯ | ૧૦૨ | ૧૦૯૨ |
| ૨ | મધ્ય | ૧૩ | ૦૭ | ૦૫ | ૦૬ | ૮૭૦૦/ ૧૭૮૫૦ મીટર | ૧૦+30 (કોન્ટ્રાકટર) | ૧૦૬ | ૪૫ | ૧૧૦૫ |
| ૩ | પશ્ચિમ | ૦૪ | ૦૫ | ૦૪ | ૦૨ | ૪૬૦૦/ ૧૪૬૫૦ મીટર | ૧૦ (કોન્ટ્રાકટના મજુર) | ૧૦૫ | ૫૪ | ૧૧૦૪ |
| | કુલ | ૨૯ | ૧૮ | ૧૭ | ૧૧ | ૨૦૭૫૦/ ૪૫૦૫૦ મીટર | ૬૦ | ૩૧૦ | ૨૦૧ | 3301 |



**Battle**
*At a glance...*

કોરોનાના દર્દીઓ માટે મેડિકલ કોલેજમાં ૨૫૦ અને ક્રાઈસ્ટ હોસ્પિટલ (પ્રાઈવેટ) ખાતે ૬૦ આઈસોલેશન બેડ કોરોનાના દર્દીઓની સારવાર માટે ઉપલબ્ધ.

ઈ-ન્યુઝલેટર
સ્માર્ટ રાજકોટ



# પાંચ રેનબસેરામાં મેડિકલ ટીમ દ્વારા ૧૬૦ લોકોનું સ્ક્રીનીંગ તથા દરેક લોકોને 'માસ્ક વિતરણ' કરાયું

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં કોરોના અટકાયતીના પગલારૂપે સઘન આરોગ્યલક્ષી કામગીરી કરવામાં આવેલ છે. મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે માનવીય અભિગમ અપનાવી, તા. ૦૫–૦૫–૨૦૨૦ ના રોજ રેનબસેરામાં રહેતા ૧૬૦ લોકોની મેડીકલ ચેકઅપની કામગીરી કરાવેલ હતી, સાથોસાથ કોરોના સામે રક્ષણ મેળવવા માટે દરેકને માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ કામગીરી પ્રાથમિક આરોગ્ય ચકાસણી મોબાઈલ ડિસ્પેન્સરી મારફત કરવામાં આવેલ હતી, તેમ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારના (૧) ભોમેશ્વર સોસાયટી રેનબસેરા (૨) બેડીનાકા રેનબસેરા (૩) મરચાપીઠ રેનબસેરા (૪) રામનગર રેનબસેરા (૫) આજીડેમ ચોકડી રેનબસેરા એમ ૫ (પાંચ) રેનબસેરામાંથી ૧૬૦ લોકોનું મેડીકલ ચેકઅપ તથા થર્મલ સ્ક્રીનીંગ કરેલ હતું. આ કામગીરી આરોગ્ય આરોગ્ય વિભાગની પાંચ (૫) ટીમ તથા પ્રોજેક્ટ શાખાના સ્ટાફ દ્વારા કરવામાં આવેલ. ૧૬૦ વ્યક્તિના પ્રાથમિક ચકાસણી કરતા ૪૧ લોકોને સ્થળ ઉપર જ સારવાર આપવામાં આવેલ હતી. વિશેષમાં દરેક રેનબસેરાના ૧૬૦ લોકોને કોરોના સામે રક્ષણ મેળવવા હેતુ માસ્કનું વિતરણ પણ કરવામાં આવેલ હતું.

આ આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાં એકંદરે ૧૬૦ લાભાર્થીઓને ડૉ. ઉષાબેન ઝાલા તથા તેમની ટીમ દ્વારા આરોગ્યની ચકાસણી થર્મલ સ્ક્રીનીંગ કરવામાં આવેલ હતી તથા તમામ લાભાર્થીઓને માસ્ક આપવામાં આવેલ. જેમાં ભોમેશ્વર ડોર્મીટરી ખાતે આશ્રય લઈ રહેલા ઝાલા ભીખીબેન (ઉમર:૧૦૦ વર્ષ) ની પણ ચકાસણી કરવામાં આવેલ. આ તકે નાયબ કમિશનરશ્રી સી. કે. નંદાણી અને સહાયક કમિશનરશ્રી એચ. આર. પટેલનાં માર્ગદર્શન હેઠળ પ્રોજેક્ટ શાખાની ટીમ તથા આરોગ્ય શાખાની ટીમ પાંચ દ્વારા આસિસ્ટન્ટ મેનેજરશ્રી ભૂમિબેન એચ પરમાર તથા પ્રોજેક્ટ શાખાના સીનીયર સમાજ સંગઠકો, NULM મેનેજરશ્રીઓ તથા ગઝક્ષ સમાજ સંગઠકોએ સોસીયલ ડિસ્ટન્સ જળવાય તે મુજબ વ્યવસ્થા ગોઠવી આરોગ્યની ચકાસણી કરેલ છે. તદુપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સંકલન કરીને આશ્રયસ્થાનોનાં તમામ લાભાર્થીઓને નિયમિત ભોજન સહીતની પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવામાં આવે છે. જ્યારે શાળા નં.૧૦ ખાતે ડોર્મીટરીમાં પરિસ્થિતિને ધ્યાને લઈ કવોરેન્ટાઇન સેન્ટર તરીકે રીઝર્વ રાખવામાં આવેલ છે.






# કોરોના સામે સાવચેતીઃ

## લોકોને જાગૃત્ત રાખવા પદાધિકારીશ્રીઓ દ્વારા જાહેર જનતાને અપીલ



માન.મેયરશ્રી બિનાબેન આચાર્ય, ડે.મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, શાસક પક્ષ નેતા દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડક અજયભાઈ પરમાર તથા આરોગ્ય કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર એક સંયુક્ત યાદીમાં જણાવેલ કે, આજે વિશ્વ આખું કોરોના વાઈરસથી ચિંતિત છે. કોરોના વાઈરસ ખુબ જ ચેપી છે તેમજ હજુ તેની દવા શોધવાનું કાર્ય વૈજ્ઞાનિકો કરી રહ્યા છે. કોરોના વાઈરસ માટે સાવચેત રહેવું ખુબ જ જરૂરી છે આપણી કહેવત છે પહેલું સુખ તે જાતે નર્યા અને આપણે સ્વસ્થ તો જગત સ્વસ્થ તે ધ્યાનમાં રાખી આપણે સ્વસ્થ રહીએ અને બીજા લોકો પણ સ્વસ્થ રહે તેની ગંભીરતાપૂર્વક કાળજી લઈએ ખાસ કરીને ૬૦ વર્ષથી ઉપરના સિનિયર સીટીઝનો બને ત્યાં સુધી ઘરની બહાર નહિ નીકળવા અને કુટુંબીજનોએ પણ તેમની ખાસ કાળજી લેવા તેમજ નાના બાળકોને પણ ગાર્ડનમાં કે અન્ય જગ્યાએ બહાર નહિ લઈ જવાં અપીલ કરવામાં આવે છે.

ગઈકાલે દેશના માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તા.૨૨ માર્ચ રવિવારના રોજ આખો દિવસ જનતા કર્ફ્યુ રાખવા અપીલ કરેલ છે. તેનું પાલન રાજકોટના શહેરીજનો પણ અમલ કરે તે માટે પદાધિકારીઓ દ્વારા અપીલ કરવામાં આવેલ છે.

વિશેષમાં શહેરના નગરજનો જનતા કર્ફ્યુનો અમલ કરે તે માટે સામાજીક, ધાર્મિક સંસ્થાઓ પણ પોતાનું યોગદાન આપવા જણાવેલ. આ ઉપરાંત સામાજીક, ધાર્મિક સંસ્થાઓ અને વ્યક્તિગત પણે પણ આગામી તા.૩૧ માર્ચ સુધી ભીડ થાય તેવા કાર્યક્રમો, પ્રસંગો યોજવા નહિ. તથા કોરોના સામે ફરજ બજાવતા કર્મચારીઓનો જુસ્સો જળવાઈ રહે તે માટે જનતા કર્ફ્યુના દિવસે સાંજના ૦૫:૦૦ વાગ્યા થી ૦૫ મિનીટ માટે ઘંટરાવ કરવા અથવા તો અન્યરીતે તેમને પ્રોત્સાહિત કરી સન્માન આપવા પણ અપીલ કરેલ છે.

કોરોના વાઈરસ સામે સ્વયંને અને અન્યને બચાવો. કોરોના વાઈરસથી ગભરાવું નહિ પરંતુ સાવચેત રહેવું એ ખુબ જ અગત્યનું છે. જેથી લોકોએ જરાપણ ગફલતમાં રહેવું નહિ. અંતમાં પદાધિકારીશ્રીઓએ જણાવેલ છે કે, ગભરાટ નહિ, સમજદારી અને સતર્કતા એ જ આપણી જવાબદારી તેને પુરેપુરી નિભાવીએ.

### આટલું કરવું..

- જો શરદી ખાસીથી પીડાઓ છો તો અવશ્ય માસ્ક પહેરો.
- ઉધરસ અને છીંક ખાતી વખતે મો ને ઢાંકો.
- સાબુ અને પાણીથી વારંવાર હાથ ધોવા.
- વિટામીન ઈ યુક્ત ખોરાક જેવા કે ખાટા ફળો, આદુ, લસણ કે મરચા જેવા ગરમ ખાદ્ય પદાર્થોનો ઉપયોગ કરવો.
- શ્વાસોશ્વાસની મૂળભૂત સભ્યતા પાળો.
- વ્યક્તિગત સ્વચ્છતા સારી રીતે જાળવો.
- સ્પીરીટ આધારિત હેન્ડવોશનો ઉપયોગ કરવો.

### આટલું ન કરવું..

- તમને ઉધરસ કે તાવ હોય ત્યારે કોઈની બહુ નજીકથી સંપર્કમાં રહેવું નહી.
- સંક્રમિત દેશોમાં વિદેશ પ્રવાસ કરવો નહિ.
- વધારે પડતા ઠંડા–પીણા કે આઈસ્કીમનો ઉપયોગ કરવો નહિ.
- જાહેર જગ્યાએ ન થૂંકવું.
- તળેલું અથવા મસાલેદાર ખોરાક ખાવો નહિ.
- માંદગી દરમ્યાન આંખ, નાક અને મોને સ્પર્શ કરવો નહિ.
- ભીડવાળી જગ્યાએ જવું નહિ.



विदेशथी રાજકોટના જંગલેશ્વરમાં આવેલા લોકો અને તેમના સંપર્કમાં આવેલા લોકો સહિતના લોકોને હોમ કવોરોનટાઈન કરાયા. કુલ ૬૭૮ લોકો અને તેમના પરિવારજનો સહિત કુલ ૨૧૦૦થી વધુ લોકોના ઘેર રોજ જીવનજરૂરી ચીજ વસ્તુઓ જેવી કે, શાકભાજી, અનાજ, કઠોળ, દૂધ, દવા વગેરે પહોંચાડવાનું શરૂ કરવામાં આવ્યું.






# ૧૬ મે, 'રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ' :

# ડેન્ગ્યુ વિશે જાણીએ તથા સ્વયંને તથા પરીવારને ડેન્ગ્યુથી સુરક્ષિત કરીએ



**સમાન્ય રીતે સપ્ટેમ્બર થી નવેમ્બર માસ દરમ્યાન ડેન્ગ્યુના કેસો જોવા મળે છે.**

**ડેન્ગ્યુ ફેલાવતા એડિસ ઈજીપ્તી મચ્છર ચોખ્ખા અને સૂથિર પાણીમાં ઇંડા મુકે છે. ઇંડામાંથી મચ્છર બનતા ૭ થી ૧૦ દિવસનો સમય લાગે છે ત્યારબાદ ચેપી મચ્છરના કરડ્યા પછી ૭ થી ૧૦ દિવસ બાદ ડેન્ગ્યુના લક્ષણ દેખાય છે.**

**ડ્રેનેજના પાણી, એઠવાડ, ઉગી નીકળેલ ઘાસ, કાદવ કિચડ, કચરાના ઢગલા વગેરેમાં ડેન્ગ્યુના એડિસ ઈજીપ્તી મચ્છર ઉત્પન્ન થતા નથી.**





ડેન્ગ્યુ રોગ વિશે જાગૃતતા લાવવા તથા ટ્રાન્સમિશન સીઝન શરૂ થાય તે પહેલાં દેશમાં રોગના નિયંત્રણ માટે નિવારક પગલાંને વેગ આપવા ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની ભલામણ સાથે ૧૬ મી મેના રોજ 'રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

ડેન્ગ્યુ ફિવર (ડીએફ) એ વિષાણું (વાયરસ) થી થતો અને મચ્છર દ્વારા ફેલાતો રોગ છે. ડેન્ગ્યુ ફિવરના ગંભીર પ્રકારને ડેન્ગ્યુ હેમરેજીક ડિવર (ડી.એચ.એફ.) અને ડેન્ગ્યુ શોક સીન્ડ્રોમ (ડીએસએસ) તરીકે ઓળખાય છે. ડેન્ગ્યુ તાવના વાયરસ ફલેવી વાયરસ પ્રકારના છે અને તે સીરોટાઇપ ૧, ૨, ૩ અને ૪ (ડેન્ગ્યુ ૧, ૨ ૩ અને ૪ ) તરીકે ઓળખાય છે.

ડેન્ગ્યુનો મચ્છર (એડિસ) ચોખ્ખા પાણીમાં ઘરની અંદર રહેલ નાના–નાના પાત્રોમાં ઈંડા મુકે છે. તેના પોરા પાણીમાં ખુણો બનાવીને, જાણે ઊંધે માવે લટકતી સ્થિતિમાં તરે છે. તેને નરી આંખે સહેલાઈથી જોઈ શકાય છે. આ મચ્છર ટાઈગર મચ્છર તરીકે જાણીતો છે, રંગે કાળો અને શરીરના પ્રુશ્ઠ ભાગ પર સફેદ રંગના ટપકા ધરાવે છે, અને આ મચ્છર ચેપી હોય તો ડેન્ગ્યુનો રોગ ફેલાવે છે. જયાં ઉત્પન્ન થાય છે. ત્યાં જ રોગ ફેલાવે છે. તેની ઉડયન ક્ષમતા ઓછી, આશરે ૧૦૦ મીટર હોવાથી, આ મચ્છર ઘર કે કાર્યસ્થળે પાણીના સંગ્રહસ્થાનોમાં ઇંડા મુકતા જોવા મળે છે.

**ડેન્ગ્યુના લક્ષણો :–**

- સખત તાવ
- માથાના આગળના ભાગમાં દુખાવો અને કમરમાં દુખવો.
- આંખની પાછળ દુખાવો જે આંખના હલનચલનથી વધે છે.
- સ્નાયુ અને સાંધાનો દુખાવો.
- છાતી અને હાથ પર ઓરી જેવા દાણા.
- ઉબકા–ઉલટી.
- ભુખ ન લાગવી અને બે સ્વાદ, કબજીયાત.

**ડેન્ગ્યુની સારવાર :–**

- તાવ દરમ્યાન સંપુર્ણ આરામ.
- તાવ અને દુ:ખાવા માટે ટેબ. પેરાસીટામોલ પણ ટેબ. એસ્પીરીન ન જ લેવાય.
- સખત દુ:ખાવા માટે દર્દનાશક અથવા સામાન્ય ઘેન લાવનાર દવા આપવી.
- ઠંડા પાણીના પોતા મુકવાં, નબળાઈ, પુષ્કળ પસીનો કે ઝાડા અથવા ઉલ્ટી હોય તો ઓ.આર.એસ. દ્રાવણ, પુષ્કળ પ્રવાહી, ફળોનો રસ વગેરે.
- ડેન્ગ્યુ હેમરેજીક ફિવર (ડીએચએફ) કે ડેન્ગ્યુ શોક સીન્ડ્રમ (ડી.એસ.એસ.) માટે હોસ્પિટલાઈઝેશન કરાવવું.

એક સીરોટાઈપનો ચેપ લાગે તો તેના સામે કાયમી રોગ પ્રતિકારક શકિત મળે છે. પણ બીજા સીરોટાઇપથી રક્ષણ મળતું નથી, પરંતુ બીજી વારના રોગના હુકમો ગંભીર સ્વરૂપ લે છે.

**રોગનો ફેલાવો :–**

૧) ડેન્ગ્યુ વાયરસનો ચેપ માણસમાં દિવસે કરડતા માદા એડિસ ઈજીપ્તી મચ્છર દ્વારા ફેલાય છે.

૨) ડેન્ગ્યુ વાયરસના એકલ દોકલ કેસ સમગ્ર વર્ષ દરમ્યાન બનતા હોય છે. ડેન્ગ્યુ વાયરસનું જીવનચક્ર મનુષ્ય અને મચ્છર બંનેમાં ચાલુ રહે છે.

૩) ડેન્ગ્યુના દર્દીને જયારે માદા એડીસ ઈજીપ્તાઇ મચ્છર કરડે છે ત્યારે ચેપ મચ્છરમાં ફેલાય છે અને ૮ થી ૧૦ દિવસમાં આ મચ્છર ચેપી બને છે. આવો મચ્છર આજીવન ચેપી રહે છે. માદા મચ્છર ૩ અઠવાડીયા સુધી સામાન્ય તાપમાનમાં જીવી શકે છે.

૪) એડીસ મચ્છરો ઘરમાં બાર શાખમાં અને અન્ય અંધારી જગ્યામાં રહે છે.

૫) આ એડિસ ઈજીપ્તી મચ્છર આપણા ઘરમાં જ પાણી ભરેલ પાત્રો અથવા વરસાદી પાણી જમા થતુ હોય તેવી જગ્યાઓએ ઉત્પન્ન થાય છે જેમ કે,

- સીમેન્ટની ટાંકી
- સીડી નીચેની ટાંકી
- સિન્ટેક્ષની ટાંકી
- બેરલ, પીપ
- ટાયર, ડબ્બા ડુબ્લી વગેરે ભંગાર
- પક્ષીકુંજ
- પશુના પાણીના અવાડા
- નાળીયેરની કાછલી
- છોડના કુંડા, તેની નીચે રાખેલ પ્લેટ
- ફ્રિજની પાછળની ટ્રે
- માટલા
- સુશોભન માટેના ફુવારા
- અગાસી–છજજામાં જમા થતુ વરસાદી પાણી
- મનીપ્લાન્ટ, અન્ય પ્લાન્ટ માટેની કાચની બોટલ

વરસાદના વિરામ બાદ સ્થિર અને બંધિયાર ચોખ્ખા પાણીમાં એડિસ મચ્છર ઈંડા મુકે છે. આ ઈંડામાંથી પ્રથમ પોરા ત્યાર બાદ પ્યુપા તથા પુખ્ત મચ્છર બને છે. આમ ઈંડામાંથી પુખ્ત મચ્છર બનતા ૭ થી ૧૦ દિવસનો સમય લાગે છે.

એડિસ પુખ્ત મચ્છર જો ડેન્ગ્યુ વાઈરસથી ચેપી હોય તો ડેન્ગ્યુથી ચેપી બનેલ મચ્છરના કરડયા બાદ માણસના શરીરમાં વિષાણું દાખલ થયા પછી લીમ્ફ ગ્લાન્ડમાં તેની વૃધ્ધી થાય છે. વિષાણુઓના પુરતા પ્રમાણમાં વૃધ્ધી થયા બાદ વ્યકિતને ૭ થી ૧૦ દિવસમાં ડેન્ગ્યુના લક્ષણો દેખાય છે. જેને ઈન્કયુબેશન પિરીયડ કહેવામાં આવે છે. સામાન્ય રીતે વરસાદ બાદ ૧૪ થી ૨૦ દિવસ બાદ ડેન્ગ્યુ રોગનો ફેલાવો ચાલુ થાય છે. આથી ડેન્ગ્યુ રોગ નિયંત્રણ માટે લોકોએ સ્વયંજાગૃત રહી ઘરની સફાઈ કરવી જોઈએ.

લોકોને ખાસ અપીલ છે કે દરેક નાગરિક ડેન્ગ્યુ નિયંત્રણ અંગેની આ ઝુંબેશમાં જોડાય. લોકોએ અઠવાડિયામાં ફકત ૧ વખત તેઓના ઘરમાં દરેક સ્થળે મચ્છરોના ઉદભવ સ્થાનોની સફાઈ કરવી.

- ઘરમાં દરેક સ્થળે અગાશીથી, ઘરની અંદર નવેરૂ તથા ઘરની બહાર ઓસરી તથા શેરીમાં જયાં પાણી ભરેલ ટાંકી હોય અથવા પાણી એકઠુ થતુ હોય તેવા ઉપર દર્શાવેલ તમામ સ્થળ ચકાસી જો પાણી જમા રહેતું હોય તો પાણીનો નિકલ કરવો.
- પાણી સંગ્રહ કરવાના તમામ પાત્રો હવાચુસ્ત બંધ રાખવા.
- નળની કુંડીમાં પાણી ગયા બાદ સાવ કોરી કરી સાફ કરવી.
- ફ્રિજની ટ્રે દર ત્રીજા દિવસે ખાલી કરી ઘસીને સાફ કરવી.
- વરસાદ બંધ થયા બાદ છોડના કુંડામાં જમા રહેતું વધારાનું પાણી ખાલી કરવું.
- બિનજરૂરી પક્ષીકુંજ ભરવા નહિં. જો ભરો તો દરરોજ પક્ષીકુંજને અંદરથી ઘસી સાફ કરવા.
- અગાસી, છજજા વગેરેમાં ટાયર તથા અન્ય ભંગાર ન રહે તેની તકેદારી રાખવી.







માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય

## આપની, આપના પરિવારની અને અન્ય લોકોના સ્વાસ્થ્ય માટે શહેરમાં આવવા કે જવા માટે તંત્રની મંજૂરી ખાસ મેળવવા બિનાબેન આચાર્યની હાર્દિક અપીલ

આપના ફ્લેટમાં કે આપની સોસાયટીમાં અન્ય શહેરમાંથી આવે તો તેની જાણકારી મ્યુનિ. કોર્પોરેશનના કોલ સેન્ટર ૦૨૮૧ – ૨૪૫૦૦૭૭ પર અવશ્ય કરવી.

માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય એક યાદીમાં જણાવે છે કે, કોરોના મહામારીને અટકાવવા સમગ્ર દેશને લોકડાઉન કરવામાં આવેલ છે. લોકડાઉન દરમ્યાન લોકો કામ વગર બહાર ન નીકળે. માસ્ક ફરજિયાત પહેરવું અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવું. વારંવાર સાબુથી હાથ ધોવા વિગેરેનું ચુસ્ત પાલન કરવું એ આપના અને આપના પરિવારના તથા અન્ય લોકોના પણ હિતમાં છે. ખાસ કરીને આપ આપના પરિવારની અને અન્ય લોકોના સ્વાસ્થ્યની ચિંતા કરી બહારગામથી શહેરમાં આવવા કે અન્ય શહેર–ગ્રામ્યમાં જતી વખતે તંત્રની અચૂક મંજૂરી મેળવી નિયમોનું પાલન કરો.

મેયરશ્રીએ નાગરિકોને હાર્દિક અપીલ કરતા એમ કહ્યું હતું કે, આપના ફ્લેટમાં કે સોસાયટીમાં અન્ય શહેરમાંથી જો કોઈ વ્યક્તિ કે પરિવાર આવે તો રાજકોટ મહાનગરપાલિકા ના કોલ સેન્ટરમાં ફોન. નં.૦૨૮૧– ૨૪૫૦૦૭૭ ઉપર ખાસ જાણ કરવી જેથી તંત્ર આગળની કાર્યવાહી કરી શકે.

કોરોના વાઈરસની ગંભીરતાને સમજીને તેને સામે લડવા સાવચેતી રાખવા તેમજ તંત્રને સહયોગ આપવા માન. મેયર શ્રી બિનાબેન આચાર્ય નગરજનોને અપીલ કરે છે.





# આજી જી.આઈ.ડી.સી. સહિતના વિસ્તારોમાં વહેલી સવારે ૬.૪૫ કલાકથી બૂમ સ્પ્રેયર મશીન, ફાયર બ્રિગેડના જેટ સ્પ્રેયર અને હેન્ડ સ્પ્રેયર પમ્પથી ઘનિષ્ઠ ડીસઈન્ફેક્શનની કામગીરી કરાવતા મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ

સરકારશ્રી દ્વારા રાજકોટ શહેરમાં તા.૧૪–૫–૨૦૨૦થી ઉદ્યોગો શરૂ કરવાની અનુમતિ મળતા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઔદ્યોગિક વિસ્તારોમાં જાહેર સ્વાસ્થ્ય સલામતિની બાબતને નજર સમક્ષ રાખી, આજે વહેલી સવારે ૬.૪૫ વાગ્યાથી જ શહેરના આજી જી.આઈ.ડી.સી. સહિતના વિવિધ વિસ્તારોમાં ઉદ્યોગો શરૂ થાય એ પૂર્વે જ બૂમ સ્પ્રેયર, ફાયર બ્રિગેડના જેટ સ્પ્રેયર અને હેન્ડ સ્પ્રેયર પમ્પ વડે ઘનિષ્ઠ ડીસઈન્ફેક્શનની કામગીરી કરવામાં આવી હતી, તેમ મ્યુનિસિપલ કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

આ વિશે વધુ વાત કરતા તેમણે એમ જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકાએ ગઈકાલથી જ ઘનિષ્ઠ ડીસઈન્ફેક્શનની કામગીરી માટેનું આયોજન કરી રાખ્યું હતું. જે અંતર્ગત આજે વહેલી સવારે ઉદ્યોગો શરૂ થાય તે પહેલા જ કેમિકલ અને પાણી મિશ્રિત દ્રાવણનો ભરપૂર છંટકાવ કરવામાં આવ્યો હતો. આ કામગીરીમાં રાજકોટ મહાનગરપા––લિકાએ આજી જી.આઈ.ડી.સી. ઉપરાંત શ્રી રામનગર ઈન્ડસ્ટ્રીયલ એરિયા તેમજ ખોડિયારપરા વિસ્તારની આવાસ યોજના સહિતના વિસ્તારોને આવરી લીધા હતા.

મ્યુનિ. કમિશનરશ્રીએ વધુમાં માહિતી આપતા એમ જણાવ્યું હતું કે, ઉપરોક્ત સમગ્ર વિસ્તારોમાં બે બૂમ સ્પ્રેયર મશીન, પાંચ હેન્ડ સ્પ્રેયર પમ્પ અને ફાયર બ્રિગેડના ત્રણ જેટ સ્પ્રેયર મશીનો દ્વારા આજી જી.આઇ.ડી.સી.માં સ્ટ્રીટ ‘એ’ થી ‘યુ’ એમ કુલ ૨૧ શેરીઓ કવર કરવામાં આવી હતી. આ ઉપરાંત શ્રી રામનગર ઈન્ડસ્ટ્રીયલ એરિયા તેમજ ખોડિયારપરા વિસ્તારની આવાસ યોજના સહિતના વિસ્તારોમાં પણ કેમિકલનો સ્પ્રે કરવામાં આવેલ હતો. ઘનિષ્ઠ ડીસઈન્ફેક્શનની આ સમગ્ર કામગીરી બે વખત કરવામાં આવી હતી. અર્થાત ઉપરોક્ત સમગ્ર એરિયાના કુલ આશરે ૨૬ કી.મી.થી વધુ લંબાઈમાં રસ્તાઓને આવરી લેવાયા હતાં.

આજે સવારે ઉદ્યોગો શરૂ થયા પૂર્વે જ ૩૫ લીટર સોડિયમ હાઈપોક્લોરાઈડ કેમિકલ અને ૬૦૦૦ લીટર પાણી મિશ્રિત દ્રાવણનો છંટકાવ કરવાની કામગીરી આટોથી લેવામાં આવી હતી. આ કામગીરી આજે દિવસે પણ ચાલુ રાખવામાં આવી છે. મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલની સૂચના અનુસાર હાથ ધરવામાં આવેલી આ કામગીરી પર્યાવરણ ઇનજેર શ્રી નિલેશ પરમાર, નાયબ પર્યાવરણ ઈજનેર શ્રી પ્રજેશ સોલંકી અને ચીફ ફાયર ઓફિસર શ્રી બી. જે. ઠેબાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી છે.

દરમ્યાન મ્યુનિસિપલ કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે ઉદ્યોગકારોને અપીલ કરતા એમ જણાવ્યું હતું કે, કોરોના વાયરસ સામેના વર્તમાન જંગમાં રાજકોટવાસીઓએ છેલ્લા બે માસથી લોકડાઉનના નિયમોના પાલનમાં જરૂરી સહયોગ પ્રદાન કરી સરકારશ્રી અને વહીવટી તંત્રના પ્રયાસોને પરિણામલક્ષી બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. આવા સમયમાં હવે ઉદ્યોગો શરૂ થઇ રહ્યા છે ત્યારે સૌએ વધુ ને વધુ કાળજી રાખવાની આવશ્યકતા રહે છે. હાલમાં રાજકોટની પરિસ્થિતિ મહદ અંશે સારી છે ત્યારે સૌ ઉદ્યોગકારો સરકારશ્રીએ નક્કી કરેલા નિયમો અને માર્ગદર્શિકાને અક્ષરસઃ અનુસરી કોરોના સામેના મુકાબલા માટેના પ્રશાસનના પ્રયાસોને અસરકારક બનાવવામાં યોગદાન આપે તે વર્તમાન સમયની ખાસ માંગ છે. ઉદ્યોગોની અંદર પણ સલામત સોશિયલ ડીસ્ટન્સ જાળવવા, ફરજિયાત માસ્ક પહેરવા, સેનેટાઇઝરનો ઉપયોગ, વખતોવખત હાથ ધોવા વગેરે નિયમોનું ખાસ પાલન કરવામાં આવે તે ઉધોગકારોએ સુનિશ્ચિત કરવાનું રહેશે. આ ઉપરાંત જો કોઈ કર્મચારીના સ્વાસ્થ્ય અંગે કોઈપણ પ્રકારની મુશ્કેલી કે માંદગીના લક્ષણ જોવા મળે તો તુર્ત જ તબીબી તપાસ અને આવશ્યકતા અનુસાર સારવાર કરાવવી પણ એટલી જ જરૂરી છે. સાથોસાથ ઉદ્યોગોની અંદર સ્વસ્છતા અને આરોગ્યપ્રદ વાતાવરણ પણ જાળવવું એટલું જ જરૂરી છે. સૌ આટલી કાળજી રાખીને સલામતરીતે વર્તમાન સમયમાં તંત્રને સહયોગ પ્રદાન કરે તેવી સૌ ઉદ્યોગકારો અને કર્મચારીઓને મારી વિનંતી સહ અપીલ છે.

## રાજકોટ માનપા સંચાલિત હાઈસ્કૂલમાં ધોરણ ૯ થી ૧૨માં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના જુદા–જુદા વિસ્તારોમાં છ (૦૬) હાઈસ્કૂલ આવેલી છે. વર્તમાનમાં જયારે કોવીડ–૧૯ના કારણસર શાળાઓમાં વાલી તેમજ વિદ્યાર્થીઓને રૂબરૂ બોલાવી શકતા નથી, ત્યારે રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત છ(૦૬) હાઈસ્કૂલમાં ઓનલાઈન ફોર્મ ભરી તા.૧૫–૫–૨૦૨૦ના રોજ પ્રવેશ આપવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત તમામ શાળામાં સરકારના નિયમાનુસારની સામાન્ય ફી ધોરણ –૯ માં માત્ર રૂા.૯૦, ધોરણ ૧૦ માં માત્ર રૂા.૭૫, ધોરણ ૧૧– કોમર્સમાં રૂા.૫૪૦, તેમજ ધોરણ ૧૨– કોમર્સમા રૂા.૫૨૦ માત્ર વાર્ષિક ફી તેમાં પણ બહેનોને શાળામાં નિઃશુલ્ક(મફત) પ્રવેશ આપવામાં આવે છે. આ શાળાઓમાં ઉચ્ચ લાયકાત ધરાવતા શિક્ષકો તેમજ અદ્યતન આધુનિક સુવિધા સભર વર્ગખંડો, ઓડિયો–વિડીયો રૂમ, બાયસેગનાં માધ્યમથી શિક્ષણની સુવિધા તેમજ કમ્પ્યુટર પ્રયોગશાળા, વિજ્ઞાન પ્રયોગ શાળા તેમજ વિવિધ સુવિધા સાથેની શાળાઓમાં રમતગમત માટે વિશાળ મેદાન છે. સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલમાં સ્માર્ટ બોર્ડ સાથે વર્ગખંડો રહેલા છે.

શાળાના વિદ્યાર્થીઓને વર્ષ દરમ્યાન એક વાર શાળામાંથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બે જોડી ગણવેશ (જીન્સ–ટી શર્ટ) એક જોડી બુટ ,બે જોડી મોજાં તેમજ સ્કૂલ બેગ મફત આપવામાં આવે છે તેમજ શાળામાં પ્રતિ વર્ષ છ (૬) હાઈસ્કૂલ દ્વારા વિદ્યાર્થીના સર્વાગીણ વિકાસ હેતુ સંયુક્ત રીતે ક્વિઝ કોન્ટેસ્ટ , વિજ્ઞાન–ગણિત પ્રદર્શન, રમત –ગમત સ્પર્ધા તેમજ વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવે છે. તેના માટે કોઈ પ્રકારની ફી લેવામાં આવતી નથી. શાળામાં કમ્પ્યુટર શિક્ષણ તદન મફત આપવામાં આવે છે. તેમજ પ્રતિવર્ષ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એક નાનો તેમજ એક મોટો પ્રવાસ યોજવા માટે આર્થિક સહાય આપવામાં આવે છે, જેથી વિદ્યાર્થીઓ સાવ સામાન્ય ફી માં ઐતિહાસિક તેમજ સાંસ્કૃતિક વારસો જોવા પ્રવાસમાં જાય છે. શાળામાં તમામ બાબતોમાં માધ્યમિક શિક્ષણ અને આનુસંગિક સમિતિના ચેરમેન શ્રી અંજનાબેન મોરજરીયા તેમજ મ્યુનિ. આસી. કમિશનરશ્રી રવિન્દ્રસિંહ ચુડાસમાનો સહયોગ તેમજ માર્ગદર્શન મળતું રહે છે, તેમજ રાજકોટ મહાનગરપાલિકાના તમામ પદાધિકારી તેમજ અધિકારીઓનો સુંદર સહયોગ મળતો રહે છે ત્યારે ગરીબ તેમજ મધ્યમ વર્ગના તમામ વિદ્યાર્થીઓમાં માટે આ શાળાઓ એક માત્ર આશાનું કિરણ છે. આ શાળામાં પ્રવેશ માટે લિંક તેમજ અન્ય વિગતો આ મુજબ છે.

| ક્રમ | શાળાનું નામ /સરનામું | શાળાના આચાર્યનું નામ નંબર | શાળામાં ક્યા ધોરણમાં કોને પ્રવેશ મળશે તેની વિગત | લિંક |
|---|---|---|---|---|
| 0૧ | શ્રી પી.એન્ડ ટી.વી.શેઠ હાઈસ્કૂલ ભક્તિનગર સર્કલ પાસે, ૮૦ ફૂટ રોડ, રાજકોટ | ડૉ.તુષારભાઈ પંડ્યા (૦૨૮૧) ૨૨૩૨૧૭૦, મો.૯૪૨૭૪ ૩૩૩૩૯ | માત્ર ભાઈઓ ધોરણ–૯,૧૦, ધોરણ ૧૧,૧૨ સાયન્સ તથા કોમર્સ | http://forms.gle/fVXhGSxZjUScYfJRA |
| ૦૨ | શ્રીમતી સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલ ૨, અંબાજી કડવા પ્લોટ, કૃષ્ણનગર મેઈન રોડ,રાજકોટ | ડૉ.સોનલબેન ફળદુ (૦૨૮૧) ૨૩૭૭૪૬૨, મો. ૯૨૨૮૨ ૭૪૬૯૫ | માત્ર બહેનો ધોરણ–૯,૧૦, ધોરણ ૧૧,૧૨ કોમર્સ | http://forms.gle/fUEHARtuGuv1WRhC8 |
| 03 | શ્રી મહારાણી લક્ષ્મીબાઈ કન્યા વિદ્યાલય ભક્તિનગર રેલ્વે સ્ટેશન પાસે, ટાગોર માર્ગ, રાજકોટ. | શ્રી વી.પી. ગાજીપરા (૦૨૮૧) ૨૪૬૩૧૩૮, મો. ૯૪૨૬૪ ૮૩૦૨૬ | માત્ર બહેનો ધોરણ–૯,૧૦, ધોરણ ૧૧,૧૨ કોમર્સ/આર્ટસ | http://forms.gle/24Ne66yzfCUCpzVy8 |
| ૦૪ | શ્રી એકનાથ રાનડે વિદ્યાલય ૧૫, જંકશન પ્લોટ, ડાક બંગલો, ગેબનશા પીર રોડ, રાજકોટ. | શ્રી આશિષભાઈ પાઠક (૦૨૮૧) ૨૪૪૨૯૨૦, મો. ૯૪૨૭૧ ૭૧૨૭૮ | ભાઈઓ તથા બહેનો ધોરણ–૯,૧૦ | http://forms.gle/WRxKyZiXMPphi7BB6 |
| ૦૫ | શ્રી વીર સાવરકર વિદ્યાલય આનંદનગર કોલોની, કોઠારિયા રોડ, ભોજલરામ શાક માર્કેટ પાસે, દેવપરા બસ સ્ટોપ પાસે, રાજકોટ | શ્રી હિતેષભાઈ ચાવડા (૦૨૮૧) ૨૩૭૨૨૦૨, મો.૯૪૨૭૭ ૭૨૩૪૬૯ | ભાઈઓ ધોરણ–૯,૧૦ | http://forms.gle/7nqq78X2cRDvz2fS8 |
| ૦૬ | શ્રી મુરલીધર વિદ્યામંદિર મવડી ગામ, રાજકોટ. | શ્રી હંસાબેન આહ્યા (૦૨૮૧) ૨૩૬૭૪૫૫, મો. ૯૮૨૪૨૩ ૫૪૭૩ | ભાઈઓ તથા બહેનો ધોરણ–૯,૧૦ | http://forms.gle/1jmpQ3W8GynCb7HdA |

રાજકોટ શહેરમાં પથિકાશ્રમ, ત્રિ-મંદિર, સમરસ હોસ્ટેલ વગેરે મળીને આશરે ૨૨૦૦ પેસેંજરને કોરેન્ટાઇન કરી શકાય એટલી જગ્યા ઉપલબ્ધ કરવામાં આવેલ હતી. આ તમામ જગ્યા પર ટીવી, રમકડાં વગેરે જેવી વધારાની વ્યવસ્થા કરવામાં આવેલ.





## જંગલેશ્વર સિવાયના વિસ્તારોમાં આરોગ્ય શાખાની ૩૩ ટીમો દ્વારા ડોર - ટુ - ડોર એક્સટ્રીમ ઈન્ટેન્સિવ ચકાસણી પુરજોશમાં



કોરોના વાઈરસની મહામારી સંક્રમણને રોકવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં જંગલેશ્વર વિસ્તાર સિવાય આરોગ્યની ૩૩ ટીમો દ્વારા તા. ૨૨–૦૪–૨૦૨૦ના રોજ થી ડોર – ટુ – ડોર એક્સટ્રીમ ઈન્ટેન્સિવ ચકાસણી પુરજોશમાં શરૂ કરવામાં આવેલ છે. આ ટીમો દ્વારા ઘરે ઘરે જઈને કોરોના અંગેના લક્ષણોની ચકાસણી કરવામાં આવે છે, જો કોઈ ઘરે લક્ષણો ધરાવતા વ્યક્તિ મળી આવે તો તેને જરૂરી માર્ગદર્શન અથવા રીફર કરવામાં આવશે, લક્ષણો પરથી જરૂરી જણાય તો જે તે વ્યક્તિનો રીપોર્ટ પણ કરવામાં આવશે, તેમ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલએ જણાવ્યું હતું.

વધુમાં મ્યુનિ. કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે, મનપાની આરોગ્ય શાખા દ્વારા જંગલેશ્વર વિસ્તાર સિવાય શહેરના અલગ અલગ વિસ્તારોમાં ૬૬ મેમ્બરોની ૩૩ ટીમો દ્વારા એક્સટ્રીમ ઈન્ટેન્સિવ ચકાસણી શરૂ કરવામાં આવેલ છે. જેમાં ૫ સુપરવાઈઝર પણ સાથે રહેશે. આ ટીમો દ્વારા શહેરમાં ડોર – ટુ – ડોર જઈ કોરોના વાઈરસના લક્ષણો અંગે તપાસ કરવામાં આવે છે. જેમાં ઉધરસ, તાવ અને શરદીની ચકાસણી કરવામાં આવે છે. જો કોઈ વ્યક્તિને કોરોનાના લક્ષણો જણાશે તો તેને જરૂરી માર્ગદર્શન અથવા રીફર કે રીપોર્ટ કરવામાં આવશે. આ ટીમો દ્વારા જંગલેશ્વર સિવાય શહેરમાં એકતા કોલોની, બુધ્ધનગર, રાધાકુષણ, આર.એમ.સી. ક્વાર્ટર, ભરતનગર, ગોકુલનગર, નાડોદાનગર, નીલકમલ પાર્ક, બાલાજી પેલેસ બાલમુકુંદ સોસાયટી, દીપક સોસાયટી, શિવશક્તિ સોસાયટી, શિવાજીનગર રામ પાર્ક, ઉદયનગર અને ગ્રીન પાર્ક વગેરે વિસ્તારોમાં ચકાસણી કરવામાં આવી છે.





# શાકભાજી વેંચતા ૨૧૯ ફેરિયાઓના સ્વાસ્થ્યનું થર્મલ સ્કેનિંગ કરાયું

## કોઈને પણ વધુ નિદાન કે સારવારની આવશ્યકતા ન જણાઈ

હાલના સમયમાં કોરોનાની વૈશ્વિક મહામારીના સમયમાં દેશભરમાં લોકડાઉનની અમલવારી ચાલુ છે. આ સમયમાં શહેરના શાકભાજીના તમામ ફેરિયાઓનું થર્મલ સ્કેનિંગ કરાવવામાં આવી રહ્યું છે. જેમાં તા.૨૨–૦૪–૨૦૨૦ના રોજ બપોર સુધીમાં શાકભાજીનું વેંચાણ કરનારા કુલ ૨૧૯ જેટલા ફેરિયાઓના સ્વાસ્થ્યનું થર્મલ સ્કેનીગ કરવામાં આવી ચૂક્યું છે. જેમાં આજે બાપા સીતારામ ચોક, મારૂતી ચોક, અમરનાથ સત્યમ પાર્ટીપ્લોટ, રાણીમાં રૂડીમાં ચોક, બાલમુકુંદ જે.એમ.સી. નગર, આલાપ ગ્રીન, રૈયા રોડ, માયાણી ચોક, ગુરૂપ્રસાદ ચોક, વિજય પ્લોટ શાક માર્કેટ વિગેરે વિસ્તારોમાંથી શાકભાજી વેંચતા ફેરીયોનું ટેસ્ટીંગ કરવામાં આવેલ છે, તેમ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી ઉદયભાઇ કાનગડે જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું કે, થર્મલ સ્કેનીંગ કરવામાં આવ્યું તેવા ૨૧૯ ફેરિયાઓ પૈકી કોઈને પણ વધુ નિદાન કે સારવારની જરૂર જણાઈ નથી માટે તેમને સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલ નથી.

હાલના સમયમાં કોરોનાની વૈશ્વિક મહામારીના સમયમાં શહેરના શાકભાજીના તમામ ફેરિયાઓનું થર્મલ સ્કેનિંગ કરાવવું જરૂરી છે. આ અંગે માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી ઉદયભાઈ કાનગડ અને મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવેલ કે, લોકો પોતાની રોજીંદી જીવન જરૂરિયાતની શાકભાજી, ફ્રુટ વિગેરે છુટક ફેરિયા પાસેથી ખરીદી કરે છે. આ ફેરિયાઓ દુર સુધીના વિસ્તારમાંથી અને સામાન્ય રીતે પછાત વિસ્તારમાંથી શાકભાજી વેચવા આવતા હોય છે, અને પોતાના ધંધાના કારણે અનેક લોકોના સંપર્કમાં આવતા હોય છે. ગુજરાતના અમદાવાદ, સુરત જેવા મહાનગરોમાં શાકભાજીના ફેરિયાઓમાં કોરોના પ્રસરેલ હોય તેવું જાણમાં આવેલ છે. તેથી અગમચેતીના ભાગરૂપે રાજકોટ શહેરના તમામ વિસ્તારોમાં શાકભાજી વહેચતા ફેરીયાઓનું તાત્કાલિક ધોરણથી થર્મલ સ્કેનિંગ કરાવવાની કામગીરી શરૂ કરાવવામાં આવેલ છે. આ કામગીરી માટે ૨૬ ડોક્ટરોની ટીમને કાર્યરત કરવામાં આવેલ છે. અત્યારસુધીમાં લગભગ ૧૨૮ જેટલા લારીવાળાઓનો સંપર્ક કરેલ છે. તેમજ ૧૪૫ લોકોનું થર્મલ સ્કેનિંગ કરેલ છે અને તેઓને આરોગ્યલક્ષી માર્ગદર્શન આપવામાં આવેલ છે. તેમજ શાકભાજીનું વેચાણ કરતા ૦૮ લોકોને શરદી, ઉધરસના ચિહ્ન જણાતા તેમને આરોગ્ય કેન્દ્રમાં મોકલવામાં આવેલ છે. આ શાકભાજીના ફેરિયાઓને પ્રાથમિક મેડીકલ ચેકઅપ કરવા તથા કોરોના વાઈરસ ફેલાતો અટકાવવા ક્યાં પ્રકારની સાવચેતી રાખવી તે અંગે માર્ગદર્શન આપવા સબંધક અધિકારીઓને સુચના આપવામાં આવેલ છે.





# તા. ૨૨-૦૪-૨૦૨૦થી કોરોનાના રેપીડ ટેસ્ટ :

## પત્રકાર પરિષદમાં શહેરની સ્થિતિનો ચિતાર રજુ કરતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૨૧-૪-૨૦૨૦ના રોજ કોરોના વાઈરસની મહામારીને સંબોધીને એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ દ્વારા તમામ પ્રેસ મીડિયાના પ્રતિનિધિશ્રીઓ સમક્ષ રાજકોટ શહેરમાં કોરોના વાઈરસની પરિસ્થિતિ દર્શાવી હતી. જેમાં સૌ પ્રથમ મ્યુનિ. કમિશનરશ્રીએ શહેરના મેપમાં કોરોના વાઈરસ ક્યા ક્યા વિસ્તારમાં ફેલાયો છે તથા શહેરના જુદાજુદા વિસ્તારમાંથી લેવાયેલા સેમ્પલની માહિતી પણ આપી હતી.

મ્યુનિ. કમિશનરશ્રીએ પત્રકાર પરિષદ સંબોધતા જણાવ્યું હતું કે, મહાનગરપાલિકા ના આરોગ્ય શાખાની કુલ ૨૦ ટીમો દ્વારા સમગ્ર શહેરના અલગ અલગ વિસ્તારમાંથી સેમ્પલો લેવામાં આવે છે. જેમાં આજ દિન તા.૨૧-૦૪-૨૦૨૦ સુધી શહેરમાંથી કુલ ૧૨૧૮ સેમ્પલો લેવામાં આવ્યા છે, તેમાંથી ૪૮૭ સેમ્પલ જંગલેશ્વર વિસ્તારમાંથી અને ૭૩૧ સેમ્પલ શહેરના અન્ય વિસ્તારોમાંથી લેવાયા હતા. આ સેમ્પલોમાંથી કુલ ૪૦ સેમ્પલ કોરોના પોઝીટિવ નોંધાયા છે. જેમાંથી ૩૦ કોરોના પોઝીટિવ સેમ્પલ જંગલેશ્વર વિસ્તારના છે અને ૧૦ કોરોના પોઝીટિવ સેમ્પલ શહેરના અન્ય વિસ્તારના નોંધાયા છે. હાલની પરિસ્થિતિને ધ્યાને લેતા સમગ્ર ફોકસ અત્યારે જંગલેશ્વર વિસ્તાર છે. જંગલેશ્વરની અમુક શેરીઓમાં કોરોના પોઝીટિવ કેસ વધુ નોંધાયા છે.

રાજકોટ શહેરમાં તા.૨૧-૦૪-૨૦૨૦ ના રોજ કુલ ૪૦ કોરોના પોઝીટિવ કેસ નોંધાયા છે, જે પૈકી કુલ ૧૨ દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ ગયા છે અને ૨૮ કોરોના પોઝીટિવ દર્દીઓ સારવાર હેઠળ છે જેઓની સ્થિતિ સ્ટેબલ છે. શહેરમાં કુલ ૦૩ એકટીવ હોટસ્પોટ ક્લસ્ટર છે, જેમાં જંગલેશ્વર સિવાય રાજલક્ષ્મી સોસાયટી અને સહકાર સોસાયટીમાં એક્ટીવ હોટસ્પોટ ક્લસ્ટર વિસ્તાર રાખવામાં આવ્યા છે. શહેરમાં જંગલેશ્વર સિવાય આરોગ્યની ૧૨૦ ટીમો કાર્યરત છે, આ ટીમો દ્વારા ઘરે ઘરે જઈને કોરોના અંગેના લક્ષણોની ચકાસણી કરવામાં આવે છે, જો કોઈ ઘરે લક્ષણો ધરાવતા વ્યક્તિ મળી આવે તો તેને જરૂરી માર્ગદર્શન અપવા રીફર કરવામાં આવે છે. જરૂરી જણાય તો તેનો રીપોર્ટ કરવામાં પણ આવે છે. ઉપરાંત આ ટીમો દ્વારા જે લોકો કોરોના પોઝીટિવ દર્દીના સંપર્કમાં આવ્યા છે કે નહિ તેની પણ ચકાસણી કરે છે.

વધુમાં મ્યુનિ. કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે, આવતી કાલથી તા. ૨૨-૦૪-૨૦૨૦ થી શહેરમાં રેપીડ ટેસ્ટ કિટ મારફત ચકાસણી શરૂ કરવામાં આવશે. જેમાં કોરોના વાઈરસનો ટેસ્ટ માત્ર ૧૫ મીનીટમાં થઈ જશે. આ કિટ મારફત જેટલા લોકોને કોરોના અંગેના લક્ષણો જણાય છે તે લોકોને જ રેપીડ ટેસ્ટ કિટ દ્વારા ચકાસણી કરવામાં આવશે. રાજકોટ જિલ્લાને કુલ ૧૨૦૦ રેપીડ ટેસ્ટ કિટ આપવામાં આવશે, જેમાંથી ૬૦૦ રેપીડ ટેસ્ટ કિટ શહેરને આપવામાં આવશે. દરરોજ ૧૫૦ જેટલા સેમ્પલ રેપીડ ટેસ્ટ કિટમાં કરવામાં આવશે.

રાજકોટ શહેર પોલીસ કમિશનરશ્રીના સહયોગથી જંગલેશ્વરની અમુક શેરીઓને સંપૂર્ણપણે ક્લસ્ટર કન્ટેઈન કરવામાં આવ્યા છે. જંગલેશ્વરના લોકોને ઘરની બહાર ન નીકળે તે માટે સંપૂર્ણ સુવિધાઓ કરવામાં આવી છે.

આજ સુધી સ્વયં સેવી સંસ્થાઓ દ્વારા ૧૦ લાખ જેટલા ભોજન કિટ લોકો સુધી પહોંચાડવામાં આવ્યા છે. શહેરમાં ૩૫૦૦ રનીંગ કિ.મી. સુધી એરિયાને ડીસઈનફેક્ટ કરાવામાં આવ્યા છે. દરરોજ ૭૦ થી ૮૦ લોકોને માસ્ક અંગેના જાહેરનામાંનો ભંગ કરતા દંડ કરવામાં આવે છે. શહેરની ૩ આવાસ યોજનાઓમાં પણ ચકાસણી કરવામાં આવી છે. રાજકોટના લોકોના સંપૂર્ણ સહકાર મળી રહ્યો છે.





## રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં રેપિડ ટેસ્ટ કિટ વડે કુલ ૮૦ સેમ્પલનું પૃથકરણ કરાયું: તમામ રીઝલ્ટ નેગેટિવ : મ્યુનિસિપલ કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ



હાલની કોરોના (કોવીડ-૧૯) વાયરસના ચેપની વિગત જાણવા સામાન્ય રીતે જેમને ફ્લુ જેવા કે તાવ, ઉધરસ, શ્વાસ ચડવો જેવા લક્ષણો છે. અને પોઝીટીવ દર્દીના સંસર્ગમાં આવેલ છે. તેઓના પરીક્ષણ માટે RT-PCR ટેસ્ટ કરવામાં આવે છે. આ ટેસ્ટના પરીક્ષણમાં સમય લાગે છે. આ ટેસ્ટ મર્યાદિત રીતે થઈ શકે છે. રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં મ્યુનિસિપલ કમિશનરશ્રી ઉદિત અગ્રવાલના સંપર્કથી રાજકોટ મહાનગરપાલિકાને ૬૦૦ રેપીડ કીટ ફાળવેલ છે. જેમાંથી તા.૨૪-૦૪-૨૦૨૦ ના રોજ સુધીમાં કુલ ૮૦નું પરીક્ષણ કરે છે જેમના દરેકના રીપોર્ટ નેગેટીવ આવેલ છે. આગામી દિવસોમાં દરરોજ ૧૨૦ થી ૧૫૦ શંકાસ્પદ વ્યક્તિઓના ટેસ્ટ રેપિડ કિટ મારફત કરવાનું આયોજન છે. ભારત સરકાર દ્વારા તાજેતરમાં દરેક રાજ્યોને રેપિડ એન્ટીબોડી ટેસ્ટ કોવિડ-૧૯ ના ચેપને જાણી શકાય તે માટે ફાળવેલ છે.

મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલની રાજ્ય સરકારને રજુઆતથી રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં ૬૦૦ કિટ ફાળવેલ છે. આ કીટનો ઉપયોગ ICMR (Indian Council Of Medical Research) ની ગાઈડલાઈન મુજબ જુદા જુદા કોરોનાગ્રસ્ત વિસ્તાર અપવા જુદા જુદા વિસ્તારમાં આ એન્ટીબોડી રેપિડ કિટનું ટેસ્ટીંગ કરી કોરોના રોગની વ્યાપકતા નક્કી કરવા માટેનું પુરક પરીક્ષણ છે.

રેપીડ ટેસ્ટનો ઉપયોગ કોઈપણ વિસ્તારમાં કોરોના વાયરસના ચેપનો વ્યાપ તથા સર્વેલન્સ માટે છે. તા.૨૪-૪-૨૦૨૦ ના રોજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ભીલવાસ, વૈશાલીનગર, ગવલી વાડ, સદર વિસ્તાર, લોહાનગર, જાગનાથ, નાનામવા આવાસ અને ધરમનગર આવાસ, ગાંધીગ્રામ, ખોડીયારનગર, ગૌતમનગર, રવિ રાંદલ, રૈયા રોડ અને લાભદીપ સોસાયટીમાં રેપિડ ટેસ્ટ કિટ વડે સેમ્પલ લેવાયા હતા.

સામાન્ય રીતે કોઈ પણ વાયરસનો ચેપ લાગ્યા બાદ માણસના શરીરમાં ઈમ્યુન સીસ્ટમ (રોગપ્રતિકારક સીસ્ટમ) દ્વારા કોઈ પણ વાયરસનો ચેપ લાગવાથી એન્ટીજન પ્રક્રિયા થાય છે. માનવ શરીરમાં ચેપના રક્ષણ માટે જે તે એન્ટીજન સામે એન્ટીબોડી ઉત્પન્ન થાય છે. કોરોના વાયરસના ચેપ બાદ દરેકના ચેપગ્રસ્ત વ્યક્તિમાં ચેપ લાગ્યાના સાત દિવસ બાદ એન્ટીબોડી ઉત્પન્ન થાય છે. એન્ટીબોડી રેપિડ ટેસ્ટના પરીક્ષણથી જેમને કોરોના વાયરસનો ચેપ લાગ્યા બાદ સાત દિવસ બાદ પોઝિટિવ આવે છે. આ ટેસ્ટના પરીક્ષણથી પોઝિટિવ રીપોર્ટથી જે તે વ્યક્તિને કોરોના વાયરસનો ચેપ લાગ્યો હોવાનું ફલિત થાય છે.

આ રેપિડ એન્ટીબોડી ટેસ્ટ કિટમાં પરીક્ષણ કરનારનું માત્ર લોહીનું એક ટીપું લેવામાં આવે છે. જે કિટમાં નાખવાથી માત્ર ૧૫ થી ૨૦ મીનીટમાં પરીણામ આવી જાય છે. આ કિટનું પરીક્ષણ નિષ્ણાંત દ્વારા પીપીઈ પહેરીને કરવામાં આવે છે.



# કોરોના V/S રાજકોટ

# ૧૯-મે, ૨૦૨૦ સુધીની કામગીરીનું સરવૈયું રજુ કરતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ





પત્રકાર પરિષદમાં વિગતો જાહેર કરતા મ્યુનિ. કમિશનરશ્રી ઉપરાંત નાયબ કમિશનરશ્રીઓ શ્રી બી. જી. પ્રજાપતિ, શ્રી એ. આર. સિંઘ અને શ્રી ચેતન નંદાણી તથારાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના સી.ઈ.ઓ. શ્રી ચેતન ગણાત્રા તસવીરમાં દ્રષ્ટિગોચર થાય છે.

રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે તા. ૧૯-૦૫-૨૦૨૦ ના રોજ એક પત્રકાર પરિષદને સંબોધન કર્યું હતું, જેમાં નાયબ કમિશનરશ્રી બી.જી. પ્રજાપતિ, શ્રી ચેતન નંદાણી તેમજ રૂડાના CEO શ્રી ચેતન ગણાત્રા તેમજ આરોગ્ય અધિકારી શ્રી ડો. રીંકલ વિરડીયા, નાયબ આરોગ્ય અધિકારી શ્રી ડૉ. પંકજ રાઠોડ, મેડીકલ ઓફિસર શ્રી ભૂમિબેન પીઠડીયા ઉપસ્થિત રહ્યા હતા. આ પત્રકાર પરિષદની હાઈલાઇટસ નીચે મુજબ છે,

**ક્લસ્ટર કન્ટેન્મેન્ટઃ-**

મહાનગરપાલિકા દ્વારા કન્ટેન્ટ--મેન્ટની કામગીરી ખુબ મજબુત રીતે કરવામાં આવેલ છે.

રાજકોટના પ્રથમ કેસ જે શેરી (લેઉવા પટેલ -૨) માંથી આવેલ હતો તે શેરી સંપૂર્ણપણે પતરાના બેરીયર દ્વારા ૨૮ દિવસ બંધ કરવામાં આવેલ હતી. અંદાજીત ૩૦૦ વ્યક્તિઓ ને જીવન જરૂરિયાતની બધી જ વસ્તુઓ જેવી કે અનાજ, કઠોળ, શાકભાજી, દૂધ વગેરે ની કીટ બનાવીને કોર્પોરેશન દ્વારા તમામ ઘરો ને પૂરી પાડવામાં આવેલ હતી.

આ ઉપરાંત ત્યાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત કરવામાં આવેલ હતો.

રાજકોટ શહેર ના જેટલા પણ પોઝીટીવ કેસ જે વિસ્તારમાંથી આવ્યા હતા તે તમામ વિસ્તાર માં શેરી કે સોસાયટી કે એપાર્ટમેન્ટ ૨૮ દિવસ માટે સંપૂર્ણ બંધ કરી દેવામાં આવ્યા હતા. તેમજ ઉપર મુજબની સુદ્રઢ વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

જંગલેશ્વર વિસ્તારમાં પોઝીટીવ કેસ વધતા અંદાજીત ૪૧૨૨૪ જેટલાં લોકોને કન્ટેન્ટમેન્ટ વિસ્તારમાં આવરી લેવામાં આવ્યા.

**કોન્ટેક્ટ ટ્રેસિંગઃ-**

આરોગ્યની ટીમ દ્વારા અસરકારક કોન્ટેક્ટ ટ્રેસિંગ કરીને તરત જ હાઈ રિસ્ક ક્લોઝ કોન્ટેક્ટને ફેસીલીટી ક્વોરન્ટાઇન કરવામાં આવે છે.

જરૂર જણાઈ ત્યારે દર્દીઓના ફોન નંબર પોલીસ વિભાગને આપી કોલ લોકેસન ટ્રેસ કરવામાં આવે છે.

કેસ પોઝીટીવ જાહેર થતાની સાથે જ આરોગ્ય વિભાગની નિયત કરાયેલ ટીમ દ્વારા આ કામગીરી વિના વિલંબે અને અમુક સંજોગોમાં તો આ કામગીરી ૨૪ × ૭ કરવામાં આવે છે.

**ફેસીલીટી ક્વોરન્ટાઇનઃ-**

રાજકોટ શહેરમાં પથિકાશ્રમ, ત્રિમંદિર, સમરસ હોસ્ટેલ વિગેરે મળીને આશરે ૨૨૦૦ વ્યક્તિઓને ક્વોરન્ટાઇન કરી શકાઈ તેટલી ક્ષમતા ઉપલબ્ધ છે.

જરૂરિયાત ની વસ્તુઓ ઉપરાંત ટી.વી. રમકડા, રમત ગમતનાં સાધનો વિગેરે પણ ઉપલબ્ધ કરવામાં આવે છે.

ક્વોરન્ટાઇનમાં રહેતા વ્યક્તિઓ ના માનસિક આરોગ્યની જાળવણી માટે ખાસ તાલીમ પામેલા મનોચિકિ--ત્સકની પણ સેવા પૂરી પાડવામાં આવે છે.

પ્રથમ પોઝીટીવ કેસ મળતાની સાથે જ શંકાસ્પદ વ્યક્તિઓને ફક્ત ૩ કલાકમાં ક્વોરન્ટાઇન કરાયા.

- ટેકનોલોજીનો ઉપયોગ :
- GIS અને mobile application
- CCTV વડે લોકડાઉન મોનીટરીંગ e-memo

**અનાજ-કરીયાણાની સપ્લાયની કામગીરીઃ-**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અનાજ-કરીયાણાના હોલસેલ વેપારીઓને નાની દુકાનોને સપ્લાય કરવા જરૂરી વાહનોના પાસ ઈસ્યુ કરી જરૂરી ટ્રક, રીક્ષા વિ. ની ગોઠવણ કરી આપવામાં આવેલ

**આવશ્યક ચીજ વસ્તુઓની હોમ ડીલીવરીની વ્યવસ્થાઃ-**

- હાલ સુધીમાં જુદા-જુદા મોલ દ્વારા કુલ ૩૬,૦૦૦થી વધુ હોમ ડીલીવરી કરવામાં આવેલ છે
- વોર્ડ ખાતે કરીયાણાની દુકાનો દ્વારા રીક્ષાઓ મારફત ૧૮૮૦૦ જેટલી હોમ ડીલીવરી કરવામાં આવેલ છે

**દવાની સપ્લાયની કામગીરી**

- વોર્ડ વાઈઝ એક મેડીકલ સ્ટોર આઈડેન્ટીફાય કરી કુરીયર દ્વારા દવાની હોમ ડીલીવરી
- વોર્ડ વાઈઝ એક મેડીકલ સ્ટોર આઈડેન્ટીફાય કરી કુરીયર દ્વારા દવાની હોમ ડીલીવરી

**સ્વૈચ્છિક સંસ્થાઓને સપોર્ટ**

- શહેરની સ્વૈચ્છિક સંસ્'ઓ દ્વારા મોટા પ્રમાણમાં માસ્ક, સેનિટાઈઝર તેમજ PPE કીટ વિતરણ કરવામા આવ્યુ.

**ઓટો રીક્ષા ચાલકો સાથે ટાઈઅપઃ-**

૪૦૦ થી વધારે રીક્ષા ચાલકોનો સંપર્ક કરીને યાદી મુજબના દુકાનદારો સાથે ટાઈઅપ કરાવી, વિતરણ વ્યવસ્થા અંગેની સમજણ આપી

**ડોર ટુ ડોર ડીલીવરી સીસ્ટમ**

ડોર ટુ ડોર ડીલીવરી સીસ્ટમ


























# Battle
## At a glance...

સને ૨૦૨૦-૨૧નાં વર્ષમાં તા.૩૧ મે સુધી એડવાન્સ મિલ્કત વેરો ભરનાર મિલ્કતધારકને ૧૦% વળતર તથા મહિલા મિલ્કત ધારકોને ૧૫% વળતર અને તા.૩૦ જુન સુધી એડવાન્સ મિલ્કત વેરો ભરનાર મિલ્કત ધારકોને ૫% અને મહિલા મિલ્કત ધારકોને ૧૦% વળતર આપવાનું મંજુર કરાયેલ.















અંતર્ગત આજદીન સુધી અંદાજે ૫૫૦૦૦ થી વધારે ડીલીવરી કરવામાં આવી

**કોરોના ફૂડ કોલ સેન્ટર**

- ગુજરાતની સંવેદનશીલ સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય.
- ગુજરાત રાજ્યમાં એકલવાયું જીવન જીવતા નિરાધાર નિ:સહાય વૃદ્ધો અને નિરાધાર વ્યક્તિઓને ઘરેબેઠા વિનામૂલ્યે ભોજન સ્વૈચ્છિક સંસ્થાઓની સહાયથી મળી રહે તે માટેનું શરૂ કરાયું કોલ સેન્ટર.
- જે કોલ સેન્ટર તારીખ ૨૬-૩-૨૦૨૦થી રૂડા કચેરી ખાતે કાર્યરત કરવામાં આવ્યું.
- કોલ સેન્ટરનો સમય : સવારે ૮ થી રાત્રિના ૧૦ કલાક સુધી
- રાજકોટ શહેર માટે કોલ સેન્ટર માટે જાહેર કરાયા ખાસ ટેલીફોન નં.૦૨૮૧-૨૪૭૬૮૭૪/ ૯૯૦૯૯૨૭૬૭
- તા.૧-૪-૨૦૨૦થી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પોતાની વેબસાઇટ www.rmc.gov.in મારફત સેવા આપતી સંસ્થાઓની નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી અને આમ વધુ સેવાભાવી સંસ્થાઓ મારફત સેવા આપવાની કાગીરીનું વિસ્તૃતીકરણ થયું.
- ઓનલાઇન નોંધાયેલ સંસ્થાઓ દ્વારા પણ કોલ સેન્ટર દ્વારા મળતી માહિતી અનુસાર જરૂરિયાતમંદ લોકોને અનાજ તથા કીટ અંગે સેવા આપવાનું શરૂ કરવામાં આવ્યું.
- ઓનલાઇન નોંધણીને કારણે બધી સંસ્થાઓ વચ્ચે સંકલન સાધી રાજકોટના તમામ વિસ્તારો સુધી લોકોને મદદ પહોચાડવામાં સરળતા ઉભી થઇ.
- ઓનલાઇન નોંધણી પ્રક્રિયા મારફત અંદાજીત ૭૫ સંસ્થાઓ દ્વારા નોંધણી કરવામાં આવેલ હતી.

**હોમ કોરોનટાઇન થયેલા લોકોએ આવશ્યક સેવાઓ ઉપલબ્ધ બનાવનાર રાજકોટ મહાનગરપાલિકા ના સ્ટાફની સેવાની પ્રસંશા:-**

સરકારશ્રીના નિર્ણયને પગલે બહારના જિલ્લા, રાજ્ય કે દેશમાંથી તા.૨૨-૩-૨૦૨૦ થી તા.૧૮-૫-૨૦૨૦ સુધી કુલ પરિવારો ૩૧૩૦ કોરોનટાઇન કરવામાં આવેલ. જેઓની નિયમિત મુલાકાત રાજકોટ મહાનગર--પાલિકા તરફથી ૩૦૦ થી વધુ ટીમ દ્વારા ૧૪ દિવસના કોરોનટાઇન પીરીયડ દરમિયાન લેવામાં આવેલ.

બહારના જિલ્લા, રાજ્યમાંથી તા.૫-૫-૨૦૨૦ થી તા.૧૮-૫-૨૦૨૦ સુધીમાં કુલ ૨૩૮૯ પરિવારો અને ૮૪૧૧ ફેમીલી મેમ્બરોને કોરોનટાઇન કરાયેલ છે. જે અત્યારે એક્ટીવ હોમ કોરોનટાઇન છે. તેઓની પણ ૧૪ દિવસના કોરોનટાઇન પીરીયડ દરમિયાન મુલાકાત રાજકોટ મહાનગરપાલિકાની ટીમ દ્વારા મુલાકાત લેવાઈ રહી છે.

જે અંગેના હોમ કોરોનટાઇન લોકોના પ્રતિભાવો નીચે મુજબ છે :-

- રાજકોટ મહાનગરપાલિકાના સ્ટાફ દ્વારા દિવસમાં નિયમિત ૩ થી ૪ વખત મુલાકાત લઇને અમારી સારસંભાળ રાખતા.
- અમારી તબિયત અંગેની માહિતી તેઓ લેતા તેમજ જરૂરિયાત જણાયે મેડીકલ ટ્રીટમેન્ટ અને મેડીસીનની સવલત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરાવતા.
- અમારી મેન્ટલી અને ફીઝીકલ સારસંભાળ રખાતી. એના કારણે અમે સુખરૂપ અમારો ક્વોરેન્ટાઇન પીરીયડ પૂર્ણ કરી શક્યા.
- અમારી રાશન, ફૂડ કે પછી અન્ય જરૂરિયાતોની પણ સવલતતા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પૂરી પાડવામાં આવતી.

**ક્વોરેન્ટાઇન થયેલ કેટલાક વ્યક્તિ--ઓના પ્રતિભાવો**

વિદેશમાંથી આવેલ લોકોમાં શ્રી ધર્મેશભાઇ વસંત (દુબઇ), શ્રી જયુભાઇ (મસ્કત), શ્રી પ્રણવભાઇ દવે (દુબઇ), શ્રી પરસોત્તમભાઇ દવે (ઓસ્ટ્રેલિયા), શ્રી પ્રેમજીભાઇ રંગાણી (કેન્યા), શ્રી કાનાભાઇ (આફ્રિકા), શ્રી જાનવીબેન રૈયાણી (જ્યોર્જીયા) અને શ્રી આકાશભાઇ વિરંગામા (વોશિંગ્ટન) નો સમાવેશ થાય છે,

જેઓએ પોતાના ક્વોરેન્ટાઇન સમય દરમ્યાન રાજકોટ મહાનગરપા--લિકા દ્વારા કરવામાં આવેલ કામગીરી અંગે જણાવ્યું હતું કે, મહાનગરપાલિકા ના સ્ટાફ દ્વારા દિવસમાં ત્રણ વાર સ્વાસ્થ્યની ચકાસણી કરવામાં આવતી હતી, ટેલીફોન મારફત વારંવાર પોતાનું તથા પોતાના પરિવારના સ્વાસ્થ્ય વિશે માહિતી મેળવવામાં આવતી હતી.

આવશ્યક જીવનજરૂરિયાતની સામગ્રીઓ ઘરે જ મળી રહે તેવી વ્યવસ્થા કરી આપવામાં આવેલ હતી. મેડીકલમાંથી જરૂરી દવા હોમ ડિલિવરી મારફત ઘરે મળી જતી હતી. મેન્ટલી અને ફીઝીકલી ખુબ સારો સપોર્ટ આપવામાં આવતા ૧૪ દિવસનો હોમ ક્વોરેન્ટાઇનનો સમયગાળો પસાર કરવો પ્રમાણમાં સરળ થયો હતો.

ઓમાનથી રાજકોટ આવેલ એક પરિવારે રાજકોટ મહાનગરપાલિકાના સ્ટાફ દ્વારા લેવાયેલી તેઓની કાળજી વિશે મનપા સાથે પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા છે. આ પરિવાર લખે છે કે, અમો ભારતમાં રહેતા નથી એટલે અહી રાજકોટમાં ૧૪ દિવસ ઘરમાં ને ઘરમાં પસાર કરવા અત્યંત કઠીન પૂરવાર થાય એમ હતાં. જોકે અમારા આશ્ચર્ય વચ્ચે મનપાના કર્મચારી શ્રી અવનીબેન સાવલીયા તરફથી અમારા પરિવારની કાળજી લીધી છે તે કાબિલેદાદ છે.

અમોને ઘરમાં રાંધેલું ભોજન શ્રી અવનીબેને જમાડ્યું છે. પરિવારના પુરૂષ સદસ્ય વધુમાં લખે છે કે, પોતાની તથા તેમના માતા-પિતા પ્રત્યે શ્રી અવનીબેન સાવલીયાએ સગા સંબંધી જેવો ઉમળકા સાં`નો વ્યવહાર કરી અમારી લાગણી જીતી લીધી છે. માત્ર એટલું જ નહી અમારી માનસિક અવસ્થા સ્વસ્થ છે કે કેમ તેની સતત ચિંતા કરી અમોને કાઉન્સેલિંગની સેવા પણ મનપા તરફથી મળતી રહી છે. તેઓનો વ્યવહાર અમારી સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટેનો હતો. મહાનગરપાલિકા દ્વારા અમારી જે પ્રકારે કાળજી લેવામાં આવેલ છે તે જોઈને અમો અત્યંત પ્રભાવિત થયા છીએ. શ્રી અવનીબેન અને તેમની જેમ અન્ય હોમ કોરોનટાઇન લોકોની કાળજી લઈ રહેલા મહાનગરપાલિકાના સ્ટાફને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

મસ્કતથી આવેલ શ્રી જયુભાઈ અને તેના પરિવારે વધુ જણાવ્યું હતું કે, અમો રાજકોટ શહેરમાં કોઈ વ્યક્તિને ઓળખાતા ન હતા.

સ્વાભાવિક રીતે જ હોમ ક્વોરેન્ટાઇનનો સમય અમારા માટે કપરો બને તેવી શક્યતા નકારી ન શકાય. પરંતુ રાજકોટ મહાનગરપા--લિકાની ટીમે કરિયાણાની સામગ્રી અને દવા જેવી ચીજવસ્તુઓ ઘરે જ મળી રહે તેવી વ્યવસ્થા કરી આપેલ હતી, ઉપરાંત ઘરે સ્વસ્થ રહી શકીએ તે માટે અમોને કસરત કરવા અંગે એક્સપર્ટ જેવી સલાહ પણ આપેલ. મહાનગરપાલિકાના સ્ટાફ પાસે અમો જે અપેક્ષા રાખતા હતા તેના કરતા પણ વધુ સારી રીતે અમારી કાળજી રાખવામાં આવી હતી.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અલગ અલગ વિસ્તારના જેટલા લોકોને તેમના ઘેર જ જીવન જરૂરી ચીજ વસ્તુઓ જેવી કે, અનાજ, શાકભાજી, દવા વગેરે પહોંચતા કરવામાં આવેલ અને મેડિકલ ટીમ દ્વારા આ પરિવારોની રોજ તપાસ કરવામાં આવતી હતી.

આ જ પ્રકારે શહેરના અન્ય વિસ્તારોમાં હોમ કોરોનટાઇન થયેલા લોકોને પણ જીવન જરૂરી ચીજ વસ્તુઓ ઘેર બેઠા મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

જ્યારે અન્ય એક પરિવારે એવું












## ઓટો રીક્ષા ચાલકો સાથે ટાઈઅપ





- ૩૦૦ થી વધારે રીક્ષાચાલકો નો સંપર્ક કરીને ચાદી મુજબ ના દુકાનદારો સાથે ટાઈઅપ કરાવી, વિતરણ વ્યવસ્થા અંગેની સમજણ આપી.

## ડોર ટુ ડોર ડીલીવરી સીસ્ટમ





- ડોર ટુ ડોર ડીલીવરી સીસ્ટમ અંતર્ગત આજદીન સુધી અંદાજે ૫૫૦૦૦ થી વધારે ડીલીવરી કરવામાં આવી

## કોરોના ફૂડ કોલ સેન્ટર

- ગુજરાતની સંવેદનશીલ સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય.
- ગુજરાત રાજ્યમાં એકલવાયું જીવન જીવતા નિરાધાર નિઃસહાય વૃધ્ધો અને નિરાધાર વ્યક્તિઓને ઘરેબેઠા વિનામૂલ્યે ભોજન સ્વૈચ્છિક સંસ્થાઓની સહાયથી મળી રહે તે માટેનું શરૂ કરાયું કોલ સેન્ટર.
- જે કોલ સેન્ટર તારીખ ૨૬.૦૩.૨૦૨૦થી રૂડા કચેરી ખાતે કાર્યરત કરવામાં આવ્યું
- કોલ સેન્ટરનો સમય : સવારે ૮ થી રાત્રિના 10 કલાક સુધી
- રાજકોટ શહેર માટે કોલ સેન્ટર માટે જાહેર કરાયા ખાસ ટેલીફોન નં
- ૦૨૮૧-૨૪૭૬૮૭૪ / ૯૯૦૯૯૨૭૬૭

## કોરોના ફૂડ કોલ સેન્ટર

- તારીખ ૦૧.૦૪.૨૦૨૦ થી રાજકોટ મહાનગર પાલિકા દ્વારા પોતાની વેબ સાઈટ www.rmc.gov.in મારફત સેવા આપતી સંસ્થાઓની નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી અને આમ વધુ સેવાભાવી સંસ્થાઓ મારફત સેવા આપવાની કાગીરીનું વિસ્તૃતીકરણ થયું.
- ઓનલાઈન નોંધાયેલ સંસ્થાઓ દ્વારા પણ કોલ સેન્ટર દ્વારા મળતી માહિતી અનુસાર જરૂરિયાત મંદ લોકોને અનાજ તથા કીટ અંગે સેવા આપવાનું શરૂ કરવામાં આવ્યું.
- ઓનલાઈન નોંધણીને કારણે બધી સંસ્થાઓ વચ્ચે સંકલન સાધી રાજકોટના તમામ વિસ્તારો સુધી લોકોને મદદ પહોંચાડવામાં સરળતા ઉભી થઇ
- ઓનલાઈન નોંધણી પ્રકિયા મારફત અંદાજીત ૭૫ સંસ્થાઓ દ્વારા નોંધણી કરવામાં આવેલ હતી.

## COVID-19 પેન્ડેમીક લોકડાઉન અંતર્ગત પૂરી પાડવામાં આવેલ બસ સેવા.

- કલેકટરશ્રી કચેરીના સંકલનમાં રહી તેઓના નિર્દેશ મુજબ શહેરનાં જુદા-જુદા પોલીસ સ્ટેશન પરથી પરપ્રાંતિય શ્રમિકોને રેલ્વે સ્ટેશન પહોંચાડવાની કામગીરી માટે તા.૦૪/૦૫/૨૦૨૦ થી દૈનિક ૨(બે) વાર સરેરાશ ૪૫ થી ૫૦ બસની ફાળવણી કરવામાં આવેલ, જે અન્વયે દૈનિક ૧,૨૦૦ થી ૧,૮૦૦ જેટલા શ્રમિકોને પ્રતિ ટ્રેન દિઠ રેલ્વે સ્ટેશન સુધી પહોંચાડવામાં આવેલ છે, જે કામગીરી અંતર્ગત રાત્રીના ૧૦ વાગ્યાથી બીજા દિવસે બપોરનાં ૩ વાગ્યા સુધીમાં કુલ ૨(બે) વાર સરેરાશ ૪૫ થી ૫૦ બસ દ્વારા અત્યાર સુધીમાં અંદાજીત ૨૩,૦૦૦ જેટલા શ્રમિકો દ્વારા રેલ્વે સ્ટેશન સુધી પહોંચવા માટે બસ સેવાનો લાભ લેવામાં આવેલ છે. જે કામગીરી આજદીન સુધી ચાલુ છે.

કહ્યું કે, રાજકોટ મહાનગરપાલિકાના સ્ટાફે તેઓની ફરજ પ્રત્યેની વફાદારી અને નિષ્ઠાનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ પુરૂપાડ્યું છે.

**COVID–૧૯ પેન્ડેમીક અંતર્ગત લોકડાઉન દરમ્યાન**

પૂરી પાડવામાં આવેલ બસ સેવા.

- શહેરમાં જુદી જુદી જગ્યાઓ પરના ઘરવિહોણા વ્યક્તિઓને પ્રોજેક્ટ શાખા દ્વારા રેનબસેરા પર સ્થળાંતર કરવાની કામગીરી માટે તા.૨૬–૩–૨૦૨૦ અને તા.૨૭–૩–૨૦૨૦ ના રોજ ૧(એક) બસ ફાળવવામાં આવેલ.
- શહેરની ભાગોળે આવેલ મુખ્ય સ્થળ જેવા કે આજી ડેમ ચોકડી, ગ્રીનલેન્ડ ચોકડી, કોઠારીયા ચોકડી વિગેરે જગ્યાઓ પર એકઠા થયેલ શ્રમજીવીઓને તેઓના મુખ્ય સ્થાને/રહેણાંક સ્થળે/આશ્રય સ્થળે પરત મોકલવાની કામગીરી માટે તા.૨૬–૦૩–૨૦૨૦ ના રોજ ૧૦(દસ) બસ દ્વારા અંદાજીત ૯૦૦ જેટલા શ્રમજીવીઓનું તથા તા.૨૯–૦૩–૨૦૨૦ના રોજ ૩(ત્રણ) બસ દ્વારા અંદાજીત ૩૦૦ જેટલા શ્રમજીવીઓનું પરિવહન કરવામાં આવેલ.
- સિવિલ હોસ્પિટલના COVID વોર્ડમાં સાજા થઈ ડીસ્ચાર્જ થયેલ દર્દીઓને પરત ઘર સુધી પહોચાડવા માટેની તા.૨૪–૦૪–૨૦૨૦ થી ૧(એક) બસને સવારે ૮–૦૦ થી રાત્રીનાં ૮–૦૦ સુધી પૂરી પાડવાનું શરૂકરવામાં આવેલ, જે કામગીરી આજદીન સુધી ચાલુ છે.
- સિવિલ હોસ્પિટલ સ્ટાફને ફરજ પર આવવા તથા પરત ઘરે પહોંચાડવા માટે તા.૨૪–૦૪–૨૦૨૦ થી ૫(પાંચ) બસ પૂરી પાડવામાં આવેલ, આ સુવિધાનો દૈનિક અંદાજીત ૧૮૦ જેટલા સિવિલ હોસ્પિટલ સ્ટાફ દ્વારા લાભ લેવામાં આવી રહેલ છે, જે કામગીરી આજદીન સુધી ચાલુ છે
- કેનાલ રોડ પર આવેલ પદ્મકુંવરબા હોસ્પિટલ ખાતે COVID ના પરીક્ષણ બાદ દર્દીઓને તેઓના રહેઠાણ સુધી પહોંચાડવા માટે તા.૨૫–૦૪–૨૦૨૦થી તા.૦૧–૦૫–૨૦૨૦ સુધી ૩(ત્રણ) બસ દ્વારા સેવાઓ પુરી પાડવામાં આવેલ, ત્યારબાદ તા.૦૨–૦૫–૨૦૨૦ થી સદરહું સેવા ૧(એક) બસ દ્વારા પુરી પાડવામાં આવી રહેલ છે. જે કામગીરી આજદીન સુધી ચાલુ છે.
- મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના સફાઈ કામદારોને દિવસની બંને શીફ્ટની કામગીરી માટે ફરજના સ્થળે એટલે કે સંલગ્ન વોર્ડ ઓફિસે પહોચાડવા તથા પરત ઘરે પહોંચાડવા માટે રોંજીદી કુલ ૯(નવ) બસની સુવિધા પૂરી પાડવામાં આવી રહેલ છે. જેના દ્વારા રોજના સરેરાશ અંદાજીત ૫૦૦ જેટલા સફાઈ કામદારો દ્વારા દૈનિક ધોરણે બસ સેવાનો લાભ લેવામાં આવી રહેલ છે. જે કામગીરી આજદીન સુધી ચાલુ છે.
- કલેક્ટરશ્રી કચેરીનાં સંકલનમાં રહી તેઓના નિર્દેશ મુજબ શહેરનાં જુદા–જુદા પોલીસ સ્ટેશન પરથી પરપ્રાંતિય શ્રમિકોને રેલ્વે સ્ટેશન પહોંચાડવાની કામગીરી માટે તા.૦૪–૦૫–૨૦૨૦ થી દૈનિક ૨(બે) વાર સરેરાશ ૪૫ થી ૫૦ બસની ફાળવણી કરવામાં આવેલ, જે અન્વયે દૈનિક ૧,૨૦૦ થી ૧,૮૦૦ જેટલા શ્રમિકોને પ્રતિ ટ્રેન દિઠ રેલ્વે સ્ટેશન સુધી પહોંચાડવામાં આવેલ છે, જે કામગીરી અંતર્ગત રાત્રીના ૧૦ વાગ્યાથી બીજા દિવસે બપોરનાં ૩ વાગ્યા સુધીમાં કુલ ૨(બે) વાર સરેરાશ ૪૫ થી ૫૦ બસ દ્વારા અત્યાર સુધીમાં અંદાજીત ૨૩,૦૦૦ જેટલા શ્રમિકો દ્વારા રેલ્વે સ્ટેશન સુધી પહોંચવા માટે બસ સેવાનો લાભ લેવામાં આવેલ છે. જે કામગીરી આજદીન સુધી ચાલુ છે.

**દુકાનો ઉપર એકી અને બેકી નંબર (૧ અને ૨)ના સ્ટીકર :–**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરની ૬૫૦૦૦ દુકાનો પર એકી અને બેકી નંબર (૧ અને ૨)ના સ્ટીકર લગાવવાની કામગીરી આજે તા. ૧૯–૦૫–૨૦૨૦ થી ચાલુ કરવામાં આવશે અને તા. ૨૧–૦૫–૨૦૨૦ ના રોજથી તેનો અમલ થશે.

## ફરજીયાત માસ્ક અંગેના જાહેરનામા ભંગ બદલ વસુલવામાં આવેલ પેનલ્ટીની વિગત

(તા. ૧૩-૦૪-૨૦૨૦ થી તા. ૧૭-૦૫-૨૦૨૦)

| ઝોન | આસામીઓની કુલ સંખ્યા | પેનલ્ટીની રકમ રૂ. | આસામીઓ/અન્યોને વિનામૂલ્યે આપવામાં આવેલ માસ્કની સંખ્યા |
|---|---|---|---|
| ઈસ્ટ ઝોન | 1109 | 1109000 | 3274 |
| સેન્ટ્રલ ઝોન | 678 | 678000 | 2407 |
| વેસ્ટ ઝોન | 1085 | 1085000 | 2391 |
| કુલ | 2872 | 2872000 | 8072 |

## કોરોના ફૂડ કોલ સેન્ટર



સ્વૈચ્છિક સંસ્થાઓનો વિતરણ વિસ્તાર ગુગલ નકશા પર માર્ક કરી ડુપ્લિકેશન નિવારવા તેમજ સમય/ શક્તિ બચાવવા પ્રયત્ન

## કોરોના ફૂડ કોલ સેન્ટર

- તારીખ ૨૬/૦૩/૨૦૨૦ થી ૧૭/૦૫/૨૦૨૦ સુધી કરવામાં આવેલ કીટ વિતરણ તથા તૈયાર ભોજન અંગેની વિગત નીચે મુજબ છે.

| વિગત | અનાજની કીટ | તૈયાર ભોજન |
|---|---|---|
| તારીખ ૧૭/૦૫/૨૦૨૦ સુધી કુલ સંખ્યા | ૩૬,૨૫૩ (કુલ અનાજ કીટની સંખ્યા) | ૨૪,૩૨,૨૬૬ (કુલ ટીફીન / તૈયાર ભોજન ના પેકેટ ની સંખ્યા) |
| અંદાજીત વ્યક્તિઓએ લીધેલ લાભ | અંદાજીત ૧,૪૨,૮૦૪ વ્યક્તિઓએ લાભ લીધેલ | ૫૨ દિવસ દરમિયાન કુલ ૨૫ લાખ વ્યક્તિઓ માટે તૈયાર ભોજનની વ્યવસ્થા જે અનુસાર દર રોજના સરેરાશ અંદાજીત ૪૮ હજાર વ્યક્તિઓએ લાભ લીધેલ |

## કોરોના ફૂડ કોલ સેન્ટર



## ક્વોરેન્ટાઇન થયેલ કેટલાક વ્યક્તિઓના પ્રતિભાવો

- વિદેશમાંથી આવેલ લોકોમાં શ્રી ધર્મેશભાઈ વસંત (દુબઈ), શ્રી જયુભાઈ (મસ્કત), શ્રી પ્રણવભાઈ દવે (દુબઈ), શ્રી પરસોત્તમભાઈ દવે (ઓસ્ટ્રેલિયા), શ્રી પ્રેમજીભાઈ રેગાણી (કેન્યા), શ્રી કાનાભાઈ (આફ્રિકા), શ્રી જાનવીબેન રૈયાણી (જ્યોર્જીયા) અને શ્રી આકાશભાઈ વિરેગામા (વોશિંગ્ટન) નો સમાવેશ થાય છે.
- જેઓએ પોતાના ક્વોરેન્ટાઇન સમય દરમ્યાન રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ કામગીરી અંગે જણાવ્યું હતું કે, મહાનગરપાલિકાના સ્ટાફ દ્વારા દિવસમાં ત્રણ વાર સ્વાસ્થ્યની ચકાસણી કરવામાં આવતી હતી, ટેલીફોન મારફત વારંવાર પોતાનું તથા પોતાના પરિવારના સ્વાસ્થ્ય વિશે માહિતી મેળવવામાં આવતી હતી.
- આવશ્યક જીવનજરૂરીયાતની સામગ્રીઓ ઘરે જ મળી રહે તેવી વ્યવસ્થા કરી આપવામાં આવેલ હતી. મેડીકલમાંથી જરૂરી દવા હોમ ડિલીવરી મારફત ઘરે મળી જતી હતી. મેન્ટલી અને ફીઝીકલી ખુબ સારો સપોર્ટ આપવામાં આવતા ૧૪ દિવસનો હોમ ક્વોરેન્ટાઇનનો સમયગાળો પસાર કરવો પ્રમાણમાં સરળ થયો હતો.











# ૬૫૦૦૦ દુકાનો પર એકી અને બેકી નં.(૧ અને ૨)ના સ્ટીકર લગાવવાની કામગીરી યુધ્ધના ધોરણે આટોપાઇ



**૪૮ કલાકમાં સ્ટીકર લગાવવાની કામગીરી પૂર્ણ કરવતા મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ**

જાહેર સ્વાસ્થ્યના હિતમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આવશ્યકતા અનુસાર જ રાજકોટમાં કોરોનાની પરીસ્થિતને ધ્યાનમાં રાખીને શહેરીજનો વચ્ચે સોશિયલ ડિસ્ટન્સ જાળવી રાખવામાં માટે દુકાનો એકી કે બેકી તારીખે ખુલ્લી રહે તે મુજબની વ્યવસ્થા કરવામાં આવી હતી. તા.૧૯–૦૫–૨૦૨૦ના રોજથી મ્યુનિસિપલ કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ દ્વારા શહેરની ૬૫૦૦૦ દુકાનો પર એકી અને બેકી નંબર (૧ અને ૨)ના સ્ટીકર લગાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી જે તા. ૨૦–૦૫–૨૦૨૦ ના રોજ રાત સુધીમાં પૂર્ણ કરવા ધનિષ્ટપ્રયાસ કરવામાં આવ્યા હતા. તા. ૨૧–૫–૨૦૨૦થી આ સ્ટીકર મુજબની વ્યવસ્થા અમલી બની હતી. એક નંબરના સ્ટીકર વાળી દુકાનો એકી તારીખે અને બે નંબરના સ્ટીકર વાળી દુકાનો બેકી તારીખે ખુલ્લી રહે તે મુજબની વ્યવસ્થા અમલમાં મુકવામાં આવી હતી. તા. ૨૧ મીએ શહેરની જે દુકાનો પર એક (૧) નંબરનુ સ્ટીકર લગાવાયું છે તે દુકાનો ખુલ્લી રહે, જયારે તા. ૨૨ મીએ જે દુકાનો પર બે (૨) નંબરના સ્ટીકર લગાવેલ તે દુકાનો ખુલ્લી રહે તે મુજબ વેપારીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. દુકાનો ખુલ્લી રાખવા બાબતે રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેર પોલીસ એમ બંને તંત્રએ વેપારીઓ દ્વારા નિયમોનું પાલન થાય તે માટે તમામ પ્રયાસો કર્યા હતા તેમજ જાહેરનામાંનો ભંગ થયાનું જણાતા કાર્યવાહી પણ કરવામાં આવી હતી.

મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવેલ હતું કે, શહેરની તમામ દુકાનો પર સ્ટીકર લગાવવાની આ કામગીરી માટે ૧૮ વોર્ડના વોર્ડ ઓફિસર તથા વિવિધ શાખાઓના ૨૮૬ કર્મચારીઓના હુકમ કરી તેઓને જવાબદારી સુપરત કરવામાં આવી હતી. આ કર્મચારીઓએ અને અધિકારીઓએ વોર્ડ પ્રભારીશ્રીઓના માર્ગદર્શન હેઠળ કામગીરી કરી હતી.

# રાજ્ય સરકાર દ્વારા કન્ટેન્મેન્ટ સિવાયના વિસ્તારમાં ધંધા-રોજગાર ચોકસ શરતોને આધીન છુટછાટ

**રાજકોટમાં વેપાર-ધંધા માટે સવારના ૮.૦૦ થી બપોરના ૪.૦૦ વાગ્યા સુધી એકી-બેકી અમલ સાથે ખોલવાની મંજૂરી**



**વેપારી અને ગ્રાહકોએ શરતોનો ચુસ્ત'ણે અમલ કરવા માન. મેયરશ્રીનો બિનાબેન આચાર્યનો અનુરોધ**

મેયર બિનાબેન આચાર્ય એક યાદીમાં જણાવે છે કે, દેશમાં કોરોના મહામારીને કારણે ૧૭ મે ૨૦૨૦ સુધીના લોકડાઉન બાદ ફરીને દેશમાં ૩૧ મે ૨૦૨૦ સુધી લોકડાઉન લંબાવવામાં આવેલ છે. આ ચોથા લોકડાઉનમાં કેન્દ્ર સરકાર દ્વારા ધંધા–રોજગાર વિગેરે માટે જરૂરી ગાઈડ–લાઈન આપવામાં આવેલ છે. જેના સનુંસંધાને રાજ્ય સરકાર દ્વારા કન્ટેન્મેન્ટ સિવાયના વિસ્તારમાં ધંધા–રોજગાર ચોક્કસ શરતોને આધીન છુટછાટ આપવામાં આવેલ છે. જેના અનુસંધાને રાજકોટમાં વેપાર–ધંધા માટે સવારના ૦૮:૦૦ થી સાંજે ૦૪:૦૦ વાગ્યા સુધી એકી–બેકી અમલ સાથે ખોલવાની મંજૂરી આપેલ છે અને આ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્ટીકર પણ લગાવવામાં આવી રહ્યા છે.

જીવન જરૂરી ચીજ વસ્તુના કરીયાણા, ચા–પત્તિ(ચા ની ભૂકી)–ખાંડ,ગોળ દૂધનુ વેચાણ કરતા વેપારીઓને એકી–બેકીના અમલમાં તેઓ પોતાની દુકાન દરરોજ ખુલી રાખી શકશે.

રાજકોટ શહેરના નગરજનોએ કોરોના મહામારીના અનુંસધાને આપવામાં આવેલ ત્રણ વખતના લોકડાઉનનો ચુસ્ત અમલ કરેલ છે અને તંત્રને ખૂબ જ સહકાર આપેલ છે. જેના કારણે વાયસરથી રાજકોટ ઘણું સલામત રહેલ છે. લોકડાઉન ચારમાં ધંધા રોજગાર માટેની છુટછાટ આપવામાં આવેલ છે. તેમાં પણ આપણે સરકારની સૂચનાઓ અને શરતોનું પૂરતું પાલન કરશું. રાજકોટ શહેરમાં કોરોના વાયરસથી સંક્રમિત ન બનીએ તે માટે તમામ વેપારીઓએ તથા ગ્રાહકોએ માસ્ક ફરજીયાત પહેરવું, સોશ્યલ ડિસ્ટન્સ જળવાઈ અને વેપાર–ધંધાના સ્થળે ભીડ ન થાય. આપે સૌ સલામત રહીએ તે માટે તેનું ખાસ ધ્યાન રાખીએ. શહેરના નગરજનો પણ કામ વગર બહાર ન નીકળવું, જે કામ માટે નીકળીએ તે કામ વહેલાસર પતાવી ઘરે આવી જવા અને માસ્ક વિના બહાર નીકળવાની ભૂલ કરવી નહી કરવા ખાસ અ'ીલ કરવામાં આવેલ છે.

**કોરોના વાયરસના કારણે સમગ્ર દેશમાં તા.૩૧ મે ૨૦૨૦ સુધી લોકડાઉનને ધ્યાને રાખી**

# રાજકોટ મનપાાના જનરલ બોર્ડની મીટીંગ 30-જુન સુધીમાં યોજવા રાજ્ય સરકારશ્રી દ્વારા સુધી મંજુરી

મેયર બિનાબેન આચાર્ય, મ્યુનિસિપલ કમિશનર ઉદિત અગ્રવાલ દ્વારા તા.૨૨–૫–૨૦૨૦ના રોજ એક યાદીમાં જણાવે છે કે, વિશ્વમાં કોરોનાની મહામારી ચાલી રહી છે. જેના અનુસંધાને તા.૨૫ માર્ચ ૨૦૨૦ થી તબક્કાવર સમગ્ર દેશમાં તા.૩૧ મે ૨૦૨૦ સુધી લોકડાઉન જાહેર કરવામાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાની સમગ્ર સભાની સામાન્ય દ્વિમાસિક મીટીંગ ગત તા.૨૦–૦૪–૨૦૨૦ સુધીમાં B.P.M.C. એક્ટની જોગવાઈ અનુસાર બોલાવવાની થતી હતી. પરંતુ દેશમાં લોકડાઉનની સ્થિતિને ધ્યાનમાં લઈ રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા તા.૩૧–૦૫–૨૦૨૦ સુધી મુદત લંબાવવામાં આવેલ.

વિશેષમાં, કોરોના વાયરસ અંતર્ગત સમગ્ર દેશમાં લોકડાઉન ૦૪ તા.૩૧–૦૫–૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે. જેથી તા.૩૧–૦૫–૨૦૨૦ સુધીમાં જનરલ બોર્ડની મીટીંગ બોલાવવા અંગે મ્યુનિસિપલ સેક્રેટરીશ્રી એચ. પી. રૂપારેલીઆએ રાજ્ય સરકારશ્રીનું માર્ગદર્શન મેળવવા મ્યુનિ. કમિશનરશ્રીને પત્ર પાઠવેલ. જેના અનુસંધાને મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સરકારશ્રીને પત્ર પાઠવ્યો હતો. જેના અનુસંધાને શહેરી વિકાસ અને શહેરીગૃહ નિર્માણ વિભાગના તા.૨૧–૦૫–૨૦૨૦ના પત્રથી જણાવ્યા મુજબ હાલની લોકડાઉનની સ્થિતિમાં મહાનગરપાલિકાની સાધારણ સભાની બેઠકો નિયત સમય મર્યાદામાં બોલાવી શકાય તેમ ન હોય વિશેષ તા.૩૦–૦૬–૨૦૨૦ સુધીમાં બોલાવવા મંજૂરી આપવામાં આવેલ છે.